ચૌદસનો ચાંદ

લેખક :
શ્રીમદ્ [illegible] મહારાજ
([illegible])

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૨૭૪૯ किमत ૧.૦૦

ग्रंथनाम ચૌદશનો ચાંદ

वर्गांक ૮-:૩

ચૌદસનો ચાંદ.

લેખક :—

મીનુ હોરમસજી નરીમાન, (નેરીચોસંગ).

તે

"મહાત્મા મંચુ મદારીના મહાન પરાક્રમો," "બુધ્ધજીના ફજેતા" (વાર્તા)
"મ્હોબતનું છોબટ"—"કાકા અને ઠાકા"—"બુઢાપામાં જુવાની"—
"અસરાફપર આફત"—"કાઉ કરકાબાલુસ" "જમાઈ કે કસાઇ?"
સેક્રેટરી-હજામ ઇત્યાદી ફારસોના કર્તા.

પ્રકાશક :—

મીનુ હોરમસજી નરીમાન,

"રોક્ષાના,"

૪૯, કવીન્સ રોડ,

મુંબઇ.

સં० ૧૯૯૭.] [માર્ચ ૧૯૪૧.

કીંમત રૂ. ૧.

(સર્વ અધિકાર પ્રસિધ્ધકર્તાએ સ્વાધીન રાખ્યા છે).

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
...ાવાદ
૨૨૭૪૯

આ પુસ્તકમાં આવેલું લખાણુ યા તેમાંનો કોઇપણુ ભાગ, ચિત્રો, બેતબાજીઓ વગેરેપર પ્રકાશકનો કોપીરાઇટ છે, માટે કોઇએ પણુ પરવાનગી શિવાય તેમાંથી કાંઇ પણુ વસ્તુનો ઉપ્યોગ કરવો નહી.

આ પુસ્તકમાં પ્રસિધ્ધ થયેલી વાર્તાઓ, વાર્તાઓના નામો, ખેતાબો, પાત્રો, કવિતાઓ, બેતબાજીઓ અને ચિત્રો કલ્પિતજ છે. કોઇ જીવન્ત વ્યકિત ઉપરથી ઉપજાવી કાઢેલાં નથી.

આ પુસ્તક મોદી પ્રીન્ટીંગ પ્રેસ, ૨૩૭–૨૩૯, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇમાં ફરામજી બેરામજી મોદીએ છાપ્યું છે, અને મી૦ મીનુ હોરમસજી નરીમાને "રોક્ષાના," ૪૯, ક્વીન્સ રોડ, મુંબઇમાંથી પ્રગટ કીધું છે.

અશો યાદમાં!



મરહુમ ડાૅ૦ સર તેમુલજી ભીખાજી નરીમાન, નાઈટ,

એલ. એમ., એફ. સી. પી. એસ., એફ. આર. એમ. એસ ,

એમ. આર. સી. પી , જે. પી.

જન્મ :—

તા૦ ૩ જી સપટેમ્બર ૧૮૪૮.

મરણ :—

તા૦ ૧ લી ઓગસ્ટ ૧૯૪૦

અર્પણ પત્રીકા.

મારા મોટા કાકાજી

મરહુમ માનવંત

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાન નાઇટ,

એલ. એમ., એફ. સી. પી. એસ., એફ. આર. એમ. એસ.,

એમ. આર. સી. પી., જે. પી.

ને

તેમની અર્ધી સદી ઉપરની

આપણી પનોતી પારસી કોમ,

આપણા ગુલજાર મુંબઇ શહેર

તેમજ આખાં ભારત વર્ષની

અસંખ્ય અને અમુલ્ય તબીબી, સામાજીક

અને

શેહરી સેવાઓની

અદના યાદમાં

આ મારૂં નાટક પુસ્તક

અતી ઘણા માન, વ્હાલ

અને હેશાન સાથ

અર્પણ કરવાની

રજા લઉં છું.

મીનુ હો. નરીમાન

"જામે જમશેદ"ના જોડયા માલેક

મી० રૂસતમ ફીરોઝશાહ મરઝબાન

તરફથી દીબાચાના બે શબદો.

આજે આપણે માથે જંજાલો અને રોજીંદી ખટપટો એટલી બધી તો વધી ગઇ છે કે તેમાં જો થોડોક વાર પણ કાંઇ ગમ્મત, મોજ, મજાહ અથવા ખુશાલી ઉપજાવનારૂં કાંઇ વાંચણુ મળે, તો તેથી આપણા જીવને કેવો કરાર મલે છે, તે હું નહીં ધારતો કે તમારેથી અંજાણુ હોય! આથી જ્યારે મારા સાચ્ચા દોસ્ત અને અમારા એમેટર નાટકોમાં અમોને હંમેશાં ખુશીથી દીલોજાનીભર્યો સહકાર આપનાર ભાઇ મીનુ નરીમાને એક દહાડો મારા ઓફીસ રૂમમાં ચઢી આવી લાંબા પ્રુફોનો એક ઢગલો મારી આગળ મુકીને તે વાંચવાની મને અરજ કરી, ત્યારે પહેલાં તો હું જરા ગભરાયો, કે આય શું આફત! એક તો કામકાજમાંથી પાંચ મીનીટનીબી ફુરસદ નહીં મળે, તે એ બધા પ્રુફો કહાં હું વાંચવા બેસું! પણ મીનુભાઇએ તો ચુંચી આંખ કરી મને કહયું, કે કંઇ ઉતાવળ નથી—જરાક તમારી ફુરસદે ધીરે સાસતે પહેલા થોડાક પ્રુફ તો વાંચજો, અને પછી તમારૂં ઓપીનીઅન મને કહેજો. એ મીનુ નરીમાન તો નોશાકરા હોવાથી—અને નોશાકરાઓ કેવા જબરા જીદદી હોયછ, તે તો તમે જાણોછ—તેથી આપણેબી જોયું, કે જ્યાં સુધી તેવણુની આ વાર્તા વાંચવાને હું કબુલ થાવું નહીં, ત્યાં સુધી એવણુ રૂમમાંથી ખસતી લેયની શાના! તેથી વાંચવાની—જરૂર, જરૂર, હા જરૂર વાંચવાની તેવણુને કબુલાત આપી, ત્યારેજ તેવણુ વીદાય થયા.

આ વાર્તાના પ્રુફો ખોલતાં પહેલાં તો તેનું મથાળું વાંચીનેજ હું ચોંકયો—ચમકયો—ભડકયો! "ચૌદસનો—ચાંદ!" અરેરે—નામ પ્રમાણેજ કંઇ ચાંદધરણુજ હોશે કે શું? મારા મનમાં કેટલાક "ચૌદસનો—ચાંદ" જેવાઓ

There are Cakes and Cakes

. But order from

MONGINIS

and Find the Difference

Monginis have a reputation extending over half a century.

MONGINI Ltd.

CONFECTIONERS and CATERERS

CRURCHGATE STREET,

FORT, BOMBAY.

'Phone **20325.**

Music every evening from 6-30 to 10 P. M.

છે, તેઓને કંઇ ટોપી તદન બંધબેસ્તી આવી જાયછ કે કેમ, તે જોવાના ખ્યાલથી જરાક ઇઝીચેરપર લેટીને મેં આ વાર્તા વાંચવાનું શરૂ કીધું, અને સાચ્ચું કહુંછ, કે તે પહેલાંથીજ મને એટલી બધી તો ગમી—ભાઇ મીનુ નરીમાનની ચટાકેદાર, તાફકાબાઝ કલમે મને એટલી બધી તો રમુજ અને ગમ્મત ઉપજાવી—મામીજીની રંગીલી બદામ દરાખથી ભરપુર ઝબાનદરાજી વાંચવાની એટલી બધી તો મજાહ પડી, કે પહેલાં તો અમથા એક બે પ્રુફ ઉપર ટપકેથી વાંચી જોઇ જવાના ઇરાદાથી મેં શરૂ કરેલી આ વાર્તાના પ્રુફ પછી પ્રુફો ફેરવાતાજ ગયા, છતાં મને તે હાથમાંથી છોડવાજ ગમી નહીં. એક ખાસરકુટો, લાહેરીખોર જવાન પોતાના મામીજી અને પોતાના હાથની ધરતી મીસીસ તરફથી કેમ હાડમાર હાડમાર થાય છે, તે એટલી બધી તો રસીલી અને રંગીલી રીતે ભાઇ મીનુ નરીમાને પોતાની આ 'ચૌદસનો—ચાંદ"ની વાર્તામાં ચીતાર્યું છે, કે આ કોમીક વાર્તા વાંચતાં વાંચતાં ખરખર-ખરખર મોટેથી હસ્યા વગર રહેવાતુંજ નથી, અને ખરૂં કહુંછ, કે દરરોજની કડાકુટ અને જંજાલ ખટરાટબી હું આ વાર્તા લહેરે લહેરે વાંચતાં વાંચતા તદન ભુલી ગયો! તેમાં ખાસ કરીને હીટલરની જર્મનીમાં મુલાકાત લેનારા મુંબઇના બલુ લોહીવાલા શુધ્ધ સાચ્ચા પારસી જરથોસ્તી, કોનગ્રેસને મજાની સ્યાલમાં લપેટીને લગાવેલા ઝાડઝુડના અવળા રમુજી ચાબકા, મહાબ્લેશ્વરમાં મારેલા વાઘ અને કાઉ કાકરી ઉપર મોહી પડેલી ગોરી ફલકસુરના પ્યારના કીસ્સાનો સ્કીટ, વગેરે વગેરે વાંચતાં તો એટલી બધી ગમ્મત ઉપજે છે, કે તેનો હું તમોને ઝાંખો ખ્યાલ વટીક આપવાને શકતીવાન નથી. બેશક ચચરતી, હસતી, બોલતી, રમતી, કુદતી કલમ સાથ ભાઇ મીનુ નરીમાને આ "ચૌદસનો—ચાંદ" ના તેવણના લેટેસ્ટ કોમીડી પુસ્તકમાં તો બસ કમાલજ કરી મુકી છે. તમારો વહાલો જુનનો દોસ્ત મહાતમા મંચુ મદારી હવે પોતાના આ તદન નવા લેબાસમાં એવો તો રમુજ અને ગમ્મતના રંગરાગમાં રજુ થાય છે, કે મારા આ જવાન ઉધરતા મીત્ર નોવેલીસ્ટની કલમમાંબી કોમીડી અને રમુજનો આટલો બધો ટુચકો ટાહુકો છે, તે મેં હમણાંજ જાણ્યું અને જોયું છે, અને મારી ખાત્રી છે, કે પારસી ફેમીલીઓમાં આ "ચૌદસનો—ચાંદ" ફક્ત

FOR ALL YOUR PAINTS PROBLEM ASK FOR

NU-ENAMEL

NU-ENAMEL paints and varnish are world famous for their quality and indestructible beauty and is widely used for interior decoration, painting furniture, car, machinery etc.

We also undertake building painting and decorating works of all types no matter how big or small.

It will always be to your advantage to take our estimate first.

A trial will convience you of our work. Write or Call.

NU-ENAMEL SALES & SERVICE

The Indian States & Eastern Agency,

(paints dept.)

Interior decorators & Contractors

35. Queen's Road, BOMBAY. **Phone 21985.**

બુઝોરગો અને કુટુંબના વડાઓનેજ નહીં, પણ ઉધરતાં જવાનોને પણ ચાલુ હસાહસ અને મોજનો ખોરાક પુરો પાડતું રહેશે. આવી જાતની તદન લાઇટ-કોમીડીની લહેરી ઢપ ઉપરની વાર્તાઓની આપણા પારસી સાહીત્યમાં ખરેજ મોટી જરૂર છે, અને "ચૌદસનો-ચાંદ" ની વાર્તા કાંઇ એવાજ નવાજ રંગીલા તૌરપર લખાયલી છે, કે આ પુસ્તક કાંઇ ફક્ત એકજ વખત વાંચીને કબાટમાં શોભાવા ગોઠવી મુકવાનું નથી, પણ જ્યારેબી જીવ જરાક બેતાબ કે ખાટટો મારી ગયો હોય, યા નોકરી ધંધા કે ધરની ખટપટને લીધે દલગીર જેવા થઇ ગયા હોવો, તો તરત "ચૌદસનો-ચાંદ" કહાડીને વાંચવા માંડયું કેની, તો પછી જોઇ લેવો કે કેમ ખું-ખું-ખું-ખું-કરીને ચાલુ હસયાજ કરીને તમારી બધી ખટરાટ ને જંજાલ તમો તરતજ ભુલી જશો!

કોઇ કોઇ લેખકોને ત્રાજીક હાડેહાડ ધ્રુજાવનારી વાર્તાઓ લખવાનો હાંફરો હોય છે અને ઉપરથી વગી તેઓ ઉકમાઇ લઇને કહેછ કે તેઓની વાર્તાઓ વાંચવાથી ઝાર ઝાર રડવું ઉપજે છે! અરે બાવા-બાય આપણી જીવતી જાગતી નાની જીંદગીમાં શું ઓછો કકલાત છે, કે ઉપરથી વગી પૈસા ખરચીને ત્રાજીક વાર્તાઓના કલેજાં ઠપકાવી મુકનારાં પુસ્તકો ખરીદીને તે વાંચીને ઝાર ઝાર ડુસકે ડુસકે રડયો! નહી—નહીં—એવી નાદાની તો તમે હરગેઝ બીલકુલ કરતાજ ના—એને બદલે આય તમારા "ચૌદસનો-ચાંદ"ની નકલ ખરીદીને જરા તમારૂં મ્હોડુંબી મજાનું ગલગોટા જેવું ખુશ-ખુશાલ હસ્તુંરમતું રાખી બીજાઓનેબી એ "ચોદસનો-ચાંદ" વંચાવજો, કે તેઓબી પોતાની સઘલી ખટરાટ ભુલી જઇને આવી મજાની ફાંકડી, મોજીલી, લ્હેરી, ગમ્મતી કોમીડી વાર્તા વાંચી હસી હસીને તમોનેબી બે સારી દુવા દેય! ભાઇ મીનુ નરીમાનને ત્રેજીક શબ્દની સાથેજ ઘણી મોટી દુશ્મનાઇ હોવીજ જોઇએ, કેમકે તેવણુની કેરેકટરો ગમે એવા ગભરાટ અને આફતના વખતમાંબી એવી રંગીલી ટોલયાબાઝ 'ટોમફુલરી' ઉપર ઉતરી પડે છે કે એવા ભયંકર ત્રાજીક બનાવોનું વર્ણન વાંચતી વખતે તો ખાસ ઓર વધુ હસવું ઉપજે છે. ખરેજ મી૰ મીનુ નરીમાનની કલમનો ચટકો અને લહેકો

For Decorations of all
sorts for Weddings,
Parties, etc., and
hire of
Furniture,
Crockery,
Cutlery.

*PLEASE
CONSULT*

FRAMROZ HORMUSJI PAVRI & SONS,

PAVRI HOUSE,

GUNBOW STREET,


**Res. Phone
Nos. 35441.
28651.**

**Office Phone
No. 20039,**

૨૨૭૪૯

તો કાંઇ એવો ઓરજ છે કે આ "ચૌદસનો-ચાંદ"ના આખા પુસ્તકમાંથી કોઇબી પાનું ઉઘાડીને કોઇબી એક પ્રકરણ વાંચતાં જાણે કે એક તદન નવીજ વાર્તા વાંચતા હોઇએ એવી મોજ મળે છે, એટલુંજ નહીં, પણ એ વાર્તા જેમ જેમ અકેક પછી વધુ અને વધુ વખત આપણે વાંચતા જઇએ છીએ, તેમ તેમ તેમાંની 'વીટ' અને 'હયુમર' કાંઇ તદન નવાજ રંગરૂપમાં આપણી સનમુખ રજુ થઇને આપણને નવીજ જાતની મજાહ ઉપજાવે છે.

મારા મરહુમ પીતાજી મી૦ ફીરોઝશાહ મરઝબાનના ઘણા ઘાડા સંબંધમાં બાઇ મીનુ નરીમાન આવેલા હોવાથી અને મી૦ પીજામની કોમીડી નોવેલો તેવણ હોંસે હોંસે વાંચનારા હોવા ઉપરાંત, તેવણના ઘણાક કોમીડી નાટકોમાં પણ મી૦ મીનુએ અંગત ઉલટમંટ ભાગ લીધેલો હોવાથી તેવણેબી આવાં હસમુંખાં લાઇટ લીટરેચર તરફનો પોતાનો શોખ અને ટેસ્ટ ઘણો આગળ વધારી દીધો છે, એમ તેવણનાં આ લેટેસ્ટ "ચૌદસનો-ચાંદ" ની અતી લહેરી કોમીડી વાર્તા વાંચવાની ઉપરથી તદન ખુલ્લી રીતે દેખાઇ આવે છે. હું પોતે તો હમેશાં આવી જાતની વાર્તાઓ વાંચવાનું વધુ પસંદ કરી મારા સઘળા મીત્રો અને ઓળખીતાઓને, તેમજ સઘલાં પારસી ફેમીલીઓને આ ચૌદસનો-ચાંદ" જરૂર, જરૂર વાંચવાની ખાસ મજબુત ભલામણ કરૂં છું. મી૦ મીનુ નરીમાનના અકેક પછી નીયમીત બહાર પડતાં રહેલાં અનેક કોમીડી વાર્તાઓના પુસ્તકો વાંચવાથી હવે જરાકબી સહરાઘાટ વગર આટલું તો તદન વીશ્વાસપુરવક રીતે હું કહી શકું કે આ હજી તદન ભર જવાન વયના આ લેખક જો વાર્તાઓ—અને તેબી વળી આવી જાતની કોમીક વાર્તાઓ—લખવાનો પોતાનો શોખ અને ઉલટ ચાલુ રાખશે, તો જરૂર સારા સારા પારસી લેખકો અને નોવેલીસ્ટોની સંઘમાં તેવણ પણ પોતાનું નામ અમર બીરાજેલું જોવાને ભાગ્યશાળી નીવડશે. જો કે "ચૌદસનો-ચાંદ" તદન કલ્પીત ઉપજાવી કાઢેલા બનાવો અને ફેંકમફેંક ઉપર રચાયલી રમુજી વાર્તા છે, અને તે લખવાનો એખલો શુભ હેતુ વાચનારાઓના ડાચાં હસાહસથી ફસકાવી નાખવાનો છે, છતાં



Swastik **"SANITATION"**

MOSQUITO PROOF. CISTERN.
3 gallons capacity.

Complete with cover and hinged lever ½" ball cock, brass outlet cap and lining galvanized wrought iron chain and hull

Approved and tested by the Bombay Municipality.

SANITATION (BOMBAY), Ltd.

MANECKJEE WADIA BUILDING,
Esplanade Road, BOMBAY.

Phone 23721.

મી૦ મીનુ હોરમસજી નરીમાને આપણી આસપાસ રોજીંદા બનતા બનાવોને તેમાં સફાઇથી ગુંઠી લઇને પોતાની ચટાકેદાર કલમથી બધેબધ ફરતા એવા તો ચાબકાઓ લગાવયા છે, કે બેશક જો કે તે કેટલાકોને ચચરાટ ઉપજાવનારા પણ કદાચ થઇ પડે, છતાં તેઓબી તેને હસીને, તેને લાઇટ ઠઠા મશકેરી તરીકે ખુશીથી ગણીને તેમાંથીબી મજાહ મેળવે, એવા રમુજી રંગીલા પ્રકારના તે છે. તેમાં ખાસ કરીને "ગરીબ ગાય" જેવાં મામીજી અને તેવણુની કાતરની માફક હમેશાં સરસર સરસર ચાલતી ઝબાં—આજકાલના પરપોટાં જેવાં ઉછલતાં કલાક બ્હેકેલાં અને ચશકેલ વાજાંઓને તેવણુ જે ચીમકીઓ પાને પાને ચાલુ લગાવતાં રહયાં છે, તેની જો સારી અસર તેઓ પર થવા પામે, તો મી૦ મીનુ નરીમાનનો આ "ચૌદસનો ચાંદ" ગમ્મત આપવા સાથે વળી જ્ઞાન આપવાનું બેવડું કામ પણ બજાવશે. આવી નુકતેચીનીઓ જો કે કરક રીતે છતાં ઘણીજ ગમ્મતી રીતે કરવામાં મી૦ મીનુ નરીમાન તદ્દન એકકા છે, એમ તેવણુની આ વાર્તા વાંચીને તો મારી ખાતરી થવા પામી છે.

મી૦ મીનુ નરીમાનમાં મેં જે એક મોટી ખુબી જોઇ છે, તે એ છે કે તેવણુ પોતાનાં સઘલાં પુસ્તકો મજાનાં ડીસંટ, તે હાથમાં લેનારનો હાથબી શોભી રહે એવાં એટ્રેકટીવ કવર અને ગેટ–અપ સાથનાં પ્રગટ કરાવવાને હમેશાં ઘણા ખંતીલા છે. અને તે માટે પૈસાની કાંઇબી ખોટી કરકસર કરવામાં તેવણુ ડહાપણુ જોતાજ નથી. આથી તેનાજ સબબે તેવણુના સઘલાં પુસ્તકો દરેક પારસી ફેમીલીઓમાં તેવણુની હાઇ કલાસ મોજીલી રમુજ માટે ઉલટથી વંચાવા સાથ વળી લાઇબ્રેરી અને બુક–કેસને શોભા આપનારાં થઇ પડે છે. હું મી૦ મીનુ નરીમાનનું આ ફાંકડું "ચૌદસનો–ચાંદ"નું પુસ્તક વાંચવાની જરૂર દરેકને મજબુત ભલામણ કરવા સાથ વળી ઉમેદ રાખું છું, કે આ "ચૌદસનો–ચાંદ" પછી બીજા ઘણા આવા લહેરી રમુજી હસમુખા ઢોલ્યા ચાંદો એવણુની તરફથી પ્રગટ થતા રહે.

લી૦

રુસતમ ફીરોઝશાહ મરઝબાન.

મુંબઇ, તા૦ ૨૧ મી માર્ચ ૧૯૪૧.

A MESSAGE TO PARENTS

Too often a child who does not see well is not aware of his handicap. Nor are his parents and teachers, who can not understand his seeming unability to learn. If you have the slightest doubt about your child's vision a careful, scientific eye examination plus the proper seeing aids may broaden your childs horizon.

Consult

HATIM BROS.

OPTICIANS.

302, Abdul Rehman Street,

BOMBAY, 3.


ફકત બેજ મીનીટ !

તમારા સમા ખાલી નાકે જીભ શું કામ લગાડું ! મેં તો બાપુ મારૂં છેલ્લું વાર્તાનું પુસ્તક ૧૯૩૮ માં બાહેર પાડયા પછી ગલ્લું પકડી મકકમ સોગંદ ખાધેલા કે ભલે આ દુન્યા ફના થઇ જાય, યા ભલે ઓલો જરમનીનો જુહાક હીટલરનો ડબ્બો ઉડી જાય, તો પણ મરતાં મારે વરસોવેર કાંઇપણ વાર્તા લખી પુસ્તકના આકારમાં છપાવવીજ નહીં, પણ પેલા કહે તેમ 'ઇન્સાન ચાહેછ શું ને ખુદરત કરેછ શું !' તેમ મારા મીત્રો, ખેરખાહો તથા વખાણનારાઓ મને ચાલુ દબાણ કરવા લાગ્યા કે મારે કંઇ નવું પુસ્તક લખી પ્રગટ કરવું, અને એ મારા મીત્રોના આગ્રહ તથા દબાણ આગલ લાચાર થઇ મેં આખરે આ મારૂં નવું પુસ્તક "ચૌદસનો–ચાંદ" લખ્યું છે, અને તે તમો મારા ખેરખાહો આગલ મુકતાં મને ઘણીજ ખુશાલી તથા અગરૂરી ઉપજે છે.

અલબતાં મારે તમોને સાફ સાફ ખુલ્લે દીલે પહેલ્લેથીજ કહી દેવું જોઇએ કે એક વાર્તા લખી તે પ્રગટ કરવી, એ કાંઇ એક લેખક માટે નાલ્લી સરખી વાત કહેવાય નહીં, અને હાલના આ નેહસ્ત લડાઇના મોંઘવારીના વખતમાં એક પુસ્તક પ્રગટ કરવું, એ એક ઘણુંજ જોખમભર્યો તથા બીકટ સાહાસ કેહવાય, જે હું ધારૂંછું કે તમો મારા મેહરબાન વાંચકો પણ કબુલ કરશો. પેલા કહે તેમ હું કંઇ એક રમુજી નોવેલીસ્ત નથી, અને તેવો ખપવા માંગતો પણ નથી, અને આ મારી સાધારણ કોશેશમાં હું ચોકકસ માનું છું કે ઘણા છબરડા તથા ભુલચાલ હશે, તે ઉપર જરા રતી આંખ વીંચામણાં કરી જવાને મારી ખાસ અરજ છે.

આ મારૂં નાનકડું પુસ્તક "ચૌદસનો ચાંદ" મારા મુરબ્બીજી મોટા કાકાજી મરહુમ ડા. સર ટેમુલજી બીખાજી નરીમાન, નાઇટ, એલ. એમ.

સીનેમા જોતાં તથા મોટરકારમાં મુસાફરી કરતાં તથા ઘણો લાંબો વખત કાંઇ વાંચતાં તમારી આંખો થાકી જતી હોય, માથું દુખવા લાગતું હોય, કે કંટાળા સમાન લાગતું હોય, તો ખાત્રીથી માનજો કે તે તમારી આંખોની ખામીને લીધે છે અને તે દુર કરવા તમારી આંખો ઉતાવળે અમારી પાસે તપાસાવો.



આંખોની બારીક તપાસ કરી, તમારી આંખો અને મગજને રાહત આપનારા અત્યંત ઉંચા પ્રકારના ચશ્મા બનાવી આપવા માટે અમારૂં નામ જાણીતું છે અને તમોને દરેક રીતે સંતોષ મળવાની ગેરંટી છે.

બાલીવાળા એન્ડ હોમી લી૰

મુંબઇના નામદાર ગવરનર સર રોજર લમલીના

ખાસ નેમાયલા ચશ્મા બનાવનારા

૩૬૫-૬૭ હોરનબી રોડ, બેંક ઓફ ઇંડીયાની સામે.
૩૬૧ કાલબાદેવી રોડ, ૬૧૪ ધોબીતળાવ અને પરેલ.

OPTICIANS TO ROYAL INDIAN NAVY.

અમારે ત્યાં ચશ્મા તથા આઇગ્લાસીસનું એક ગંજાવર સંગ્રહસ્થાન હંમેશાં મોજુદ છે, જેમાંથી તમોને કાંઇ નવુંજ જોવાનું મળશે.

AWARDED SEVERAL GOLD MEDALS.

એફ. સી. પી. એસ., એફ. આર. એમ. એસ., એમ. આર. સી. પી., જે. પી. ને અર્પણ કરતાં મને અત્યંત મગરૂરી તથા ખુશાલી ઉપજે છે. મરહુમ મારા મુરબ્બીજી મોટા કાકાજી સર ટેમુલજી ફકત આપણી પારસી કોમમાંજ નહીં, પણ મુંબઇ ઇલાકા, સારા હીંદુસ્તાન અને બલકે કહો તો સારી દુન્યામાં ઘણા જાણીતા અને લોકપ્રીય હતા, કે જેવણ માટે કંઇ લખાણ લખવાની હું જરૂર જોતો નથી, છતાં પણ મને ટુંકમાં વટીક એટલું તો લખવા વગર ચાલતુંજ નથી. કે ડા૦ સર તેમુલજી નરીમાને ૧૮૪૮ માં નવસારી નગરીમાં જનમ લઇને ૧૯ વરસની વયે મેત્રીકની પરીક્ષા પસાર કરીને ૨૨ વરસની ભરજવાન વયે પહેલી એલ. એમ. ની પરીક્ષા સકોલરશીપ મેળવવાના માન સાથે પસાર કરી હતી, અને બે વરસ રહીને મેડીસીન અને સરજરીમાં સૌથી ઉંચામાં ઉંચી લાયકાતો માટે રૂ. ૨૫૦) નું સર જમશેદજી જીજીભાઇ પ્રાઇઝ મેળવ્યું હતું. કોલેજના વખતથીજ તેવણ પોતાના કદાવર તાકાતવાલા શરીરના બાંધાથી એક કસરતબાજ તરીકે ઘણાજ જાણીતા થયા હતા. સુવાવડની લાઇનનો તેવણે પહેલેથીજ ખાસ અભ્યાસ કરેલો હોવાથી એ સપેશયલ લાઇનમાં તેવણે મોટું નામ કહાડી પારસી સુવાવડખાનું સ્થાપ્યું હતું, જેવા પ્રકારનું એક ખાનગી ખાતું આખા હીંદુસ્તાનમાં આ તદનજ પહેલવહેલું હતું. કસરતના પોતાના શોખને લીધે તેવણ પીટીટ જીમનેશયમના વીસથી વધુ વરસ સુધી એક ઓનરરી ફીઝીશીયન હતા, તેમજ સંખ્યાબંધ ક્રીકેટ મેચોમાં પણ ઘણું સારૂં નામ કહાડયું હતું.

૧૮૮૩ ના સાલમાં મુંબઇની યુનીવરસીટીના એક ફેલો અને જશટીસ ઓફ ધી પીસ નેમાવા સાથે ડા૦ સર તેમુલજી નરીમાને તબીબી ધંધા અને પોતાના સુવાવડખાનાના કારોબાર ઉપરાંત જાહેર જીંદગી અને શહેરની પ્રજા સેવાના કામમાં પણ મોટો અને આગેવાનીભર્યો ભાગ લેવા માંડયો, અને યુનીવરસીટીની સંખ્યાબંધ જુદી જુદી પરીક્ષાઓના એકી વખતે એકઝામીનર તરીકે નેમાવાનું કદાચીતનુંજ માન મેળવવાને તેવણ ભાગ્યશાળી થયા હતા, કે જેવું અનુપમ માન આજ સુધી બીજા કોઇબી હીંદીવાનને મલેલું આપરા ધ્યાનમાં નથી.

"ચૌદસનો—ચાંદ" તો વાંચ્યો

હવે આજે

પુનમનો ચાંદ

છે

માટે શું પહેરશો ?

કાંય વારૂં.

"ઇન્ડીયાનીઝ"

મીલનુ જ્યોરજટ વરી

એમાં પુછવાનુ શુ.

હરેક સ્વદેશી સ્તોરઝ રાખે છે.

ઓમ્એ મેડીકલ યુનીયનના પ્રેસીડન્ટ તરીકેની તેવણુની સેવાઓ ઘણી જાણીતી છે. તેવણુ ફ્રીમેસનરીમાં મોટી ઉલટ લેતા હતા, અને ઘણાજ મોટા મેસોનીક ઓધ્ધાઓ તેવણે ધરાવ્યા હતા. પણુ ગરીબ લોક પ્રત્યેની તેવણુની દીલસોઝ લાગણી અને ભલું જીગર તો મુંબઇમાં ૧૮૯૬ માં ફેલાયલી નહેસ્ત મરકી વખતે માલમ પડી હતી, કે જ્યારે તેવણે મરકીના દર્દીઓની સારવાર પોતાના પ્યારા જાનના જોખમે કરી હતી, એટલુંજ નહીં, પણુ વળી ગરીબ દર્દીઓને જોઇતી દવાઇઓ ખુદ પોતાના ખીસામાંથી પૈસા ખરચીને આપતા હતા. ૧૮૯૯ ના સાલમાં ઇંગ્લંડ અને યુરોપની પોતાની સફરથી તેવણે મોજ સાથ પોતાના બાહોશ તબીબી જ્ઞાનમાં પણુ ઘણો મોટો વધારો કરયો હતો, અને એ સુધરેલા દેશોનાં સંખ્યાબંધ સુવાવડખાનાંઓની મુલાકાત લઇ, તેઓના કારોબારનો ઘણોજ ઉલટમંદ અભ્યાસ કરીને તેનો સારો લાભ પોતાના પારસી સુવાવડખાનાંનો લાભ લેનારાં બાનુઓને આપ્યો હતો, અને એ સઘળી સેવાઓની પીછાણુમાં પારસી કોમે અને બીજી બીજી કોમો-માંના તેવણુના વખાણુનારાઓએ ડા૦ સર તેમુલજી નરીમાનનું મારબલનું એક સુંદર બસ્ટ પારસી સુવાવડખાનામાં મુકાવ્યું છે. વળી તેવણુની મોટી જાહેર સેવાઓ ધ્યાનમાં લઇને ૧૯૦૩ ની દીલ્હીની કોરોનેશન દરબારમાં ડા૦ સર તેમુલજી નરીમાનને સરકારના ખાસ પરોણા તરીકે હાજર રહેવાનું માનભર્યું આમંત્રણુ કરવામાં આવ્યું હતું. ૧૯૦૪ માં લંડનની ઓબસટે-ટ્રીકલ સોસાયટીએ પોતાના એક ફેલો તરીકે ડા૦ સર તેમલજી નરીમાનને નેમ્યા હતા.

૧૯૦૮ માં યુનીવરસીટીના પ્રતીનીધી તરીકે કોરપોરેશનમાં જઇને ત્યાં ૧૫ વરસ સુધી પોતાની જાહેર હીમતથી અને પોતાના બહોલા તબીબી જ્ઞાનથી આ શહેરી સમાજમાં તેમણે મોટી અને યાદગાર સેવાઓ બજાવી હતી. તેવણુની દેશસેવાની પીછાણુમાં નામદાર શહેનશાહે તેવણુને કયસરે-હીંદનો સોનાનો ચાંદ એનાયત કરયો હતો. સરકાર તરફથી ૧૯૦૯ ના સાલમાં તેવણુ મુંબઇની ધારાસભામાં નેમાવાથી ત્યાંપણુ દેશની સેવા બજાવવાની તેવણુને અનેક તક મળવા પામી હતી.

House
for charming gifts
and choicest selections
of all kinds of Novelties.

Dealers in
Very exclusive designs of Real and Fancy
Jewelleries and Gems of every description.
Indian and English Silverware, Electroplate, Real Cut Glasses
Toilet-Sets, Evening and Afternoon Hand Bags, Flap Jacks, etc., etc.

Ishwardas & Co.

(JEWELLERS)

ELECTROPLATING REPAIRS, ETC., ETC.
DONE AT VERY MODERATE CHARGES
& EXCUTED PROMPTLY


Cecil Building, Colaba Causeway,
BOMBAY.

(Next to Regal Cinema)

હીંદના તબીબી ધંધામાં ડા૦ સર તેમુલજી નરીમાનની સેવાઓ એટલી બધી તો બહોલી, જુદા જુદા પ્રકારની અને અમુલ્ય છે, કે તેની વીગતો આપતાં તો પાનાં ભરાઇ જાય, તેથી એટલુંજ કહેવું પુરતું થઇ પડશે કે એ તબીબી સેવાઓની પુરતી પીછાણ સરકારે તેમજ જાહેર પ્રજાએ કરી છે, અને સંખ્યાબંધ તબીબી ખાતાંઓના પ્રેસીડન્ટના અને બીજા અનેક પ્રકારના ઓધ્ધાઓ તેવણે ધરાવ્યા છે.

૧૯૧૪ ના જાનેવારીમાં ડા૦ તેમુલજી નરીમાન ઉપર નામદાર શહેનશાહે નાઇટહુડના ઉંચા ખેતાબની નવાજેશ કરવાથી ફક્ત મુંબઇ ઇલાકામાંજ નહીં, પણ આખા દેશમાં ભારે ખુશાલી ફેલાઇ રહી હતી. ડા૦ સર તેમુલજી નરીમાને પોતાની વ્હાલી પારસી કોમની પણ ઘણીજ સુંદર અને તારીફ લાયક સેવાઓ બજાવી છે, અને સંખ્યાબંધ પારસી ચેરીટી ટ્રસ્ટો, કેળવણી-ખાતાંઓ અને તબીબી હોસ્પીટલો, ડીસ્પેન્સરીઓ વગેરેને તેવણની સલાહ, મદદ અને તેવણનાં બહોલાં તબીબી જ્ઞાનનો અમુલ્ય લાભ મળવા પામતો રહેતો હતો.

૧૯૨૨ માં મુંબઇના શેરીફ તરીકે નેમાવાનું માન ડા૦ સર તેમુલજી નરીમાનને મલ્યું હતું. પોતાની તબીબી કારકીરદીના પચાસ વરસની ગોલ્ડન જુબીલીના પ્રસંગે તબીબી તેમજ જાહેરખાતાંઓ અને મંડલોએ ડા૦ સર તેમુલજી નરીમાનને મોટું માન આપી પોતાની એ શુભ અવસર માટેની ખુશાલી જાહેર કરી હતી, જે પછી દશ વરસે રહીને તેવણની ડાયમન્ડ જુબીલીના પ્રસંગે આ માન આપવાની લાગણીમાં ઘણો મોટો વધારો થયો હતો, અને હીંદના તબીબી ધંધાના ગ્રાન્ડ ઓલ્ડ મેન તરીકેની ઉપમા મેળવવાને તેવણ ભાગ્યશાળી થયા હતા, અને મુંબઇની પારસી કોમે તેવણને એક ઘટતું માનપત્ર એક મોટા મેળાવડા સન્મુખ એનાયત કરયું હતું, જેમાં પારસી કોમ તરફની તેવણની મોટી સેવાઓના ભારે વખાણ કરવામાં આવ્યાં હતાં.



WHEN HOT REALLY MEANS HOT

The duty of a hot water tap is to supply hot water—ample hot water—really hot—whenever it is needed.

Do the taps in your home do their duty? Or have they an irritating habit of letting you down? Of producing luke-warm water at inopportune moments?

If this is the case, there is a simple remedy. Instal a modern gas water heater and you need worry no longer. With gas hot really means hot.

There are various kinds of gas water heaters. They do their job efficiently and without attention on your part. You can see them at the Showrooms.

GAS FOR INSTANT HOT WATER

THE BOMBAY GAS Co., LTD.,

Showrooms: 214 Hornby Road. Telephone No. 27272 (2 Lines).

હીંદુસ્તાનમાં ફ્રીમેશનરી દાખલ થવાના બસો વરસની મુદતની અંદર જે સૌથી મોટામાં મોટું માન કોઇબી હીંદીવાનને મળવા પામ્યું નહીં હતું, તે ડા૦ સર તેમુલજી નરીમાન મેળવવાને નસીબવાન નીવડયા હતા, કે જ્યારે ૧૯૩૨ માં તેવણુ હીંદુસ્તાન, બરમા, સીલોન અને ઇરાનમાંની સઘલી સ્કોટીશ ફ્રીમેસનરીના ગ્રાન્ડ માસ્તર તરીકે ચુંટી કઢાયા હતા. આવું અનુપમ, અસાધારણુ માન મેળવનાર ડા૦ સર તેમુલજી નરીમાન એખલાજ હીંદીવાન અને પારસી છે.

પારસી સુવાવડખાનાના ચીફ્ ફીઝીશીયન તરીકેની તેવણુની પચાસ વરસની ગોલડન જુબીલી ઉજવવા માટે પારસી કોમે ૧૯૩૬ ના નવેમ્બરમાં ડા૦ સર તેમુલજી અને લેડી નરીમાનને એક માનપત્ર એનાયત કરી એક દબદબાભર્યું ડીનર આપ્યું હતું. આ મુજબ પોતાની પ્યારી કોમ હીંદના તબીબી ધંધા તેમજ દેશની જાહેર પ્રજા તરફથી માનપાન મેળવી ૯૨ વરસની એક બુઝરોગ અને જાહેર સેવાઓથી ભરપુર એક ઉપયોગી જીંદગી ગુજારી આવી મોટી ઉમર છતાંબી છેક મરણુ સુધી પોતાની શારીરીક અને માનસીક શકતી ટકાવી રાખી સર તેમુલજી ભીખાજી નરીમાન તા૦ ૧ લી ઓગસ્ટ ૧૯૪૦ ને દીને આ ફાની દુન્યા છોડી ગયા હતા. તેવણુના મરણુ પ્રસંગે આખા દેશના તેમજ પરદેશો વડીકના છાપાઓ તેમજ જાહેર આગેવાન પુરૂષોએ ડા૦ સર તેમુલજી નરીમાનની પ્રજાસેવા, જાહેર જુસ્સો, તબીબી સેવાઓ વગેરેના જે જાબજા મોટા વખાણો કરયા છે, તે પ્રજાની જાણુમાં હજી તાજા હોવાથી તે બાબે અહીં વધુ કાંઇબી લખવાની જરૂર રહેતી નથી. ખુદા પાક પરવરદેગાર મરહુમ ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને ગરોથમાન બહેસ્તમાં અમર શાંન્તી બક્ષે. આમીન! આમીન!! આમીન!!!

"રોક્ષાના,"
૪૯, કવીન્સ રોડ,
મુંબઇ, તા૦ ૨૨-૩-૧૯૪૧

લી૦ આવા ભલા મુરબ્બીજી મોટા કાકાજીના
અનેક ઉપકારો હેઠળ દબાયલો
મીનુ હોરમસજી નરીમાન.

Let us

MARFAK

YOUR CAR

CALTEX

Remember that Marfak is different from ordinary chassis greases. Most cars are lubricated every 1,000 miles......but most greases won't stand up for that period—Marfak lasts twice as long as ordinary greases.

ASK YOUR NEAREST CALTEX DEALER



ચૌદસનો ચાંદ.

સ્ટેશન પહેલું—નવસારી.

"ચરરર મરરર ચાનજી ને ખીસામાં તેદ રામજી!"

નવરો બેઠો નખ્ખોદ વાલે,
આજે કંઇક ને કંઇક વલી કાલે,
ઉલતું સુલતું કાંઇક ત્યાં ચાલે,
એ રીતે એ વખત હા ગાલે,

"મીસ્તર હું અને મીસ્તર તું!"

યાને એક નામાંકિત નરની મોવરાના ફુલ પેરે પમરતી જેલી બ્રુમન જીંદગીમાં ડોકયું!

ઓ મસુર અને ચનાની દાર જેટલાજ જગત્રીખ્યાત પામેલા ડોસુ ડમોરી, પાલી ઉસ્તાદ, સોલુ—સીકંદર, ધનજુ ધાસલેટ, વીકાજી વકટલેનની તું જન્મભુમી નવસારી! ધન્ય છે કે તેં મારા જેવા, એક ધનધન ધોરીને, માકુજી ઉર્ફે માકા માઇ ડીયરના અવતારમાં, મારા અજમેરી દાડમ જેવાં અસીલ માબાપને ત્યાં કાલી ચૌદસનાં ફટાકડાનાં ધુમધડાકા વચ્ચે ૧૯૧૫ નાં સાલમાં ઉંબર ઉપર બધરાઓનાં ઇંડા ફોડીને, તાડી છાંટી કાલી ચૌદસનો ફર ભરવાને વખતે ધોલતાસા અને સરનાઇઓના અવાજો વચ્ચે મોકલી

આપ્યો. માયબાવા એમ સમજ્યાં કે તેઓને પેટે ખોદાયજીએ પારસી કોલ-મ્બસને મોકલી આપ્યો, એટલે બાવાએ તો વાવટા સાથે ઢોલીઓનું સરઘસ કાઢી સારા ગામમાં ખાસ શેરડીના રસની સાકર, તથા ત્રણ આને શેરવાલી મીઠાઇ, અને અકેકી નવસારીના શેરડીના સરકાની સેમ્પલ બાટલી વહેંચી હતી, અને નરસીંહ મહેતાનો ગરબો, જરમન ગોયણો પાસે પ્યાનાપર તાલ સુર સાથે ગવડાવ્યો હતો.

સેવક, માકુજી મહેરનોશજી માઇ ડીયરે, કાળા ડોરા, કસબી સારીની જીક કસબની કોર જેવા બાલ, તથા (શ્રીમતી કમળાદેવી) જેવા ખુબસુરત ચહેરા સાથે જન્મ લેવાથી, મારા બાવાજી તો એટલા ખુશી થઇ ગીયા કે હરખમાં ને હરખમાં પાણી પીપ્યાંનું મોસંબી દારૂનું પીઠુંબી ગલી ગીયાં, અને લાડથી મને "બુલબુલે પરશીયા હીંદમેં–વસીયા" કરીને બોલાવવા અને રમાડવા લાગ્યા.

તેમાં મારાં ભોલા ભટાક માયજી તો બસ બધાં આગલ એમજ ડફાંસ મારવા લાગ્યાં કે બધી મડમો મારાં દીકરાને જ્યાં જોય ત્યાંથી એના ગાલને ગામઠી આફુસ સમજીને ઘોરી ઘોરીને પી જાયેછ, ને નફ્ત નાકે કહેછ કે સાબકાં બચ્ચાં હય, હીંદુસ્તાંની આદમીકા નેઇ હય. આ બધું દાસ્તાને દીલરૂબા સમજીને સેવકની છાતી તો બધી ગજગજ ફાટી નીકલતી, અને મનમાં હું હમેશાં મલકાતો, કે પારસી કોમમાં મારા જેવો ખુબસુરત માણસ હજુ સુધી કોઇપણ જન્મયો નહી હશે, અને જન્મ પામશે પણ નહીં! હાંક સુલેમાન ગાલ્લી દરીયાકે બીચમે!!!

તમારો સેવક, તમારા સમ, જેટલો ખુબસુરત હતો તેટલો શીખવા ભણવામાં તદ્દન ખેરસલ્લાહજ હતો. સાત વરસનો વછેરો થવાં છતાં કારેલાંનો કકો ને ખટારાનો ખખ્ખો ઘુંટતો જોઇ, મારા બાવાજીને મારે માટે ઘણી ચટપટ થવા લાગી. અંતે નવસારીમાં કાણાં મહેતાજી કુબેરદાસની નીશાલમાં મને ગુજરાતી બે ચોપડી જેમ તેમ મારી કુટીને શીખવી, અને અંતે હાંસનું મોટું જેવું ઇંડુ મુકી ત્યાંથી પણ મને ઉઠારી લીધો.

એકાદ દીવસ ખરી બપોરે જ્યારે સુરજ વાદલામાં છુપાઇ ગયો ત્યારે મારા બાવાજીએ મને પોતાના ઓરડામાં બોલાવ્યો, ને શાહનામું પોતાનુ વાંચતાં બોલ્યા કે, "ઓ મારા માકા! કોણ જાણે ભવીશમાં તારૂં શું થશે? તું સરકાની ફેરી ફરશે કે મારકીટમાં બેસી ઘાસ તરકારી વેચશે! કોણ જાણે મારે નસીબે તુંબી એવો એક બુઠ્ઠા ચોર કયાંથી પેદા પરયોછ! ઉભો રહે બચ્ચાજી, હું તુને કાલનો કાલ તારી પેલી સુનાબાઇ મામીને ત્યાં મુંબઇ મોકલાવી આપુંછ કે જ્યાં રહીને જરા રતી તું હુશયાર થાય."

આવી રીતે મારા પીતાશ્રીએ બીજે દિવસે, લેવટીનો તીખ્ખો પાટયો અને બે દહાડાનાં સુકકાં પાંઉની સેન્ડવીચનું બાટપેટ આપી મને મારાં એકપુરાં મામી, સુનાબાઇ મોદી ઉર્ફે સુનામામી, કે જેવણ મુબઇમાં, કોટમાં શાપુરશેઠનાં ચકલા ઉપર રહેતાં હતાં, તેવણને ત્યાં મોકલી આપ્યો. અંતે ન છુટકે આંખમાં બોર બોર જેવાં આંસુઓ પાડી મેં મુંબઇમાં આવી મારા મામી સુનાબઇને ત્યાં ધામો નાખ્યો. અને એવી રીતે આય તમારા ધનધન ઘોરી સેવક, મામીજીને ત્યાં ઠરીઠામ થયા.

મકુંજે હવે આપણે જરા મારા મામી સુનાબાઇ ઉર્ફે સુનામામીની ખબર લઇએ. એવણની વય જ્યારે સેવકની પધરામણી એમણે મકાને થઇ ત્યારે સાઠ દીવાળીની સીગનલ કરી ચુકી હતી, અને લગભગ ચાલીસ વરસની વાત ઉપર, કોઇએક ખાઉકરડું સ્વભાવના પારસી, મી. કેખશરૂ કીંચનગંગા, યાઆને કેકુ મોદી સાથે લગ્નનાં ગાંઠથી જોડાયા બંધાયા હતા, મગર અત્યાર સુધી બેઉજણને પેટે ખોદાયજીએ એકબી છોકરાની બક્ષેશ નહી કીધેલી હોવાથી સેવકને મામીજીએ પોતાનો પાલક દીકરો કરી લીધો હતો. જો કે એવણ લગાર પીદાંના ભજીયાં જેવાં ગરમ સ્વભાવના તીખ્ખાં હતાં, તોપણ મારા ઉપર અત્યંત હેત બતલાવતાં હોવાથી મને કમરૂદીન બ્હોરાના માલપુરા કરતાંબી મીઠડાં લાગતાં હતાં. સેવક તમારો એવણનેજ ઘરે પલાઇ પોખાઇને એવી રીતે વીસ વરસનો ગધેડો બન્યો હતો. જ્યારે સુનામામીએ જાણ્યું કે સેવકને દાહપણની દાહાડ ફુટી નીકલી હતી, ત્યારે એક દીવસ ટક જોઇને મને બાજુમાં બોલાવીને કહેવા લાગ્યાં—

"વંજીયા માકા, જીભરૂ હવે તું લગભગ (૨૦) વીસ વરસનો માટીડો થયોછ, એટલે હવે જલદીથી માથું ધોઇ નાખે તો સારૂં. તારા આવા સગી માયની નઝર લાગે તેવા કોલા કોલા ડોરા, અને મલીદો જેવો ખુબસુરત ચહેરો જોતાં કોઇ ગોરી ગોરી મડમરીબી તારા ઉપર મોહી પડે તેમાં શક કે સુબેહ શું હોય! તેથીજ આપણી પાસેના ઘરમાં રહેતાં પેલા મખ્ખીચુસ પારસી, ગુરતાદજી ધાસલેટની એકપુરી ખુબસુરત ઘરરાખુ દીકરી કુંવર સાથે તારૂં ચોકઠું ગોઠવવાની મારી ઘણી ખુશી છે. તારા મામાં કેખશરૂબી મારૂં "માથું ખાયાજ કરેછ કે એજ દુકતી સાથે તારૂં......"

મામીજીએ જેવી તોપ ફોડી કે આપરી મોઢેની બેટરી પરથી એન્ટી-એરક્રાફ્ટ ગને જવાબ વાલ્યો.

"મામીજી, તમે મને પરણાવા તો નીકલ્યા પણ એ ચોટલાબરીને હું લાવીને ખવડાવશ શું મારા હાથ-પગ કે!! એક તો મારી પાસે ઝેર ખાવાના પૈસા મલે નહીં, અને નોકરી ચાકરી વગર કયારનો બુઠ્ઠાચોર માફક ફરીયા કરૂંછ, તેમાં તમે મામીજી મને......."

અને હજુર તો સેવક પોતાનો વાકય પુરો કરે તેટલાંજ મામી વચ્ચે પુરાયાં—

"અરે જા જા વંજીયા, એમ કબુતરની કાની ધુજી શાનો મરેછ! હું કેવી તુંને ને તારી વીસનખીને પાલનારી જીવતી જાગતી બેઠીછ! ચાલ, ભરૂં, હવે બોલ તુ એ દુકતી કુંવર સાથે ચાર ચોખા છંટાવા તૈયાર છે કે!" મામીજીએ ચોખો ચાંપી જોયો.

"ઓહ! સરટનલી! જબ મામીજી હય રાજી તો કયા કરે કોટવાલ ઔર કાજી! મુરબ્બીની મરજીને કંઇ ઠોકરે મરાય!"

અને આપણી કનસેન્ટ મલતાંની સાથેજ લગનની ધધુખર શરૂ કરી દીધી!

એકાદ બે મહીનામાં તો પેલા મખ્ખીચુસ પારસી ગુરતાદ ધાસલેટની એક પુરી લાડકી પોરી, કુંવર સાથે સેવકનું અસ્તમ આફરગાન, આઇમીન

આશીરવાદ, અલ્લાહીઆગના પોખાલ એટલા પર સરાવી દીધા, અને પોતાના ઘરના કાતરીયાંની બંગલીપર મને રહેવાની ઓરડી બી આપી, અને એ રીતે આપણે સીંગલમાંથી દબલમાં ફેરવાઇને બબ્બાનાં બહારમાં, બંગલીમાં ચોઠવાયાં તો ખરાં. અબી-આગલ તો દેખીએ!:—

કીધાં લગ્ન મેં કુંવર કેનેરી સાથે,
ઉઠાવ્યો જોખમ અંતે મારે માથે.
લગન તો થયાં ભલે, દુન્યા=ન=માને,
અંજામ શું આવશે તે તો ખુદા જાણે!

ભીખા બહેરામ—સ્ટેશન નંબર ૨!

નોકરીમાં નહીં ફાવ્યા યાર
જ્યાં ગયાં ત્યાં ગોલ્લા બહાર!!

અત્રે મહારે પહેલેથી સાફ સાફ કહી દેવું જોઇએ કે નાનપણથીજ મારો જીવ ઘણો ચટપટયો તથા ખટપટયો હતો, અને જરા થકી બેસી રહું તો પેલા કહે તેમ 'મારા બાપના તમ!' હાથનાં આંગલા પર કીડ લાગી આવતી! સેવકને અસલથીજ કંઇ પણ કામ ધંધો તથા નવું જુનું કરવાની હમેશ હોંશ હતી, અને તેથીજ એક દીવસ સહવારના મારા મામાજી તથા મામીજી સાથે નાસ્તો ખાતાં ખાતાં મેં ફટાકડો ફોડયો—

"વ્હાલા મામીજી, આજ કેટલાક મહીનાઓ થયાં "હું નોકરી ચાકરી વગર ફરયા કરૂંછ, તે મને બહુ અકર વકર થાયછ. ગામમાં લોકો કહેછ કે સુનામામીનો મુંબઇને ખુણે ખુણે લાગવગ ઘણો છે, માટે મહેરબાની કરી મને કોઠે નોકરીએ નહી રખાવો? એમ આલસુ બેસી રહેવશ તો મારૂં કાબુલી રૂસ્તમ જેવું અંગ પીલાઇને સેગટાની સીંગ જેવુ પાટલું થઇ જશે."

"ચાલની મરૂં, કોણ્યુ ના કહેછ. પહેલેથીજ એમ ભસ્યો કાંય નહીં! હું શું જાણ્યું કે તુને નોકરીએ રહેવા ગમેછ! લાવની કાલને કાલ એક બેંકમાં મહારો લાગવગ લગારીને જરૂર ગોઠવી દેઉ."

એમ કહી મામીજી વલતે દીવસે સહવારના મને, કોટમાં આવેલી એક જાણીતી બીખા બહેરામ બેંકમાં, નોકરી રખાવા લઇ ગયાં. બેંકના અંગ્રેજ મેનેજરને મામીજી સારી રીતે ઓલખતાં હોવાથી મામીજી તો લાગલાં તેના રૂમમાં ધસી ગયાં, અને મને તે સાહેબા સાથે પોતાની સુફયાની સ્ટાઇલમાં ઇનટ્રોડયુસ કરાવ્યો! થોડોક વખત પગથી માથા સુધી મારી તપાસ લીધા બાદ ઓલા ગોરા મેનેજરે મને સવાલ પુછ્યો.

"Well young man, whats your name?"

"My name, sir, is Mr. Makooji Mydear, Esq."

"What's your father?" પેલા મેનેજરે પાછો સલાલ કીધો.

"My father Sir, is my papa, he is my uncle's brother, husband of my mother, is a very big big man."

"Oh you fool! I only asked, what is your father doing? Can't you understand this simple English?"

"Yes Sir, I know little little English. My father is Jobless at present and on diet sir."

"Now young chap, how old are you at present?"

"I'm sir, 19 years, 6 months, 40 days, 19 hours, 20 minutes and half past three seconds old at present."

"Do you know anything about account?"

"Yes Sir, I know many things. I know addition, subtraction, Multiplication, division, etc., etc."

"Oh you know so many things, Well, then, I'll keep you in my bank in accounts department, monthly salary Rs. 40, with free service of water. So join service from to-morrow."

"Alright Sir, thank you Sir," અને અમારી વાતચીત પર અહીંજ પુર્ણવીરામ મુકાયું! અને પેલા સાહેબાનો ઉપકાર માની હમો ત્યાંથી ઘરતરફ રવાના થયાં.

વલતે દિવસે સહવારના હું પહેલ વહેલોજ નોકરીએ સીધારનાર હોવાથી મારાં મામીએ સકકારે ઉઠી ઘરમાં ચોક ચાંદણુ તથા ફુલપાણુનો શણુગાર કીધો, અને બારણે તોરણુ તાંગી, સેવ દહીંનો નાસ્તો કરી નવી કકરતી ડગલી તથા માથે ચકચકતી પાઘડી પહેરી કામે સીધારવા સારૂં સેવક તૈયાર થઇ મામીજીને મલવા ગયા, જ્યાં મામીજીએ થું-દઇને હસીને મને ઓવરણાં લીધાં અને બોલ્યાં—

"મરે જાણુે નરો પંચાયતનો શેઠીયો! માકા—દીકરા, તું આજે પહેલ વહેલો નોકરીએ સીધારેછ તેટલાં સારૂં મારે તુંને એકાદ બે શીખામણુનાં શબ્દ કહેવા જોઇએ, કે આરીસમાં પારકે પૈસે ચાહનાસ્તો કરતો નાં, ને કોઇ દીવસે બી દયાનત બગાડી બેંકના હીસાબમાં ઘોંટાલો કરી તારૂં તથા તારા બાપદાદાનું નામ ડુબારતો ના, પણુ જો કદાપી તુંને કંઇ પૈસાની જરૂર પડે તો બેલાશક મને કહેજે. તારી ઉપરનાં અમલદારો સાથે ઘણુોજ સ્યાન સલુકનો થજે, નહી તો વરી આસ્માન ચલ્લીની માફક બધે વલોરૂં કરતો નાં. અને જેવો બેંકમાં દાખલ થાય તેવોજ રોજ ઉબરને પગે પડી પાંચ યથા-અહુવેરીયો અને ત્રણુ અશેમવોહુ ભણુજે, કે દાદાર અહુરમજદ તુંને મદદ કરે, સમજયો કે અરૂં?"

"હાજી, વારૂ, સારૂજી," એમ બોલી મેં મામીજીને દાબીને બગલગીરી કરી ત્યાંથી સીધો બેંકનો રસ્તો લીધો.

આહ! કેવી મીઠડી બગલગીરી, જાણે બહેરામ સરોષનું પાંઉનું પુડીંગ!!!

ગયો સીધો બેંકમાં હું નોકરી કરવા
જે જોતાં બૈરી મારી લાગી રડવા.
દોસ્તો બોલ્યા માકા! કહાં ધસડાયછ મરવા
કહયું મેં કે યારો મારૂં માથું ફેરવા.

જેવો હું બેંકના દરવાજા આગલ આવી પહોંચયો તેવોજ મારા મામીજીએ મને કહેલું તેમ પહેલાં સીડીને પગે પડી પાંચ યથા અહુવેરીયો, અને ત્રણ અશેમવહુ ભણી અંદર દાખલ થયો. પેલા ગોરા મેનેજરે એક આદમીને ઘટતી સુચનાઓ આપી મને એકાઉન્ટસ ડીર્પાટમેન્ટમાં મોકલી આપ્યો, અને મને એક તાતીયા કલાર્ક નામે તાપીશંકર પાસે બેસાડવામાં આવ્યો. જે મને એકાઉન્ટસ બુક કેમ રાખવી, તે બતલાવવા લાગ્યો.

એકાદ બે દીવસ મેં ધીરજથી બધું મારૂં કામ તપાસવા માંડયું, પણ ત્રીજે દીવસે પેલા તાતીયા તાપીશંકર સાથે બેંકમાં કંઇ હીસાબ સારૂં મોટી ખટપટ ઉભી થઇ, અને બોલાચાલી થતાં હમો તરીયા પાવ અને બહોની પર આવી ગયા. થયું એમ કે હીસાબ કરવામાં એક રૂપીયાની ભુલ આવી જેથી પેલો તાત્યો મારો વાંક કાઢી મને ખુબ વગોવ્વા લાગતાં બોલ્યો, "એ પારસીચા મુલગા, તુલા હીસાબ કરાયલા કોણી શીખવલા. જાઉનસી જરા કોણી પંતુજીચી શાળા મદી હીસાબ શીખા. એ લીવલા તરી કાય? આરીત્યાનચી!!!"

મારૂં ઘણું કોહી જવાથી મેં તેને જરા અંગ્રેજીમાજ (જેમ ફાવે તેમ) દબરાવ્યો. "એ તાત્યા, કોલમીચા-પાતીયા, ગપ બસ, What you know about accounts? Your father's forehead?"

તમારો માલ પેક કરવાની તમને

મુઝવણ પડતી હોય

તો તમે

ફ્લેક્ષીબલ વોટરપ્રુફ પેપર લાઈનરસ

વાપરો.

નુકશાની અથવા ભીનાશ યા ગળતરથી નુકશાની સામે સલામતી માટે ફીનકલ્ડ ક્રાફ્ટ પેપરના અમારાં લાઇનરસ વાપરો.

તે કાંજી, કાપડ, રેશમ, રેયોન, કેસીંગ માટે તેમજ લાઇનીંગ અને બેલીંગના કામો માટે જથ્થામાં વપરાય છે, અને તે રોલ્સ અને શીટસમાં વેચવામાં આવે છે.

તે ચરબીથી તદનજ નીરાળાં છે, અને વેપારની જરૂરયાતોને બંધબેસતાં પ્રકારના બનાવવામાં આવે છે.


ધી એસોસીએટેડ સીમેન્ટ કંપનીઝ લીમીટેડ.

એજન્સી ડીપારટમેન્ટ,

એસપ્લેનેડ હાઉસ, વોડબી રોડ, કોટ, મુંબઇ

ઉપર તમારી પુછપરછો રવાના કરો.

ટેલીફોન નં૦ ૩૦૦૬૧



આવીજા આવીજા દીકરા તાપીશંકર—સેવક ખાંડીયા જાય એવા નથી માકુજી માસ્ડીયર,
આખી બેંકમાં મચી રહ્યું નાનું જેવું હુલ્લડ—તેમાં ખાસ થઇ મારી અને તાપીશંકર વચ્ચે ધરપકર.

પણ આ સાંભળનાં પેલા તાત્યાની સ્ટીમ તો એકદમ ડુંગરવાડી ચઢી ગઇ, અને છેરાઇ પડયો.

" અરે વોટ રે વોટ ! તુમી આલા અસા સીવી કસાલા દેતોસ, ચોર ફાધરસ ફોરહેડ મનજે કાય ? "

" બગા એ તાત્યા ! મી કાય તુમાલા સીવી નાઇ દીલી, પણુ મી અસા સાંગીતલા કે ચોર ફાધરસ ફોરહેડ, મનજે તુમચા બાપાચા કપાળ ! અતા–તુમી બરાબર સમજલા ? "

" ચુપ ! એઇ પારસા ! માલા અતાતુમચી જાસ્તી વાઇડ ગોસ્તી નાઇ પાયજે. "

" અરે ગપ રહા ! એ બાજી ખાંઉ ! તુમી દોન-ફદીયાચા માનુસ ને એવરી ગોષ્ટી કોનસા સાથ કરતોસ ? "

એમ કહી મેં એ તાત્યાને એક હાથે ધોત્યામાંથી તથા બીજે હાથે ચોટલીમાંથી પકરી મકકમ હીલવી નાખ્યો. અને તેણે પણુ મને ગરદનમાંથી મજબુત પકડયો, અને ગાલાગાલી પરથી એકદમ આગળ વધીને અમો બોક્સીંગ પર આવી ગયા. આ બનાવથી આજુબાજુ બધો ગભરાત ફેલાઇ રહયો. ગડબડ સડબડ વધી પડવાથી બીજા અમલદારો તથા વડો મેનેજર ત્યાં દોડી આવ્યા અને મહામુસીબતે હમો બેઉને છુત્તાં પાડી બેઉને એકદમ નોકરીમાંથી પાનીચું આપ્યું !

ધરે જતાંની સાથ હું ગુપચુપ માથાં વેર ચારસો ઓઢી સુઇ ગયો, અને પછી ડચકાં ખાઇ મોટે મોટે જાણે વાણ્યાની ડોસી મરી ગઇ હોય તેમ રડવા લાગ્યો. જે સાંભલતાં મારા મામીડીયર, તથા મારી ધણીઆણી કુંવર મારાં ઓરડામાં ધસી આવ્યાં અને મારા ઉપર શું મોટી આફત આવી પડી હતી તે જાણુવા તે લોક મને કાલાવાલા કરવા લાગ્યાં. ધીરે ધીરે મેં તે લોકને બેંકમાં શું બનાવ બન્યો હતો તે બધું કહી સંભળાવ્યું. જે સાંભલતાં મામીજીએ મને સધ્યારો આપ્યો.

નોરે મરૂં, એમાં બધું રડવા તતરવાનું શાનું? જરા હીસાબમાં ભુલ થઈ તેમાં એટલો બધો તે ગભરાત કરવાની શું જરૂર છે? કંઇ નહી મરૂં, તું કાલનો કાલ મારી સાથ ચાલ, અને હું એ સાહેબાને સમજાવી પાછો તુંને એજ બેંકમાં રખાઉં, પછી કંઇ છે?"

"નહીં મામીજી, મને માફ્ કરો, હું મરતાંબી એ બેંકમાં પાછો મારો પગ મુકશ નહીં. મને બીક લાગેછ કે રખેને પેલો તાત્યો મારો ટાંટીયો પકડી બારીએથી બહાર ફેંકી દે."

"ચાલ મરૂં, ત્યારે તો જેવી તારી મરજી. તુંને નહીં ગમતું હોય તો રહેવા દે." અને મામીજીનાં આ આઇસકોલ્ડ સધીયારાથી સંતોશ પામી આપરે આઇસનું પાણી પી જીવને ઠેડવ્યો. ખુદા જાણે કે કીસમતમે હમારે કયા લીખા હોગા?—

સ્ટેશન નંબર થ્રી!

"મોતનાં ફાંફા યાને ગુજરેલાં ગોપીચંદ સાથે વાતચીત"

આંય વરી નવું કંઇક છે હફ્તેખાન
ગુજરેલાં સાથ વાતચીત.? કેમ ચોંકોછ મહેરબાન!!
હસજો હસાય એટલું વાંચીને યાર
પણ ગોદરાં ના કરતાં કોઇ સાથે લગાર!!!

સ્પીરીચ્યુઆલીઝમ યાને મુંવેલાઓ સાથે વાત કરવા જતાં મલેલો મને કડવો જમાલ ગોટા જેવો જુલાબ.

કેટલોક વખત વેર હું નોકરી ચાકરી વગર કડકા લારડ સાહેબની માફક ફરીયા કીધો, અને મારા કેટલાક દોસ્તો તથા ભલુ ઇચ્છનારાઓને સીંગલ સીંગલ ચાહ પીવરાવી, ટીંગલ ટીંગલ કરી કોઇ પણ ઠેકાણે સીને-

આમાં ડોરકીપરની જગીયાએ પણ લાગવગથી નોકરીએ રખાવી દેવાના ઘણુંએ કાલાવાલા કરીયા કીધા. એમ કરતાં કરતાં એક દીવસે સાંજના આઝાદ મેદાનમાં બેઠા બેઠા અમારા મરઘા મંડલનાં દોસ્તો સાથે ગપ્પા સપ્પા અને ફેંકોલોજી ચલાવતાં, એક મીત્ર સ્પીરીચ્યુઆલીઝમ પર કંઇ ગપગોલા ફેંકતો જણાયો, જે મેં પહેલાં તો ઘણું ધીરજથી સાંભલ્યું, પણ જ્યારે વાત ઝીરો અવર પર આવી ત્યારે મારી ધીરજ ખુંટી ગઇ, અને તુર્તજ તેને બાજુ લઇ જઇ, તે બાબદ ઉપર લંબાણુથી પુછપરછ કરવા માંડી. મારી જાણે બલા કે એ સ્પીરીચ્યુઆલીઝમ તે શું હશે? તેથી મારા મીત્રને એનો અર્થ પુછતાં તેણે મને કાંઇ સમજાવ્યું કે સ્પીરીચ્યુઆલીઝમ એટલે મરહુમો સાથે મીનોઇ જેહાનમાં ચલાવવામાં આવતા વાયરલેસ સંદેશાઓ. વલી મારા દોસ્તે વધુમાં ઉમેર્યું કે ભાડું ચુકવયા વગર દર છ છ મહીને બાણુલનાથ રોડ, પેડર રોડ, ઓલ્ટામોન્ટ રોડ, ખાલી કરી હાલ દાદર ઉપર કોઇ એક ડોસાભાઇ ડફાંસ્યા નામના જરથોસ્તી આવી રહેલા છે, જેવણ એ લાઇનમાં ઘણુંજ ખુરના એકકા છે, તેવણ કોઇપણ રીતે તને શીખવી પોતાને ત્યાં મહીને રૂા. ૩૦ ને પગારે નોકરીએ રાખી એ લાઇનમાં બહાર પાડવા માંગે છે!

આ વાત સાંભળતાંની સાથે સેવક તો ઘણોજ ખુશાલીમાં આવી ગયો કે ચાલો અંતે નોકરી મલશે ખરી, અને મારા દોસ્તને એ મીસ્તર ડોસાભાઇ ડફાંસ્યા આગલ બનતી ઉતાવલે, ગમે તો પાંખ વગરનાં એરોપલેનમાં પણ લઇ જવાને મેં એની બોડાવેલી દાઢીમાં હાથ ઘાલીને ઘણાં કાલાવાલા ને પગ પાણેતર કીધાં. અંતે વલતે દિવસે ઓલા ડોસાભાઇને ત્યાં મલવા જવાનું અમોએ નકકી કર્યું, ને તુરત વેલા હમો બેઉ મીત્રો એકએકને સાહેબજી સલામ કરી નાખ ભીંજવવા જુદાં જુદાં પીઠાંને પેત્રાનેજ આપવા એકબીજાને ઠાપ આપી છુટા પડીયા!

બીજે દીવસે અમો બેઉ દોસ્તો પેલા મહાન નામીચા અઠંગ સ્પીરીચ્યુઆલીસ્ટ, સાયનટીસ્ટ, બહેશીટીસ્ટ, દોઝખીસ્ટ, એટસેટરાટીસ્ટ, મી. ડોસાભાઇ ડંફાસ્યાને દાદરનાં એવણનાં રહેવાના કાતરીયા ઉપર મલવા ગયા, અને તેવણે

અમોને ઘણોજ હરખભર્યો (સકકો, ચાહેપાણી, છાંટાપાણી વગર) આવકાર આપ્યો. અને સ્પીરીચ્યુઆલીઝમ શું ચીઝ છે તે ઉપર લાંબુ લચ ભાષણ કરી મને એ લાઇનમાં આગળ પાડવાનું બેઉ હાથે વચન આપ્યું, અને મારૂં નામથામ પુછી હું કોણુની સાથે મીનોઇ જેહાનમાં સંદેશા ચલાવા માગતો હતો તે સઘલું જાણી કરી મને તેજ દીવસે રાતરે પોતાના (વગર ભાડેના) બંગલે, ૧૦-૩૦. (સ્ટા. ટા.) મલવાનું એપોઇન્ટમેંટ આપ્યું અને એ રીતે મેં મારે ઘરેબારે જવા બે પગની મોતરમાં ચાલવા માંડીયું, જ્યાં પોહચતાં સાથેજ સેવકે, મારી ઘણીયાણી મામીજી મામાજી સાથે ધાનશાક ને લીલા કાંદાની કચુંબરનું રીચ ડીનર લીધું, અને તે બાદ સઘલાં પોત પોતાની પાટીને ઘોલકી ઉપર સુવા ગયાં. પછી જેવાં બધાં પાટીની ઘોલકીપર ઘોરવા લાગ્યાં કે ગુપચુપ હાથમાં બુટ લઇ તે રાતના ૧૦ વાગતાનો કરફ્યૂ ઓરડર હતો, તે છતાં હીમતથી આકાસમાં ઉડતાં ડોસાભાઇને ઘરે સેવકે ચાલુ મુકયું. ઘરે પોહચતાનીજ સાથેજ પેલા મહાન સ્પીરીચ્યુઆલીસ્ટ ડોસાભાઇ શેઠે મને પહેલાં કસ્તી કરી, નાપાક શેતાન પર લ્યાનત નાખવા કહયું, અને પોતે પણ કસ્તી કરી મોટે મોટે બાંગીપેરે બાંગ પાડી, ભણવા લાગ્યા અને મને પણ મોટે અવાજે ખોદાયજી બરોબર સાંભલે તેમ પલેત પશેમાની ભણી ગાલપર પાંચ દસ તમાચા મારી, કાન ચીમતવા કહયું. પછી મોટેથી પોતે પણ ભણતાં ભણતાં થોભી ગયા, અને મને રૂવાનોની બાશામાં કહે જે, "લેવ માકુજી, આવ તસમમારા બહેસ્ત મુસમકામ પીસમમેલા મસમમઇજી, કે જેવણ સાથે તમો આંક ફરકની ઓપનીંગ કલોઝીંગ, અને આવતા શની-વારની રેસ ટીપ પુછવાની વાત કરવા માગતાં હતાં, તેવણ પોતે તમો આગલ આવી ઉભાં છે. અય પેલી દુન્યામાં જઇ બેઠેલાં બહેસ્તન મમાઇજી, લેવો તમારાં માકુ મસ્તાની સાથે, હેતપ્રીતની બે વાત કરો! ગુડ નાઇટ એન્ડ બી હેપી!"

મેં આજુબાજુ નજર કીધી, પણ કેઠે પણ મારાં વ્હાલાં મમઇજી અથવા તો તેવણનો ઓરો વટીક દેખાગો નહીં. જેથી મેં ડોસાભાઇને સવાલ કીધો, "કેમ ડોસાભાઇ, તમો કહોછ કે મમઇજી આયાંછ—વાત કરો પણ

મારા મમઇતો કેઠે દેખાતાં નથી? વરી તમે બી ડહાંસ મારી કે? તમોનેબી કાંઇ નાખવા બાખવાની ટેવ છે કે શું? જ્યાં છે ત્યાં બાટલી મોસંબી મગજે ચઢી ગયેલો લાગેછ. પણ હવે તો ૧૦ વાગી ગયા છે, એટલે પીઠાં તો બંધ થઇ ગયાં હશે."

"અરે બાવાજાન! એ મરહુમો કાંઇ તારા જેવા કુમરા ભીંડાની આંખે દેખાય કે? એ તો હમારા જેવા પાક પરહેઝગાર દારૂ પી ને બીજાને દારૂ નહીં પીવાની શીખામણ આપનારા પાકદયાનતવાલા મહાત્માઓનીજ આંખે દેખાય સમજ્યાં કે જી?"

ડોસાભાઇએ ઉપર મુજબ ઉત્તર વાળ્યો.

"એમ! એમ! ડોસાભાઇ શેઠ, તમેબી મનમાં શું મોરીસની ખાન ખાઓછ! હું બી એક તમારા જેવો ચોખ્ખી હાથની વણેલી ખાદી જેવી દયાનતવાલો, નાવર મરતબ થયલો જરથોસ્તી પારસી, ફણુસવાડીનો ફરેસ્તો છેવું. મને તમો કોઇ ઇજારડો પીજારડો રસ્તે રખડતો સમજતાં હોવ તો એમાં તમારી બહુજ મોટી ભયંકર ભુલ છે. કારણ કે સેવક રસ્તે સીરીએ કદી રખડતો નથી. ફકત રવીવારે સાંજે પાલવાબંદરનાં ફુટપાઠ પર ફેરા આંટી મારી ગોરી છોકરીઓનું ધ્યાન ખેંચે છે."

"બસ! બસ! હવે વચમાં તકતક ના કરો નહીં તો હું તમને માછલી બનાવી દરીયામાં ઉડારી મુકશ." ડોસાભાઇએ સુકકી દમદાટી કીધી.

સેવક, મમઇજી સાથે વાત કરવા ઘણાં આતુર હતાં, તેથી એ દમદાટી સાંખી જઇ, અખાડા બહેદીન કાઉસ કરી ગીયા. પછી એકાએક ડોસાભાઇને કંઇક મનમાં મંતર બબડી મારી આંખે ટાઇટ ખાદીના રૂમાલનો પાટો બાંધ્યો. અને પછી મારી અજાયબી વચ્ચે મેં એક બાઇ માણસને નીચે પ્રમાણે, શ્રીમતી પ્રેમાદેવી દેશ સેવીકા જેવા બાંગે બુલંદ, વઢકણાં અવાજે બોલતાં સાંભળ્યાં,—"અય તું મારા સુપરા જેવા કાનવાલા સાચ્ચા સપુત, ને સુરણ જેવા નાખવાલા નેક ફરઝંદ માકા, મને ડોસાભાઇ તરફથી બહેસતમાં એક નોટ પેડ અરજંટ વાયર મલયોછ, જેને આધારે, હું તુંને અત્રે જાતે

અલવા ધસરાઇ આવીચ. દીકરા મારા, તું મમઇજી મમઇજી કરીને છાતી કુટી કાંય દુશમન એમ સોહરાઇ સુકાઇને લેવટા જેવો થઇ જાયછ? જીભરૂ, તારા સપરચંદ પપાની શું ખબર છે? પેલો આપણો દલાલ–કરસનદાસ કાતરીયું શેરબજારમાં બધાં કાવતરાં કરી અંતે પરવારીને હવે મને ઉપર મીનોઇ જેહાનમાં આવી મલ્યોછ, તે મને કહેવા લાગો કે, "તમારા ખાવીંદ શાપુરજી પીઠામાં બેવડો મજબુત લગાવ્યા પછી શેર બજારમાં આંખ વીચીને, ધમ-ધોકાર વગર પૈસે સન્તો ચલાવેછ, રોજ લાખના બાર હઝારનો નફાકારક ધંધો કરેછ, અને આખરે જે રકમ મેં મારી બાજરોજગાર અને દરાંન માટે બાજુએ કાઢી મુકેલી તે પણ ઓરડીનરી અને ડીફરડ વચ્ચેનો તફાવત નહી સમજવાથી સટટામાં માંગનારાઓને આપી મારાં કપડાં ચપડાં ચોર બજારમાં લલ્લુભાઇ ધોતીયાવાલાનાં પારસી ભાગીદારને વેચી સાતી પરવારી ગયાછ, એ વાત ખરી કે? અને એવણ બીજી બૈરી લાવ્વાની ધખુખરમાં છે, એ વાત ખરી કે દીકરા? મારા હેતવંતા બેટા, તારા પેલા ચંડાળ–બદમાશ, નીચ, હરામી, હલકત, નાપાક, દોઝખી અહેરેમન માસા મંચેરશાહથી બહું સંભાળીને ચાલજે. એ તારા મુજી પાજી માસાએ મારી પોણાઆઠ રૂપીયા અને ત્રણ પાઇની દોલતની નીચ લાલચ ખાતર મારૂં ખુંન–હા–માકા–તું ના ચોંક–તું ના મુજ! મારૂં ઝખુન નાતરસ ખુન કીધુંછ. તે એટલી હદ સુધી કે મને ચાહેની અંદર કાશી બેલીને એ કાતીલ ઝેરથી મારો કાંટો કાઢી નાંખ્યોછ, માટે અય તું હોમલીબઇ–હેમલેતના વીસમી સદીના અવતાર તરીકે પેદા પડેલા માકા! મારી તુંને એજ અરજ છે કે, જો લાગ ફાવે તો એ ચંડાલની તું બરોબર ખબર લેજે. બીજું દીકરા, અત્રે હું ધણીજ ખુશમીજાજમાં રહુંછુ. અને અવાર નવાર "કાતરયું ગેપ" માં આવતી રેસની ટીપ વાંચીને અમારા બેહસ્ત-આંની રેસમાં પણ ઓલ્ડ લેડીઝ સ્ટેંડમાં જાવું છું. રોજ સહવારનાં પેલી નામીચી નાચનારી 'માડામ પાવલોવા' કે જેણીએ અત્રે એક ડાનસીંગ ક્લાસ અને મસાજ રૂમ ખોલ્યોછ ત્યાં લેટેસ્ટ સ્ટેપ–ડાનસીંગ શીખવા જાવુંછ. અને હવે હું જીનજર રોજરસની માફકજ ડાન્સ કરી શકું છું, એમ અહી મીનોઇ-આનાં અમારા "સીનેમા વીકલીનો–" એડીટર મને કોમપ્લીમેંટ આપે છે.

અહીના લેડીઝ જીમખાનામાં, ટેનીસ, પીંગપોંગ રમવા જાવું છ અને સ્કેનડલ અને બેકલાઇટ પણ કરૂં છું. કલેજાં મારા, હવે બહેસ્તમાં આજે બૈરાંઓનો ગમબાહાર હોવાથી જમવાનો વખત થયોછ માટે મકુંજે હવે હું જતે, અને આકા મારા, તુંને ખાત્રી આપું છ કે હું તારી સાથે અવાર નવાર ડોસાભાઇ મારફતે સંદેશાઓ જરૂર ચલાવીશ. માટે તું બેફીકર રહેજે. ચાલ બેટા સાહેબજી! ચીરીયો? ટટા! બટાટા!!!"

ખેલ ખતમ થયલો હોવાથી ડોસાભાઇએ મારી પાસે પોતાની ફી તરીકે રૂ. ૩૦) માંગ્યાં, પણ મેં તો એવણુને સાફ સાફ જણાવી દીધું કે સેવક એક કરકોં આસામી હતો, અને ખીસામાં સીનેમાના હેંડબીલો સીવાય બીજુ કાંઇ હતું નહી. ડોસાભાઇના કપાલનો પહેલાં તો ચીસ્લો ચઢયો, પણ સેવકે અંતે એવણુને એવણુનાં ભાખરા જેવા ખીલી નીકલી ગયલા ગાલ પસવારીને થંડા પાડીયા! અને આપણે તો પૈસાને બદલે પગમાંથી ખાસડાં ને માથાપરથી ટોપી કાઢી આપી ત્યાંથી ફુટીસ મારી ગયા!—

ઉપલા બનાવથી હું એટલો એકસાઇટ થઇ ગયો, અને મારૂં મગજ એટલું સેમીસરકલમાં ગોલ ગોલ ફરવા લાગ્યું, કે ઘરે જતાની સાથે મેં શ્રીયુત વીર નરોની માફક દાંત કચકચાવીને ઠરાવ કીધો કે મારા મરહુમ મોટા માયજીની છેલ્લી ગંભીર ખાએશને માન આપી મારા ચંડાળ, મુજી પાજી બદદયાનતી, કરતુકી કોરગા જેવા મંચેરશાહ માસા પર વેર લઇ ખુનનો બદલો ખુનથીજ વાલીને બસ ખુન કરવું, ને કરવુંજ! અને ખુન કેમ કરવું તેનું કબાટની આરસી સામે હું તેનું રીઅરસલ કરવાનાં વીચારે એકદમ ઘરના બાવરચીખાનામાં બબ્બે છલાંગો મારનો ધસી ગયો અને ત્યાંથી એક મોટો છરો લઇ મારા ઓરડામાં આવ્યો, અને એક ખુરસી ગોઠવી તે પર એક તકયો મુકયો. (જાણે મારા માસાજી બેઠેલા હોય તેમ) અને તેને કાલા કપડાનો ગલેપ પહેરાવી તકયાની અંદર છરો ભોંકતાં અને બાંગો મારતાં બોલ્યો, "એ મારા ચુંચી આખવાલા ચશમચોર ચુગલીખોર માસા! જોઇ લેજે હવે તમાશા! તેં પૈસા ટકાની નીચ લાલચ ખાતર મારાં મમઇજીને

આહની અંદર કારીનું ઝેર ભેલી તેવણુનો કીંમતી જીવ લીધોછ તો ખરો પણુ તેના બદલામાં હું તારૂં ખુન કરવા માંગુછ! હું તારા દીલના ટુકરે ટુકરા કરી તારા કાન નાખ કાપી નાખી–કાલી માતાને ભોગ આપીશ, તોજ હું તારો સાત પાણીએ ધોયલો, ડબલ ફરેશતા જેવો ભાણેજ ખરો! નકર આવ ખોટો ખોખરો રૂપીયો! બસ તારૂં હું ખુન કરશ, ત્યારેજ દપન પડીશ. ઓ માસા! માસા! Why art thou my માસા! બસ ખુન! મારી આંખોમાં વરસી રહયુંછ! મારી રગેરગમાં ગાઇ ફ્રેકસનું ઝનુન વહેતું થયુંછ! ખુન! ખુન! ખુન!"

મારો નોકર જે મારા ઓરડાની બહાર સુતો હતો તે ધોંધાટ થવાથી જાગી ઉઠયો, અને મારા ઓરડામાં આવી મને આવી હાલતમાં જોઇ મોટેથી બુમો પાડવા લાગ્યો. "હોઇરે મારા બાપ! છત્યાનાછ પર છત્યાનાછ! મારી લાયખોરે! માકા છેટ, તમે છું કરવા માંગતા સો! કોણુનું ખુન કરવાં નીકલેલા, અહુવે! ઓ છાપુરજી, બાપુજી, કેખશરૂ છેટ, છુનાબાઇ, કુંવરબાઇ! તમે બધાં બરાનડીનના ખોખાંમાં સુપઇ બેઠેલાં હોવ કે કબરસ્તાનમાં સુપાએલાં હોવ, પણુ જલદી દોડી આવો. માકુ છેટ તો મેડ થી ગયેલા રે મારા બાપ, અને ખુનપર સઢેલા રે! પોલીછ! પોલીછ!

આ બધી ગડબડ થવાથી ઘરમાં રહેતાં બધાં દોસાં દોબરાંઓથી માંડી નાના કુરકુરીયા ત્યાં દોડી આવ્યાં અને મારા મામાડીયર અજાયબ થઇ મને પુછવા લાગ્યાં, "માકા! એ શું ઢોંગ માંડયાછ! એ તું શું કરવા બેઠોછ, કંઇ સમજ પડે? આય કાંઇ પાણીપટનું મેદાન નથી કે તું ખુનપર ચઢે!"

"બસ! હું ખુન કરવા માંગુંછ. મંચેરશાહ માસાને કોઇ લાવો! ખુન! ખુન! ઉરફે ખુને નાહક યાને ખુન કરવાની કલેજે ટાઢક!" મેં મોટેથી બાંગ પાડી, પણુ તુર્તજ મારા માણુસે આવી, પાછળથી મારા હાથો મજબુત પકડી લીધા, અને મારા હાથમાંથી છરો છીનવી લીધો. અને ઘરની નજદીકમાં રહેતા ડો. ભેજનજી બકરામુડાને બોલાવી મંગાવવામાં આવ્યા. જેવણે મારી સારવાર કરી, એડીયાનો જુલાબ આપી, ગુપચુપ "ફી"ની નોટ ખીસામાં સેરવી, ત્યાંથી ખરતી લીધી.


મારી આવી હાલત જોઇ મારા મામાજી ઘણાં ફીકરમાં પડયા, અને રખેને હું પાછો મગજ ખોહી દઇ ઘરની બહાર નાહસી જાઉં, એમ ધારી રાત્રે મારા ઓરડામાં બે પથ્થાણોને સુવરાવ્યા. પણ મેં મારા માસાજીને ઘરે જઇ તેવણનું ખુન કરવાનો મકકમ ઠરાવ કીધેલો હોવાથી રાતના ગુપચુપ ઉઠયો અને પથાણોને "પછવારે જાઉં છ," એમ થાપ આપી બારીની બહાર જઇ નળપરથી સીધ્ધો નીચે ઉતરયો, અને સદરા લેંગાપર હાથમાં છરો લઇ મારા માસાના ઘર તરફ ધસી ગયો!

રાત્રે લગભગ ૧૧ વાગેલા હતા, અને ભેંસ બરાડ પાડતી હોય તેમ પવનના સુસ્વાત, કાનના પડધમને આવી અથડાતા હતા. ઘરમાં બધાંની છાતીનું ધમ્મણ તો સવાસો માઇલોની સ્પીડે ફુકાતું હતું, એટલાં ઉંઘમા પડેલા હતાં. મેં જોરમાં બારણું ઠોકયું, અને આગાની દાહાડીવાળા મંચેરશાહ માસાએ આવી બારણું ખોલ્યું. એકદમ છરો હાથમાં પકડી તેવણના આંગપર ધસી જઇ સેવક બોલ્યો, "ઓ મારા મવાલી માસા મંચેરશાહ, તેં મારાં મોટાં માયની ચટણી કરીને તેવણને ચીનવદ પુલ મોકલાવ્યાં, તો આજે હુંબી તારી એજ મીસાલે ચટણી કરવાને આયોછ, માટે જલદીથી એકદમ હેન્ડસ-અપ કરી દે! બસ હીંમત છોડીને ધાસ્તી પકડ, અને ઘડીયાલનાં પેન્ડયુલમ માફક હીલતો ઉભો રહે! વી આર ટુ બટ આઇ વેન્ટ ટુ ફીનીશ વીથ યું! આય છરો! એકજ અવાઝ! ને તારૂં લોહી પીવા તૈયાર છે! કમ વન, કમ ઓલ-બી રેડી માઇ વોકીંગ ડોલ!

ખુન કરી માસા મંચેર તારી ફોડી નાખશ ડ્રમ,
ખબરદાર! અય મકકાર માસા, પાડતો ના જરાબી બુમ.
પોકરાવીછ મમઇજી મારાંને તે રૂમરી ધુમ,
કરશ બચ્ચાજી તુંને હવે અહીથી સદા ગુમ.

મારા માસા તો દધાઇને ત્યાંજ પુટલાંની માફક ઉભા, અને પોતાને આવી કફોડી હાલતમાં સપડાયલા જોઇ, મદદ માટે બુમો પાડી, તેથી તે

મકાનમાં રહેતાં રહીશો તથા નોકરો ત્યાં દોડી આવ્યાં, અને મારા હાથમાથી પેલો ઇતીહાસીક છરો છીનવી લીધો, તો પણ મેં ઝનુનમાં આવી માસાજીને ગામા પહેલવાનની આંટી મારી જમીન પર પટકી તેવણનું ગલું મજબુત પકડી રાખ્યું. માસાજી તો મરધીની ફાંની ધ્રુજવા લાગ્યા, અને પોતાને મનથી સ્વીંગીંગ ટાઇમ સમજવા લાગ્યા!—



તેવામાં મારી ધણીયાણી, મામીજી તથા મામાજી, મને મારા ઘરમાંથી ફુટ થયેલો જોઇ, મારી શોધમાં ત્યાં એકાએક મારતી ટેક્ષીએ આવી પોહોચ્યાં. ટેક્ષીનું ભાડું ચુકવ્યા વગર અંદર ધસી આવી મારી તરફ નજર પડતાં મામાજી બોલ્યાં, "અરે માકા! તું કાંય નહી મારતો ઝેરના ફાકા!! આય તું શું કરવા બેઠોછ. આવા પોપટજી જેવા માસા કેમ તારે ગલે બોઇના

કાંટા પેરે ખુટયા! કંઇ સમજ પડે? જરા તારી જગ્યાં તો ખોલ—એલર થા—હુશયાર થા!"

"હું શું કરવા બેઠોછ, મનજી કાય! ઉફ!! હું માસાનું ખુન કરવા માંગુછ—આઇ વોન્ટ ટુ કુ માઇ માસાઝ ખુન! એ ટેરીબલ. હોરીબલ, ચાર્મીંગ-ખુન! આઇ વોન્ટ ટુ ટેક માઇ મમઇઝ વેર, યાને કે હું મારા મોટા માયજી તરફથી વેર લેવા માંગુંછ. મામાજી, મારા બહેસ્તન મમઇજીના સોગંદ આઇને કહુંછ, કે મને ફક્ત એકજ વખત આટલું ખુન કરી લેવા દેવ, ટેક મી એ ટ્રાયલ, મામાજી, અને મારી નેક અને ભલી ખાએશ પુરી પાડી મારા મમઇજીનું વેર લેવા દેવ. આવો ખુન કરવાનો સુદર બીજો ચાન્સ મને પાછો કયારે મલવાનો હતો? કારણ કે, બહેસ્તી શેકસ્પીયર કહી ગયોછ કે "માણસ માત્ર ઉર્ફે પુરૂષ પાત્ર" ને તેની જીંદગીમાં ખુન કરવાની બસ એકજ વખત તક મલેછ, તો મને આજે મળેલી તકનો લાભ લઇ માસાજીનાં કુમાસદાર પેટમાં આ છરો ભોંકી લેવા દેવ. મારાં બહેસ્તન મમઇજીએ, બહેસ્તમાંથી મારી સાથે સંદેશા ચલાવી ખબર આપીછ, કે મારા હેતના કટકા મંચેરશાહ માસાએ, મોટા માયજીની દોલત ઉપર ત્રાપ મારવા ખાતર એવણને ચાહની અંદર કારીનું ઝેર પાઇ, એવણનો વીમો ઉતરાવ્યા વગરનો કીંમતી જીવ લીધોછ. માટે મને એ મારાં ચંડાળ માસાનું ખુન કરવા દેવ! બીજું કાંઇજ નહીં, પણ બસ ઝખુંન ખુંન—"

એવામાં મામીજીએ પગમાંથી સપાટ કાઢીને મારા બરડાની ધુલ ખખોડી, અને મામાજી તથા મારાં સગાંઓએ થંડા ડયુકનો લેમન મને પાઇ થંડો મીઠો પાડી સમજાવી પટાવી ઘરે લઇ ગયા, જ્યાં મારાં મામા ડીયરે ખુલાશો પુછવાથી, પેલા સ્પીરીચ્યુઆલીસ્ટ ડોસાભાઇ ડફાંસ્યાને ત્યાં મેં કેવી રીતે સંદેશા ચલાવ્યા હતા, તે વીગતે કહી સંભલાવ્યું. જે સાંભલતાં મારા મામાજી ઘણાજ ગુસ્સે થઇ ગયા, અને પેલા ડોસાભાઇ દમબેલને ઘરે જઇ તેની બરાબર ખબર લેવાનો ઠરાવ કીધો!

સહવારના ઉઠતાંની સાથ, પેલા ડોસાભાઇ ડફાંસ્યાને ત્યાં અમો જવા નીકલ્યા. મારા મામીજી, હું, તથા મામાજીએ બીંડીબજાર ઉપરથી બે ત્રણ મવાલીઓ તથા પઠાણો રોકેલા, તેઓને પણ સાથે લેતાં ગયાં,

ડોસાભાઇએ બારણું ખોલી અમોને આવકાર આપ્યો અને મેં ડોસા-ભાઇ તરફ આંગલી બતાવતાં, મામાજીએ તેવણુની મરઘીના જેવી ગરદન મજબુત પકડી, ઘંટીવાળો હીલવે તેમ ત્રણ ચાર વખત હીલવી અને ઉપરથી મવાલીઓએ પણ ડોસાભાઇને તો મકકમ બકેણાં અને કેસરી પાક જમાડયો, અને પછી મામાજી, ડોસાભાઇની ખબર લેતાં બોલ્યાં. "તું મરેરે ડોસા, એ તું શું ધતીંગ લઇ બેઠોછ? તુંને કોઇ બીજો હાથ નહી લાગો કે, મારા માકાને ખોટું ખોટું ભણાવી એનું પોચ્ચું પડેલું મસ્તક ફેરવી નાખ્યું? મારા સાહેબ, એમ જો મુવેલાંઓ સાથ સંદેશાઓ ચલાવાતા હોય કેની, તો આપરે પોતેબી ઓરીસમાંથી બે ચાર દહાડા રજા લઇ બહેસ્તમાં જઇ તેઓને મલી આવતે?"

પછી ડોસાભાઇ સાથે ઉંડાણમાં વાતચીત કરતાં, મારા મામાજીની ખાત્રી થઇ કે એ સ્પીરીચ્યુઆલીઝમથી લોકો સાવ ગમાર બની ઠગાતાં હતાં, અને તે લોકનાં મસ્તકપર ઘણી માઠી અસર થતી હતી, અને કેટલાંકો તો થાણે અને યરોદામાં અત્યાર આગમચ જઇને બેઠા પણ હતાં. ડોસાભાઇને જતાં જતાં છેવટે મારા મામાજી ચેતવણી આપતા ગયા કે, જો એવણ એ હંબગ ધતીંગ છોડી નહી દેશે તો એવણનું નામ થામ અને ફોટો બી "કાતરચુંગેપ" માં છપાવી, એવણની લેવડી લેવડી કરવામાં આવશે. અને એવી રીતે ચોરીયાસીના ચકકરમાં ચકરાયલાં, માકા માઇ ડીયરે આય ત્રીજુ હફતેખાન પસાર કીધું!

સ્ટેશન ચોથું.

—:o:—

"વહાણુની સફર ને અકકલની કસર?"

ઉફ! જુહાકી જરમન છે પાજી તું જ નામ
ખોખરાં કરવા તુને, આવું છ તારે ગામ
મકદુર શું કે હીટલર કંઇ ચેંચી કરે
અરે ગોઅરીંગ તો મુંજ સામે પાણી ભરે!!!

સેવકે ઉશકેરાતમાં શોધી કાઢેલો નવો ધંધો. છેક જરમની જઇ વેપાર કરતાં એકાએક સેવકની હેર હીટલર સાથે થયલી મુલાકાત!

"ગીયા તવડી ને આયા રવડી."

સ્પીરીચ્યુઆલીઝમની મોહકાણે માસાનું ખુન કરવા જતાં, મારા ભેજાં ઉપર એક જાતની કોહેલી અસર થયલી હોવાથી, મારા મામીજી તથા મામાજી ફીકર કરવા લાગ્યાં, ને રાત ને દીવસ માથાંપર થંડા પાણીના કોમપ્રેસ મુકવા લાગ્યાં, કે રખેને મારૂં કાતરીયું ખસી જાય ને બકરૂં કાઢતાં ઉંટ પેસી જાય. જેથી ઉતાવલે મને કેઠેબી નોકરીએ ગોઠવવાની તજવીજમાં પડી ગયાં. મગર સારે નસીબે એ થંડાપાણીનાં કટકાની અસર હેઠલ મને એક સારામાં સારો ખયાલ સુજયો કે, મારે આ બેકદર હીન્દુસ્તાન તજી દઇ ચીન, જાપાન, આફ્રીકા કે વેલાત જઇ કંઇ નોકરી નહીં તો કે વેપાર કરવો, અને એ વીચારથી દોરવાઇને અંતે સેવકે જરમની તર્ફ ઉઠાંગરી કરી.

તે મુજબ સેવકે અચબુચ જરમની તરફ કુચ કીધી, જે મુદતમાં મારી કેવા સંજોગો વચ્ચે પેલાં જરમનીના—ગુગલી બોલર, હેર એડોલફ હીટલર સાથે મુલ્લાકાત થઇ, તેનો રસીલો અને રડમસ હેવાલ નીચે મુંજબ છે.

જેવો મેં મારો જર્મની જઇ રહેવાનો તથા વેપાર ધંધો કરવાનો વિચાર મારા મામા, મામી, તથા મારી મીસીસ કુંવર આગલ કહી સંભલાવ્યો કે તુરત મારાં મામાજી બોલી ઉઠીયા, "ઓ, ચકકર છાપના ધાસલેટ, તું ચાલ્યો ચાલ્યો છેક જરમની કયાં જવા નીકલ્યો ! શું તુંને અત્રે કાંઇ કામ ધંધો હાથ લાગતોજ નથી ! ભલે તારે જવું હોય તો જા, પણ મારી એક સલાહ માની સાથે કોઇ આપરા સગાંવાહલાં કે દોસ્તદારને લેતો જા કે, દુખે સુખે કામ લાગે. નહી તો પારકા મુલકમાં તુંને કાપીબી નાખશે તો ત્યાં સરોષ તુંને કેમ પહોંચશે ! અમે અહી જાણશું તો ઉઠમણું ચાહરમબી કરાવશું ને પપેતબી ભણાવશું, પણ ત્યાં કોણ તારી ચાર દહાડાની કીયા કરવાનુ છે !!!."

અને અહી મામાનાં સેમીકોલન સાથે મારી કુમલા ભીંડા જેવી સુખદુઃખની સાથીએ કપાલનો ચીલ્લો ચઢાવી બખાલવાનું શરૂ કીધું !

"અરે આય મુવા એકલપેટા પારસીને કોઇ પુછે ? ચાલ્યો ચાલ્યો જર્મની કાંહ ધસરાઇ તણાઇને જવા નીકલ્યોછ, શું તમુને અત્રે કાંઇ કામધંધો હાથ લાગતોજ નથી ? સેવ પાપડ કાંય નહી વેચતાં!! જોવ માકુજી, હું તમુંને સાફ કહી દેઉંછ કે હું તમોને એખલા જર્મની તો શું પણ બીલીમોરા કે નવસારીબી જવા દેવાની નથી. મને શું છેકજ ચાંપવાલી રબરની ડોલી બોલી સમજ્યાં કે ? અરે અંહીબી દમણની બારીનું ખારૂં પાણી પીધેલું છે જો? મારી તો તમોને જરમની મોકલવાની મુદદલ ખુશી નથી, છતાં દીવાળીનાં છમણાં પેરે તમે ત્યાં તણાઇ જવા માંગતાજ હોવ તો ! હજુણ કોઇ સગાં વાહાલાં કે દોસ્તદારની જોડીને સાથે લેજો કે દુખે સુખે કામ લાગે. અને વલી ત્યાં તમારૂં બનપાંઉ જેવું હાર્ટ બેસી જાય તો વલી ગેહ સારવા ઉભા બી રહી જાય ! વેલ, તમે જરમની જાવ કે જહાંનમ જાવો, પણ મારાં ભરણપોશણનું શું ? અહીં મારૂં પુરૂં કોણ કરશે ? તમારો બાપ બનેવી કે? ચોકું બોલવે ધણું સમજી મરજો, ને અકકલ વેચીને ચના ના ખાતાં, સમજયાં કે ?"

"અરે મારી માય કરૂં કુંવર, તું ના એટલી આકરી વીકરી બન ! હું તારૂં જીંદગી સુધી ગુજરાન કરવા અહી જીવતો જાગતો બેઠેલો છેવુંને ?"

મેં કુમલીને થંડી પાડતાં કહયું, "તું ના ફીકર કર, માયલાં, હું દર મહીને તારા ઉપર ઘરખરચ માટે સારી જેવી રકમ મનીઓર્ડરથી મોકલી આપશ, પછી કંઇ છે મારા જાન! એમ તોપલે ને સુપરે રૂપીયા તો આવશે. બસ પાન ચાવે તેમ, ચાંદીના રૂપીયા ચાબ્યાંજ કરજેની, બીહેછ શાની!!"

જેમ તેમ કુંવરને સમજાવી પટાવીને ઠંડી પાડી. અને મારી સાથે કોણુને લઇ જવું તે માટે ઉંડા વીચારમાં પડયો. આખરે મેં ઠરાવ કીધો કે મારો માસીનો દીકરો ફ્લી જંબુસરયો, જે, આજે વરસો થયાં બેંકમાં માસીક રૂ. ૫૦ ને પગારે નોકરીએ સબડીયા કરતો'તો તેને પુછી જોવું. ફ્લો બંદો તો મુસાફરીનો શોખીન, એટલે વગર ખરચે જરમની જોવાની ઇચ્છા બતાવતાં, તેતો એકે બોલે, ને એકજ પગે, મારી સાથે જરમની જવા કબુલ થયો! (મફતનાં મરી કોણુને નહી ભાવે?) અફ્લાતુન સ્કીમ તેના ખારાં ભેજાંમાં એકદમ ઉતરી ગઇ, અને ફ્રામજીએ તો માન સાથ એ ઓફર સ્વીકારી! બાકી મારી કુંવરને રાજી રાખવાને નોકર જીવણુંનેબી સાથે લઇ જવાનું નકકી કીધું, અને ત્યાં ધંધો કરવા માટે, થોડીક 'કયુરીઓસ' જેવી કે મારી બૈરી કુંવરની થોડીક ઘાટપોતની ઇજાર, ઉડવાડેની પા દજન સપાટો, હાથે ભરેલી કોરો, ગોર કેરી તથા પાણીના અચાર, સુરતનાં બતાસા, લીમજી બીસ્કીટ, મથુરાનાં પેડાં, અને પુનાની પાયેરી વીગેરે, (પણુ એ બધું જરમનીમાં કોણુ ખાઇ મરશે બા?) ચીજોનું એક મોટું સંગ્રસ્થાન (અને બીલારીના બે કાન) એકઠું કીધું, અને સારૂં મુરત જોવરાવીને આવતી અમાસને દીવસે મુંબાઇથી કવીકમાર્ચ કરી જવાને નકકી કીધું! આ પ્રોગામને અમલમાં મુકવા હું સઘલું પેકપુક કરવા મંડી ગયો, અને પાસપોર્ટ માટે જોઇતાં પૈસા થોડાક ઉધાર મીત્રો પાસે ઉછીકા લઇ સેવકે પોતાનો અસબાબ તૈયાર કીધો!

અંતે અમારો ઉપડવાનો સબકતો દીવસ આવી પુગો, કે જે દીવસે અમો દરીયો નહી લાગે તે મતલબથી અકેકાં ખાટાં ચીનાઇ લીંબું મોઢામાં લઇ બધાંને મલી ભેટી સ્ટીમરના ડુટકપર ચઢયાં. કુંવરે તો આંસુઓથી ખર-

ડાયલો રૂમાલ મને સાચવી રાખવા આપ્યો કે સ્ટીમર પર એ રૂમાલપરનાં આંસુઓ જોતાં, કુંવર, મારી બાજુમાજ ઉભેલી છે, એવી યાદ આવે. મુઠ્ઠી-ભર દીવસોમાં તો અમો બરલીનમાં આવી નવા જુનાબી થઇ ગયા, ને ત્યાં એક ઇંડીયન કયુરીઓસની દુકાન ખોલી, ધુમ કમાણી કીધી, અને લોકોમાં ઘણુંજ, જોશી બુધ્ધા-કાકાના મેસુર જેટલાં માનીતાબી થઇ ગયા, અરે સારી જેવી દોલત એકઠી કીધી!

એક દિવસ સહવારના અમો અમદાવાદી બાવળની દાંખલીથી દાંત ઘસી બેઠા હતા, તેટલાં મારા નોકર જીવણાએ આવીને મારા હાથમાં એર-મેલમાં આવેલું મારે નામનું કાગલ મુકયું. કાગલ જોતાંજ પગ પાસે મોટો જેવો બોમ્બ ફાટયો હોય એવા ગભરાતથી હું ચોંકયો, કેમ જે સરનામાં પર કાગડાનું છેર પડયું હોય, તેવા પોહલા અક્ષરો મારી કુંવરનાજ હોવા જોઇએ, એમ મને લાગ્યું, અને તુર્તજ મેં એ કાગલ ખોલી વાંચી જોવાની જરૂર જોઇ, જે નીચે મુજબ હતું:—

" મારા હમેશનાં હેતવંતા, કદરવંતા બકરાની કલેજીના કટકા માકા, જર્મની ધસડાઇ ગયાને ચાર મહીનાબી વીટી ગયા, પણ હજું સુધી તમો નેકનામ, કદરદાન, ચૌદસનાં ચાંદ તરફથી મને એક કાલો હરફબી મલ્યો નહીં જે માટે તમોને શરમ કેમ નથી આવતી? તોબાહ! મુવા આય પારસીનુંબી જીગર છે, જાણે કાચબાનું કોટલું! પરણેતર તરફની આવી લાગણી? થુ પરી તમારા જીવતર ઉપર! દર મહીને મારાં ઉપર ખોબા ભરીને ઘરખરચ માટે પૈસા મોકલવાનાં હતા તે કયાં ઘોટાઇ રહયાંછ! હજુ સુધી મને એક પાઇબી મલી નથી! માટે હવે હું ખાઉં કરડું કોણને? તમુને કે તમારી માય માસીને? મુવા કેઠેના નફ્ટ નકટા પારસી! એવું કરવા ખાતરજ દેખું તો તમો મને અહીં વાપર વખાતી નાખી ગયાછ નહીં! અને પેલો તમારો બફેણાની બરણી જેવો સગો, ફલી જંબુસરગો કેમ છે? દેખુંતો એ મુવા નાપાક દેવનીબી બૈરી, એને નામની પોક મુકેછ! માટે જોવ માકુજી, હું આ લખી તમોને છેલ્લામાં છેલ્લી લેખીત નોટીસ આપુંછ, કે જો આજથી

લગભગ ૨૩ા. કલાકમાં ઘર ખરચ માટે, મારા ઉપર પૈસા પેલા કાંદા ભાતી રૂમાલમાં પેક કરીને નથી મોકલ્યાં તો હું અત્રેની કોર્ટમાં જઇ, તમારી ઉપર ભરણુ-પોશણુની ફરીયાદી માંડી, ઠોકીને તમારી પાસે પૈસા લેવસ, તોજ હું તમારી ખરી હેતવંતી ને કદરવંતી (?) કુંવર, ચાલો હવે થોડે લખવે ઘણું સમજી મરજોઃ—

લી૦ તમારી હમેશની તજાયલી, હીણાયલી
કુંવર

હજુણુ તો કાગલ વાંચી કુંવરને નામની સરસવતી ભણું તેટલાં મારો સગો ફલોબી મને કહેવા લાગ્યો કે એની બૈરી પીલઇ તરફથી એનેબી એક લાંબુલચ, ધાક ધમકીથી ભરેલું 'લવ લેટર' મલ્યું હતું. જે માટે અમો ઉંડા વીચારમાં પડયા, અને દશ મીનીટની બાંબુના થાંભલા જેટલી મજબુત કોનફરનસ ભરી બેઉ જણે ઠરાવ કીધો કે અમારી મેમ સાહેબા ઉપર આસરે લગભગ ત્રીસ ત્રીસ રૂપીયાની ધરખમ રકમ, વેસ્ત પેપર બાસ્કીટમાં પેક કરી અંદર રદ્દી કાગલો ભરી પારસલથી મોકલી આપવી, અને તે માટે અમારા નોકર જીવણાને બધો બંદોબસ્ત કરવાને હુકમ કીધો!

પછી જરા દુકાનના દરવાજા ઉપર બેસી માસી મુઇ ને ફુઇ રંડાયા જેવી એલાર પેલાર ચલાવવા, વીચાર કરતાતા, તેટલાં કોઇ કદાવર આંગ અને મજબુત બાંધાનો આદમી, અમારી દુકાનમાં દાખલ થઇ બધે આમ તેમ નજર કરી બધી પુછપરછ કરવા લાગ્યો કે, અમો કોણુ હતા, અને અત્રે શું કામ આવ્યાં હતા. મેં મારી હમેશની રીત પ્રમાણે ચાલાકી વાપડી જેમ મોઢામાં આવ્યું તેમ ફેંકવા માંડયું કે સેવકનું નામ મેજર માકુજી માઇ ડીયર હતું, અને એક વખતની વાત ઉપર હીંદુસ્તાનની વરલ્ડ ફેમસ જાણીતી લશકરી ટુકડી બીલકુલ 'હીંદુસ્તાની રેજીમેંટ'નો હું એક મોટો અમલદાર હતો, અને છેલ્લી લડાઇ બંધ પડીયા પછી મુબાઇમાં જાતજાતના અચારો તથા શેરડીનો સરકો વેચતો હતો. પણ ધંધો ભાંગી પડવાથી અત્રે જરમની આવી નવી જાતનો વેપાર કરવાનું ચાલુ કીધું. મેં તેનું નામ ભપકામાં જ

પુછતાં તેણે જાહેર કીધું કે તે જરમનીની નાટઝી પાર્ટીનો એક સભ્ય હતો, અને જરમનીની આખી લશકરી ફોજનો તે મોટામાં મોટો ઓફીસર યાને ફીલ્ડ–મારશલ ગોએરીંગ હતો.

ગોએરીંગનું નામ સાંભલતાની સાથેજ, સેનક તો થંડોજ થઇ ગયો, અને કપડાં સરખાં કરી મીલીટરી ફેશનમાં સલામી આપી, એટેનશન ઓરડરમાં હું અને ફલુ ઉભા રહી ગયા. પછી મારા કઝીન ફલીની ઓલખાણ કરાવતાં મેં કહ્યું—

"ફીલ્ડ–મારશલ સાહેબ, અલવ મી ટુ ઇનટ્રોડયુસ યુ ટુ માઇ બીલવેડ સગા યાને માઇ મમ્મીસ બહેનકા છોકરા, કર્નલ ફલી ઉર્ફે ફોરી જંબુસરીયા. હી વોઝ, એક વખતકી બાત ઉપર લેફટટેંન્ડ કમાનદર ઇન ધી પીંધારીસ રીજમીટ એન્ડ હી ઓલસો હેઝ કમ હીયર, ટુ ડુ નોવેલટી એકસલસીયર બીઝનેસ વીથ મી."

"ઓ, ઇઝ ધેટ સો!" ગોએરીંગે મારા બોલવાને હસીને ટેકો આપ્યો, અને અમારી ઝબાનદરાઝી, રીતભાત તથા ગરભછાંટની તેની પર એટલી તો અસર થઇ અને તે એટલો બધો તો અંજાઇ ગયો કે, જતાં જતાં એના નામનો આસરે ત્રણ ઇંચ લાંબો ને મામીના અંગુઠા જેટલો પોહલો કાર્ડ આપી કહેતો ગયો કે, આજે એ ઘણો રોકાઇ ગયલો હોવાથી અત્રે વધુવાર થોભી શકતો નથી. માટે અમોએ આવતી કાલે સાંજનાં એને બંગલે મલવું, કે જ્યાં એ ખુલાશાથી વાતચીત કરી અમારી બરોબર ખબર લેશે!

આ સાંભલતાંની સાથ અમો અજાયબીમાં બીલકુલ ગરકાવ થઇ ગયા, અને ધીરે રહીને મેં મારા સગાને કહયું. "ફલુ દીકરા, મને તો એમાં કાંઇ ભરમ લાગેછ. આપુને બરોબર ઓલખ્યા વગર કાલને કાલ એણે આપણુને પોતાને બંગલે મલવા કાંય બોલાવ્યા હોશે? જ્યાં છે ત્યાં, મને તો બાપુ, એમાં કાંઇ ભેદભરમ લાગેછ? એક તો આપણે બ્રીટીશ સબજેકટ મુવાછ, ને કાંય નહીં એ આપુને ત્યાં બોલાવી, આપરી ગરદન ડોકપરથી વોઝ નોટ કરી ઉડારી મુકે? આજકાલ તો કોઇ સગા બાપનોબી ભરોશો રખાતો નથી."

"ખરૂં છે, માકા છેટ, તમારૂં કહેવું બીલકુલ વાજબી છે." જીવણાએ મારા બોલવાને ટેકો આપ્યો.

"જા, જા, માકા તું તો હમેશનોજ બાયલો રહી ગયો, તહારે જોઇએ તો મારી સાથે આવ, ને નહીંતો ચુકયું. પણ હું તો કંઇબી કરીને એ ગોરા ગોએરીંગને મલવા જવાનો. કાંય નહી એને મલવાથી આપરૂં કપાલ ચલકતું થવાનું હોય?" ફલીએ સવાલ કીધો.

અંતે પા દજન રીકઝીક, અરધો દજન હોનાતોજી ને દજન ગાલગલોચ વચ્ચે અમોએ એ ગોએરીંગના બંગલે મલવા જવાનું નકકી કીધું, અને બીજે દીવસે સાંજનાં ત્રીમત્રાક તથા એસ્કીટાઇટ થઇ તૈયાર ઉભા. સેવકે, કાલો લાંબો ટેલકોટ, કાલી સલીવાલુ પાટલુન, પગમાં ખંધારી બુટ, છાતીએ, મારી અસલી રેજીમેંટમાં મળેલા પતરાનાં ચાંદો, કમ્મર આજુબાજુ તલવાર લટકાવી તથા માથે ચીમની ટોપ હેટ મુકી, તેમજ ફલીએ પોતાનો ખાકી લશકરી યુનીફોર્મ, તથા જીવણાએ ધોતીયું, લાંબુ ખાકી ખમીશ, ટુંકો કોટ તથા પગમાં ચંપલ અને માથે સફેદ ગાંધી કેપ પહેડી, કવીક માર્ચ કરતા અમો ત્રણે મહાન આદમીઓ હું, બાવાને મંગલદાસ ઘરની બહાર નીકળ્યાં. લોકો જાણે અમો કોણ જાનવરો હોઇએ, તેમ અમારી પુઠે પુઠે ચાલી અમારી મશ્કેરી કરવા લાગ્યા, તેમ તેમ અમારૂં ઘણું કોહી જવા લાગ્યું. પણ ગલે ગાંઠ ને મોઢે ડુચો મારી આગલ કુચ કરવા લાગયા. આખરે અમારી સવારી ફીલ્ડ મારશલ ગોએરીંગના મકાન આગલ આવી પુગતાંને વાર ત્યાં પોહરો ભરતાં સીપાઇઓએ, નાટઝા ફેશનમાં જેમ આપણાં મુંબાઇના ભોંસ્યાંઓ ત્રેફીક કનત્રોલ કરતાં હાથ ઉંચકી ગાડી મોટર થોભાવે છે તેમ સલામી આપી, જે જોતાં ફલી બોલ્યો, "થુઇ! માકા થુઇ! એમ આંધરાંની કાની આગલ શાનો ચાલ્યા કરેછ? પેલા કમબખ્તે થોભવાને સારૂં હાથ બતલાવ્યો, તે પણ જોતો નથી કે? જાણે રસ્તો તારા બાપનો હોશે, નહીં વારૂં! હવે જરાપણ આગલ વધવાની આશ્નાઇ ના કરતો, નહીંતો આપરો ઓટલો ઉથીયાણું અંહીયાંજ થઇ જશે!"

પેલા સીપાઇએ ભપકામાં અમો આગલ આવી પોતાની ભાશામાં કંઇ પુછયું, પણ અમોને કંઇ સમજ નહી પડવાથી સેવકે મુંગા બહેરાંની ઇશારતમાં તુરતજ ગજવામાંથી ગોએરીંગનો તેમજ અમારા નામના કાર્ડો કાઢી તેના હાથમાં મેં આપ્યા, જે લઇને તે અંદર વટાણા વાવી ગયો! અને પાછો થોડાજ વખતમાં બહાર આવી અમોને તેની પાછલ પાછલ જવાની ઇશારત કીધી, અને અમોએ પણ તે પ્રમાણે પાવરાપોઇસ કીધું.

તે બાદશાહી મકાનમાં દાખલ થતાંની સાથેજ જીવણાએ ફાટેલા ડોલે બલાપો કરવાનું શરૂ કીધું.

"અરે રામ! આ બંગલામાં રહેનારો માનછ ઓછે કે સરકારી ફાનછ!! માકા છેટ, તમે આવો મહેલ કીવારે બંધાવછો, અહુવે?"

અંતે ચાલતાં ચાલતાં અમો એક મોટા શણગારેલાં દીવાનખાનામાં આવી પુગ્યા, કે જ્યાં ફીલ્ડ–મારશલ ગોએરીંગ કોઇ એક એનાજ જેવા પીલતન માણસ સાથે વાતે બેઠો હતો. અમોને જોતાંજ તે આવકાર આપવા આગલ આવ્યો, જે બાદ અમોને પેલા બીજા આસામી સાથ ઓલખાણ કરાવી.

"મેજર માકુજી માઇ ડીયર, લેટ મી ઇનટ્રોડયુસ યુ ટુ અવર ફોરેન મીનીસ્તર, હેરવોન રીબનટ્રોપ. હી ઇઝ ધી હાર્ટ એન્ડ સોલ ઓફ જરમની એન્ડ સેકન્ડ ટુ અવર ગ્રેટ લીડર, ધી ફયુરર એડોલફ હીટલર, ધી અનક્રાઉન્ડ કીંગ ઓફ જરમની!" (હોશે બા લાંબું કયાં સુધી સમજું. તે જે કહે તેમ હામાં હા, પાનછેર્યું હલાવ્યું.)

અહીંયા ફ્લુના પોટીયાં લેવાયાં અને ટાંટીયા રમતાં જણાયાં! "માકા, મને તો બાપુ આય બેઉ જણને જોતાંજ પેટમાં ધરકો પરેછ, રખેને આપુને અહીં બોલાવી આપરો નારતો કરી નાખે." ફ્લીએ બાજમાં કહયું.

"કાંય, કાંય! ફ્લી, એટલામાં તો તારાં લપ્પાંગી લેવાઇ ગયાં? રોજ સાંજના કફપરેડ ઉપર બેસી આપરા દોસ્તો, ખરશેદ લાંબો, કેકુ જામ્બો,

અને જહાંગીર (ચમપીન) આગલ લાહેરી મારતો'તો કે, "ઓહ! ધીસ ડર્ટી નાટઝીસ આર કાવરડઝ, તે હવે એ લોકને જોઇને ગભરાત અકરાતમાં શાંને પડયો? આય તારૂં કુ પરશીયન બ્લડ કે? મુવો તું કર્નલ ફ્રારીનો થતો!" સેવકે જરા ફલીને હાથ ઘાલીને લીધો.

ફલીને જરા જરા વારે ગલુ ખંખારવાની તથા હાખ થું! હાખ થું! કરીને થુકવાની ખરાબ આદત હોવાથી, ગોઅેરીંગે ચોંકીને ભવાં ચઢાવી મને પુછયું.

"મેજર માકુજી!" ગોઅેરીંગે વાઘની કાની બરાડ મારી.

"જી, જી, જી, જીઇઇ સાહેબ." મેં ધ્રુજતાં જવાબ આપ્યો.

"વોટ ઇઝ ધી મીનીંગ ઓફ ધીસ હાખ થું! હાખ થું! હુ હેઝ ટોટ ધીસ ડર્ટી હેબીટ, ટુ યોર ફની ફેસેડ કઝીન, કર્નલ ફ્રારી? આઇ વોન્ટ ટાલેરેટ ધીસ નોન-સન્સ એનીમોર, ડુ યુ અનડરસ્તેંડ? ઓર નોટ!!!"

"ઓટ અચ્છા સાબ! ફરગીવ મી સર! બટ માઇ કઝીન હેઝ ગોટ, કેરીકા ગોટલા જીતના બીગ બીગ ટોનસીલસ, એન્ડ ધેરફોર હી ઇઝ ડુઇંગ લાઇક ધેટ સર! આઇ સ્પીટ, યાઉ સ્પીટેસ્ટ, વી ઓલ સ્પીટ, ઇટઇઝ ક્વાઇટ નેચેરલ. ખરૂં કે નહી ફલેજાં?"

પછી ધીમે રહીને રીબેનટ્રોપે, મારા કઝીન ફલીને સવાલ કીધો. "યંગ મેન વોટ આર યુ?"

"બીચારાને થોડું ઘણું અંગ્રેજી આવડતું હતું, તેથી ઉતાવળમાં જવાબ આપ્યો, "આઇ એમ એ મેન, જસ્ટ લાઇક યુ સર," અને પછી ધીરે રહીને મને ડાબા હાથની કોણી મારી કે, "માકા, હવે એને તુંજ જવાબ આપ," તેથી મેં વચમાં તાપસી પુરીને, વધુ હાડમાર હુંજ થયો, "લુક હીયર, સાબ, માઇ સગા-ફ્રારી, જરા રતી બેહેરા હય. હી ઇઝ લીટલી લીટલી બેહેરા એન્ડ ધેરફોર, આઇ કેન સે યુ ઓન હીઝ બીહાફ (B ½) કે વી આર આરયનસ જસ્ટ લાઇક બેહસ્તી રૂસ્તમ એન્ડ સોહરાબ, ઇન

અધર વર્ડસ, ટરૂ જરથોસ્તીસ. આઇ એમ, એ સગા ઓફ ધી લેટ સર સોરાબજી સીકંદર, ધી રોરીંગ લાયન ઓફ ઇંડીયા, એન્ડ માઇ કઝીન ફોરી ઇઝ ઓલસો ફેમીલીએટેડ ટુ ધી ફોર્થ કઝીન ટુ સર ગુસતાદજી ગુંડરીયા, ઉંદર પકડીયા, ઓફ બોમ્બે, ધી સેકંડ સીટી ઇન ધી બુલંદ બ્રીટીશ એમ્પાયર, એન્ડ આઇ ઇઝ વેરી પ્રાઉડ ટુ સે કે, અલધો, વી આર નો ડાઉટ, ધી કલેવરેસ્ટ એન્ડ ધી મોસ્ત જેનરેસ્ત નેશન, વી આર ધી સ્મોલેસ્ટ કમ્યુનીટી, ઇન ધીસ હોલ એકદર દુન્યા, બો વી આર પ્રાઉડ નેશન ઓન ધીસ બીગ બ્રીટીશ મેડીટેરીઅન ઓશન !"

કોણુ જાણે હુ શું બી બકી ગયો. મારૂં બોલેલું હુંજ નહીં સમજયો તો પેલો વીકરાળ રીબેનટ્રોપ તો શું સમજી મરવાનો હતો!

"રાઇટ યુ આર, મેજર માઇ ડીયર ઓફ બેલાર્ડ પીયર, વી ધી જરમનશ હેવ ગ્રેટ રીગાર્ડ એન્ડ રીસપેકટ ફોર ધી પારસીઝ, એન્ડ હાઉ વી વીશ યુ પારસીઝ, વીલ કમ એન્ડ સેટલ ફોર ગુડ ઇન જરમની. યુ આર ઓલવેઝ વેલકમ!" પેલો રીબેનટ્રોપ અમને ઇદનો બકરો સમજી બોલ્યો.

"હારે હા! તારા બાપનું કપાલ! માર તોપ અલ્લાહ સચ્ચા હય! એ તો આપુને દમણુનો ખારવો કે અલીબાગથીજ આવેલો સમજે." પેલા અમારા ઇસ્ટ મીત્ર ફલીબાએ ડોહવ્યું.

"વેલ, માકુજી, વોટ વોઝ યોર કઝીન ફોરી ટોકીંગ અબાઉટ નાઉ!" ગોએરીંગે ગર્જના કીધી.

"અરે! નોરે, સર! ઓ તો અઇસા કહેતાતા' કે, ઓ તો ઉસકી ઓરત ઓર બચ્ચે કચ્ચે લોકકુ કીયાટ લીખ કર, એકદમ જરમની બોલાનેકું બોટ બોટ આતુર થા," મેં નાલ્યું હાંકયું. પછી જીત્રણાં તરફ નજર પડતાં રેબેનટ્રોપે ચુંચી આંખ કરીને પાછું મનેજ પુછયું.

"મેજર માકુજી, બીન બચ્ચા સાકુજી, હું ઇઝ ધેટ ફની લીટલ ફેલો, સ્તેનડીંગ બાઇ યોર સાઇડ."

"અરે કયા જો મારા સાહેબ, ડોન્ચ્યુ નોટ પીછાન્યા માઇ લાસીયા! ધી ઇઝ માઇ પરસનલ એસીસટંટ, હેર જીવણું, કોણુચા નાહી મેત્રણું, તેઓ બોત બોત અચ્છાવાલા, ગરમા ગરમ, મસાલેદાર પકાવવાવાલા 'શેફ' હય. એન્ડ ઇઝ ઓલસો વેરી અકસપર્ટ ઇન કુકીંગ ધાનશાખ એન્ડ ખીચરી પાટીયા!"

"વેલ! વોટ ડુ યુ મીન બાઇ ડેનસેક એન્ડ ખેંચી પોત્યા?" વાંપો ઉઠાવતાં ગોઅેરીંગે પાછી પોતાને નહીં સમજવાથી ગર્જના કીધી!

લગભગ બે ચાર મીનીટ અંદર અંદર કાંઇ ગુસગુસ કર્યા બાદ ધીરે રહીને ગોઅેરીંગે અમોને કહયું. "લુક હીયર, માઇ યંગ ફ્રેન્ડસ હેર વોન રીબેનટ્રોપ, એન્ડ માઇ સેલફ આર વેરીમચ ઇંપ્રેસ્ડ બાઇ યોર ઇનટેલીજન્સ કરેજ, etc.-etc. એન્ડ વી વીશ ટુ ઇનટરડયુસ, અવર વન એન્ડ ઓનલી ડીકટેટર (કનડકટર?) ઓફ જરમની, ધી ફયુરર, હેર એડોલફ હીટલર, એટ હીઝ ઓન ચાનસેલરી, ધેર આફતર ટુમોરો ઇવનીંગ એન્ડ હી વીલ બી ટુ ગ્લેડ ટુ રીસીવ યુ ધેર! બેટર યુ કમ ટુ માઇ પ્લેસ, એન્ડ વી શેલ ઑલ ગો ટુ ગેધર!

સરટનલી, વાહે નૉટ! મેં એના બોલવાને ટેકો આપ્યો, પછી અમો લોકો મલી ભેટી ત્યાંથી છુટા પડવા જતા'તાં, તેટલા એ લોકોએ અમોને ચાહ પાણી લઇને જવાના કાળાવાળા કરવાથી અમો ત્યાંજ થોડો વખત થોભી ગયા, અને પછી થોડા વારમાં ઘરનો રસ્તો લીધો.

જતાં જતાં રસ્તામાં મેં લઇને ફ્લીને કહયું, "ફ્લી દીકરા, કાલે હીટલરે આપુને બંગલે મળવા બોલાવ્યાછ, ને કાંય નહી એ આપરી પાસે હીંદુસ્તાન માટે સઘળું જાણવા માંગતો હોય? ખરૂં કહુંછ, ફ્લુ, મને તો એમાં કાંઇ ભરમ લાગેછ,"

"જા, જા, માકા, તું તો હંમેશનો વહેમીજ રહી ગયો. તું કાલે તો ગુપચુપ એના બંગલે ચાલ, પછી બધું થઇ રહેશે." ફ્લીએ સલાહે આપી.

બીજે દીવસે સહવારના જોઇએ તો ત્યાંના છાપાવાળાઓએ અમારા ફોટાઓ તથા ગોએરીંગ અને રીબેનટ્રોપ સાથ થયલી અમારી મુલાકાતોનો ટુંક હેવાલ છાપી, અમારી જાબજા તારીફ ગાઇ હતી! અને વલતે દીવસે હેર હીટલર સાથે અમારી મુલાકાત થનાર હતી, તે માટે પણ એક ફકરો છાપ્યો હતો, જે વાંચતાં, અમારી છાતી ગજગજ ખીલી નીકલી, અને તેનો નીચલો તરજુમો, ગુજરાતીમાં કરી, મુંબઇનાં છાપાઓમાં પ્રગટ કરાવવા, મેં મારી બૈરી કુંવર ઉપર, ટપાલમાં રવાના કીધો!

એક મગરૂરીભર્યો ઇતીહાસીક બનાવ!

મુંબઇના કોઇ બે ખાનદાની જવાન જાતના જરથોસ્તીઓને બર્લીનમાં નાટઝી પાર્ટીના બે મોટા આગેવાન, જગમશહુર લીડરો સાથની મુલાકાતનું અબોલું માન—આવતી કાલે તે લોકની હેર હીટલર સાથ થનારી ઇતીહાસીક મુલાકાત!

—જણાવવાને ઘણી ખુશાલી તથા મગરૂરી ઉપજે છે, કે મુંબઇના કોઇ બે, ચાંચડ જેટલા ચંચળ અને ખજુરની ધારી જેટલા ખુબસુરત તથા ચાલાક દેખાતા જુવાન્યા, મેજર માકુજી માઇડીયર એન્ડ કર્નલ ફલી યાને ફોરી જંખુસરીયા ઉર્ફે (હાખ થુ!) ની અત્રે બર્લીનમાં ગઇ કાલે સાંજના, હેર વોન રીબેનટ્રોપ તથા ફીલ્ડ-મારશલ ગોએરીંગ સાથે, ખુદબખુદ ઇતીહાસીક મુલાકાત થઇ હતી, જે બાદ તે લોકની બાદશાહી પરોણાગત કરવામાં આવી હતી, જે માટે, તે લોક ઇચે ઇંચ અને ફુટે ફુટ લાયક હતા. આવતી કાલે એ બેઉ જવાન્યાઓની હેર હીટલર સાથે મુલાકાત થનાર છે. હેર હીટલર એ બન્નેને ચમ્પીન પાઇને ચમ્પી કરનારો બનાવ, તે લોક માટે બહુજ મગરૂરી લેવા લાયકનો છે! આ મુલાકાત મેળવનાર તે લોક, પહેલા તથા છેલ્લાજ હીંદી તથા પારસીઓ છે, જે ખચ્ચીતજ, હીંદુસ્તાનના ઇતીહાસમાં પીચએક ગોલ્ડના પાણીએ, હંમેશ માટે નોંધાઇ રહેશે! મુલાકાતોનો હેવાલ હવે પછીથી, છાપાઓમાં વીગતવારે પ્રગટ કરવામાં આવશે, જે આવતાં

મુંબઇમાં કાગળોનો દુકાળ થઇ પડશે, અને તેથીજ પતરાવળ ઉપર, આખું એડીશન બહાર પાડવાનું છાપાવાલાઓએ વિચાર કીધો છે!

"કેમ માકા, શું ધાર્યું? આ હેવાલ વાંચ્યા પછી આપરા દોસ્તો તથા હેતના કટકાઓ, આપણે માટે શું ધારશે? અને આપણી હેતવંતી અને કદરવંતી, કલેજાંની કટકી, કુંવર તથા પીલઇ તો બધી મનમાં મલકઇ મચકઇ જશે, અને કહેશે કે, "કેવા અમારા ચંચલ, ચાલાક અને બાહોશ ધણીઓ છે! અને આપણાં નામ ઉપરથી બધી ઓવરાઇ પોવરાઇ જશે, અને વલી મારી બૈરી તો હંમેશ મુજબ ઘેરઘેર, ધાન દાર, પાત્યો રાંધી ભરભાડુતોમાં થાલે થાલે વહેંચતી ફરશે! રખેને બસ્તેગઇ એની ચાલુ આદત મુજબ, પૈસા ચુકવવા બીલ અત્રે તાર કરીને મારી ઉપર મોકલી આપે!" ફલી મનમાં બબડવા લાગ્યો.

"બધી વાત તો બાજુ રહી, પણ ફલી, પેલા કમબખ્ત હીટલર સાથ કાલે આપણી મુલાકાત થનાર છે, તેને માટે તો કાંઇ વાત કર. ધાર કે એ આપુને અત્રે જરમનીમાંજ રહી, એ લોકની નાટઝી પાર્ટીમાં જોડાઇ જવા દબાણ કરે, નહીતો કે કોઇ ખરાબ જાતની ભપકી આપે તો આપણે શું કરશું? અધુરામાં પુરૂં, એ વલી ડીકટેટર મુવોછ, તેનું કાંઇ તુંને ભાણ કે સુદ્ધી છે કે? એ કહે કે ઉઠ, તો ઉઠવું પડશે, અને બેસ કહે તો બેસવુંજ પડશે. નહીતો કે આ દુન્યામાંથી આપણી બેઉની હસ્તીજ સદા માટે નાબુદ! પેલાં કહે તેમ, બસ ખેલ ખતમ, સમજ્યો કે, બાવો મારો?" મેં જરા ફલીને કહી સમજાવ્યું.

"જા રે જા, છોકરી! ચીટલ પહેડીને બેસ! મારી પાસે એક એવી જાતનું કીમ્યું છે, કે તેથી હીટલર તો શું પણ હીટલરના સાવકા બાપનેબી ઠંડો કરી નાખું!" ફલી ખીલ્યો.

"એમ! એમ! એટલું બધું છે! બચ્ચાજી એ કાંઇ કદ પરેડ ઉપર બેસી, ફોઇ ફોઇ કરીને ફેકાંફેકી તથા હાખ થુ! કરવાનું નથી. અહીં તો

આપુને એક એવા ભેજાં ફેરાવન ઘણુચક્કર માણુસ આગલ હાજર થવાનું છે, કે જે હાલને કાજ, આખી દુન્યાને ધ્રુજાવી ધપકાવી રહગો છે, તેનું તુને કાંઇ ભાણુબાણુ છે કે?" મેં એને સવાલ કીધો.

આખરે અમો હીટલરને બંગલે મલવા જવા સારૂં ઘરની બહાર પડયા, અને રસ્તામાં જતાં જતાં મેં ફ્લીને ઘણો સમજાવ્યો કે, "જો ફ્લી, મારૂં માનતો હોય તો હજુબી કંઇ બહાના કાઢી હીટલરને મલવા જવાનું અખાડા કર, કારણુ કે, મેં આજે એક ખરાબ જાતનો સ્વપનો જોગોછ, કે આપણે કદીબી હીટલરને બંગલેથી પાછા જીવતાં જાગતાં ફરશું નહી. ભલે જોઇએ તો તું મને હસી કાઢજે."

પણ ફ્લીબંદો તો અફ્રાશીયાબની છાતી ભાડે લઇ ચાલતો હોય તેમ લાંબી લાંબી ફ્રલાંગે ચાલવાજ લાગ્યો, એટલે મને પણુ સાથ આપવા શીવાય છુટકોજ નહીં હતો!

ચાલતાં ચાલતાં હમો ગોએરીંગના બંગલે આવી લાગ્યા, કે જ્યાં અમારી વાટ જાતો એ તુમાખી અમલદાર તૈયાર ઉભો હતો. તુરતજ અમોને જોતાં આવકાર આપી મોટરમાં બેસાડયાં, જ્યાંથી અમો સઘલાં હીટલરને બંગલે પુર ભપકામાં હંકારી ગયા!

જેવાં અમો એની ચાનસેલરી આગલ આવી પોહોંચ્યાં કે તુરત બોડી-ગાર્ડોએ બ્યુગલો વગાડી, અમારી હાજરી જાહેર કીધી! આ ચાનસેલરી એક ઉંચી ટેકરી ઉપર આવેલી હતી, અને તેની આજુબાજુનો દેખાવ ઘણોજ રલીયામણો લાગતો હતો. ગાર્ડોએ નાટઝી ફેશનમાં અમોને સલામી આપી, જેનો રીતસરનો જવાબ ગોએરીંગે આપ્યો, જે પછી અમોને એક કુશાદે મોટા ઓરડામાં બેસાડવામાં આવ્યાં, કે જેની આજુબાજુ હેર હીટલરની પેલી જાણીતી ટુકડીના ગાર્ડો પોહોરો ભરતાં હતા. એકાદ બે મીનીટમાં હેર હીટલર પોતાના બે ખાસ અરીમ ધરીમ જેવા હજુરીયાઓ સાથે અમો સામે આવી ઉભો, અને નાટઝી રીત પ્રમાણેની સલામીની આપ લે થયા બાદ ગોએરીંગે અમારી ઓલખાણુ હેર હીટલર સાથ કરાવી. હીટલરને અંગ્રેજી

ભાશાના વાખા હોવાથી એની પોતાની જરમન ભાશામાં વાતચીત કર
લાગ્યો, જેનો અંગ્રેજીમાં તરજુમો કરી રીબેનટ્રોપ અમોને સમજાવતો.

હીટલર એક કદાવર આંગનો ઝનુની દેખાવ તથા મોટાં ભવાં સાથે
વીકરાળ આસામી જણાતો હતો, અને એકાએક કંઇ પગ થોકતાંની સા
આજુબાજુની દીવાલો પોતાની મેલે તુટી જતી હોય તેમ તુટવા સાથ અં
રથી થોડાક સીપાઇઓ અમો તરફ બંદુક ટાંકતા ઉભા, જે દેખાવ જોતાં
સાથ અમો તો સાવ આઇસક્રીમજ થઇ ગયાં! અને ગુપચુપ hands u
કરી દેતાં, સેવકથી બોલાઇ જવાયું. "ઓ દાદાર હોરમઝદ, તું મારી મદ
આવ! અરે અમારાખી કયાં ભોગ લાગા કે અહી આવી પડયા! તું મરે
ફુલા! મેં તુને પહેલેથી કહયું કે અત્રે આવવામાં જાનની સલામતી નથ
પણ તેં ઉલ્લુએ મારૂં બીલકુલ માન્યું નહી, હવે ફેર તારૂં માથું
કર રાતું!"

પણ, જરા એમ તેમ નજર કરીએ તેટલાં તો પેલા સીપાઇઓ પા
કેઠે ભુતમામાંની કાંની ગેપ થઇ ગીયા, અને હીટલરે નજદીકનાં સોફાએ
ઉપર બેસી જવાને અમોને ઇશારત કીધી. (કારણ હજુ સુધી અમો બને
જણાં હીટલર સામે માંઆંય કંઇ ખાઆવાનું આપોઓરે માઆઆંય, તે
એક માંગનાર પેઠે કાલાવાલાં કરતાં ઉભાજ હતા.) અને ત્યારપછી તુરત સ
માટે વીસ્કી, સોડા, બ્રાંડી તથા બીર મંગાવ્યો, જેને અમોએ સારો જેવ
ઇનસાફ આપ્યો.

જીવણુંએ તો જાણે એના બાપનોજ માલ હોય તેમ કરારને જીવ
ગજવામાંથી એક નાની બાટલી કાઢીને સુખેઃદુખે ચાલશે કરીને થોડોક વીસ્ક
ભરી લીધો. જે હીટલર ગોએરીંગે ડોલાં ફાડીને જોયા કીધું. તેટલાં ફલીચે
એની રીત પ્રમાણે સુફયાના ઇંગ્લીશમાં બકવાનું શરૂ કીધું:—

"લુક હીયર, મીસ્તર હીટલર. વી હેવ બોટ ફેર યુ પીપલ, એ બીગ
રોપલા ઓફ ઈંડીયન આપુસ, એઝ સ્વીટ એઝ સુગર, એન્ડ જ્યુસી જ્યુસ

લાઇક ઓરેંજીસ. વન્સ યુ ઇટ, યુ વીલ લાઇક મચ મચ ટુ ઇટ, અરે, ટેકરે ટેક, ડોન્ટ બી અશેમ ઓફ યોર સેલ્ફ, બાવો મારો!"

એમ કહી એણે તો હીમતથી ફેરી કાપી, તેની ચીરો હીટલરને જબરીથી હાથમાં આપી. અને પોતે તો ખુશ ખુશાલ સોફાની ઉપર પલાંઠો મારી ગોટલું ચુસ્વા મંડી ગયો! અને સાથે સાથે જીવણોબી ભોંયપર પલાંઠો મારી કેરી ગોરવા લાગો, તેમ તેમ મારૂં તો પાકીને પલેથર થઈ ગયું, પણ સારૂં થયું કે એ હીટલરનો થતો સારા મુડમાં હોશે કે શું, તે મોટે મોટે ખરખર હસ્વા માંડયું. ત્યારેજ મને જરા રતી ધીરજ આવી!

પછી વાતમાંને વાતમાં હીટલરે અમોને સીગારેટસ ઓફર કીધી. જે મોટી મહેરબાની સાથે નહી સ્વીકારતાં મેં હીટલરને કહયું:—

"મીસ્તર ફ્યુરર, વી આર ત્રુ આર્યન્સ, એન્ડ વી નેવર સ્મોક, સો તુમચી લઇ મહેરબાની ઝાલી."

"ઓહ! વી લવ Aryans એ લોટ." હીટલરની વતી રીબેનત્રોપે જવાબ આપ્યો.

"માકા, એ આપરા દોસ્ત લવજી આરીયા માટે શું કહેતો'તો?" ફ્લીએ વલી પાછું બાફ્યું.

"અધેરા રે, પાધરૂં તુંને અંગ્રેજી થાકતું નહીં હોય તો ગુપચુપ આબરૂ ઇજ્જતમાં મુગો ગગરી કાંય નહી મરતો?" મેં એને જરા ખખરાવ્યો.

એવી એવી અરસપરસની વાત ચાલતી હતી, તેટલાં હીટલરે હીંદુસ્તાન માટે બધી પુછપરછ કરવા માંડી, કે ગાંધીજી કેમ છે? ફલાનો કેમ છે? હીંદુસ્તાનનાં હવાપાણી કેવાં છે? વીગેરે, અને પછી કાંઇ અસારત કરતાં, એના એક હજુરીયાએ બાજુની ટેબલનાં એક ખાણાંમાંથી કાંઇ મોટો જેવો એક નકશો કાઢી એના હાથમાં મુકયો, જે અમોને બતલાવતાં હીટલરે કંઇ સમજાવ્યું કે, એ થોડોક વખતમાં આખુ યુરોપ તથા



ચુસ બેટા હીટલરીયા ચુસ—આ કરંડીઆમાંની કેરી આફ્રુસનાં ગોટલાં ચુસ,
કે જેથી તારી તરફેનમાં જલદી થઇ જાય માસ્તર પેંટા, ને જાપાન રૂસ.

Bharat
TILES &
MARBLES Co.
20 APOLLO ST. BOMBAY. 1.

હીંદુસ્તાન જીતી જવાના સ્વપ્નાં જોતો હતો, અને જેવું એના મોઢાંમાંથી હીંદુસ્તાનનું નામ નીકળ્યું કે, તુરત જીવણાએ જમીનપર ફસડાઇ પડી કપાલ કુટી રડારોડ કરી મુકી. "અરે પ્રભુ! આ છું આફત! જો આ જરમન ફુલીયું આમ હીંદુસ્તાન ઉપર ચઢાઇ લઇ જાછે, તો મારી મંગલી અને નાના જીવણાંનું છું થાછે? એ લોકો તો બાપલાં વગરનાં થઇ જવાના અહુવે? અને મારૂંએ ડોપચું રંગઇ જવાતું રે બાપ! અરે રામ! શ્રીરામ! મારી મદદે આવ!"

આવી રીતે જીવણાને રડારોલ કરતો જોઇ ગોએરીંગે મનેજ સવાલ કીધો. "મેજર, માઇડીયર, વોટ ઇઝ રોંગ વીથ ધેટ ફેલો? વાય ડઝ હી મેક સચ નોઇઝ એન્ડ......

"અરે વોટ ટુ સેયુ સર! નથીંગ રોંગ વીથ હીમ સર! હી ઇઝ ઇન ધી હેબીટ ઓફ ગેટીંગ ફીફરાં, એવરી નાઉ એન્ડ ધેન. હરી અપ! મેરેકું આપકા જુટી દેવ, આઇ વીલ મેક સમ જાદુ!" એમ કહી મેં એના પગમાંથી એના ખંધારી બુટ ખેંચી કાઢી જીવણાને સુંગાડયું, અને એક છીંક ખાઇ દમ ખેંચી જીવણો પાછો ઉભો થયો!

હીટલર તો આ ચમતકારથી બધો ખુશ ખુશ થઇ ગયો, અને મને શાબાશી આપતાં બોલ્યો.

"વેરી કલેવર ફેલો, હેં! મેજર માકુજી, હાઉ આઇ વીશ યુ વર બોર્ન ઇન જરમની!"

તેટલાં બાજુમાં જોવુંછ, તો ફુલી જમીન ઉપર પલાંઠો મારી બેસીને છાતી કુતટો, બરાપો કરતો હતો. "હાય થુ! અરે ઓ મારી પીલી, મારાંબી શું નશીબ, કે તું મને મલ્યા વગર એમ મરી જશે? આય કમબખ્ત ફયુરર તો બસ ખુંન ઉપર ચઢયોછ, અરે હાય થું! મારી માય કરૂં, એવું હું જાણુતે તો તુંને મારી સાથેજ અહી જરમની લઇ આવતે! હવે તો હું જીવતાં જીવત રંડાવસ રે, મારી પીલઇ રે, હાય થું! થું! થું!!!"

જીરસ તારા વગર ઓ મારી વહાલી પીલઇ,
યાદ કરશે તારા મરણ બાદ, તારી કવરી ભલાઇ;
હવે કોણ મને નાસ્તાપર ખવાડશે મલાઇ,
તું તો બહેશ્તમાં, પરણીને ભુલશે સગાઇ!!!

આ સાંભલતાંની સાથે પેલો દેવનામ દેવ, હીટલરે મને સવાલ કીધો. "મેજર માકુજી! વોટ ઇઝ ધોર કઝીન ફ્રેરી સેઇંગ? વોટ ઇઝ ધેટ સોગોઇ એન્ડ મોલોઇ?"

"નથીંગ, માઇ ડીયર એડોલ્ફ ડોન્ટ વરી! હી ઇઝ સમતાઇમઝ હીસતેરીક. વો જલદી થીક હો જાયગા. ગીવ હીમ સમ વીસ્કી સોડા." એમ બોલી હાથમાં થોડોક વીસ્કી સોડા લઇ જાણે એને પીવડાવતો હોઉં તેમ ફ્રૂલી પાસે જઇને કાનમાં કહ્યું, "કમબખ્ત ફ્રૂલી તુંબી શું નાદાનીયતપણ કરેછ! કાલનો દુકાલ આજે પાડવા માગેછ કે શું? એમ બાયલાની કાની ધ્રુજતો હોય તેમ દેખાવ શાનો કરી મરેછ! અરે તારો બામન મરે તારો! ચાલ વેકી જા જોવું! ઉઠીને દાદાર હોરમઝદનું તથા શરોષ ઇઝદનું નામ લઇ આ થોડો વીસ્કી ગટાવી જા, કે તુંને હુશીયારી આવે. હાખ થું! બક અપ ફ્રેરી!"

થોડોક બબ્બો લેતાની સાથે ફ્રેરી આમતેમ આંટા મારવા લાગ્યો, પછી હીટલરે અમોને પાસે બોલાવીને કહ્યું. "લુક હીયર, માઇ બોયઝ આઇ વોન્ટ ધેટ યુ ઓલ શુડ જોઇન અવર નાટઝી પાર્ટી, એન્ડ બીકમ જરમન સબજેકટસ!"

"ઓ! ડોન્ટ બી સો સીલી, એડોલ્ફ! ઇટ ઇઝ નોટ એ ચાઇલ્ડીશ ટોય! ઇટ ઇઝ એ કવેસચન ઓફ લાઇફ એન્ડ ડેઠ! અલવ મી તુ વાત કરતુસ, ટુ માઇ બીલવેડ સગા, ફ્રેરી, એન્ડ જીવણ્યાં. ગીવ અસ સમ ટાઇમ ટુ થીંક ઓવર. મોરઓવર વી વીલ હેવ ટુ ટેક પરમીશન ફ્રોમ અવર માયજી એન્ડ બાવાજી, એન્ડ આસ્ક અવર મીસીસ એન્ડ સગાંવાહાલાંઝ" મેં એની પાસે માંગી લીધું.

એવામાં ફ્રારીએ ચાલાકી વાપડી, જાણે પોતે કાણુ એક મોટો જોતીષ હોય તેમ હીટલરનો હાથ પોતાના મેલાં અખ-તર હાથમાં લઇ તે જોતો મોટેથી બોલ્યો.

"મારો બાવો કરૂં, ફ્યુરર આઇ કેન રીડ ફ્રોમ યોર હેન્ડ, કે યોર સ્ટારસ એટ પ્રેઝંટ, આર નો ગુડ એન્ડ તેથી ડોન્ટ વોર રે, ડોન્ટ વોર! અધરવાઇઝ યુ એન્ડ જરમની બીલકુલ વોઝ નોટ થઇ જશો!"

"યસ, યસ, એડોલફ! કર્નલ ફ્રારી ઇઝ ઓલ રાઇટ એન્ડ નો રોંગ. બીલકુલ ખરૂં છે. ત્રાઇ એન્ડ એવોઇડ ફાઇટીંગ." મેં હીટલરને બનાવ્યો. પણ મારા એમ બનાવ્યાથી તે થોડો કાંઇ બની જવાનો હતો, એટલે તેણે પાછી વાઘ જેવી બરાડ મારી.

"છટ, છટ, ડોન્ટ ટોક સચ રબીશ. આઇ ડોન્ટ વોન્ટ યોર એડવાઇઝ વાય ડોન્ચું માંઇડ યોર ઓન બીઝનેસ, યુ ડર્તી ઇંડીયંસ!

"ઓલ રાઇટ! જમ્મી દેખા જાયગા!"

"વેલ ધેન વોટ ઇઝ યોર રીપલાઇ? આર યુ ગોઇંગ ટુ ફાઇટ ફોર જરમની, ઓર નોટ?" પેલો હીટલર છેલ્લે પાટલે તરીયા પાવ આવતાં બરાડીયો.

"નો, નેવર, વી વીલ ફોર એવર ફાઇટ ફોર બ્રીટન. લોંગ લીવ ધી બ્રીટીશ રૂલ!" મેંબી દેશાભીમાન બતાવતાં ઉમેરીયું.

તેટલામાં હીટલરે જેમ પીલાહુસ ઉપર મવાલીઓ મોઢામાં આંગલાંઓ ખોસી "વીટ! વીટ!" કરીને વીસલ મારે છે તેમ જોરમાં વ્હીસલ મારી કે તુરત લગભગ ૧૦૦ સીપાઇઓ અમો તરફ બંદુકો તાંકતા ઉભા, અને અમો તરફ બંદુક ફોડવાનો હુકમ આપે તેટલાં તો ગોએરીંગે વચમાં પડી મને સમજાવ્યો,

"લુક હીયર, મેજર માઇડીયર! ડોન્ટ બી ઓબસ્તીનેટ, અધરવાઇઝ યુ ઓલ વીલ બી કીલ્ડ આઉટ રાઇટ નાઉ."

"નેવર માઈંડ, અમ પારસી લોક, ડોન્ટકેર ફ્રાઇટીંગ એન્ડ ડાઇંગ ફોર અવર સેલવઝ, વી આર રેડી ટુ સેક્રીફાઇઝ અવર લાઇફ ફોર અવર પ્રજાત, એન્ડ અવર બીલવેડ કંટ્રી!" મેં હીમતથી કહયું.

આવી અમારી બહાદુરી અને દીલેરી જોઇ, હેર રીબેનટ્રોપ તથા ગોએરીંગના બનપાંઉ જેવા જીગરો પીગલી ગયા, અને વચમાં પડી અમોને જાનથી મારી નહી નાખવાને અને જીવતાજ જેલમાં પુરવાને હીટલરને સમજાવ્યો. જેની અસર હીટલર ઉપર થતાં તેણે અમોને કેદ પકડવાનો હુકમ કીધો, કે તુરત સઘલા સીપાઇઓએ અમારા આંગપર ધસી આવી અમારા હાથ અને પગ પર બેડીઓ થોકી, અમોને જેર કીધાં, અને અમો કાંઇ સાથે પીસ્તોલ કે હથીયારો ધરાવતાં હતાં કે નહી તેની ખાત્રી કરવાં અમોને ઉપરથી નીચે વેર તપાસી અમારા ખીસા પાકીટની પણ બરોબર ખબર લીધી. આપરી તો ગરદનમાં એવી ઝોંક લાગી કે જાણે હમણાંજ જીવ મુકી દેઉં, પણ ખુદાયજીએ ધી પુર્યું. પછી અમોને ત્યાંથી લઇ જઇને જેલમાં પુરવાનો હીટલરે હોકમ કર્યો. પણ ગોએરીંગે પાછો વચમાં પડી મને મારી માગવાને ઘણોબી સમજાવ્યો. મગર આય બાજુ ઓલો નોશકરો પારસી માકુજી હતો, તે કોઇનુંબી સાંભલેબી ખરો કે?

અંતે અમોને ત્યાંથી લઇ જઇ એકાદ એકાંત જગ્યાએ આવેલા કેદખાનામાં પુરવામાં આવ્યાં. જ્યાં અમો ચાંચરા મારવા લાગ્યા, અને કેવી રીતે અમોએ ત્યાંથી છટકી જવું તે માટે યુકતી શોધવા લાગ્યા.

જોત જોતામાં અમો લોકો તો અમારી જેલનાં વોરડરો સાથે ઘણાં પલોતાઇ ગયા, અને નાકટીપકી અને ચોર દાવબી તે લોકને રમતાં શીખાડયું. બીચારા આ ઓલીયા દોલીયા ચોકીદારોના જીગરબી અમારા દુખની વાત સમજી બરફ પેરે પીગલી ને આઇસ વોટર થઇ ગયા! અમોએ ત્યાંથી છતકવાને ઘણાં રસ્તા શોધીયા, ચોકીદારોનેબી પગે હાથે લાગીને છોડી દેવા થકી ઘણાં કાલાવાલા, આજીજી પર આજીજી કીધી, મગર પરીણાંમ તો મીડામાંજ હમણાં સુધી હતું!

અંતે અને આખરે પેલો કોઇ ભલા માણસનું ફરઝંદ હશે, (અમારાં જેલખાનાનો વોરડર) તે પીગલ્યોરે મારા બાપ! અને તેણે અમોને છટકવામાં સઘલી મદદ આપવાને એકે બોલે તે કબુલ થયો, અને આખરે એક રાતનાં અમો અંધારાનો લાભ લઇ, ત્યાંથી છટકી, દરીયા કીનારા ઉપરથી એક માછી મારૂંની બોટનો લાભ લઇ, તે લોકનાંજ કપડાં પહેરી, ત્યાંથી હોલેંડ તરફ હંકારી જઇ સીધ્ધો લંડનનો રસ્તો લીધો. અને ત્યાંથી સીધ્ધાં એક સ્ટીમર પર ચઢી બેસી હીંદુસ્તાન તરફ ઘણું હાડમાર થતાં કુચ કીધી!

સ્ટીમર "હાઉસ ઓફ નોનસન્સ"માં બેઠાં બેઠાં મેં લઇને ફલીને કહયું, "ફલુ, મુંબાઇ પોહોચતાની સાથ મારી ખાત્રી છે કે, આપરી મલ્કા સાહેબાંઓ આપુને ગાલગલોચ તથા તાણું ટપલાથી વધાવી લેશે, અને આપરે એ લોકને, તેમજ અમારાં સગાવાહાંલાઓને આપણું વસનાવલી દાર જેવું મોઢું કેમ બતલાવશું? મને બાપુ બધી બીક બીક, ને ધાસ્તી લાગેછ!"

આખરે હઝાર હાડમારી અને જંજાલો ભોગવીને અમો મુંબઇ બંદરે આવી પોહોચ્યાં. આગબોટ ઉપરથી ઉતરતાંની સાથેજ કુંવરે મને સારી રીતનો અદર કદરનો ઘણે લાંબે વખતે આવકાર આપ્યો.

"કેમ રે! મુવા દેવેનામ દેવો, ખાસડાંનો હાર પહેરી પાછા ઘસરઇ આયા કે? મુવા બેશરમ! પહેલેથીજ મેં તો નાજ કહેલું કે, ના એવા પછારા મારો, પણ, તમારા કોહેલાં ભેજાંમાં ઉતરેજ શાનું? અરે એ તો દુવા માંગો કે, તમારા વડવાઓના પુન આડે આયાં, કે તમે બચી ગયા, નહીંતો અત્યારે તો તમો પેલી ઠંડી દુન્યામાં હોતે! અને તમારો પેલો સેમ્પલનો સગો ફલી, તે કયાં મુવોછ? મારૂં જો રાજ ચાલતું હોય કેની તો એ મુવા દેવને એમનો એમ ઘાસલેટ તેલમાં નાંખી જીવતોજ સલગાવી દેઉં! એ મુવા ચંડાલેજ તમોને જરમની જવાને ઉશકેરીયા. હવે મારૂ માનો તો આબરૂમાં ગુપચુપ અહી ગગરી રહી કંઇ વેપાર ધંધો કરો, નકીતો કે નકામાં સુજમાં રોજા ખોલશો સમજયાં કે?"

બીચારાં ફ્રેઇનીબી એની બૈરી તરફથી મજબુત જોલાબ મળેલો હોવાથી તે બાપડો બહુ મુઝવનમાં પડયો, અને પાછો અસલ માફક બેંકમાં નોકરીએ લાગીબી ગયો, અને સેવક પોતેબી નોકરી ધંધાની શોધમાં પડયાં!

આ રીતે તવડી જઇને રવડી આવ્યા! ભાઇ કયાં તો જયાંના ત્યાંજ, એ કહેતી મુંજબ પાછા મુંબાઇ વતને આવી અસલ અવતારમાંજ ગગડીયા!

સ્ટેશન રેડીયો નંબર પાંચ.

"માકા કરમની કવીતા વાંચ!

ચાલતો ચાલતો રેડીયોપર પડી નઝર
કાં' નહી ત્યાંજ હું ગોઠવાઇ જાવું સબર દબર
પણુ નશીબજ જ્યાં થઇ ઉભું એકદર
માકો બોલે શું ત્યાં! ફોડે પત્થર!!

જુનો દોસ્ત નવા લેબાસમાં!

એક રેડીયો વેચવાવાલાને ત્યાં રેડીયો કેમ સમારવા તે શીખવાં મહીને રૂ. ૧૫ ની નોકરી શોધી કાઢીને ત્યાં ટેમ્પરી, ઇન મીન ને કેલી સાડેતીન દીન આપરે તો બા ગોઠવાયા.

હજુણુ તો નવી નોકરીમાં ઠરીઠામ થયા નહી તેટલામાં સેવકની વરસગાંઠ આવી પોહોંચી, જે દીવસની ખુશાલીમાં મારા અસીલ મામાજી કેખશરૂએ, જે દુકાને હું નોકરી કરતો હતો તેજ દુકાનપરથી પ્રેઝન્ટ તરીકે એક ૧૧ વાલનો "ફુલમુન" મેકરનો પાવરફુલ રેડીયો અપાવી મને ખુશ ખુશ કીધો, અને એક ધાટીને માથે એ હક્તેખાન ઉંચકાવી, અમારા કોટે કોટનાં રહેવાનાં (ખાલી) મકાનમાં ધકેલી દીધો!

જેવું એ નવું બોલતું હક્તેખાન ઘરમાં દાખલ થયું કે મારા મામીજી,- છીબરૂ, દરવાજા આગળજ મલ્યાં, અને મારી તરફ નજર કરતાં બોલ્યાં:—

"મરે માકા! આય મુવું દેવદારનું ખોખું તારી સાલગ્રેહની દીવસે ઘાટીને માથે કાંય ઉંચકાવી લાયો હશે? એમાં શું છે? બીરની બાટલીઓ છે કે? હાં, સમજી, કદાપી મામા મામીની સાથે સલામતી લેવાનો હશે! મરૂં રે તારી પરથી બધી!"

આપરે તો બા મનમાં સમજી ગયા કે, વખત જતાં મામીજી જરૂર પાસેના ટોમ સાહેબના ટાઇગર બુલડોગ પેરે આંગ ઉપર આવશે, તેથી ધીરે રહીને ડોસાંને ઠંડા પાડીને કહયું. "જોવની મામીજી, એ તો મામાજીએ આજે મારૂ વરસ છે, તેની ખુશાલીમાં મને એક રેડીયો પરજત અપાવ્યોછ, તે જરા હું અમસ્થોજ અત્રે લેતો આયોછ, અને......"

"શું બોલ્યો? રડીયો! કોણુને મુવાને નામે રડીયો? સપરમે દહાડે રડીયો કાંય? તુંબી કેઠો અવરદશા મુવેલો દેખું! તારા મામાનું તો દહાડે દહાડે કલીંગર પેરે પોચ્યું પડતું જાવછ જો!" મામીજી એકાએક પોકારી ઉઠીયા.

"અરે, રડયો નહીંરે! એતો રેડીયો! ઉરફે દુન્યાનું મ્યુઝીક ઘેર બેઠું સમજવાનું વાજું છે! સમજ્યાં કે મામીજી?" મેં વચમાં તાપસી પુરી.

"જારે મુવા! તું કોણુને બનાવવા આયોછ? મુવું કંઇ જરીપરાણું વાલાંઓ લઇને ફરેછ, તેવું તો દેવદારી ખોખું ઉપાડી લાયોછ, ને વરી કહેછ કે એક જાતનું મજાનું વગાડવાનું વાંજું છે! કપાલ તારા બાપનું! એક તો મુઇ કુતરાને અરડાવવા જેટલી ઘેરમાં જગાં નથી, અને મુવો પોરો ચોરો થઇ મને કહયાં પુછયા વગર એ મુવું હક્તેખાન કયાંથી ઉંચકી લાયો! અબઘડી એને અહીથી પાછું લઈ જા, નહીંતો તુને, એ મુવા તારા રડયો ફડીયોને, ને આય ઘાટીને, આ મારી સીરીપરથી ફેંકી ગબડાવી મુકશ! મુવા નાપાક નપેતર દુકતાં!"

અને અત્રે મામીજીએ મારાં વરસને દહાડેજ ઉંચા માહેલી ફરમાસુ આલનાં સગન કીધા ?

"જુવો મામીજી, તમે અમસ્થા એમ જરા જરામાં બુમ બરાડા શાનાં પારોછ! જરા મનેબી કાંઇ બોલવાની કે ખુલાશો કરવાની તક આપશો કે નહીં?"

"બુમ બરાડા નહીં પારૂં તો શું કરૂં! તું મુવાને ગરે લાગી તારો બરડો પસવારૂં. વંજીયો, જો નરમ ઘી જેવી વાત લઇ આયોછ તો! મુવા તું મારો કરી લીધેલો દીકરો છે કે દુશમન?"

પછી જેમ તેમ ડોસાંને અસતમ પસતમ સમજાવી આપરે તો બા રેડીયો ઘરમાં લીધો, અને હજુર તો જરા તેને બરોબર ગોઠવું કરૂં તેટલાં મામીજીએ મને સવાલ કીધો. "મકુંજે માકા, એ તારા મુવાં રેંટીયાનો માયનો શું, અને એ ઓંજીયા રેંટીયાને કાંટવાનો કેમ? અને વરી તું કહેછ તેમ વગાડવાનો કેમ, તે તો જરા મને કહી સમજાવ? એમ ઘુવડની કાંની મારૂં થોભરૂં શાનું જોયા કરેછ?"

મારી જાણે બલા કે એ રેડીયો કેવી રીતે બનાવવામાં આવેછ, તથા એની ઉપર નાચ ગાયણો તથા ભાષણો કેવી રીતે વાગેછ! પણ ફકત દુકાનવાલાએ અત્યાર સુધી એ રેડીયો કેમ વગાડવો, અને જુદા જુદા મથકો કેમ પકડવાં તે માત્ર બતાવેલું હોવાથી મેં ધીરે રહીને ડોસાંજી આગલ ખુલાશો કીધો. "જોવની મામીજી, આય રેડીયોનો અર્થ એટલોજ કે નાચ, ગાયણો, ભાષણો, કીરતનો તથા હજારો માઇલોનાં છેટેથી કોઇપણ આસામી (નાક ભીજવ્યાં વગર) બોલે, ગાયે, ને વગાડે, તે સઘલું હવામાંથી દાખલ થતાં, આય વાજું તે પકડી સઘલું આપણી આગલ એમનું એમ બોલેબોલ ગાઇ સંભળાવે, તેનું નામ તે રેડીયો!"

"ઓવરઇરે માય, કેવું નવાઇ જેવું. કેવું અજબ જેવું! મુવાં એબી જુની આંખે નવા ખેણુકાટકા, આપણાં નસીબે જોવાનાં હશે તે જોવાં પરેછ!

વારૂં ચાલ, ત્યારે તો વેકી જા. બાવા માકા, એ તારૂં વાજું ચાલું કર, અને હું મારા બહેશતન બહેન હમાબાઇ સાથે એ રેડીયો મારફતે જરા રતી બહેશતમાં વાત કરી જોવું. ચાલ વેકતો મારો બાપ કરૂં! જરા જલદીથી ચાંપ દાબી દેની તો જોવું! એમ હુસ્સા જેવો જોયા શું કરેછ?"

આખરે મેં ચાંપ ફેરવીને રેડીયો ચાલુ કીધો કે, ડોસાં તો તેની બરોબર નજદીક (એક ડોકટર પેશંટની પલ્સ જોય તેમ!) આવી બેઠાં, અને કાંઇ બોલવા જાય તેની અગાઉ અંદર કાંઇ જાણે ફટાકડા ફુટતાં હોય તેમ ફટાફટ ને ધમાધમ અવાજો થવા લાગયા, જે સાંભલી ડોસાં તો ઉછલીને બાજુનાં અસલી ઘોલીયાપર જઇ પડયાં પડયાં બુમો પાડવા લાગા. "ઓંગો ઉભો રહે ઓંજીયા ફટાકડા ફુટવાથી કોઇ દુશમનનાં કપડાં સલગી બલગી જશે તો હું શું કરી મરશ! દોડી જા મરૂં, જઇને જરા રાંધણીમાંથી એક ટોપલી ભરીને રાખ લઇ આવ, અને આય તારા રેડીયા ઉપર ઓલાવી દે કે બધી પંચાત મટી જાય. પણ મરેરે, હું એમ પુછું કે, એ અંદર ફટાકડા કોણ ફોડતું હશે?"

મેંખી દધાઇને જોયાજ કીધું, અને કાંઇ સમજ નહીં પડવાથી જે ભેજામાં આયું તે ધીરે રહીને ફેંકયું. "જોવની મામીજી, એ તો મારા બહેસ્તી કાકા કાવશજી બેહેસ્તમાં બેડાં બેઠાં આજે દિવાલી હોવાથી ફટાકડા ફોરેછ તેનો અવાજ આપરે અહીં બેઠાં બેઠાં સાંભલીયેછ."

"પણ મરૂં, એ આગસ્ત મહીનામાં કયાંથી દિવાલી આવી લાગી? દીવાલી તો હમેશાં અકટોબર કે નવેમ્બર મહીનામાં આવેછ કેની?"

"એ તમે નહીં સમજો મામીજી, એ બધાં તહેવારો તો બહેસ્તમાં હમેશા એકાદ બ્બે મહીના આગમજથી આવે, કારણ કે આપણી ગણત્રી, અને બહેસ્તવાસીઓની ગણત્રીમાં ઘણો ફરક છે."

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ ફટાકડા ફુટવાનો અવાજ વધારે મોટા પ્રમાણમાં આવવા લાગો. જે સાંભલતાં ડોસાં તો ઘણાં તપી ગયાં!

"માકા! એકદમ એ તારા રેડીયા ફેડીયાને બંધ કર, નહીતો તુંને અને એ તારા રેડીયાને, બેઉને સલગાવી દેવશ, સમજ્યો કે મુવા. દેવે નામ દેવ!"

"નહીં, નહીં, મામીજી, તમે એમ ગુસ્સે ના થાવ. ચાલો તમોને નહીં ગમતું હોય તો, હું કાંઇ બીજું વગાડું." એમ કહી મેં બીજું સ્તેશન પકડયું!—

કોઇ એક બાઇ પોતાના સુંદર અવાજે કંઇ ગાતી હતી. જે સાંભલતાં ડોસાં પાછા બખાલ્યાં. "શું જો મુંઇને કંઇ પેટમાં ચુકો મારતો હોય તેમ ચીંચવઇને ગાઇ મરેછ! મુઇ ચોટલા બરીનો સાદ બરેરે! એના કરતાં તો માકા, આપણી નવસારીની ગોયણો સારૂં ગાયછ. જીભરૂં માકા ખુદા ખાતર કોઇ ગરબા નહીં તો કે લગણસરાનું ગાયણુ વજાડ કે બે ઘડી જરા જીવબી વેરાય. ચાલ વેક તો જોવું?"

"મામીજી, હવે જમવાનો વખત થયોછ, તેથી આપણે એ બોમ બોમ બંધ કરીશું, અને વધુ વજાડવાનું કાલ ઉપર રાખીશું તો ઠીક થઇ પડશે, નહીં વારૂં?" મેં મામીજી પાસે માંગી લીધું.

"વારૂ બાવા, જેવી તમારી મરજી." એમ બોલી મામી ત્યાંથી ઉઠીયાં. અને અમો ખાઇ પીને સુવા ગયા!

ગરીબ બીચારો મારો રેડીયો!

જેમ જેમ દિવસો જતાં ગયા, તેમ તેમ મને રેડીયો માટે વધુ અને વધુ ચેતક લાગતું ગયું. બસ જરાબી મને વખત મલતો ત્યારે ચાંપ ખોલી, હું બાય મારૂં ફેવરીટ મ્યુઝીક, ચાલુ રેડીયો બોકસ વજાડતો, જે સાંભલતાં મામીજીનું બહું કોહી જતું, અને વારંવાર મને ભપકીબી આપતાં, કે જો હુ રેડીયો વજાડી એવણુને કંટાલો આપશ તો કોઇ દિવસ એવણુ છેડાઇને એ રેડીયાને કોઇ જરીપરાણાવાલાને આપી દેશે, નહીંતો કે બાંજી ફોડી એના ટુકરે ટુકરા કરી નાખશે.

ડોસાંની એવી ભપકીથી હું એવો તો ગભરાતમાં પડયો કે જ્યારેબી હું ઘરની બહાર નીકલતો અથવા તો ઘરે પાછો ફરતો, ત્યારે ચાલું મારા રેડયાની ખબર રાખતો કે રખેને ડોસાંને કાંઇ ભેજાંમાં વાહરૂં આવવાથી, મારા ગરીબ રેડીયાનો દારવાટલો કરી નાખે, અને બાપું થયુંબી તેમજ. એક દીવસ બપોરના જરા હું લેટવા ગયો, તેટલાં ડોસાં ઉઠી રેડીયોની ચાંપ ફેરવતાં કંઇ ઇલેકટ્રીકનો શોક લાગવાથી મોટેથી ચીચયારી પાડી! તે મારા કાન ઉપર પડતાં હું ઉંઘમાંથી ચોંકી ઉઠયો, અને જોવુંછ તો ડોસાં કાંઇ મોટે મોટે બુમો પાડતાં હતાં, અને એક લોખંડના સલીયાથી આય મારા "ફુલમુંન" યાને "પુનમનો ચાંદ" નો ખુરદો કરતાં હતાં!

તુરત હું એવણ તરફ ધસી ગયો અને હીંમતથી સવાલ કીધો. "કાંય મામીજી, એ બીચારાએ તમારૂં શું બગાડયું, કે ભાંજી તોડીને એનો ખુરદો કરી નાંખ્યો? અરે મારો ફુલમુન ગરોથમાન પામ્યોરે! ઓ રેડીયારે!"

"આઇને નહી લાગું, તેટલું દાઇને લાગું, તેમ રેડીયાની માયના પેટમાં નહીં દુખ્યું, તેટલું એના પેટમાં રેડાયોના હાલ અવતાર જોઇ ચચરી આયું. મારાબી કાંઇ ભોગ લાગા કે તુંને દીકરો કરી લીધો! દિવસ ને રાત મુવો ટાંઉ ટાંઉ ડાંઉ ડાંઉ કર્યા કરે, અને જરાબી રાત દીવસ સુવાનો કરાર નહીં!"

"મુવો જાણે ધરીરો ધરાયો નહીં. મુવા તારા મામાનેબી શું કહું? બેઉ મુવા ફાટેલા દાડમો મારા નશીબે મલ્યાં? એવણનાબી ભોગ લાગા ત્યારે તુને એ મુવું ડાંઉ ડાંઉ અપાવ્યું ને? એના કરતાં તો એટલા પૈસા સુખડ માચી પછવારે ખરચતે તો કેવું પુંન લાગતે."

"જોવ મામીજી, હું તમને સાફ સાફ કહી દેઉંછ કે જો મને કાલનો કાલ બીજો નવો રેડીગો નથી અપાવ્યોછ તો ઓય દેતો કે હું આય બારી-એથી કુદકો મારી આપઘાત કરસ, તેનું સઘલું પાપ તમારે માથે!" મેંબી સુકકી દાતી કીધી.

"ઓ-ત તારીને! તારી આવી સુકકી દાટીથી ચોરીયામાર મામી બધી બીહી ધ્રુજી જશે કેમ? મારી કઇ બલા. મુવા કાલે કુદકો મારતો હોય તો

આજેજ મારની! અને જો તું કહેતો હોય તો હું તુંને જરા પછવારેથી ધકકો મારૂં, કે તુંને કુદકો મારવામાં મદદ થાય. જાણે ભસ્તેગીયાના બાપદાદા રેડીયા વજાડી મરી ગયલા, તે વંજીયાને રેડીયો વગર ચાલે નહીં. મુવો તો જોવ એકદમ ફાકીફુટી ચાલ્યો તે!" અદર કદરનાં મારાં મામીજી બોલ્યાં.

મામીજી તો ધરીયાં ધરાયાંજ નહીં, અને ગુસ્સામાં આવી મને હુકમ કીધો કે, જો મારે એવણુ સાથે રહેવાનું પરવરતું નહીં હોય તો બેલાશક એવણુનું ઘેરબાર છોડી મારે ડુંગરવાડીની બંગલીપર રહેવા ચાલી જવું, નહીંતો એવણુના હુકમને તાબે થઇ, એવણુ જેમ કહે તેમ સઘલું કર્યા કરવું! (શું? સમજ્યા).

સુનાબઇ મામી તે એવણુનું નામ! એટલું તોફાન તથા દમદાટી, જાણે એવણુના મનથી ઓછી હોય તેમ, અમારાં રહેવાના મકાનની બરોબર પાસે, એક કોઇ રૂસ્તમ ઇરાની નામનાં ભેજાંફરેલ ઇરૂનની ચાહની દુકાન હતી, અને પોતાનાં ઘરાકોને રીઝવવા ખાતર પોતાની દુકાનમાં તેણે રેડીયો રાખ્યો હતો, જે તે દિવસનાં લગભગ ૧૭ કલાક ચલાવતો હતો, જે ચાલુ સાંભલતાં ડોસાનું ઘણું પાકી પલેકાર થઇ ગયું હતું. તેથી મને પોતાની પાસે બોલાવીને હુકમ કીધો.

"જા રે બાકા, જઇને પેલા આપણાં પાસેનાં રૂસ્તમ ઇરૂનને કહે કે, જો એણે આવી રીતે દિવસનાં ૧૭ કલાક રેડીયો ચલાવી મારૂ મસ્તક ફેરવવાનું ચાલુ રાખ્યુંછ કેની, તો જેવા તારા તથા તારા સુફ્યાના રેડીયાનાં હાલ થયાંછ, તેવાજ એ મુવાના તથા એના રેડીયાના હાલ કરશ. માટે, એ મુવા જંગલી ઇરૂનને કેહ કે એનું મોત ચેતીને ચાલે." મામીનું કરટન લેક્ચર પુરૂં થયું!

"જેવો તમારો હુકમ મામીજી." આપરેખી ડાહયા કાગરા થઇ જવાબ આપી ત્યાંથી ચાલું મુકયું!

વળતે દીવસે સાંજના જરા બહારથી પાછો ઘરે ફરતાં પેલા રૂસ્તમ ઇરાનીની દુકાન આગલ લોકોનું એક મોટું મેજરૂ એકઠું થયલું જોયું. જે

ઉપર નજર પડતાં હું ત્યાં ઉતાવલેથી દોડી ગયો, અને મારી ઘણીજ અજાયબી વચ્ચે મેં જોયું, તો સુનાબાઇ મામી એક હાથમાં ડાંગ પકડી, તથા બીજો હાથ હવામાં આમતેમ ફેરવતાં, પેલાં ભેળાં કરેલ ઇરૂન સાથે કંઇક મોટેથી બાંગ પાડી, મોહોલ્લામાં તરખાટ મચાવતાં હતાં. આપણે તો સમજી ગયા કે અહીં લડાઇનુ બ્યુગલ ફુંકાઇ ચુકું હતું, એટલે ખુણે ખંટોલે ઉભા રહીને રાહાઘાટ જોવાનો વીચાર કીધો, કારણ આજે પેલાં જંગલી ઇરૂનના રેડીયાની તો પાયદસ્ત ફરી જવાની હતીજ!

"મુવા ઘેલા ધરણુને એ દુ બાવીસ વખત ના કહયું કે એ મુતું ડાંઉ ડાંઉ વગારી, મારૂ મસ્તક ના ફેરવ, પણ નાતરે ગીયો તો કાંઇ સમજયોજ નહીં. મુવો, નહીં દીવસે એક કલાક નીરાંતે સુવાનો કરાર! મુવો તો એમજ સમજેચ કે મોહલ્લો એનો ને એના બાપનોજ છે. મારૂં જો રાજ ચાલતું હોય કની, તો એ મુવા કાબુલી ઇરૂનને ઘાસલેતમાં આખો ને આખો બોરી સલગાવી દેવું."

એમ બોલી ડોસાંએ પુર ઝનુનમાં આવી જઇ પેલા ઇરૂનનાં રેડીયાની મામાની મોટી સીંગાપુરી લાકડીથી બાજ ઇજી નાખી, અને એ રીતે ઇરૂનના રેડીયોને ગરોથમાન બહેશતમાં મોકલી આપ્યો! જે જોતાં પેલો ઇરૂન, સદરાની બોંય ચઢાવતાં મામીજીના આંગ ઉપર ધસ્યો. "કેમ એઇ જેંગલી બાઇ, તું કોણનાં હુકમથી મારી દુકાનમાં આવી? તારા બેપના મેં કંઇ લીધાછ ખાધાછ કે મારા રેડીયા તે ભેંગી નેખ્યા. પુલીશને બોલાવી હું હવે તારા રેસ્તા કરેછ!" અને પછી રાગડો કાઢીને ગાવા લાગ્યો, "ભેંગી નોખી! ભેંગી નોખી! જંગલીબાઇને ભેંગી નાખી!!"

"જંગલી મુવા તું ને તારો બાપ! મુવો છેકજ ફાસ્ટ ચાલ્યો તે! જારે મુવા જોઇએ તો પોલીસને બોલાવ કે પોલીસના બાપને બોલાવ, મારાં ખાંસરાંનેબી તારી પરવા નથી. સીધ્ધો સીધ્ધો હવે અહીંથી એકદમ તારૂ કાલું કર, નહીં તો મારા મોઢાંમાંથી કંઇ વધુ સાંભલશે!"

તે પછી ડોસાં મારા ઉપર ઉખડીયાં, "મુવા કોઠેના બાયલા હીચકારા! પેલો જંગલી ઇરન, મારા આંગ ઉપર ધસી આયો, તોબી મુવા તારા આંખનાં પાપણ વટીક હીલ્યાં નહીં? મુવો તું માટીડાનો થતો! હજુણ ધાઘરો ને સારી પહેરીને સ્ટેજપર નાચવા જા! તું ઘેર તો આવ, પછી જો તારો હું કેવો રસ્તો કરૂંછ તે."

એમ બોલી ડોસાં મારો હાથ પકડી, મને ઘરે લઇ ગયાં, ને ગોર કેરીનું અચાર ખવાડી શાંત પાડીયા પછી, સીફતથી મેં વાત ફેરવીને એવણુને જરા બબ્બો પાઇ સુવાડી દીધાં, અને પછી ગાલ ઉપર તરાતર તમાચા મારી મજબુત સોગંદ ખાધા કે, ભવિષ્યમાં મરતાંબી કે જીવતાંબી, કોઇ દીવસે રેડીઓ ઘેરમાં રાખવો નહીં! કારણ રેડીયાએ રમખાણ કેવું ભજવ્યું તે તો તમે અનુભવ્યું!

ગરીબ બચારો મારો રેડીઓ!

રેડીઓ લાવી ઘરમાં સુખ જોયું મે બહુ,
કોણને જઇને કહાણી એ રેડીયાની કહું.
રાખ્યો તો મનમાં મેં ઘણો ફાંકો,
પણ માકો કરે શું જ્યાં દીવસ વાંકો!!

સ્ટેશન નંબર SIX–ઝવેરી બજાર!

"ઝવેરી બજાર બાપુ ઝવેરી બજાર,
લાખાચા હોતે તીથે બારા હજાર!!
હરેક જાતના સત્તાનું અહીંયા છે મુળ,
ઓકાવો એકદમ તો માનજો છે ભુલ!

વાણીયા સાથ ભાગમાં મેં ખોલી દુકાન,
મામીજીને મન અહીં છે મીઠાંની તાંન.
બતાવ્યાં મેં કંઇકોને હથેલીમાં ચાંદ,
ખુદા માલુમ ક્યાંસુધી ખાશું અહીં ખાંડ!

આસ્તા તણીયા બાસ્તા તણીયા ને સોલસો વેપાર કીધા, મગર સેવકના નસીબમાં માખ મારવાનું તે કોણુને કહીએ. ઘેરમાં બેઠા બેઠા જ્યારે શરીર કાટ ખાવા લાગું ત્યારે, મારા મલીદા-ખાઉ, માયાળુ મામાજીની નઝર, કાપડનાં ધંધા તરફ દોરવઇ, અને ઝવેરી બઝારની પેલી જાણીતી "મુલજી જેઠા મારકેટ," કે જ્યાંનાં એક વાણીયા વેપારી, નામે જયશંકર ઉદેશંકર, જેની પાસે એવણુ વેલાતી કાપડ ખરીદતા હતા, તેની સાથે થોડાક પૈસા રોકી ભાગીદારીમાં મને ધંધામાં નાખવાનું આ પારસી હાતમ બીન તાઇ (ખીસામાં નહીં એક પાઇ?) લકબે મારા હાતમ દીલનાં મામાજીએ નકકી કીધું. ધાખરાજી પોતે તો રીટાયર્ડ લીસ્ટપર હતાં, ને દાડમના દાણું ને ચનીયા બોર ખાઇને, પોતાનો વખત પસાર કરતાં હતાં, પણુ પોતે કાપડની અસલથી ફેરી ફરીને વેપાર કીધેલો એટલે એવણુને એ આઇડીયા ઝટ ગમી આવ્યો!

આપણે તો બા માથે પાગરૂં અને દીલ ઉપર ડગલી ઓરવી, કાપડ બજારમાં જવા લાગ્યા, પણુ વેપારીઓની રીત પ્રમાણે પગમાંથી બુટ કાઢી ખુરસી ટેબલને બદલે જમીન ઉપર પાંથરેલાં રૂના ગાદલા ઉપર બદીયાન અને લેંગામાં પલાંથો મારી "ગણુપતી"ની માફક બેસ્વાનો મારકીટનો રીવાજ, એટલે તો બા શયતાનનાં બંદા હોવ તો ના માનતાં, પણુ પાણી ઉતરતું. અને અધુરામાં પુરૂં જ્યારે આપરે જો સહવારનાં નાસ્તો યા બપોરનું ભોણું ખાઇને પહેડી ઉપર સધાવતા, તેવામાં જો કોઇ વેપારી, એઘી માફક ઘેરથી ખાઇ આવી, પાસે બેશીને હોઇયાં! હોઇયાં! કરીને સોઝ્ઝમાનો અડકાર ખાતો, ત્યારે મને એવું લાગતું કે ઓય દેતો કે, હું પહેડીના ગાદી તકયાપર વોમીત કરી દેઉં!

પહેલાં પહેલાં મને એવા વેપારીઓ સાથે ભેલાવાની બહુ સુગ લાગી.

પણ, જ્યાં વેપાર કરવો હોય ત્યાં બધું ચલાવી લેવું જોઇએ, એમ માની આખરે હું તે લોકની સાથે છુટથી ભેલાવાલા ગયો.

હમારી પહેડી ઉપર પચરંગી કોમનાં વેપારીઓ તથા ઘરાકો આવતાં હતા, જે લોકની સાથે મારા ભાગ્યા જયશંકર ઉંદરશંકરને કચ્છી બાશામાં વાતચીત કરતાં જોઇ હું પણ થોડું ઘણું શીખી ગીયો!

એક દીવસ મારી દુકાને એક કચ્છી વેપારીએ આવીને કાંઇક મને પુછયું કે, "કીં શેઠ, કુરો ખબર હાય! સેટીન ડકચો કુરો ભાવ હાય! અઇ અંસો કે ઓલખો ના! આઇના મામા જેડાંજ આંઇભી વડા ભલા માડ઼ં દીસના તા."

"એ કમબખ્તની કચ્છી ભાષા મને માલમ નહીં હોવાથી, હું સમજ્યો કે, એને મને પોતાની ભાષામાં ગાર દીધી હશે, તેથી તેના આંગ ઉપર ધસી જતાં મેં કહયુ, "ઓ યું ગધ્ધા આદમી, જરા મોંહ સમાલ કર વાત કરો! અઇસા ગાલી કોણકું દેતા હય? બાત કરો તો હીદુસ્તાનીમેં, મગર ગાલીયાં દેવ તો અગ્રેજી ફેશનમેં! અમ કુચ્છ દેશી આદમી નહીં હય. હમ વીલાયત જાકે આયેલા આદમી હય."

અહીં જરા તપાતપી વધી ગઇ, અને અમો બંને હાથો હાથપર આવી ગયાં, તેટલાં મારો વાણીગો ભાગીગો જયશંકર વચમાં પડયો, "અરે શું જો માકુજી શેઠ, તમો જોયા જાણીયા વગર એ ગરીબ વેપારી ભાઇ સાથે ખટપટ કરવા મંડી ગયા! એ ભાઇએ પોતાની ભાષામાં તમોને ફકટ એટલુંજ પુછયું કે, "શેઠ તમારી શું ખબર છે? સેતીન ડકનો શું ભાવ રાખ્યોછ? તો કાંઇપણ સમજ્યાં વગર, એક ગાવડી માણુસની માફક તે બીચારાના આંગ ઉપર શાએ એકાએક ધસી ગયા! એ શું કાંઇ તમારાં જેવા આબરૂદાર શીખેલા ભણેલા માણુસ માટે સારૂ કહેવાય? ફરીથી આવી ચાલ ચલાવતા ના, નહીંતો બજારમાં ભારી પડશે. મને તમારી એવી વતણુંક બીલકુલ પસંદ નથી."

"પણ જયશંકર ભાઇ, તમે મોટી જીભ કાઢીને મને શીખામણ આપવા નીકલ્યાચ, તે અગાઉ જરા એ વેપારી ભાઇનેજ કહેતે ની કે આપણી સાદી ભાષામાં વાત કરે, કે આવી ગેરસમજુતી ઉભી નહીં થાય. એની તાકાત શું કે એની આવી જંગલી ભાષામાં જે ફાવે તે, એ મને કહી સંભલાવે." એમ જરા રતી મેં મારો ઉભરો ખાલી કીધો.

ત્યારે મારા ભાગ્યા જયશંકરે વચમાં પડી મામલો ઠંડો પાડી અમો બેઉ જણને પાછી દોસ્તી કરાવી આપી. એક તો મને પહેલેથીજ ચાલુ માલા ફેરવવાની આદત એટલે, હું પહેડી પર બેસી ચાલુ માલા ફેરવતો, જેથી આજુબાજુ ધંધો કરતાં બીજા વેપારીઓ મને અવાર નવાર, મહાત્મા માકુજી મહારી યાને પારસી પાદરી બાવા કરીને બોલવવા લાગયા, અને મારા નોશાકરા આનંદી સ્વભાવને લીધે, એ રીતે ધીમે ધીમે હું બધા વેપારીઓ તથા ઘરા-કોમાં ઘણો માનીતો થઇ ગયો. કારણ કે, જે ઘરાક આવે તેને ધમધોકાર ઉધાર માલ હું આપ્યા કરતો હતો. તેથી ચાલું તે લોકનાં સમાગમમાં આવ્યાથી, થોડી ઘણી તે લોકની રીતભાત તથા કચ્છી ભાષા પણ શીખી જવા લાગ્યો.

થયું એમ કે, એક રાતના ભીખા બહેરામનાં કુવા સુધી લટાર મારી ભાથું પુરી ખાઇ, ઘરે મોડેથી પાછાં ફરતાં, મામીજી સામે થયો. આપરે જરા વટમાંજ કચ્છી ભાષામાં, મામીજી સાથે ફેંકોલોજી શરૂ કીધી.

"કો મામીજી, કુંઇ ગાલ હય? બજાર સાવ થડો હય. બીલકુલ ઘરાકી નાય. કો મામીજી, ઇંજી પાંજે કુંઇ!"

આ સાંભલતાં તો મારાં મામીજી. વાસ મારતી માછણની કાંની છેડાઇ પડીયાં, "મર મુવા મહારીને બારણે! મુવો અમસા જીવને કેટલી બધી ગાર દઇ ગયો. એ બધી તુંને એલફેલ ભાશા કોણે શીખવી? ગુસ્સો તો એવો આવેછ કે, મુવાને ઉંચકીને આખો ને આખો, બારીએથી ફેંકી દેઉં. પણ, અમસા પોટીકાંના લોહીનો લુમકો, તે શુક ગલી અખાડા કરી જાવુંછ!!"

"પણ મામીજી તમે જાણીયા કે જોયા કે સમજ્યા વગર મને એટલી

બધી સરસ્વતી શાની ચોપડોછ. મેં તમોને જરા કચ્છી ભાષામાં સભ્યતાથી પુછયું કે, મામીજી તમે કેમ છેવો, બજારમાં હાલ બીલકુલ ધરાકી નથી, તો તેના બદલામાં તમો નાકના ફીફરાં શાના ચઢાવી બેઠાં, ને મને સાલપામરી શાંની ઓઢાડવા માંડી?"

એટલામાં અમારા નોકરે આવી મારા હાથમાં મારા નામને કંઇ અરજંન્ટ તાર મુકયો, જે ઉતાવલમાં ખોલી મેં નીચે પ્રમાણે વાંચયો :—

"Father Mehernosji died—heart-felt Sympathy for Makooji.',

આ ગમખ્વાર સમાચાર વાંચતાંની સાથ જમીન ઉપર ફસડાઇ પડી, અંગ્રેજીમાં ધસાધસ રડી પડતાં, મેં ગુજરાતીમાં મામીજીને કહયું, "મામીજી, બસ ખલાસ, હવે મારૂં બીલકુલ આવી બન્યુંછ! હવે મારે આય દગલબાઝ દુન્યામાં જીવ્વું બીલકુલ ફોકટ છે. મારા વહાલાં મામીજી, મેં આજથી ઠરાવ કીધોછ કે કેટલાક નામાંકીત નરોની માફક, દર ગુરૂવારે કે જ્યારે મારા ધણાં ખરા માંગનારા ઉધરાણીએ આવે છે, ત્યારે મારે મઉંન ધારણ કરી જ્યાંસુધી કોઇ મારા વ્હાલાં પપાજીને પાછા જીવતા કરી મારી આગલ લાવે નહીં, ત્યાંસુધી અનપાણીને હાથ લગાડવો નહીં, નહીંને સાતતેરી સત્તાવીસ વખત નહીં. બસ હવે મારે........."

"નહીં દીકરા, એમ નાદાની નાં કર, એમ ખાધા પીધા વગર તારા સેતા જીવને સંતાપમાં કાંય નાખવા માંગેછ! દીકરા મારા, જ્યારે તું મોટલાંબાઇની ઇસ્પીટાલમાં જન્મયો ત્યારે સારીની જીક કસબની કોર જેવા તારા બાલ ને કાલા કાલા ડોરા સાથે, તું કેવો અફરગાનની પાપડી પેરે ખુબસુરત લાગતો'તો. જોકે સાથે સાથે તું તદ્દન લેલેગુર સુકકા લેવટા જેવો પાતલ્યો લાગતો. પણ, એ બધું શું તું ભુલી ગયો? એ તો મેં તુંને નાલ્લેથીજ કાલી બકરીનું દુધ ને કોહેલાં ઇડાંનો ઇંડાપાક, મેઠીપાકના વસાણાં ને પોલસનના માખણના સેમ્પલનાં સેંકડો પાકીટા ખવરાવી, તુંને મજાનો દુધનાં પેંડા જેવો, મેલીન્સફુડનો નકરો જાણે બાબો બનાવી દીધોછ. તે હવે તુંને

દહીં દુધ પીધા વગર કેમ ચાલશે? માટે, મરૂં, તુંને બધાં જીભરૂં, એટલી મારી સલાહ માની, જો ખાય નહીં તો જરા દુધને ખજુર લઇને અપવાસ કરજે. શું ગાંમમાં કંઇ તાહારાજ બાવા મરી ગીયાછ! એમ તો મારા બીચારા એકપુરા બાવાજી ગુજરી ગયલા, તો મેં શું કીધેલું.? અને ધાર કે એકાએક તારા જીભરૂ કેકુ મામાબી ગુજરી જાય તો હું શુ કરશ?"

"વરી શું કરશો? તમે "મેરીવીડો" થઇને વીધવા આશ્રમમાં જશો, અથવા બીજું નાતરૂં કરી મારે માટે નવા મામાજી શોધી કાઢશો." મારાંમાં જેટલું બંડોલ હતું તેટલું મામીજી પાસે પેશ કીધું!

ભોગ ચોઘડીએ મારા મામા, કે જેવણુ તે વખતે ત્યાં એકાએક દાબડા માહેલાં "જેક ઇન ધી બોકસ" પેરે આવી લાગા, તેવણે બારણામાં છુપાઇને, મામીનું આય રસ ગલે ને કટકા પડે તેવું, ઓમહું ગોમહું સમજીને જેમ નાટકના સ્તેજપર વીંગમાંથી એકં ત્રેજીક એકટર કેમ આવેછ તેમ મામીજી નજદીક જાહેર થઇ એસકાઇટ (?) થઇ ગયા!

"એ બેવકુફ, બેવફા, બેઅદબ, બેઇમાન ગુલીસ્તાને ખાનદાને શયતાન આરત! તુંને કાંઇ શરમ લાજ છે? તું મને જીવતાં જીવત કાંય મારી નાખવા નીકલીછ? જગમશહુર બહેસ્તી કવી શેકસપીયર ખરૂંજ કહી ગયોછ કે, "Frailty, thy name is woman! યાને ઔરત (તેબી વરી પારસીની) ઔરત! તારૂં બીજું નામ બેવફાઇ, ચીકનપાઇ છે! લ્યાનત, ધીકકાર પડજો તારા જીવતર પર, ને કાલી ચૌદસની મરઘી પેરે તું તફડીને મર, પહેલી રાતના."

"ને તમો મરો પાછલી રાતના! એમ જરાક જરાકમાં માછીની કાની છેરાઇ શાના પડોછ? એ તો મેં દાખલો આપવા જરા માકાને તમારૂં નામ દીધું, તેથી શું તમો ખરેખર, આંખ બંધ કરીને મરી ગયા કે? ચાલો મરૂં, તમોને બધા જી. જોઇએ તો અમારા બેઉના જીવ લઇનેબી જીવજો, ને ઘરડા ડોશા થજો, મરૂ!" મામીજીએ મામાને ચપ દેતાં કે ઓવરણાં લઇ, મામલો થંડો પાડી નાખ્યો.

સ્ત્રી ચરીત્રમાં સુલક્ષણ નાર,
મામલો જોઇને વગાડે બાર!
રડતી આંખો તે દેખાડે હઝાર,
સ્ત્રી ચરીત્રમાં તો પાસા પોબાર!

"ત્યારે મામીજી, તમારી મરજી જો એમજ હોય તો હું અપવાસ છોડી દેવસ, અને એનો ગમ ભુલાવવા જરા રતી છાંટો પાણી લેવશ." મેં મારો વીચાર ફેરવ્યો. પછી ખુદા મને અને તમને સ્વરાજ મલે ત્યાંસુધી સલામત રાખે!

થોડોક વખત વેર, મારા ભાગ્યા જયશંકર સાથે મેં સલાહસંપજથી કાપડનો ધંધો, એમ તો મારી આબરૂમાં ગાબરૂં પાડયા વગર ગુપચુપ ચલાવ્યો. પણ એટલામાં મુંબાઇનાં કોંગ્રેસવાલાઓએ સરકાર સામે "Civil disobedience movement" પુર જોશમાં ચલાવી, સરકારનાં સઘલાં કાયદા ભંગ કરી, પરદેશી માલ બોયકોટ કરવાનું શરૂં કીધું, અને સાથે સાથે કાપડ બજારો, કે જ્યાં વેલાતી કાપડ વેચાતું હતું ત્યાં મરદો તેમજ બાયકા લોકો પાસે પીકેટીંગ કરાવવાનું શરૂ કીધું, અને રસ્તે રસ્તે કાપડની હોલી સલગાવી, અમો લોકો વીદેશી ઇંગલીશ તથા જાપાનીઝ કાપડ વેચતા હોવાથી અમારી દુકાનેબી પીકેટીંગ શરૂ થયું. જેને લીધે એક રાખોડી સાડીમાં સજ થયલી દેશ સેવીકા, કે જેણી હમારી દુકાન આગલ ઉભી રહી પીકેટીંગ કરતી હતી, તેણી સાથે મને વીજોરૂં લાગ્યું.

મેં મારા દીલમાં મલમલનો સદરો તથા વેલાતી છીંટનું ખમીસ પહેડીયું હતું. તે જોતાં પેલી રાતાં બોરતીંયા જેવા કલરની સાડીવાલી દેશસેવીકાએ મને લાંબુ લચ ભાષણ આપ્યું, "અરે, અરે, પારસી બાવા, જ્યારે આખો દેશ આઝાદી માટે લડે છે, ત્યારે તમો દીલમાં વેલાતી કપડાં પહેડી ફરો છો તે માટે તમારે તો શરમાવું જોઇએ. એકદમ તમારા દીલમાંથી વેલાતી કપડા કાઢી, સલગાવી દેવ, આવાં વીદેશી કપડાં પહેડવા કરતાં, ખાદીનું એકાદ ધોત્યું પહેરી ફરો, અને તેમ કરી તમારા બીજા બાઇબંધોને

સારી રીતે બતલાવી આપો, કે તમોને તમારા દેશ માટે લાગણી છે. જો તમો એમ નહીં કરશો, તો પછી મારે કહેવુંજ પડશે કે તમો, પારસીઓ, ખરેખરા દેશના દુશમન છો, "દેશ દ્રોહી, દંહી દ્રોહી, દુધ દ્રોહી વીગેરે, વીગેરે, એવા તેવા છો, અને......"

"અરે ના રે ના, શ્રીમતી ગંગુ બહેન, તમે એમ ગુસ્સે થઇ, તમારી તબીયત શું કામ બગારો છો? બહેન, જરા વીચાર કરો કે કપડાં વગર હું કેમ ફરી શકું? અને જો મારી પાસે વેલાતી કપડાં હોય તો હું તેને એકદમ કેમ સલગાવી દઇ શકું? મારી પાસે માચીસની દબ્બી છે, તેબી જાપાનીઝ છે, પણ, બહેન, હું તમોને વચન આપુંછ કે ભવીસ્યમાં કદી વેલાતી કાપડ ખરીદીશ નહીં, અને બનતાં લગી સઘલું સ્વદેશીજ વાપરશ, કોઇને ગાર આપીશ તેબી સ્વદેશી ભાશામાં, કોઇને લાકડીથી હુલ્લડમાં માર મારીસ, તેબી સ્વદેશી લાકડી—ચવલી બામ્બુથીજ મારીશ, પછી કાંઇ છે?"

એ પ્રમાણે સમજાવી પટાવીને, મેં તેણીને તાઢી મીઠઠી પાડવા માંડી, પણ, એ તો કહે જે "ના ભાઇ, તે કાંઇ ચાલશે નહીં. અમો કહીએ તેજ પ્રમાણે થવુંજ જોઇએ." એમ બોલી બધી ધાંધલ ધરપચ કરી, તેણીએ લોકોનું એક મોટું ટોળું એકઠું કરી નાખ્યું. અને જોત જોતામાં લોકોએ બોયકોટ બ્રીટીશ ગુડસ! પારસી કાકા કોણ છે એને જલદીથી બહાર ઘસડી લાવો!" એમ બુમાબુમ કરી બધું ગોધ્યારૂં કરી મુકયું!

આવી રીતે લોકોને ગરમાં ગરમીમાં આવેલાં સમજી, મારો મસાલો થઇ જશે એવું સીચ્યુએશન જોઇ હું મનમાં ગભરાયો કે રખે એ લોકો મને બહાર ઘસડી લાવી મને ફરજ્યાત મારાં આંગમાંથી સદરો લેંગો, કપડાં ખેંચી કાઢી, મારી લેવરી કરી નાખે, તેથી ગભરાતનો મારીયો મારા ભાગીયા જયશંકરને સમજાવી, તે દીવસ માટે અમોએ અમારી દુકાન ગુપચુપ બંધ કરી નાખી. હડતાલ, પાહડતાલ પાલી, પણ પછી બીજે દીવસે દુકાન ખોલતાં એજ પ્રમાણે દીવસો સુધી બજારમાં ચાલતું પીકેટીંગ અને ધાંધલ ધરપચ થતી જોઇને, મારૂં પણ દેશભકત થવાનું મન થઇ આવ્યું, અને હૃદયપલતો

થતાં મને લાગ્યું કે કાંઇ નહી હું પણ કોંગ્રેસમાં જોડાઇ, મારા દેશ માટે લડત ચલાવી દેશની થોડી ઘણીબી સેવા બજાવું.

તેથી મેં મારા (અ)ભાગ્યા જયશંકરને કહયું, "જુવો, જયશંકર ભાઇ, જ્યારે દેશ આઝાદી માટે લડે છે, ત્યારે આપણે બેઠાં બેઠાં, પરદેશી કાપડ વેચી પૈસા બનાવ્યે, તે આપણાં જેવા હીંદીવાસીઓ માટે ઘણુંજ શરમભરેલું કહેવાય, માટે, મેં આજથી વીચાર કીધોછ કે, મારે સઘલો વેપાર ધંધો છોડી કોંગ્રેસમાં જોડાઇ, યાહોમ દેશ માટે લડતમાં ઝીપલાવવું, અને હું બહેસ્તી રૂસ્તમ પહેલવાન ને અફ્રાસીયાબનાં સોગંદ ખાઇને કહુંછ કે જ્યાં સુધી મારાં દેશને, હીદુસ્તાનને, પુર્ણ સ્વરાજ મલશે નહી, ત્યાંસુધી હું સઘલાં દુઃખો તથા મુસીબતો ઉઠાવવાં એકકે પગે ઉભો રહીશ. અને ભલે મારે તેમ કરતાં જેલજાત્રાએ જવું પડે તો યા મારો કીંમતી જાન આપવો પડે તો, તેનીબી હું બીલકુલ પરવાહ કરીશ નહીં, જયશંકરભાઇ સમજ્યા કે?"

પણ જયશંકર ભાઇ શું સમજે! તેના બાપનું કપાળ! જ્યારે ભાગીદારજ એમ સામો થયો તો પછી ઇલાજ શું? પણ, તે એટલું તો સમજ્યો કે ગઇ કાલે રાતે આ પારસી બા કેઠે મજબુત નાક ભીંજવીને આયાછ, તેની ધુનમાં ને ધુનમાં બકારો લવારો કરેછ, એટલે જયશંકર ભાઇતો ઓલાં માકુજીનું કોહું ભોપીયાજ કરે, કે આય જરથોસ્તી પારસીનું શું થશે? રવરી મરવાનો છે!

"મારા સાહેબ એમ કોપરાં શું જોખો છો. હું દેશ સેવા કરીશ. હું મારી ફરઝ બજાવી, મારી દેહનો, પ્રાઇમસનાં ચુહલા ઉપર બલીદાન આપીશ. મારા દેશ નવસારી માટે, દેશભકતી કરી મારી સઘલી શકતી વાપરી, દીવાળી અગાઉ જરૂર સ્વરાજ લઇશ. પછીજ હું પાતલા પર યા ખાટલાપર બેસીશ. ખાદીનાં કપડાં આંગે ધારી હીંમતથી હું પાલવાબંદર અને ચોપાટી ઉપર દર રવીવારે બૈરાંઓને બતાવવા ફુટપાટપર ફરી કાયદા ભંગ કરી, વસાઇની જેલમાં જઇશ. અને મારૂં નામ દેશભકત તરીકે જગમશહુર કરીશ! કેમ શું ધાર્યું? મારી દેશ ભકતીપર જયશંકરજી?"

"વફાદાર રહી કરશ દેશની સેવા ચાકરી
ફરજનું કરજ અદા કરી, પછીજ હું ખાઇશ ભાખરી!"

"શાબાશ! શાબાશ! આફ્રીન! ધન્ય ધન્ય છે! માકુજી શેઠ, તમારી, દેશ તરફની આવી બામ્બુ જેવી ધરખમ લાગણી માટે, હું તમો બાઇને, ધન્યવાદ ધન્યવાદ, અમદાવાદ, કાઠીયાવાદ આપું છું. પણ મારે માટે પુછો તો, મારાથી કાંઇ જેલમાં જવાય નહીં, કારણ કે, બાપા, મારે તો મારા કુટુંબના ભરણપોશણ માટે, ધંધો તો કરવોજ જોઇએ! તમો પારસીઓને શું છે? તમો બાઇઓ તો જન્મથીજ બહુ હુશીયાર. ચંચલ. તમારાં ધર્મ-ખાતાંઓબી જોઇએ તેટલાં રેલ રેલ થાય. જ્યાં તમો જઇને હાથ લાંબો કરો તો જોઇએ તેટલી ખોબો ભરીને મદદ મળે, માટે, મને માફ કરો બાઇ, મારાથી કામધંધો છોડી આવી ચલવલમાં ભાગ લેવાય નહીં". એમ બોલી મારા ભાગીયાએ પોતાની છાતીપરથી થોડો ભાર હલકો કીધો! જયશંકરભા જાણુતો તો હનોજ કે મોડે યા વહેલે આ પારસો હાડમાર તો થવાનોજ, ત્યારે જોઇશું.

"હરવાયો તું દેશ સેવાનો કરતો? જોઇ લીધી તારી દેશ તરફની લાગણી", અને પછી મારી દુકાન વટાવી, મનમાં ને મનમાં જયશંકરના નામની સરસવતી ભણુતો, ઘરનો રસ્તો લીધો! ચાઆલો! પારસીભાનો કાપડનો વેપાર પુરો થયો!

સહવારના ઉઠી, નાહી ધોઇ, ખાદીનો દગલો, ખાદીનું પાતલુન તથા માથે સફેદ ખાદીની ટોપી, હાથમાં ખાદીની છત્રી, તથા પગમાં સ્વદેશી ભેંસનાં ચામડાની ચંપલ પહેરી, જરા ઘરની બહાર જવા નીકલ્યો, તેટલાં સામેથી મારી ફલકસુર ધણીયાણી કુંવર તથા મારાં રેફ્રીજરેટર સ્વભાવનાં મામીજી સુનાબાઇ મલ્યાં, અને મને આવી રીતે કપડાં પહેડેલાં જોઇ ચમકી ઉઠયાં! તે બંને જણાં તો મને ઓખા બંદરનો કોઇ ખારવો પહેલાં તો સમજ્યાં, મેં એ ટકનો લાભ લઇ ધીરે રહીને કહયું, "મારી વ્હાલી કુંવર, તથા માય તોલના, ઇરાનીની સીંગલ ચાહે કરતાંબી વ્હાલાંમાં વ્હાલાં મામીજી

સુનાબાઈ, મેં આજથી સઘલી મોજ, શોખ, ધંધો, ધાપો, તજી દઇ, મારા દેશની સેવા બજાવવા ખાતર, કોંગ્રેસમાં જોડાવાનો મક્કમ ને ફાઇનલ ઠરાવ કીધોછ, જેને લીધે, હવે પછીથી હું ઘરનું ફરનીચર વેચી સાતી, બીછાણાને બદલે જમીન ઉપર ચટાઇ પાંથરીને સુવશ, અને વેલાતી કાપડને છેવટની સલામ કરી, જે મેં આય ખાદીના કપડાં પહેરીયાંછ, તેજ પહેરી હું હવેથી ફરશ, અને મારાં દેશ હીંદુસ્તાનને સ્વરાજ અપાવવામાં મારાથી બનતું કરશ, અને તેમ કરતાં જો મને જેલમાં જવું પડે, યા તો કે મારી જીંદગીનો ભોગ આપવો પડે તો, તે માટે હું જરાબી ડરીશ નહીં માટે..........."

આ સાંભળતાં મારા મામીજી બહુ તપી ગયાં, અને નાકના ફીફરાં ફુગાવી મારાં આંગ ઉપર ધસી આવ્યાં! અને પછી જોઇ લેવો જરમન બોમશેલ!

"તું મરે મુવો એમનો એમ! એ વરી મુવા નવા ઢોંગ શું લઇ આયોચ? વરી ચાલ્યો ચાલ્યો દેશની સેવા શાની બજાવવા નીકલ્યોછ? વંજીયા, તું તો ચીન, જાપાન, આફ્રીકા, આંડામાંડ બધે ફરી આવેલો ને અમન ચમનમાં રહેલો, તે તારાથા કંઇ ભોંગે બેસીને છરી કાંટાં વગર હાથે ખવાશે કે? ને મુવું બીછાણું વગર ભોંયપર ચટાઇ પાંથરીને સુવાશે કે? એક તો જીભરૂ, તુને પગે ગાઉટનું જાલીમ દરદ લાગું પડેલું, તે ભોંયની સરદી તારા દીલમાં ભરાઇ જશે તો કાચ્ચો રમ કયાંથી લાવશ!! આય સફેદ ટોપી પહેરી બહાર નીકલશે ત્યારે મરૂં, નકરો જાણે દુબરો કે નસીસાલ ખાંધીયા જેવો લાગશે, ત્યારે તારી સગી માયબી તુને ઓલખશે નહીં! તું એમ ના સમજતો કે કોંગ્રેસમાં જોડાયા પછી જેમ હાલ અમન ચમનમાં રહેછ, ને મોજમજાહ કરેછ, તેમ કરી શકશે. તારી કીંમતી જીંદગી ભયમાં આવી પડશે, અને વખત આવવે જેલમાં ચાંચરા મારવાબી જવું પડશે. માટે દીકરા, મારી સલાહ માની એ કામ ઉપરથી હાથ ઉથાવ, નહીં તો પાછલથી પસતાશે."

હજુર તો મારા મામીજી બોલી રહે, તેટલાં મારી હાથની ધરતી, વચમાં કુદી પડી. "મુવા તમે બેશરમ, નફ્ટ નકટા માટીડાઓને, તમારી

બૈરી માટે કંઇ પણ દયા છે કે નહીં? મને ખબર નહીં કે તમે ધણીના થતાં એવા ઘાતકી થશો. જુવો માકુજી, હું તમોને સાફ સાફ કહી દેઉંછ, કે તમે એમ મને તજી દઇ દેશ સેવા કરવા સારૂં કોંગ્રેસમા જોડાયાછ કેની, તો હું બી તમારી જીવતી બૈરીપર ઘાટકીપણું ગુજારવાનો કોર્ટમાં આરોપ મુકી, તમારી સાથે છુટાછેડા લેવસ. તમો તમારા મનમાં ગેસના ફુગરા માફક શાના ફુગાવોછ? મને કાંઇ નબલી પોચ્ચી સમજતાં ના? મેંબી પેલા જાણીતા ફીઝીકલ કલચરીસ્ટ, તેમુરસ્પ સરકારી પાસે તાલીમબાઝીનું શીક્ષણ લીધુંછ, ને વધારે જો ખટપટ કીધીછ કેની, તો આખ્ખા ને આખ્ખા બારીએથી ઉંચકીને ગટરમાં તમોને ફેંકી દેવશ. વરી નથી બોલતી ત્યાંવેર છેકજ ફાસ્ટ જાવોછ કે? જેમ હું કહુંછ તેમ તમારે ગુપચુપ કરવું પડશે. મુવા જરા અમારા બૈરાંઓના હાથમાં સ્વરાજ તો આવ્વા દેવ પછી, જોવ તમો મુવા મરધા માટીડાઓને કેવી હમે રૂમરી પોકરાવ્યેછ તે! ખરેખર, પેલાં મારાં માયજી કહેતાં'તાં કે મુવા માટીડાઓને તો ખાસરાં હેઠલજ રાખવા જોઇએ, તે બીલકુલ ખરૂં છે. જો તમે એમ દેશની સેવા બજાવવાના હતા તો પહેલેથીજ ભોંસી મરતેની તો હું, તમારી સાથે કદી પરણુતેજ નહીં. એમ દેશની સેવા બજાવવા માંગોછ, તેનાં કરતાં તો પારસી ક્રીકેટની સેવા બજાવોની! કે જેથી એકાદ પેંન્ટેગ્યુલર મેંચ જીતીએ? મુવા બેઅદબ, બેશરમ, નફ્ટ નકટા માટીડા, તમારાં આય તમામ મેલથી ભરેલાં કાન ખોલીને સાંભલો:—"

પરણી શું કામ મુંવા, જો બજાવવી હતી દેશની સેવા,
ખબર નહીં મને, તમો નીકલશો, બેવફા બેશરમ એવા.
ખોટી ખોટી ડફાંસની વાતો, ખુદા ખાતર દેવ હવે રહેવા,
ખાસરે બાંધીયાં દેશ ભકતો તમારા જેવા.

માટે, મારૂં માની દેશની સેવા બજાવવાના તમારા એવા ખોટ ધખારા છોડી દેવ, નહીં તો કે કુતરાની કાની હાડમાર થશો, શું સમજ્યા કે?"

કુંવરે મને કવીતામાં ગાલ દીધી, તો બંદો કયાં કવીતામાં જવાબ આપવાને કમી હતો. તુર્તજ આપણે ફીરદુશી બીન તુલસીની શાયેરીમાં જવાબ તૈયાર કીધો કે:—

ઝને જહાંનરા તો મહારીદ ઉમીદ,
કંગાળ તોરા કરદમ જે પકડીજ આજ જીદ!
ઓ ઐારત તું દુન્યામાં આવીજ નહીં હોત,
તો ઉમીદની ભરતીમાં આવતેજ નહીં ખોટ!
પેદા થઇછ તું, મર્દોની પકડવા પુંઠ,
હાય! ઐરૂં કરી મરેછ આદાંની સુંઠ!!!

નહીં, નહીં, કુંવર, તું મારી થીયરી ને ફીલસુફી સમજ્યાં વગર નકામી ગુસ્સે થઇ મને ગાલગલોચ કાંય કરેછ? વાહાલા, તુંને એમ તપી જતાં જોઇ, મારૂં કાલજુ કપાઇ જાયછ, ને આંતરડાં બહાર નીકલી આવેછ. ઓ મેરી આંઇ, મેં ગમે તે ભોગેબી કોંગ્રેસમાં જોડાઇ, દેશ સેવા બજાવવાના હરહરતાં કસમ ખાધાચ:—સમજ!

ભલે આશમાન ચીભડાંની માફક ફાટી જાય
ભલે આ દુન્યા, જરમન લડાઇ જાગે, તે અગાઉ ફના થાય!

પણ હું મારો વિચાર પાયધુનીથી પાછો ફેરવવાનો નથીજ. સમજી મારી સદગુણી શ્રીમતી કુંવરબાઇ? સમજ!

દીલમાં મારા પાપ નથી, અંતકરણ મારૂં સાફ છે,
સ્વરાજ માટે સ્ત્રીને તજવી, એ દેશભક્ત માટે માફ છે,
લોકોને બેકાર બનાવવા, એ હમારો ધરમ છે,
દેશને ખાતર પીકેટીંગ કરવું, એમાં શાંની શરમ છે?

તેથી મારી તુંને એટલીજ અરજ છે કે, હવે ખુદાખાતર મને વધું આલગલોચ દેવાનું તથા ધમકી આપવાનું માંડી વાલ, નહીં તો કે હું તુંને હંમેશની બોયકોટ કરી ગુપચુપ હીમાલ્યા પર્વત ઉપર જઇને તપ કરવા બેસશ."

"હં, હં, હં,! બીહ ગઇ! મુવા તમે કોણુને બીધરાવા આયાછ? એ તપને જપની ગપ, મારી આગલ મારતાંજ નાં! કાલે જતાં હોય તો આજેજ જાવની, ને જોઇએ તો હીમાલ્યા પર્વત ઉપરથી નીચે ખીણુમાં કુદકો માર-

જેની? મારી કંઇ બલા. ધુલ નાખી તમારા નામપર—છમસી વિટશે ત્યાંસુધી લોકોને દેખાડવા કાલી સાડી પહેડશું, ને શોક રાખશું, ને પછી—

"હા, ને પછી શું?" આપરે અધીરા બની ડાહયા થઇ વચમાં પુરાયા, "તું પાછી પરણી જશે એમજ કેની? ઓ! જો તેમજ છે તો જાઓ! કલ્યાણુ અસ્તું બાઇ! તારૂં કલ્યાણુ, થાના, થજો! જેજેકાર, જેજેકાર!! (બરીયા તમારા સકાર.)

"પત્થર સાથે ફોડ કપાલ!" કુંવરે જવાબ જરાક થણુકાથી આપ્યો.

પણુ કુંવર જોઇએ તો છેડાય, કે વાત્રની કાની બરાડ મારે, પણુ આની ગમ નોશાકરો જીદદી પારસી હતો, એટલે પોતાના ઠરાવને છેવટ સુધી વલગી રહી તુર્તજ અમલમાં મુકવા કોંગ્રેસ હાઉસમાં દોડી પુગ્યો! અને ૧૬ પૈસા ખરચી કોંગ્રેસનો મેમ્બર થઇ ગયો! અને મને બી. પી. સી. સી. ના પ્રમુખ સાથે ઓલખાવવામાં આવ્યો, જેવણે મને મુરખભર્યો ઓ! આઇ મીન હરખભર્યો આવકાર આપી વલતે દિવસે મારૂં અસલ કાપડ બઝાર, મુલજી જેઠા મારકીટ, કે જ્યાં હું વેલાતી કાપડનો ધંધો કરતો હતો ત્યાં મને બીજા' કોંગ્રેસ વોલનટીયરો, તથા દેશ સેવીકાઓ સાથે, પીકેટીંગ કરવા માટે મોકલી આપ્યો!

પતરાવલ પર લખાયલા ઓરડર મુજબ કમનસીબે મારીજ અસલ દુકાન, કે જ્યાં હું મારા ભાગ્યા જયશંકર ઉંદરશકર સાથે વેપાર કરતો હતો, તેજ દુકાને, મને પીકેટીંગ કરવા ઉભો રાખ્યો! જેમ કરતાં ખચ્ચીત મને ભોંય ભારી પડી ગઇ!—સમજ્યો?

હાય કીસ્મતકી કમનસીબી, બાગબાન કયા કરે?
સોપારીકા હુવા કસુર તો ફીર પાન કયા કરે?

જુના પારસી બાવાજી, માકુજીને નવા લેબાસમાં, આવી રીતે પીકેટીંગ કરતાં જોઇ, બધા મારાં જુનાં ઘરાકો, તથા વેપારીઓ મારી ઠઠા મશ્કરી કરી, છડેચોક બોલવા લાગ્યા, "કેમ રે! મોરના પીછામાં છુપાયલા કાગડા, એ તમે શું નવા ધતીંગ લઇ બેઠાછ? તમો તો વેલાતી કાપડનો ધંધો

કરતાં'તાં, અને એમ એકાએક ખાદીના કપડાં ધારણ કરી, પીકેટીંગ શાના કરવા ઉભા! ઘરમાં તો વેલાતી કાપડ પહેરી ફરો છો, ને લોકોની આંખમાં ધુળ છાંટવા, આમ ધોત્તાં ધાત્તાં ખાદીના કપડાં પહેરી, પીકેટીંગ કરતાં તમોને કાંઇ શરમ લાજ નહીં આવતી કે?"

આપણે તો બા કશામાં હોઇએજ નહીં તેમ ગુપચુપ પીકેટીંગ કરવા લાગ્યા. એ રીતે કોઇ આસામી વેલાતી કાપડ ખરીદતો, તેને સમજાવી પટાવી તેમ કરતાં અટકાવતો. આમ મે બે ત્રણ દિવસ લાગત પીકેટીંગ કર્યા કીધું.

પુજ્ય બાપુજીનું કહેલું માની એક ઉધાર રેંટીયો ને ટકલી ખરીદી, રોજ સવારનાં જલદીથી ઉઠી ચરખો ચલાવતો, અને આવી રીતે એક સહ-વારનાં ૫ વાગતામાં ઉઠી, જરા ચરખો ચલાવતાં પેલું નીચલું જાણીતું ગીત "ચરખા ચલા ચલા કે, લેંગે સ્વરાજ લેંગે," કરીને મારા બાગે બુલંદ, રસીલા, રસગુલ્લાં અવાજે ગાવા માડયું.

ચરખા ચલા ચલાકે, ખાદીમેં સ્વરાજ લેંગે,
મલમલકુ મારેંગે ગોલી, વીલાતસે હમ નહી ડરેંગે!
વિલાયતી માલ દેખકર, દુન્યા બની દીવાની,
દેશી લેબલ લગાકે, વિલાતકા માલ હમ બેચેંગે!
દેશસેવા બજાકર, દેશકા કરેંગે કલ્યાણ,
સબ ગોરેલોકકુ ભગાકર વેપાર હમ લુટેંગે!
કેહના હમારા એ હય, હમ કહે અઇસાઇ કરો,
હીંદુસ્તાન,—સમાજકા, સબ લોગકું ભગા હમ દેંગે!

એટલામાં મારાં મામીજી, ગુપચુપ હાથમાં પોતાની છોરાં જેવી સપાટ લઇ, ત્યાં આવી પુગયાં અને મારો બરડો, સપાટથી પસવારીયો, ત્યાંસુધી આપુને તો બા સુધ્ધી હતીજ નહીં. તેટલાં તો હું ચોંકયો! બાપરે!!

"સપાટ ચલા ચલાકે, બરડાકી ખબર લેંગે." માયાલું મામીજીએ લામડા કાઢતાં જવાબ આપયો, "તું મરે મુવા એમનો એમ! એ વરી શું નવા કોતક લઇ બેઠો! રોજ સહવારના પોહોરમાં ઉઠીને, એ મુવો ચરખો શાનો, પીંજારાની કાની ચલાવી મરેછ! "એમ ચરખો ચલાવશે,

તો શું તુંને સ્વરાજ મલી જવાનું છે નહીં? ને ગોરાઓબી ઘણું લીસા કેની તે એકદમ સ્વરાજ, ધ્રુજતાં કાંપટા આપી દેશે? ને પેલા કહે તેમ "નવરા બેસી નખ્ખોદ વાલે" તેમ મુવો નવરો બેસી, તારી આઇઆઇનાં દોરા કાંય બારેછ? તેના કરતાં સકકારામાં ઉઠી, ભણી કરી, ખોદાયને યાદ કર, કે તે કીરતાર તુંને જરા રતી બુધ્ધી આપે. નકામો તારો કીંમતી વખત કાંય બરબાદ કરેછ? આવી રીતે તું શું દેશનું કલ્યાણ કરી મરવાનો છે? એના કરતાં કોમનું ભલું કરવાનો રસ્તો શોધ, કે તુંને મુવા પછીબી પુન લાગે!" મારાં મીઠ્ઠાં મધ જેવાં માયાલુ મામીજીએ નેક સલાહ આપી.

"દેશનું હું શું કલ્યાણ કરી મરવાનો છું, તેની મને બધી ખબર છે, પણ, એ રેંટીયો શું ચીજ છે, અને તેનો અર્થ શું થાયછ, તેનું તમોને જરાબી ભાન છે કે? નાલ્લે મોંઢે તમો બોલી ઉઠયાં? મામીજી, હું તમોને ચોખ્ખે ચોખ્ખુ પરખાવી દેઉંછ, કે જો તમો ફરીથી મારા ચરખા યા મારા માટે કાંઇપણ આરૂં તીરૂં બોલ્યાંછ કેની, તો તમોને હું બીલકુલ બૉયકોટ કરી, તમારા નામ ઉપર સદાનો છેકો મુકસ, શું સમજ્યાં?" એક લેભાગુ મેજીસ્ટ્રેટ કોઇ કંગાલ કેદીને જેમ છેલ્લી સેનટંસ મારે, તેવાં રૂબાબથી, અને ખોટી ભપકીથી મામીજીને મેં રોકડું પરખાવ્યું! પણ બીજી બાજુ મામીજીબી સજાતનુંજ ફરજંદ હતુંની!

"તો! તો! તો! જાણે હું બધી તારાથી બીહ જવાની! જારે મુવા મોચીના બારણે? એ બધી સુકકી દમદાટી કોણુની આગલ કરવા નીકલ્યોછ? હું કેવી મુઇ ભેંજાની ફેરાવણ છેઉં, તે તું જાણેચ કે? ને તું મુંબાઇના ભેજાં ફાટેલ બૈરાંઓને ઓલખેછ કે? એક વખત જો મારૂં ભેજું ફરયુંછ કેની, તો સગા બાપનીબી નહીં થવશ, ને તુંને મારા વીલમાંથી હંમેશનો રદબાતલ કરશ, સમજ્યો દહાડા બરીયા?" જવાલામુખી ફાટી જઇ મારાં આખાં, ગોરા ગોરાં આંગપર પડીયો હોય તેમ મામીજીએબી મને હાથ ઘાલીને ખુબ લઇ લીધો! બોઇલર બહુ તપી ગયુંછ હેં!

ડોસાંને આવી રીતે તપી ગયલાં જોઇ, સેવકનાં પેટમાં કોઇ લીમજી બીસ્કોટ કરરર કરીને ભાંજતું હોય તેમ લાગ્યું. હા યાર! હાલ તુરત વેલા સ્વરાજ નહીં મલશે તો ચાલશે, પણ, મામીજીનો વારસો નહીં મલશે તો તદ્દન રવડી જઇશું. શું ફુટપાઠપર હેલપાંતી કરવા જશું, તે આપરાથી બનેજ નહીં. જો મામીજીનો વારસો નહીં મલશે, તો શું પંચાયતનાં હીસાબે ડુંગરવાડી ચઢીએ! માંડી વાલો યારો! માંડી વાલો!

તેથી નીચી મુડી કરી ગુપચુપ બેસી રહયા, અને સાત વાગેલા હોવાથી ગુપચુપ ખાદીની ટોપી, પગમાં ચંપલ અને ખાદીનું ખમીશ પહેરી, પ્રભાત ફેરીમાં જોડાવા સારૂં ઘરની બહાર પડીયા.

મામીજીનું ખાસ ગેરવવા ખાતર, પ્રભાત ફેરીને લઇને, હમારા ઘરની બરોબર નીચે ઉભો રહી, નીચલું ગાયણુ, મોટે મોટે જીવડો કાઢી, ગાવા માંડીયું:—

પ્રભાત ફેરી ગાયણુ!

આવજો, આવજો, આવજો રે, તમો પ્રભાત મંડલમાં આવજો,
લાવજો, લાવજો, લાવજો રે, તમો મીત્ર મંડલને લાવજો;
પ્રભાત મંડલનાં કાર્તન કરવાથી સ્વરાજ જલદી મલશે રે—
—તમો પ્રભાત.

શુરા સરદારોની શોભા વધારશો, દુખો તમારાં તલશેરે—
—તમો પ્રભાત.

ખાદીના કપડાં આંગે ધરીને, ઘેરબારનાં લીલામ કરજોરે—
—તમો પ્રભાત.

કંઇકોનાં રૂવાન રવડાવીને, તમે ચીંગા મીંગા ફરજોરે—
—તમો પ્રભાત.

આ સાંભલતાંની સાથે, બારીએ આવી, ડોસાંએ હમો ઉપર ગરમા ગરમ ખખરતું, મરચીના પીછાં એક મીનીટમાં નીકલી જાય, તેવું થંડું

આઇસ ક્રીધેલું, ચુલ્લા પરથી એમનું એમ મોટું ગરમ પાણીનું તપેલું લઇ ઉપરથી હોમાવ્યું!

"તમે મરે, મુવા દુવારો! સહવારના પોહોરમાંજ નોરતાંવાલીઓને મોહોલ્લામાં લઇને શાંના ધસરઇ પડીયાં! મુવો સહવારના અસ્તમનું લોબાણ મુકવાનોબી કરાર નહી. તમે નડતાં મરે! પછી મામીની ચોરીયામાર નઝર મારી પર પડતાં, તેવણે તો જીવ કાઢી નાખ્યો.

"આંય મુવો મારો પાલેલો કુતરો! એક નીમકહરામ, અક્કલ વેચીને, કોડીયામાં તેલ પુરેછ તે જોયુંની! એવું બ્હારૂં તો આવેછ કે ચીપ્યાએ કરીને નાકજ ખેંચી કાઢું! સારા માણુસને એમ રસ્તે રસ્તે નોરતાંવાલીઓ સાથે નાચવાનું તે શોભે? પણ મરી ગયો મુવો દેવ તો ધરીયો ધરાતો નથી. કોણુની રજાથી તું ઘેરની બહાર નીકલ્યો? તારા કોહાંપર બાવણુ કાગડા—ઘે! શુઉ પડી તારા જીવતર પર ને તારી કોહેલી કેલવણી પર તે તુને કેલવતાં-ઓનેબી શેતાનનો હવાલો! મરધો માટીડો, રસ્તામાં તાબડા ફોડીને નાચે! આય તારૂં આજનું "એનજીનકેશન" કે? ફીટરે તમારા ઢોંગો પર!"

જાણે આટલું ડોસાનું ભાશણુ ઓછું હોય તેમ, મારી એક પુરી, કાકરી ચીભરાં જેવી ભોલીભાલી ધણીઆણી કુંવર, દાતણુ કરતી કરતી, જીવ કાઢવા વચ્ચે પડી. "અરે તમારો દોઝખમાં થાર થાયરે માકુજી! તમારી હું આય બત્રીસ દાંતની વીસનખી, જીવતી જાગતી, તમુને ખાય કરડે તેવી છું, છતાં મુવા પોરાચોરા ને ચીંગા મીંગા થઇને પારકી અસતરીઓ સાથે નફટ નાંકે, નાચવા નદરવા મંડી ગયા? મુવા તમોને નાક છે કે ખુપરો! કોઇ કદાચ મને સાથે ફરવા લઇ જવા જ્યારે હું કહેતી, ત્યારે તો, કંઇનું કંઇ બાહાણું કહારતાં, કે મને પેટમાં દુખેછ, મને તારી સાથે ફરતાં શરમ લાગેછ? ત્યારે તમોને પારકી બાઇઓ સાથે ફરતાં પેટમાં ગીલી ગીલી લાગતી હોશે, નહીં વારૂં? હટ, મુવો હીચકારો, હાફ્બોઇલ્ડ માટીડો!"

"બસ, બસ, કુંવર! એવું ખુદા ખાતર વાંકુ—ટીકું બોલી, મારો ગુસ્સો ના ઉકલાવ, ને આય ભર લોકમાં મારી આબરૂ પર હુમલો ના કર.

મારી માય કરૂં, જરા હવે મુંગી ગગર." એમ કહી મેં કુંવર પાસે જઇ સામેના ઓડીયંસની દરકાર કર્યા વગર, તેણીને જરા કીસી કોટી કરી, મારી રોમાન્સ શરૂ કીધી, પણ કુંવર બંદી તો એકદમ દેમાવંદ પહાડ પરજ ચઢી બેસી, "શું કામ મુંગી રહું. તમારી માય માસીનું કંઇ લીધુંછ ખાધુંછ કે મુંગી રેહું? બસ હવે મારી આગલથી એકદમ દુર થાવ. જો એમ ફરીથી હવે કોટાકીસી કરી, મારી મર્યાદાનો ભંગ કીધોછ કેની તો, મારા ભાઇ ભીખાજી ભાખરાને કહી, તમારાં હાડકાં પાસરાં ભંજાવી નાખશ, માટે, ચેતીને ચાલજો, સમજ્યા કે? પેલી કહેતી યાદ કરો માકુજી કેઃ—

"A flower is to smell, but not to pluck. A wife is to see, but, not to touch!"

"તમુને સુધરવાની મેં ઘણી તકો આપી, પણ સુધરવાને બદલે, તમો તો દહાડે દહાડે બગડતાં જાવોછ. માટે, હવે મોત ચેતી, ગુપચુપ આબરૂ ઇજતમાં ઘરે ચાલો. અહીં વધુવાર થોભવામાં શોભા નથી!" અને એ રીતે મારી દાકણુ પરણેતર, પોતાની બાર હાથ જેટલી, કાતીલ છીભ ચલાવી અંતે દપટ પડીયા! (ચાલો પાપ પત્યું!) એવી નેક ભલી સ્ત્રીઓ, કાંઇ બધાંનાજ નશીબમાં હશે?

જાણે કાંઇ બન્યુંજ નહી હોય, તેમ સેવકે, મુએ મોંઢે માથું ધવરતાં, ઘેરની સીડીના પગથીયા ચઢયા માંડીયા કે દરવાજા પરજ દાકણુ નંબર દુ મારી અશરાફ સુનામામી વલી ચવલી બાંસુનાં બે ચાર ફુટકાથી મને વધાવી, મારા પાંસરાની ખબર લેવા, ગાર્ડ ઓફ ઓનર તરીકે ઉભેલીજ હતી!

મેં જોયું કે મારી ધણીઆણી, મામાજી તેમજ મામીજી, દેશ સેવા બજાવવાનાં મારા કામ તથા ધખારાથી બીલકુલ નારાજ હતાં, વખત આવવે કદાપી મારે જેલ જાત્રાએ જઇ મારી કીંમતી જીંદગીનો નકામો ભોગ આપવો પડશે, તેમજ ડોસાંએ આપેલી ધમકી પ્રમાણે જો એવણુ મને પોતાના વીલ માંથી સાવ રદબાતલ કરશે તો હું સદાનો રઝરી જવશ, એ સઘળાં સંજોગો ધ્યાનમાં લઇ, મેં દેશ સેવા બજાવવાનો મારો તાજો તફડતો ધખારો હાલ

તુરત તો મોકુફ રાખવાનો ઠરાવ કીધો, અને તે મારાં પુજ્ય મામીજી આગલ રજુ કરતાં મેં કહયું.

"મારા અસીલ વહાલાં મામીજી સુનાબાઇ, ખુદા તમોને સ્વરાજ મલે, ત્યાં સુધી અમારે માથે સલામત રાખે. બસ ખુશી થાવો! ખુશી થાવો! બરફી ખાવો! કેમ જે આજથી આય તમારા, કપાસનાં ફુલ જેવા ફરેસ્તા ભાણુજાએ, તમારી રૂડી સલાહ માની, દેશ સેવા બજાવવાનાં ધખારા પર હાલ તુરત તો ફુલસ્ટોપ મુકયોછ."

"બધી તારા પરથી મરી જાવું રે, મારો કેવો કહયાસરનો સ્યાનો દીકરો છે! પેલાં કહે તેમ 'વારેલાં નહીં વલે પણ હારેલાં વલે' તે મુજબ તું અંતે સમજયો, તે માટે હું ખુદાનાં શુકાના કરૂંછ. ચાલ મરૂ, તું ભુખો થયો હશે? (ખવરાવોની મામીજી!) મારા દીકરાને કમર કાકરીની રાબડીબી પીવાડું કે ભેજાંનેબી તરી મલે. ચાલ અંદર મારી સાથે, ને જરા ગોશરોજની ચાશણી આવીછ, તેબી જરાં મોઢાં ગમી કર, ગોશ ઇઝદ તુંને મદદ કરે ને તારી એ દેશસેવા ને ભેંશ સેવાનાબી ગોશના બોટાં કરે!"

"પ્લીઝ યોર સેલફ, મામીજી! આઇ એમ કમીંગ, મામી ડાર્લીંગ!" અને મામીજીની પુંઠે તેવણુના પોતાનાંજ પાલેલાં કુતરાં જેવી રીતે ચાલે તેમ સેવકબી તેવણુ સાથ ધસરાયા!

> મામી સમજી એ રીતે ને કુંવર પડી શાંત,
> દેશ સેવા પર મીડું પડયું, લોકમાં રહી મુંજ આંટ!
> વીલમાં રહયું નામ અમ્મર ને સેવકની થઇ જીત,
> જોઇ લેવ દેશ સેવા બજાવાની ફેશનેબલ રીત!

અને આ પ્રમાણે હજુ સુધી મામીજી અને કુંવરની હાડમારીઓ ખમતો બેજાર બેજાર થઇ, હાલ તુરત તો મામલો જરા થંડી પોઇંટ પર હું લાવ્યોછ. જોઇએ તો ખરાં કે આગલ શું શું આપણાં લાભમાં બનવાનું છે તે!

——:o:——

સ્ટેશન નંબર ૭. બોરીબંદર!

સ્ટેશન મોટું બોરીબંદર
પંદર પ્લેટ ફોર્મ તેની અંદર
લોકોની હોય જ્યાં ધમાલ
માંકો ત્યાંજ કંઇ કરે કમાલ!!

માકુ માઈ ડીયર—મેયરની ખુરશી પર!

મગર ચોકકસ કારણોને સબબે, સેવકે એ માન સ્ઠીકારવાને, ઘણી મરજી છતાં, નાખુશી બતલાવી!

વાંચનાર મહેરબાનો, તમો આગલ અત્યાર આગમચનો, હું એક કેળાની લુંગર જેટલો ધરખમ અને અગત્યનો ખુલાશો કરતાં ભુલી ગયો છું, તે માટે તમારી દરગુજર ચાહું છું, અને મનમાં જરાપણ ઓછું લાવશો નહીં. અગર ઓછું આયું હોય તો એક ચન્યું બોર ખાઇ જશો (ઠરીયા સાથે!) મારા સમ, ને જીવ ઉછલી આવે તો શાંત પડશે! કુલ જેહાંન, સાવ હિંદુસ્તાન તથા મુંબાઇ શહેરનાં સર્વે રહીશોને સારી રીતે રોશન છે કે સેવક, ખુદબખુદ માકુજી માઇ ડીયર ઉર્ફે માકુ ધાનશાક, આજ કેટલોક વખત થયો, કોરપો-રેશનમાં એક ઉપયોગી સભાસદ તરીકે મુંગે મોંઢે, શહેરની સેવા બજાવે છે. દર ત્રણ ત્રણ વરસે જ્યારે નવી કોરપોરેશનની બેઠકો માટે ચુંટણી થાય છે, ત્યારે સેવક બીજા અલફાતું ઉમેદવારોની માફક છાપાઓમાં, મેનીફેસટો છપાવી પોતાનો ફેરતો કરાવતો નથી. મતો, સીંગલ કપ ચાહે અને પા દજન વાઇન કેક ખવાડીને વેચાતાં લેતો નથી. મતદારોની ખરબચડી દાઢીમાં હાથ ઘાલી, રઠી તતરી, મસકાપાલીશ આપી, મતો કેનવાસ કરતો નથી, અથવાતો આડા-તીરા ખરચો કરી, હજારો રૂપીયાની ધુલધાણી કરતો નથી!

સેવક, પાયધુની કાઉન્ટી યાને વૉર્ડમાંથી બહાર પડતો હોવાથી, મતદા-રોને, એક સીગલ કપ ચાહ, નહીં તો કે પુના દેશી સાદાની પાનપટી હમેશાં

ખવડાવી દેતો કે, બીચારાઓ આપસી મેલે ત્રામમાં બેસી યા પગે ચાલી આવી, ગુપચુપ, સેવકની તરફેણમાં, પોતાના બંદર બોટા જેવાં કીંમતી મતો નોંધાવી, ત્યાંથી ચાલતી પકડતા. એ તો બાપુ પેલાં કહે તેમ, જેવા માણુસ તેવી વાત! પણ તમો મારાં મુરંબીઓ તથા વખાણનારાઓ આગલ, જરા-પણ અચકાયા વગર કે શરમાયા વગર, ખુલ્લે દીલે જાહેર કરૂં છું, કે જો કે હું કોરપોરેશનનો લાઇફ ટાઇમ ઉમંગી મેમ્બર છું, છતાં મારી હાજરી તપાસશો તો ઘણીજ કંગાલ માલમ પડશે. પણ તેમા મારો જરાપણ કસુર કહેવાય નહીં, કારણ કે, હું આખો દીવસ એટલે તો બીઝી રહુંછ (ખાટલા પર પડી ઉંઘાવામાં!) કે મને ખાવાનો, પીવાનો, કે દાઢી બોડવાનો પણ વખત મલતો નથી! સહવારનાં છ વાગે ઉઠીયે, તે સાંજનાં સાત વાગતાં સુધી બસ કામ, કામને કામજ કરવાનું, અને અધુરામાં પુરૂં, મારે નશીબે બીજાં ઘણાં લફરાં લાગેલાં છે, કે સેવક, મુંબઇના પારસીઓના દોખમાની દીવાલનાં દરવાજાનો ત્રસ્તી, હિંદુસ્તાનના સઘલાં પીઠાં એશોશીએશનનો ચાલુ ઓનરરી, (રરી તતરી) સેક્રેટરી, પાંજરાપોલ ગૌરક્ષક મંડળીનો પ્રમાણીક ત્રેઝરર, બળેવ મેળા કમીટીનો મેનેજર, રોમીયો જુલીયત સોસાયટીનો ઓડી-ટર, વીગેરે, એટસેતરા, ઇતયાદીમાં પુરવીણ એટલે બાપુ, આટલી બધી રોકાણો ને જંજાલો હોવાથી, હું કોરપોરેશનની મીટીંગમાં મારી પોતાની હાજરી તે કયાંથી આપી શકું? તે છતાં પણ જ્યારે હું મારી ફકત બેજ આંખે જોતો કે, પેલા મારા ખેરખાહો, કલેજાંના કટકાઓ, મીટીંગમાં તોફાન કરવાના હોય, અથવા તો પારસી કોમ માટે કંઇપણ ચર્ચા ચાલવાની હોય, ત્યારે બે ત્રણ કલાક આગમચથી જઇ, મારી બેઠક લેતો, અને ઝનુનમાં આવી આઠોઆઠ તકરાર ચલાવતો, અને સાથે રોજર્સની પેનનાઇફબી ખીસામાં રાખતો, અથવા તો જ્યારે હું જોતો કે મારી પાસે એક સીંગલ પારસી કપ ચાહ પીવાનાં ખીસામાં ડોસમોરીયાં નહીં હોય, ત્યારે તો જરૂરજ જતો, અને કપ ચાહ પી, એકદમ કેક ખાઇ, મીટીંગમાં જઇ સૌથી છેલ્લી હારમાં બેસ્તો, અને બે ત્રણ મીનીટમાં કોઇનું ધ્યાન નહીં પડે તેવી રીતે ગુપચુપ પછવાડેથી છુઉ થઇ જતો. વલી, હું એક શહેરી બાવો થયો, તેથી મારે

માથે જંજાલ ઘણી હતી. મ્યુનીસીપાલીટીમાં કોઇ ગટર માસ્તરનો પોસ્ત ખાલી પડતાં, અનેક ઉમેદવારો, સોલા ડોલા, મકકાઇ બુઠઠા આવીને મારૂં માથું ખાતાં'તાં, કે, "માકુજી શેઠ, આ પોસ્ત માટે હું લાયક છું, અને એક સીનીયર ઓફીસર તરીકે મારો હક છે. માટે મને તમારૂં વૉટ આપજો, અને મારે સારૂં મહેરબાની કરીને તમારો, લીમજી બીસ્કીટ જેટલો ધરખમ લાગવગ લગાડી બીજા વોટો કેનવાસ કરજો."

જ્યારે બીજા હાથ ઉપર ધનજીશાહ ધોનફોડું ઉરફે ધાઇમારૂ આવીને કહેતાં કે, "માકુજીબા, ખુદા ખાતર તમે ઓલા સોલા ડોલાને તમારૂં મત ના આપતાં, અથવા તો કાંઇપણ મદદ કરતાં ના. કારણ કે એવણ જો ગટર માસ્તર તરીકે મુકકર થાય તો મારા હકને મોટો ગેરલાભ થશે, માટે હું આય તમારાં હાથમાં સો નો, કોરો કકરતો ટુકડો સેરવી દેવુંછ, તે ગુપચુપ લબ્બે કરી જાવો, અને જો તેમ નહીં કરશો, તો ખાત્રીથી માનજો કે પઠાણો રોકી, તમારાં હાડકાં પાસરાં ભંજાવી નાખશ! સમજ્યા કે મોટા બાવા?" આવી આવી ધાક ધમકીથી, અથવા તો મરકાપાલીશથી હું ઘણો કાયર થઇ ગયો હતો રે, પણ કરીએ કેમ? એ તો બા સાઘ્ધી ફાધર, ઓ આઇમીન સીટી ફાધર, શહેરી બાવા થયા એટલે બધી મુસીબતો તો ખમવાનીજ!

હવે આપણે મુલ મુદ્દા ઉપર આવી જઇએ. અસલ વાત એમ છે કે, પાછી આ વરશે, કોરપોરેશનના મેયર તરીકે, ચુટાવાની પારસીનીજ ટર્ન હતી, જે માટે અત્યાર આગલનાં ત્રણ પારસી ઉમેદવારો બહાર પડી ચુકયા હતા. મેં પહેલે એક ઉમેદવાર તરીકે બહાર પડવાનો વિચાર કીધેલો, પણ, ચોકકસ ખાનગી અને નહીં દુર કરી શકાય, એવા કારણો લીધે, (કે સભા મીટીંગોમાં હુલ્લડ ફાટવાની ધાસ્તીને લીધે) મેં મારો વિચાર માંડી વાલ્યો હતો, છતા મારાં દોસ્તો તથા મારા વખાણનારાઓ, મને એક ઉમેદવાર તરીકે બહાર પડવાને, મારી સુરતી મલાહી જેવી દાઢીમા હાથ ઘાલીને ઘણુંજ કાલા ને વાલા (!) કરવા લાગ્યા, અને રોજ દહાડામાં પાનસો વખત તો ટેલીફોન ઉપરબી, બસ મારી પર દબાણુ ચલાવવા લાગ્યા.

દુર ભાગ્યે એક વખત, મારાં મામીજીએ મારી ગેરહાજરીમાં, ટેલીફોન ઉપર મારા ચાહનારાઓ તરફથી આ બાબદની ખબર મેલવેલી હોવાથી, ઘરે ફરતાંની સાથ, મને ફાડીજ ખાવા લાગ્યાં!

"કેમ માકા! આય નવા ઢોંગ શું લઇ બેઠોછ? તું મેયર શાનો થવા નીકલ્યો? મેં તુંને જેમ તેમ કારપોરેશનનો મેમ્બર થવા દીધો, તેનો આય નતીજો કે? એ બધું આપરા જેવા સાદા માદાઓને શોભે કે? આપરા બાપદાદાઓની માફક ગુપચુપ મુલજી જેઠા મારકીટમાં બેસી ધોત્યાં વેચ ધોત્યાં! તેમાંજ માન તથા શોભા છે, સમજ્યો કે? દુકતા, હું તુંને સાફ સાફ કહી દઉંછ કે, જો તું મારાં હુકમ પ્રમાણે નહી ચાલ્યો, તો તુંને મારા વીલમાંથી એકદમ રદબાતલ કરશ. અને તારા શોકમાં ને શોકમાં, ઘેરબાર છોરીને ગીરનારનાં પર્વતપર ચાલી જવશ, તે તારાં ભેજાંમાં એ સાફ સાફ ગોખી રાખજે!"

મામીજીનું ભાશણ સમજીને આપણે તો ગુપચુપ માથું ધવરતાં બેસી રહયાં, પણ, અસ્તો મારા મામીજીનો આ જુલાબ થોડો હોય તેમ મારી હાથની ધરતી (ઘેરઘેર ફરતી!) કુમી, વીછીણની માફક પાછી ધાંટા પાડવા કુદી પડી!

"ખબરદાર માકુજી, તમે કોણુની રજાથી મેયર ને ઘેફર થવા નીકલ્યાછ? એમ માનના ભુખા, શોભાના પુટલા, મેયર થઇને તમે દેશનું તથા પારસી કોમનું શું કલ્યાણ કરી નાખવાના હતા? એક મેયર તરીકેનો મોભ્ભો જાળવવાનાં ખર્ચનો કંઇ ખ્યાલ કીધો કે? નહીં તો કે પેલાં કહે તેમ 'મીયાં બાંકા, ને ડગળીમે સોસો ટાંકા' ભરમ ભારી ને ખીસા ખાલી જેવી વાત છે! હું તમને ખુલ્લે ખુલ્લું કહી દઉંછ, કે હું તમને દર મહીને પોકેટ ખર્ચ તરીકે બાર આનાથી, એક પાઇ પણ જાસ્તી આપશ નહી. (આય મારૂં દુબલાં જીવનું બૈરૂ બોલ્યું. કેટલો મોટો જીવ છે. જીવતી રહે પોતાનાં ધણીનાં સ્લીપરનાં તલ્યે!) પછી ભલેને તમે જોઇએ તો કોઇ મારવાડી પાસે હુંડીકા લેવ, યા તો કોઇના ખીસાં કાપો, તેની સાથે મને કાંઇ લાગતું

વળગતું નથી. ને મારૂં કહેલું જો નથી કીધું તો, હું તમારા ઘરબારને, તેમજ તમોને છોડી ચાલી જવશ."

ચાલો થઈ ચુક્યું ! આપણે તો મસમનમાં સસમમજી તો ગયા કે, મુંઇ કુંવર મને જરાપણ જંપીને બેસવા નથી દેવાની, ને જ્યાંબી જવશ ત્યાં ટીખ્ખુ તમતમનું ઝેરી બાચકું ભરશે, તેથી – ચોક્કસ ઠરાવ કીધો કે, કોઇપણ સંજોગ હેઠળ મારે મારી ઉમેદવારી બહાર પાડવી નહી, અને અસ્તો એ વીચારને અમલમાં મુકું તેટલામાંતો મારાં સઘલાં દોસ્તો, મારૂં ભલું યા બુરૂં ઇચ્છનારાઓ, મારા સગાંઓ, વખાણનારાઓ તેમજ છાપાના પ્રતીનીધીઓ, વીગેરે, ઇંટ ભરવાની મોટી ચાર ટનની લોરીસમાં લેવટાનીકાની સીંચાઇને, મારે બંગળે મળવા આવ્યાં, અને મને કહેવા લાગ્યા કે "માકુજી શેઠ તમારે કોઇપણ સંજોગ હેઠળ, મેયરનો ઓધ્ધો, તમારી આવી લાયકાત જોતાં કબુલ રાખવોજ પડશે. કારણ કે તમો જીવી જીવીને હવે કેટલાં વરસ જીવવાના છો, વાસ્તે તમારે આવી તક જરાએ ગુમાવવી જોઇએ નહી. મામા મામીના કોચરાના સાલનાં વિચારો પર તે કેવું ધ્યાન આપવાનું ! અમોને સારી રીતે ખબર છે કે થોડા વખતની વાત ઉપર જ્યારે ક્રીમેટોરીયમનો સવાલ, કોરપોરેશનમાં ચરચાયલો તે વખતે, એક ઓરથોડોક્ષ ઝનુની પારસી તરીકે, તમોએ આ ક્રીમેટોરીયમ હડકાં સામે મજબુત ઝુંબેસ ચલાવી હતી. જેની પારસી પંચાયતે, એકમતે પોતાના દફતરમાં નોંધ લીધી હતી. અને જ્યારે વીર વરજલાલે, શ્રીયુત પ્રાણજીવન પોકલદાસ કેદ પકડાવાના માનમાં મીટીંગ પોસ્તપોન કરવાને દરખાસ્ત મુકી હતી, તે વખતે પણ આપ સાહેબેબી ધાનશાક ને કાબુલી દાડમ પર ઘંડા દપાટતાં, તે દરખાસ્તની સામે મજબુત વાધો લઇ, તે દરખાસ્ત ઉડારી મુકી, મીટીંગ બરખાસ્ત કરાવી હતી.

થોડાંક વખતની વાત ઉપર, મુંબાઇમાં થયલાં હુલ્લડ વખતે તમોએ ઘણો આગેવાન ભાગ લઇ, ઘણી હીંમતથી તથા બહાદુરીથી હાથમાં દંડુકા તથા સોડાવોટરની બાટલીઓની મદદથી, તેમજ તમારા રાક્ષસી હાથની, કસારી

જેવી મકકમ મુકકીઓથી કંઇકનાં માથાં ફોડયા હતા. તમારી લાયકાતો વિષે બોલતાં, અમો જરાપણ કહેવાને બીલકુલ અચકાતા નથી, કે તમો એક સીધ્ધા, ઉંચા, ચુસ્ત, ઇંચેઇચ અને પુરેપુટ, જરથોસ્તી ગૃહસ્થ છેવો. કોરપોરેશનના પ્લેટફોર્મ ધુજાવનારા, સરકારના ખાંધીયા, અને ગરીબોના બેલી છેવ, તમો એવા છેવ, તેવા છેવ, વીગેરે વીગેરે, તો આટલી બધી લાયકાતો છતાં, તમો શા કારણુસર મેયરનો ઓધ્ધો નાકબુલ રાખો છો?

ઉપલા સવાલોનો હજું તો એ મીત્રો આગલ કાંઇપણ ખુલાસો કરૂ, તે પહેલાં, મારાં મામીજી એકાએક, ત્યાં આવી પોહોચ્યાં, અને તે લોકો મને બંગલે મલવા આવેલાંની ખબર પહેલેથી મેળવેલી હોવાથી, મામીજીનો એકદમ રોજર્સના જીનજર થઇ ગયા, અને સરસ્વતી ચોપડી, સૌને No Permission without Admisson, અને Trespassers will be executed and then prosecuted,"ના પાટીયાંઓ બતાવ્યાં, સુકકી દાટી કીધી કે, "જો તમે લોકો, હમારૂં ઘર એકદમ છોડી નહી જશો તો, પોલીસને બોલાવી, તમો લોકને બાહેર કાઢવામાં આવશે, તેથી મારા દોસ્ત બીરાદરો, ગરીબ બીચારાઓએ ના છુટકે, ત્યાંથી ગુપચુપ ચાલતી પકડી. પછીજ મામીજીબી, અફાલઝીક કરતાં ત્યાંથી ખરતાં થયાં.

ત્યારે મેં જોયું કે મારા હેટના કટકાઓ કદાચ મારે સારૂં ગામમાં કંઇ ખોટી ગપ ઉડાડશે, તેથી મેં મુંબઇનાં મેયરનો ઓધ્ધો, લોકોની મજબુત માંગણી છતાં, નામંજુર (જાવાનો ખજુર) રાખ્યો! તેના કારણો બુલેટીન મારફતે બહાર પાડયાં, અને સાથે સાથે લોકોની જાણ માટે મારૂં નીચલું સ્તેટમેંટ બીજાં અનેક છાપાવાલાઓને પ્રગટ કરવાને આજીજી કીધી:—

માફુ માઇ ડીયરે મેયરની ખુરસીનું બલીદાન કાં આપ્યું !

વાંધો પહેલો !

માજી મેયરનો ઓધ્ધો નામંજુર રાખવાનો, મારો મુખ્ય અગત્યનો વાંધો ટાઇમનો છે. સેવક એક ઘણુાજ બીઝીમેન છે, અને પેલા કહે તેમ, Time is money for me. સહવારે બીછાના ઉપરથી ઉઠતાંને વાર દાંતણુ કીધું કે નહી કીધું, મોઢું ધોયું કે નહી ધોયું, જોભરયા કે નહી જોભરયા, કે તુરત ૭ વાગતામાં મીલ ઉપર દોડી જવાનું, અને તપાસ કરવાની કે મીલવાળાઓએ, ધોતીયાં બરોબર ઓરડર પ્રમાણે બનાવ્યાછ કે નહીં ? અને જો નહી હોય તો તેમની સાથ ખટપટ કરી ભેજાંનું દહીં કરવાનું. પછી ઘરે આવી બે પાંચ મીનીટમાં, સુકકા પાંઉના દખુસા મારી બજારમાં જઇ, ગાદી તકીએ પલાંથો મારી, ધોત્યાં વેચવાના, અને જાપાનીઝ ધોત્યાં પરની લેબલ ઉખેડી, "Born & Made in India ની નવી નવી લેબલ ચીટકાવવાની. જે બાદ, સાંજનાં મીલની ઓફીસમાં જઇ, પેલા ચીરૂત્યા ગોરા સાહેબાઓ સાથે, ડીલીવરી તથા માલ માટે ભેજાં દુખણુ કરવાની, અને પછી ઘરે જઇ લગભગ સાતેક વાગતે, મેમસાહેબને, જરા આમતેમ, કુતરાંને ફરવા લઇ જાય તેમ, "બાબા ગારીમાં" ફરવા લઇ જવાની. પછી ઘરે આવી કોઇ સગુ વાહાલું, આડોશી પાડોશી, કે દોસ્ત દુશમન ધપી ગયું હોય તો, તેને ઘેરે ટોપલો ભરીને દીલાસો દેવા જવાનું. તો પછી હું વખત કયાંથી લાવું ? અહીં તો જો મેયર થયા તો બીજી વધારાની ફરજો બજાવવાની. દરેક કોરપોરેશનની મીટીંગમાં નીયમીત હાજરી આપવાની, કોઇ ગવરનર વોઇશરોય, કે કોઇ મોટા સરકારી ઓધેદાર, મુંબઇ આવે કે રવાના થાય ત્યારે, તીરીમ ટાઇટ થઇ ઇસતેશન ઉપર, ખીસામાં ફુટી બદામ નહી છતાં, ટાઇમસર હાજરી આપવાની, જરા ગવરનર

સાહેબને સરખમ થયો તો ખબર પુછવા સરકારી મહેલ તરફ જવાનું, કોઈ મોટા ઓધેદાર ધપી ગયો, કે કકરતી સફેદ દગલી પાઘડી, પહેરી પાયદસ્તે જવાનું. અવારનવાર સરકારી મહેલમાં તથા અહીં તહીં થતાં ડીનરો નાચ-પાર્ટીઓમાં હાજરી આપવાની, તો પછી, એ બધો વખત કયાંથી લાવ્યે ?

વાંધો બીજો !

હવે મુખ્ય વાંધો ખર્ચનો છે. એમ મેયર થયા તો કંઈ છાટી કાઢી, ઉંચી ખુરશી ઉપર બેસી રહેવાયછ કે ? ઓધ્ધાને છાજતો ખર્ચ તો કરવોજ પડે, ને એક ખાસ સ્ટાફ રાખવો પડે, ગાડીવાડી, બંગલા, મોટર તો પહેલાં જોઇએ. માનો કે હું જીગર ચલાવી મોટર રાખું તો લોકો મારા ઉપર થુંકે, અને કહે કે, "બીચારા બાવા, કાકા, મામાં કરકસર કરી, છેક કોટથી તે પેલાં પાયધુની સુધી, પગે લેગીન્સ બાંધી ચાલતાં, કામ ધંધે સીધારે, ત્યારે તેવણનો આ અકકડપુસ, ચૌદસનો ચાંદ જેવો ચીરંજીવ, મોટરમાં બેસી લાડ કરે, એ તે કયા ઘેરનો કાયદો ?"

કેમ બીરાદરો ! આ મારૂં કહેવું વાજબી છેની ? રીવાજ મુજબ, મેયર તરીકે, ગવરનર સાહેબને કોરપોરેશન હોલમાં એક મોટું ખાણું આપવાનું, જે માટે દોઢીયાં છુટથી ખરચવા પડે, સેવકના બાપદાદાએ, હાથે હાથે ખાઇ, અંગોઠા ચાતી જન્મારો કાઢેલો, તો હવે મને છરી કાંટાએ તે કયાંથી ખાતાં આવડે ? એક તો તમારાં બંદાને વારે ઘડીએ અગર ગચર ખાવાની બદહજમી થવાની ટેવ હોવાથી, અને પગે અવાર નવાર ગાઉટ થઇ આવતું હોવાથી, દારૂને જરા પણ હાથ નહી લગાડવાને, મારાં ફેમેલી બીસ્કોટ ડોકટરોનું મને ફરમાન હતું, તે છતાં પણ, જ્યારે ગવરનર સાહેબ તથા પરોણાઓનો (પાંઉનો) ટોસ્ત લેવો પડે, ત્યારે તો ફરજ્યાત દારૂ લેવોજ પડે, તેનું કેમ ? એમતો સેવક, જ્યારે પીઠાંઓ આગલ પીકેટીંગ કરતો, ત્યારે પીકેટીંગ કરવાં પહેલાં જરા પીઠામાં જઇ,

પાસેર મોસંબી જીનજરમાં લઇને નાક ભીંજવતો, અને પછી બહાર આવી "દારૂ પીના હરામ હય" કરીને દેશ સેવાની બુમો પાડતો. તેથી જો હવે હું વેલાતી દારૂ ગવરનર સાથે, ખાતાં ખાતાં પીઉં, તો લોકો મારે સારૂં શું ધારે? બીજું મેયર તરીકે કારપોરેશનના મેમ્બરો, માજી ગવરનર સાહેબ, તથા મુંબાઇનાં શહેરીઓના માનમાં એક ફરજ્યાત, ગાર્ડન પાર્ટીનો મેલાવડો કરવાનો, અને તે માટે મને છુટથી પૈસા ખરચવાનાં, (પેલા મારાં મીસીસના પોકેટ ખરચનાં બાર આનામાંજ?) જે કરતાં સેવકની છાલ ધસાઇ જાય કે વસાઇ જાય, ને મામા મામીને નાદારીનો બીલ્લો, ઇસમાલ કાજકોર્ટનો લેવો પડે, તે તો જુંદું! કોણુ જાણે મારે નસીબેબી કમબખ્ત કંઇ ગોવાની કે ડરબીની સોરતીબી નહીં લાગી જતી, કે ચપ દેતો કે મેયર થઇ બેસું, કે બધી પંચાત મટી જાય. મારી મીસીસેબી પહેલેથીજ મને ચોખ્ખું ઉધાર પરખાવી દીધેલું કે, "ખબરદાર માકુજી, એ તમારી ગાર્ડનપાર્ટીઓ અને નાચ પાર્ટીઓ, ખાણુંના મેલાંવડાઓ, કંઇ મારી આગલ બીલકુલ ચાલશે નહીં. એમ જરા જરામાં ટીપાર્ટીઓ અને નાચ પાર્ટીઓ આપી, પારકી ઓરતો સાથ નાચશો નદરશો કેની તો પછી હું તમારી સામે જના-કારીનો આરોપ મુકી ગામમાં તમારી લેવરી લેવરી કરાવશ. આપણે તો, બા બાપદાદેથી ગામડીયાં બોચ જેવાં સાદાઇથી રહેવાવાલા, તેથી માકુજી, ખુદા ખાતર એવી બધી ફીશીયારીઓ છોડી દઇ, તમારાં કામ ધંધા ઉપર વધું ધ્યાન આપો, ફીશીયારીમાં હરકત ને ધંધામાં બરકત છે, મરૂં."

ખચ્ચીત, મારી બૈરીનું કહેવું તદન વાજબી છે, કારણ કે, મારે મારૂં કુટુંબ પાલવાનું તે મારેથી આવા લખલુટ ખરચો, તે કયાંથી થઇ શકે? અલ્લાહ જાણે મારાં કરમમાંબી શું કાણું હશે, કે મારા વડવાઓ તથા બેશીઓ મારા નામ ઉપર કંઇ સારી જેવી રકમ કરી નહીં ગયા, નહીં તો અત્યારે સેવક કંઇક નવું જાુનું કરી બતલાવતે. અને બધી ધમચકરોઓ કરી મુકતે તે તો જાુદું? અરે સાહેબો, હું ફકત અર્ધો કલાક આગળ જનમ્યો હતે, તો અત્યારે પ્રીન્સ ઓફ બોરીઅંદર થઇ નહી બેસ્તે? (કાગરાની પાંખ પરજ તો?) શું કરીએ! જેવાં આપરાં નસીબ!

વાંધો ત્રીજો!

સૌથી છેલ્લામાં છેલ્લો અને સૌથી ધરખમ વાંધો, મારા કહેવાતા દુશમનો સંબંધી છે. બાબદ એમ છે કે, આજે કેટલો વખત થયો, મારા ઉપર ઘણુંક કમકમાટ ઉપજાવનારા, ધમકીથી ભરપુર નનામાં કાગલો આવ્યાં કરતાં, કે, "માકુજી તમારી જીદગી જોખમમાં છે, માટે ચેતીને ચાલજો." આ બાબદની મેં પોલીસને પણ ખબર આપેલી, અને મારી ધણીઆણી કુંવરનાં કાન ઉપર વાત જતાં, મને અગાઉથી કહી રાખેલું કે, માકુજી, ઘરમાંથી જયારે તમે બહાર આવ જાવ કરોની મરૂં, ત્યારે ગજવામાં એક ચીનાઇ લીંબુ લઇને જજો, અને હમેશાં મનમાં યથા અહુવેરીઓ ભણ્યાં કરજો કે જ્યાં "યથા" હોય ત્યાંથી તમારી મદદે આવે, અને જેવા ઘરમાંથી બહાર પડો ત્યારે રસ્તામાં જોઇને ચાલજો કે કોઇ ઉતાર પર પગ નહી પડે, ને કોઇ મુવો તમારો દુશમન તમારી પુંઠે નહી લાગ્યો હોય, અને હમેશાં હાથમાં એક ચવલી બાંધુ અને ખીસામાં એક નાની રીવોલવર (દીવાળી ટાંકણે છ છ આને અબેચ, તેવી કે બા!) અને થોડી લાલ મરચાંની ભુકી રાખજો, કે ઇમર-જનસી વખતે કામ આવે, અને તે છતાં કમભાગ્યે જો માયા લગાડી તમે ધસમપી જાવ, તો મારૂં તથા તમારા મામા મામીનું શું થશે, તેનો વીચાર કરજો! (કીધો રે કીધો! શું થશે વલી બધાનું મેથીયાનું અચાર બરાવી જરમની એક દમ, હીતલર પર મોકલી દેશું, બસ, ખલાસ.)

હવે ધારો કે મેયર તરીકે હું કારપોરેશનની મીટીંગમાં પ્રમુખસ્થાને બેઠો, અને એમ સમજો કે વીર વીઠલદાસે, એક કારપોરેશન મેમ્બર શ્રીયુત સાકરચંદની, પીકેટીંગ કરતાં ધરપકડ થવાને આધારે, મીટીંગ "એડજર્ન" કરવા માટે દરખાસ્ત મુકી, અને મત લેતાં દરખાસ્તની વીરૂધ તથા તરફેણમાં સરખાં મત થયાં, અને પ્રમુખ તરીકે મીટીંગ 'એડજર્ન' કરવાની વીરૂધ મે મારૂં કાસ્તીંગ વોટ આપ્યું, અને માનો કે કોઇ મારાં હેતના કટકાઓ,

ગેલેરીમાંથી, ખારનો માર્યો મારી તરફ બોંબ ફેંકી, મારો દારવાટલો કરી નાખ્યો, તો મારા મામીજી સદાનાં રવડી જશે, અને મારી હીણુનસીબ મીસીસ જાથુકની વીધવા થાય તેનું કેમ ?

ત્યારે આ બધી બાબદો બરોબર ધ્યાનમાં લઈ, સેવકે મકકમ ઠરાવ કીધોછ કે, હવે મરતાં પણુ મેયરનો ઓધ્ધો સ્વીકારવો નહી. અને તેને બદલે મારકીટમાં બેસી, ગુપચુપ ધોત્યાં અદલ બદલ કરી જાપાનીઝ માલને દેશી તરીકે ધમધોકાર ખપાવી કોરપોરેશનમાં એક શહેરી બાવા તરીકે રહી, શહેરની મુંગે મોઢેની સેવા બજાવી, એક ધાસ્તી ભરેલી જીંદગી ગુજારીયા કરતાં, સાદી માદી, નામને છાજતી જીંદગી ગુજારવી! (તમે મુવા મેયરનાં થતાં! સકાર તો જુવો.)

છેવટે, હું મારા પરમપ્રીય મીત્રો, મારા ખેરખાહો, દોસ્તો, દુશ્મનો તથા દેશબંધુઓને હાથે પગે લાગી, બે હાથ જોડી અરજ કરૂંછું કે, સેવકે, કોઇપણુ સંજોગ હેઠલ, મુંબાઇનાં મેયરનો જોખમદાર ઓધ્ધો નહીં સ્વીકારવાનો, મકકમ ઠરાવ કીધો છે. માટે, મારે ઘરે પધારી, એ બાબત ઉપર વધુ ચુથણાં ચાતો ચુંથીને ચાંદા પાડવા, યા બોહંસા બોહંસી કરી, મને નાહકનો શરમાવવો નહી. અને આયંદે હું તમો મહેરબાનોને ખાત્રી આપી, ગલાનું ચામડું પકડી, સોગંદ ખાવું છું, કે, મારી જન્મભુમી તથા મારાં વ્હાલાં દેશ હીંદ માટે કોઇપણુ મીનીટે, કોઇપણુ વખતે, મારા દેશની, (કોઇની ટી પાર્ટી, વેડીગ પાર્ટીમાં વગર નોંતરાએ ઘુસી જઇ માન આપવાની) સેવા બજાવી, મારી કીંમતી જીંદગી! (ફકત બાર આનાની કીંમતનીજ) અર્પણુ કરવાને સદા સદરા, લેંગા, ઇજારનાં ડ્રેસમાં તૈયાર થઇશ! અને સદા આત્મ ભોગ, આલુના પાત્રામાં આપતો રહીશ. (ઉધાર કે બા?) વંદે માતરમ! ખીસા કાતરમ! માકુજી જાય જાત્રમ! ને કુંવર દોડે નાત્રમ!!!

ચાલો ખાધું પેટ ભરીને! નાતરેગીયા આપણાં માકુજી શું મેયર થવાના હતાં, અને થઇનેબી કોણુ જણે પારસી કોમનું કેવું એક કતરીવન કરવાના હતાં. એતો બા વડવાઓના પુન આડે આયા!

સ્ટેશન નંબર ૮. માહબ્લેશ્વરની ખીણમાં.

કીડો ચવડયો મને લગાર,
જઇ વાઘ મારવાને યાર !
જોઇને કરૂં છું ઝટ શીકાર,
કે મામી ગભરાય બેશુમાર !

મહાત્મા માકુજી ઘોડે ચઢીયા, આઃ ભીડાભીડ !

એ ત્રણ મીત્રો સાથે સેવક માહબ્લેશ્વર વાઘ મારવા ગયા, પણ વસ્લ વેચી પાછા ફરીયા.

બંદાએ માજી મેયરનો ઓધ્ધો નહી સ્વીકારીયો તેથી મારા મામાજી, મામીજી, તથા કુંવર, મારા ઉપર ઘણા ખુશ ખુશ થઇ ગયા. મામાજીએ તો હરખમાં આવી મને રૂ. ૧૦૧ નો ક્રેડીટ બેંકનો ચેકનો ચાંદલો કીધો. એમ હાથમાં મુફ્તનાં દોઢીયાં આવવાથી, મારા ખારાં ભેજાંનો કીડો એકાએક ચવરી આવયો, કે લાવની માંગનારાઓ ઘણા સતાવેછ, અને તબીયતબી ઠીક ચાલતી નથી, માટે, એ ત્રણ દોસ્તોને લઇને હવા ફેરબદલ કરવા કેઠે બહારગામ ચાલી જાવું. ખરેખર, મને નાનપણથીજ શીકારનો ઘણો શોખ હતો, અને શીકાર વીષે, વીકાજી ,વાઘમારૂની ચોપડીમાં ઘણાં રસીલાં હેવાલો વાંચેલાં, તેથી વીચાર કીધો કે મ્હાબલેશ્વર જવું, અને ત્યાં જઇને વાઘ વરૂ અથવા, જીવતી બૈરીએ જો બીજું કોઇ ખુરદાવાલું બૈરૂં મલે તો, તેનોબી શીકાર કરવો !

આ મારો વીચાર મારાં મામીજીને મેં કહી સંભલાગ્યો. તો ડોસાં તો એવણની હંમેશની રીત પ્રમાણે મારા ઉપર છેડાઇ પડયાં.

"અરે જારે જા! મુવા તું કોણુને બનાવ્વા આયોછ? એકતો મુવો ધેરમાં કસારી જોતાં, તેબલ ખુરશીપર ચઢી જતો, તે વરી વાઘ તે શું તું મારવાનો હતો! આય મુવા વાઘ મારવાવાલાના કોઠાં તો જુવો. જા, જા, ગરંધીયા! ગુપચુપ આબરૂ ઇજતમાં જઇને ગોદરૂં ઓઢીને સુઇ જા. તું વાઘ મારશે, તો ત્યારે શીકારીઓ કયાં જશે!!!" (વાઘનાજ મોઢામાં?)

ઓરીબંદર ઉપર જબરી ધમાલ! અમારી ઇતીહાસીક રવાનગી. કયાં? વાઘમારૂ એકસપીડીશને!

કોઇબી રીતે બહારગામ જઇ વાઘનો શીકાર કરવાનો ચોકકસ ઠરાવ કીધેલો હોવાથી, તુરત પેલો મારો પૈસાવાલો મીત્ર, કાઉ કસારીમારૂ, કે જે ચોપાટી ઉપર રહેતો હતો, તેને ઘરે મારતી ત્રામે દોડી ગયો, કે જે વખતે તે બીચારો એકલદોકલ, બૈરી વગરનો બુઠઠાચોર જેવો બેસી, સીરીયાઉંસ ડાચું કરી નાસ્તો કરતો હતો. તેને મેં બધી વાત સમજાવી!

મારી વાત સમજીને મારો હેતવંતો, સુખઃદુખનો સાથી મારો દોસ્ત કાઉ કસારીમારૂને મારો પ્લાન ઘણો પસંદ આવ્યો. પણુ કયારે જવું, અને બીજાં કોણુ મીત્ર સાથે જવું, તે ઉપર વિચાર કરતાં, ભુલમાં બીચારાએ કાંટાને બદલે મોઢામાં છરી મુકી દીધી, ને જીભ કપાઇ જવાથી ધોધમાર લોહી વહેવા લાગ્યું, પણુ તેનીબી દરકાર કર્યા વગર, હમો ચોકકસ ઠરાવ પર આવ્યા કે, મુંબઇમાં સખત ગરમી પડતી હોવાથી, ભેજાને ઠંડક આપવા મહાબ્લેશ્વર જઇ, વાઘનો શીકાર કરવો, અને ફર કરવો! એ બધાં આપુંને શું સમજેચ? શું એક મામુલી વાઘનો શીકાર નહી કરી શકીએ? શું અમોએ કાંઇ ચીટલ પહેરીયાંછ કે, બાયલાં બીબીજાનો સમજયાં? અરે જાવો રે સાહેબ, ત્યારે તો મારું પહેલવાનને હજું પીછાન્યોજ નથી. અરે એક મચ્છરને મારે એટલી વારમાં તો અમારાં બેગમાં જોઇએ એટલા મુવેલા વાઘ તમેજ જોશો! હમણાં તો તમે હશોછ, પણુ બચ્ચાજીઓ ત્યારે તમારૂં નાક કપાશે, કે હમેબી કંઇક છઇએ!

અને હમારા પેલા જાની દોસ્તો, પેસ્તનજી પટપટયા અને ખરશેદજી ખટપટયાની રંડાયલી ત્રગડીને સાથે લઇ જવી. તુરતા તુરતજ તેજ દીવસે બપોરની ત્રેનમાં જવાનું હોવાથી, કાઉસે પોતાના નોકર કુમલાં, પાહાલી, સોલાને બંદોબસ્ત કરવાને હુકમ કીધો, અને જાણે એની તે દીવસે શાદી હોય, તેટલી દોડધામ કરી મુકી. એક આખો ફરસ્ટ કલાસ ફોર સરવંટસનો ડબ્બો રીઝર્વડ કરાવ્યો, અને જાણે કોઈ રાજા મહારાજા ગામ જતાં હોય તેમ, છ, છ, મોટર લારીઓ ભરીને સામાન સાથે લીધો. સામાનમાં ફક્ત બે ડઝન ગુણુ પપેટાની, ત્રણુ ડઝન ગુણુ કાંદાની, એક ડઝન બાટલા સરકાના, નીમકની બે ડઝન બરણીઓ, પંદર મોટા પેટારા ભરી કપડાં વીગેરે હતું! અને જો તબીયત બગડે તો વપડાસ માટે ચાર કોલનવોટરની શીશીઓ, દીલમાં ઠંડક ભરાય તો ગરમી લાવવા થ્રી સ્ટાર્સના બ્રાંડીની બાટલીઓ, માથું દુખે તો તેના ઉપાય તરીકે બે શીશી, ઓરીએનટલ બામની, મદઇને પેટમાં ચુકો મારે તો અસલ ઇલાજ તરીકે ગામઠી એડીંયાની બે બાટલીઓ વીગેરે રાખ્યું.

વાઘ મામાનો શીકાર કરવા સારૂં છ મોટી (લાઇસન્સ વગરની) એર-ગનો, અને જાણે કે મ્હાબ્લેશ્વરમાં બકરાંઓ નહીં મલતાં હોય તેમ, ત્રણુ બંધારી કાબુલી બકરાઓ પણુ સાથે લીધા, અને હમારાં અંગત રસાલા તરીકે, ત્રણુ માનીતા નોકરો, તથા ખરશેદજી, પેસ્તનજી અને આય તમારા બહેસ્તી માકુજીની માનીતી ત્રગડી હતી.

બીજી થોડી ઘણી દુખે સુખે વપરાસને લગતી ચીજો લઇ, હાસ હુસ કરતાં, હમો સઘલાં દોસ્તો, બોરીબંદરનાં નવા આલીશાંન (મશાન નહીં હો!) સ્ટેશન ઉપર આવી લાગીયાં, કે જ્યાં અમારી રવાનગીની ખબર આગમ-ચથી પડેલી હોવાથી, વાવટાઓ તથા "ઘણું જીવો, તથા ઘણાં વાઘ મારો, મ્હાતમા માકુજી!" એવા લેખો સાથનાં પોસ્ટરો લઇ, હઝારો આ મરદોનાં ટોલેટોલાં ત્યાં એકઠાં થયાં હતાં, અને અમારી આવી પોહોચવાની કાગને ડોલે રાહ જોતાં હતાં. જેવી અમારી ગાડી દરવાજામાં દાખલ થઇ કે, લોકોએ

વાવટા નીચે કરી અમોને મુલામી! આધમીન સલામી આપી. હમોએ ગાડી-માંથી ઉભા થઇ, બે હાથો જોડી, વાંકા વલી, નમીનમીને બધાંઓને નમસ્કાર કરી ઉપકાર માન્યો, અને અધુરામાં પુરૂં, ત્યાં એકઠી થયલી બાઇઓએ તો અમોને, ઓવારણાં લઇ, સેવટી મોધરાંના સુકકાં ફુલે વધાવી લીધાં, તેમ તેમ હમો લોકે હરખમાં આવી જઇ, વધારે ને વધારે નમીને ઉપકાર માનીયાં, એમ સમજીને કે અમારાં જેવાં બહાદુર શીકારી વીરલાઓ એ લોકની ન્યા-તમાં કયાંથી હોય? તેટલું તાડીનું ખમીરબી સીનામાં જોઇએ કેની, તોજ વાઘનો શીકાર થાય, નહી તો કયાંથી?

જેમ તેમ મહામુસીબતે વોલનટીયરોએ કોરડન ભરી અમોને ગાડી-માંથી ઉતારીયા, અને મુંબઇ શહેરનાં જાણીતા, નામીચા, નરનારીઓ સાથે ઓલખાવવામાં આવ્યાં. પછી અમો અમારાં રીઝર્વડ કીધેલાં સલુનમાં બેઠાં, જેની આસપાસ પણુ લોકોનું મોટું ટોલુ એકઠું થયું હતું. ત્રેન ઉપડવાનો વખત થયલો હોવાથી લોકોમાં ઉશ્કેરણી વધતી ગઇ, અને જેવી ગાડી ઉપડી કે લોકોએ ખુશાલીનાં પુકારો, પાછા ને પાછા કર્યાજ કીધાં, ને રૂમાલો હીલ-વ્યાં કીધાં, પછી સૌ સૌએ પોત પોતાનો ઘરનો રસ્તો લીધો!

—:o:—

અરે! એમાં શું થયું?—વાઘને બદલે બીલ્લી મારી!

એક દીવસ પુનામા તોડી પાડી, વલતે દીવસે સહવારનાં અમારાં સર-સામાન તથા રસાલા મસાલા સાથે, મ્હાબ્લેશ્વર તરફ કુચ કીધી. કયાં? શીવાજીનું રાજ્ય લેવા, મંથલી ઇનસ્ટોલમેંટથી! અને ત્યાંના એક ધપધપીયાં હોટેલમાં બુતારો ઓહ સૉરી!—ઉતારો લીધો! કે જેનો ભલો મેનેજર અમોને આવકાર આપવાને દરવાજાપર રાહ જોતો મનમાં કાંઇ વીચાર કરતો ઉભો હતો, કે નખ્ખોદગીયાં વાઘનાં શીકારે તો આયાછ, પણુ ખુદ શીકાર થઇ જશે, તો મારૂં બીલ કોણુ એ લોકની માસી સાસુ ભરવા આવશે. તેથી તેણે પોતાનાં એ શીકારી ફુલને, રેડીમની ટોલી દે તેવાં છે કે ઉધારીયાં તેનો વીચાર કરતો ઉભો.

જેવી અમારી મોટર દરવાજા પર આવી ઉભી કે તુરત પેલા ભલા ભાયડીવાલા મેનેજરે, વાંકુ વલી અમોને માન આપીયું, અને રૂઆબમાંને રૂઆબમાંજ સેવક, એક હાથમાં લાકડી, બીજા હાથમાં બંદુક સાથે ગાડીમાંથી નીચે ઉતરીયાં, અને પાછળ મારા દોસ્તો ચાલવા લાગ્યાં, જે દેખાવ જાણે મુંબાઇનાં ગવરનર તેના એ. ડી. સી. સાથે ચાલતાં હોય, તેવો લાગતો હતો. રૂમ તરફ જતાં જતાં સેવકે, પેલાં મેનેજરને સવાલ કીધો.

"લુક હીયર, મી. મેનેજર, હું એમ પુછું છું કે અહી કાંઇ વાઘબાગ મલેછ કે?" (વેચાતા કે બા?)

"હારે સાહેબ! તે માટે તો પુછવું નહીં! બસ ચાલતાં ને હાલતાં વાઘો મલેછ." પેલો કોઇ બીકણુ બાયલો મેનેજર બોલ્યો.

"એમ! એમ! શું બોલોછ? ત્યારે લાવો, તે કમ્બખ્ત વાઘમામાને એમનો એમ, આય મારી બંદુકથી ચીરીજ નાખું!"

એમ બોલતાં મેં મારાં હાથમાંની બંદુક પેલાં મેનેજર તરફ ટાંકી, જે જોતાં પેલો મેનેજર હીંમતથી બેસુદ્ધ થઇ જમીન પર તુટી પડયો આજુબાજુ પેસેનજરોમાં પણ ઘણો ગભરાત ઉતપન્ન થયો! પણ સારા નસીબે મેં સમયસુચકતા વાપરી, ખીસામાં, દુખેસુખે વપરાસ માટે રાખેલી કોલનવોટરની શીશી કાઢીને મેનેજરને સુંઘાડી, અને સાથે કાંદો ભચડીને નાકમાં ઘુસાડયો, અને જેવો તે મેનેજર સુધ્ધીમાં આવ્યો કે, તુરત ખરશેદજી ખટપટયાને ચટપટ થવાથી, પેલા ભોલા મેનેજરને બાજુ લઇ જઇ કાનમાં ફુંક મારી કે "બાવાજાન, ખુદા ખાતર કંઇ મનમાં ઓછું ના લાવતો, કારણ કે બહેરતીની આગરી જરા ચસકેલી છે, ને જેમ મેજાંમાં આવશે તેમ કરશે. વાસ્તે અસમખારા બહેદીન કાઉસ કરી જજે, સમજ્યો કે, બાપ કરૂં?"

પેલો બીચારો મેનેજર તો જાણે કશુંજ થયુંજ નહી હોય, તેમ કમર—માંથી વાંકો વલી મને નમતો ગયો ને આખરે સર્વે અમારે સારૂં રીઝર્વ

કીધેલા બે સ્ટેટ રૂમસ આગલ આવી લાગીયા. સેવકનાં રૂઆબ ને વતને સારૂ તો પુછવુંજ નહીં. દીલમાં ભુરાં રંગનું સલીવાલું પાટલુન, લાંબો ટેલ કોટ, ચટાપટાલાલો મીયા ફેશનનો નેકટાઇ, બાવા આદમના વખતનો બટરફલાઇ કોલર, માથે સફેદ પોલો હેટ, હાથમાં વોકીંગ સ્ટીક, અને છાતીપર નકશામાં જે જે મુલકો નહી હોય, તે દેશ દેશનાં ચાંદો, તેબી બનાવટી પત્રાનાં બનાવેલાં સાથનો રૂબાબ, તો ભલા ભલા ગવરનરો, વાઇસરોયોનેબી ભુલાવે તેવો હતો. (કેવો લાગો ! નકરો જાણે પારસી હરીશચંદર !)

મારાં રૂમમાં દાખલ થતાંને વાર બધાં નોકરોએ મારાપર બધી ધરાધરી કરી મુકી. એકજણે આવી મારા હાથમાંથી લાકડી લીધી, તો બીજાએ આવી માથાં પરથી ટોપી ઉતારી, ત્રીજાએ ગલાંમાંથી નેકટાઇ ખેંચી કાઢીયો, ચોથાએ પગમાંથી મોજાં–બુટ તાણી કાઢીયાં, પાંચમાંએ ખીસામાંથી રૂપીયાથી ઠલ ઠલ થતી પાકીટ તફરાવી લીધી, જ્યારે મારા ત્રણ દોસ્તોને તો તદન નો કોઠા કીધાં ! બપોરનું ખાણું લઇ, થાકી ગયલા હોવાથી, જરા આશાએશ લેવા ગયાં, અને ચાનો વખત થયલો હોવાથી, બહાર આવીને જોઇએછ તો થાકુર લોકનું મોટું ટોલું, દાંગ સોટા સાથે એકઠું થયું હતું, કારણ કે તે લોકને આગમચથી ખબર પડેલી કે કોઇ એક માકુજી માઇડીયર નામનો બહાદુર બેહોશ જરથોસ્તી, તંગદસ્તી શીકારી વાઘનાં શીકારની શોધમાં ત્યાં આવવાનો હતો, તેની આશામાં તે લોકો ત્યાં એકઠાં થયલાં હતાં. વાતચીતમાં જેવું એક થાકુરનાં મોઢામાંથી વાઘનું નામ બહાર પડયું કે સેવકે, તો ગેલમાં આવી ખુબ કુદાકુદ કરી મુકી, અને ઉદાર દીલ બતાવી પેલાં માણસને છુટથી બક્ષેસ (પારકે પૈસે !) આપી, અને જીગર ચલાવી, સાથે લાવેલાં ત્રણ બકરાંઓમાંથી બે બકરા આપી, વાઘમામાને લલચાવવા સારૂં, જંગલમાં બાંધવાને હુકમ કીધો, અને સઘલાં લોકને ખુશી કરી ત્યાંથી વીદાય કીધાં !

ચાલો રંધાયું ! હવે માકુજીબા જરૂરજ વાઘનો શીકાર કરશે. પેટના તાસા સેકાવાથી સઘલાં પેટની પુજા કરવા બેઠા, પણ ખાતી વખતેબી મારાં ઉપર શું ધરાંપરાં ! જો, સેવક એક કાતરી પાંઉની માંગે તો બોય, બે ચાર

આખા પાંઉજ ઉચકી લાવે, જો કાંટો માગું તો છરી લાવે, ને મસ્તર માગું તો કસ્તર લઇ આવે! અરે બાપુ, એતો કાંઇ જેવી તેવી લેણાદેવી કહેવાય. ગયા ભવે મેં કંઇ પુનનાં (ખુનના?) કામો કીધાં હશે ત્યારેજ, મારા ઉપર એટલાં બધાં ધરાપરાં થતાં હશેની? એબી એક તકદીરની (ટાપ) વાત છે! ખાઇ પી, જરા ગપ્પા મારી લગભગ ૧૧ વાગાનાં સુમારે સઘલા સુવા ગયાં, અને અસ્તો તકયાપર માથું મુંકી જીઓ કરીયાને કલાક એકબી નહીં થયો હશે, તેટલાં કોઇનો બુમ પાડવાનો તથા બંદુક ફુટવાનો અવાઝ સંભળાયો! મારા મીત્રો છલાંગ મારીને પલંગ આગળ દોડી આવ્યા, અને તે લોકની અજાયબી વચ્ચે, સેવક, હાથમાં બંદુક લઇ પલાંઠો મારી બારી તરફ બંદુક ટાંકી, બીછાણું ઉપર બેઠો હતો. બંદુકનો ધડાકો થવાથી આજુબાજુનાં પેસેનજરો તથા મેનેજર મારા રૂમમાં ધસી આવ્યાં, અને શું બનાવ બન્યો તે માટે મને પુછવા લાગીયાં. આય રફ:સ જોઇ સેવકની આગરી ચસકી ગઇ, અને આપરે તો બધાંને ફપાદપ કડક આપવા માડી—

"મારા સાહેબો! તમો સઘલાં દેખતી આખે આંધરા છેવ. અંહીં જોવ, આય નાકના દાંડાની સીધી લાઇન આસરે પોણા બેજ વારને છેટે, ઘોલ્યાં ઉપર બેઠાં બેઠાં સેવકે, પોતાની પાવરલેસ બંદુકથી, એક જબરદસ્ત વાઘને બેજાન કીધોછ. અરે થાર કીધોછ જરા જઇને નઝર કરો, અને પછી ડાહયાં થઇ મને સવાલ કરો! કે "બાવા શું થયું!" તમો લોકને કંઇ સુધલો નથી, કે એક વાઘ મારૂ શીકારીની સાથે કેવી સ્પીરીટથી વાત કરવી જોઇએ? જાવો અહીંથી?"

આ સાંભળતાંની સાથ બધાં ખુશ થઇ ગયા, અને હરખમાં આવી મારા મીત્રો મને ગલે વળગી પડયા, મેનેજર તથા બીજા વીઝીટરોએ શાબાશી આપતાં ખુબ જોરથી મારો બરડો થોકયો, અને બૈરાં વીઝીટરો તો, "મરું રે મરૂં" કરીને, મને ઉંધે હાથનાં ઓવરણાં પર ઓવરણાં લેવા માંડીયાં, તેમ તેમ સેવક, ચીંગા મીંગા થઇ, કલવઇ કલવઇને હસ્વા લાગા, પણ તે વાઘ કેવો હતો, તેની સાઇઝ તથા તેના રંગરૂપ કેવાં હતાં, તેની

યાત્રી કરવા ખુદ મારી સાથે સઘલાં, હાથમાં ટોર્ચ તથા હરીકેન લેંપ લઇને, તે જાનવરની શોધમાં બહાર પડયાં, અને તેની નજદીક આવી લાગતાં, તે લોકની મોટી અજાયબી તથા ગુસ્સા વચ્ચે જુએ છે, તો વાઘને બદલે મેં એક મોટી સાઇઝનાં કાબરચીતરા રંગના બીલ્લાને બેજાન કીધો હતો! ઓતતારાની! હવે કેમ થશે? અહીં બધાં પેસીનજરોના ગુસ્સાનો પાર નહી રહયો. મોડી રાત્રે તે લોકની મીઠ્ઠી ઉંઘ લેવા થકી ત્યાં એકઠાં થયલાં શુરવીર જરથોસ્તીઓનું બ્લુકયાની (કંપનીનું) લોહી ઉશ્કેરાઇ આવ્યું, તેથી બોંય ચઢાવી મને મેઠીપાક જમાડવા તૈયાર થયાં, પણ, મારાં ખાસ મીત્રો પેસ્તનજી અને ખરશેદજીએ આસપાસ મજબુત કોરડન કરી, મારાં હાડકાં પાંસરાં ઢીલા થતાં બચાવ્યાં, અને વધારે અજાયબ થવા જેવું એ હતું કે, તે વખતે મારા હાથમાં બંદુક નહીં હતી, નહીતો વલી વાઘ સમજીને કોઇને પાછું બેજાન કરતે, તો વલી કઇ નવાં અફરગાનનો સામાન થઇ પડતે! બધાં એકમેકને સમજાવી પટાવી, સૌ સૌનાં રૂમમાં ઘોંટલો લેવા ગયાં, અને સેવકે, પોતાનો આવો ફેસ્તો, અને હુરીગો થયલો જોઇ, મોત ચેતીને, ગુપચુપ જુનું ઓદરૂં ઓઢી જીઓ કરી ગયાં. સુતાને કલાક એક થયો નહી હશે, તેટલાં વલી, પાછું મને ઉંઘમાં ઘોરવાની તથા બકબક કરવાની કફોડી આદત હોવાથી શાંતીથી ઘોરવાને, બદલે ખરશેદજી વાઘ! પેસ્તનજી વાઘ, કાવસજી વાઘ! કરીને ભર ઉંઘમાં મોટે મોટેથી બુમો પાડવા લાગો. મારા દોસ્તો, મારાં બીછાણાં આગલ દોડી આવયા, અને સેવકને મજબુત છાતીપર છાપટ મારી ઉંઘમાંથી જાગૃત કીધો, કે તુરત મને પાસાંમાં તકીયાને બદલે બંદુક લઇને સુવાની ખરાબ પથાણી આદત હોવાથી, પાછું વાઘ આગ્યો હોય એમ ધારી બંદુક લઇને, તે લોકો તરફ ટાંકી, પણ કાવસજી કસારીમારૂએ ભેજું વાપરી, મારા હાથમાંથી બંદુક છીનવી લીધી, અને ધમકાવી મજબુત જોબાબ (એડીયાનો કે, બા!) આપી, મને પાછો પોહોરાવી દીધો!

ઝાડપરથી વાઘ મારવાની નવી પેટંટ રૂઢી!!!

વાઘ મારવાની આશામાં સેવક સહવારનાં બડી ફજ્જરમાં હાંલ્લી પર નઝર કર્યા વગર, પાંચ વાગામાં ઉઠીને ઠાકુર લોકની રાહ જોતાં વીચારમાં ને વીચારમાં આમથી તેમ હવામાં મુક્કી ફેરવતાં લટાર મારવા લાગો, અને અકર વકર થવાથી મારા મીત્રોને પણ ધકકા મુકકી મારી ગોંધીમારૂં કરી ઉઠાડયાં. બીચારા પેલાં બે બબ્બાદાસો, ન છુટકે બોચી ધવરતાં અને મારે નામની પતેત ભણતાં, અંતે ઉઠીને ઉભા થયાં. દાંતણ મોઢું સાફ કરી ચાહને ઇનસાફ આપી, ગપ્પાં સપ્પાં મારવા લાગ્યા. બસ વાતમાં ને વાતમાં તો શીકાર ને શીકારનીજ ફેંકમફેંક અને તકરાર જામી! આઠ વાગા, નવ વાગા, પણ ઠાકુર લોકનો તો કાંઇ પત્તોજ નદારદ!

અંતે દસ વ્રાગતાને સુમારે સઘલાં નાશ્તો કરવા બેઠાં, અને અસ્તો નાસ્તો ખાવાનો શરૂ થયો કે નહી, તેટલાં એક ઠાકુર દોડતો ને હાસહુસ કરતો, મારીજ આગલ દોડી આવ્યો, અને કહેવા લાગ્યો, "શેઠ કાલ રાત્રીલા લોડવીક —પોઇંટચી ખીણ મદી, વાઘમામાને માધુનસી તે તુમચા દોન કાબુલી બોકરાં ચાવુન તાકલા!"

ચાલો થઇ ચુકયું! નાસ્તો તો નાસ્તાની જગાએ રહયો, ને એક વાઘ પોતાનાં શીકાર ઉપર ત્રાપ મારતો હોય તેમ તે મીસાલ હું કુદકો મારી ઉઠીયો, અને દોસ્તોને મારી સાથે સાંજનાં શીકારે જવાને હુકમ કીધો. અને પેલાં ઠાકુરને ખાસ સુચનાઓ આપી કે, "હું સાંજનાં શીકારે આવનાર હોવાથી, તારે ઝાડ પર બેઠક માટે માંચડો બાંધવો નહી, કારણ કે હું તો ઝાડપર બેઠો બેઠો વાઘનો શીકાર કરનાર છું. હમોને જગ્યા બતલાવવાં ચાર વાગતે તારે હોટલપર આવવું."

દોસ્તોએ, ઝાડપર માંચડો બાંધવાને સારૂં ઘણું સમજાવ્યું, પણ આણીગમ પેલા બહેસ્તી મહેરનોશજીનો જીદ્દી નોશાકરો, શીકારી

છોકરો માકુજી માઇ ડીયર હતો, તે કાંઇ સમજે ખરો કે ? એકદમ મેનેજરને બોલાવી, તાકીદ કીધી કે સેવક સાંજનાં પાંચ વાગે વાઘના શીકારે જનાર હોવાથી વખતસર ખાણું તૈયાર રાખવું, ને તેની ખુશાલીમાં, મારે હીસાબે ને જોખમે, બપોરનાં ખાણાં પર, નીમક વગર મોળું ધાન, દાલ, ખાટો સેવ, વગર દુધનું દહીં (!) અને વેજીતેબલ ઇંડાં, પકાવી આખા હોટેલમાં હાથ ધાલીને પીરસવાં !

સાંજે પાંચ વાગે શીકારે જનાર હોવાથી સેવકે તો અત્યારથીજ બધી દોડધામ કરી મુકી. મારી છ, છ બંદુકો, એકેક પછી એકેક, ઘસી ઘસીને સાફ કરવા માંડી, અને બધી જોઇતી ચીજોની તૈયારી કીધી. ત્રણ વાગતામાં તો સેવક, દગલી, ખાસ શીકાર માટે બલુચીસ્તાનથી મંગાવેલો કાબુલી, અઢાર વાર લેંઘો, માથે કીનખાબની અસલી ટોપી, પગમાં ચાંચીયાં જોડા, અને કમર આજુબાજુ ચામડાના પટા, ગલામાં એક જબરદસ્ત મોટું દુરબીન, અને હાથોમાં તેજ મારી જુની પુરાણી બંદુકો, સાથે સજ થઇ તૈયાર ઉભો, જે દેખાવ ખરેખર દુન્યાની નવમી અજાયબી જેવો હતો. પેલો ઠાકુરબી ત્યાં તેટલાં આવી પોહોચ્યો, અને મારાં દોસ્તોબી મારાં હુકમને માન આપીને, લાંબા પારસી ડગલા, ફેંટાને બદલે "કલીંગરનાં કોટલાં" (મ્હાબલેશ્વરમાં કલીંગરબી પાકેછ, તે આપરે તો આજેજ જાણ્યું, હોશેબા. ખરૂં માનવું જોઇએ ! ગરબછાંત તો નથીની ?) તથા થંડી લાગે તો ઓઢવા સારૂં થોડીક ગુણપાટો લઇ ઠરીઠામ ઉભા. સેવકતો વાઘનો શીકાર કરવામાં એટલો તો ઉમંગમાં આવી ગયલો કે ખાવાની વટીક પણ દરકાર કીધી નહી !

હવે શીકારે ઉપડવાનો વખત થયલો હોવાથી બધાં હોટેલનાં વીઝીટરો અમોને ગુડ લક, બેડ લક, ઇચ્છવા મારા રૂમ ઉપર આવી લાગીયાં, ને બૈરાં-ઓની તો પારસી રીવાજ પ્રમાણે, મને તેમજ મારા દોસ્તોને મોટા રાતા પીલા, ગુરૂઘંટાલ જેવાં ટીલાં કરી, હાથમાં ક્વલાં નાલીયરો આપીયાં, ને સગણ તરીકે કોઇએ તો બહુંજ હેત કરીને, પાવલી, ચવલી અર્ધો, તથા એક

રૂપીઓ પહેરાવ્યો, જેબી અઢારસો પાંસઠનાં સાલનું એ બધું ખુરેચુરણ હતુ-ચલણનો તો વીમોજ હતો, પણ શું કરીએ. કોઇએ ચાહીને આપુને જે કાંઇ આપીયું તે પર શું કાના કીધાં! આખરે તો દમામમાંજ માકુજી માઇ ડીયરનો (આવજો પાછા ન્યુ-ઇયર!) વરઘોડો હોટેલમાંથી સરઘસનાં આકારમાં બહાર પડયો.

અમારાં આ શીકારી પ્રોસેશનનાં "લીડર" તરીકે પેલો ઠાકુર, બકરો લઇ ચાલતો હતો, તેની પાછલ થોડાક રાહદારીઓ ને તેની પાછલ ખરશેદજી ખટપટયા ને પછવાડે સેવક પોતે ખુદબખુદ માકુજી માઇડીયર (બચ્ચા સાકુ જેવો પાવર રાખનાર) ને પાછલ મારા બે મીત્રો (એ. ડી. સી) કાવસજી કસારીમારૂં ને પેસ્તનજી પટપટયા, ને આજુબાજુ હોતેલનાં પેસીનજરો, રસ્તેના રાહદારીઓ, "છૈએ અમે જરથોસ્તી, છાંટા માસ્તરો સાથે દોસ્તી," ને એ ખાસ અવસર માટે, કાવશજી કસારીમારૂએ, પીધેલાંની ઝુમમાં, જાંગીરનાં પીઠામાં, દુકાન બંધ થયાં પછી જોડેલું, "હીયર, ગોઝ ધી ગ્રેવ શીકારી, માકુજી માઇ ડીયર" T. K. યાને tiger killer નું રસીલું ગાયન હારમોનીયમ, તબલા વાયોલીન, મેંડોલીન, માઉથ ઓરગન સાઉથ ગોરધન, ને સારંગીનાં દીલપઝીર, સંગીતના વઝીર સાથે લલકારતાં, ચાલવાં લાગ્યાં!

એમ કરતાં કરતાં અમારી સવારી, "લોડવીક પોઇંટ" ઉપર આવી લાગી, અને ખુશાલી તથા દલગીરી, ને હરખ અને વરખનાં આંસુઓ સાથે સેવક, તથા મારા દોસ્તો, સઘલાંઓને મલ્યાં ભેટયા અને "ગુડલક ટુ યું, વીર માકુજી" ને "થ્રીચીઅર્સ ફોર માકુજી માય ડીયર" ને હુરેરેરેનાં પોકારો વચ્ચે, સેવકે, પોતાનાં રસાલા સાથે "લોડવીક પોઇંટ" ની બીકટ ખીણમાં ઉતરવાં માંડીયું. ઉતરતાં ઉતરતાં કમનસીબે મારો પગ એકાએક લપસી ગયો, પણ, સારા નસીબે પેલા ઠાકુરે મને પકડી લીધો. નહી તો સેવકનું હાડકું પાંસરૂબી હાથ નહી આવતે! મહામુસીબતે જેમતેમ ખીણની સપાટીપર આવી પુગયા, અને ત્યાંથી લગભગ બેત્રણ માઇલ જંગલમાં ચાલીયા કે પેલા ઠાકુરે એક ઝાડ બતલાવ્યું, કે જેપર મને ચઢી, હીરાજી

હાઇદોશની કાની ચઢીને બેસવાનું હતું! અને તે ઝાડની નીચે પેલો મારો કાબુલી બકરો બાંધ્યો, ને જેમતેમ કરીને, એક સીડી બનાવી પેલા ઝાડનાં એક પોહલાં દાખલાંપર હમો સર્વે ચઢી બેઠા.

પેટમાં કકરી પડેલી હોવાથી પેલા મેનેજરે તો ઇંડાના આમલેટ ને તીખ્ખી લેવટીનો પાતીયો બાંધી આપેલો, તે ખોલી દપાટવા માંડયું, ને સેવકે પોતાનું વીસમી સદીનું ફીલસુફ વધારેલું ભેજું વાપડીને રાંધેલાં ગોસ્તનાં થોડા ટુકડા, આજુબાજુ જમીનપર ફેંકયા, કે જેથી કરીને, ગોસ્તના વાસથી, પેલા વાઘમામાઓ લલચઇને ઝાડની નજદીક દોડતાકે આવે, કે ટપ દઇને તે લોકનો ફેંસલો કરી નખાય!

(માકા, માકા! તું જરમની કે અમેરીકામાં જન્મ્યો હતે તો દીકરા, ફુલે પુજાતે. આય હાડમાર થતાં હીંદુસ્તાનમાં કાંય જન્મ્યો? તુંબી કેહો ચૌદસનો ચાંદ, અને સગનનો ગાંઠીગોજ રહગો!)

લગભગ દસ વાગવા હતા, તોપણ વાઘમામાનો કંઇ પ-નો નહી લાગ્યો, જેથી મને ચટપટ થવા લાગી. ખરશેદજીને મેડોલીન પર, "વાડામાંથી પાડું એક, છુટું થઇને નાહું છેક,' એના ભેંસાસુર અવાઝે ગાવા કહયું, અને ખરશેદજીએ મારો પડતો બોલ ઉપાડી લીધો. કાવસજી કસારીમારૂએ, વાઘ મારવામાં ઝનુન છુટે કરીને, જાણે પોતાના બાપ બપાવાના નામનું રૂદન કરતો હોય, તેમ રસીલા સહાદથી કાનના પરદા ફાડી નાખે, અને વરસ દહાડાનો મેલ બહાર આવે, તેવા અવાજે, શાહનામામાંથી, મેંડોલીનનાં એકમ્પનીમેંટ સાથે, અફ્રાશીયાબ ને ઝોહાકનું દાસ્તાન, ખરી બપોરે, કોઇબી તમાશબીન વગર, ભર જંગલમાં, ઘેલા હાથી માફક બરાડા મારી વાંચવા માંડયું! અને આવા મધુર કંઠની લહેકીમાં હાથમાં બંદુક સાથે સેવકની, આંખો વીંચાઇ ગઇ!

થોડાક વારમાં વનરાજે ગર્જના કરવા માંડી અને ધીરે ધીરે પેલા બકરાને દપાટવા સારૂં, જેમ જેમ તે ઝાડની નજદીક આવી લાગ્યો, તેમ તેમ કાવસજી, ખરશેદજી અને પેસ્તનજીના પોત્યાં લેવાયાં! પણ બીચારાઓ કરેબી

શું ? બાપ જન્મમાં, હાથમાં બંદુક, રાઇફલ, પકડી હોય તો શીકાર કરી જાણેની ?" અંતે વાઘ મામા બરાબર ઝાડની પાસે આવી, પેલાં કાબુલી બકરાંનો નાશ્તો કરવા લાગ્યા, જે જોતાં કાવશજી, પેસ્તનજી અને ખરશેદજી, ધાસ્તીથી મોઢામાં અંગોઠા ઘાલી ચુસ્વા લાગ્યા અને બાજમાં ઇઅથા અહુવેરીયો ને અશેમ વોહુ ભણુવા બેઠા.

પેલા વાઘમામાએ તો અર્ધાં બકરાંની નચીંતે પાયદસ્ત ફેરવી નાખી !" આ ફારસ જોઇ ત્રણુ દોસ્તોની અંતે ધીરજ ખુંટી ગઇ, એટલે બીહ ધ્રુજી જવાથી ધકકો મારી મને ઉઠાડયો. સેવક જરા ભર ઉંઘમાં હોવાથી. ચમકી ઉઠીયો, મગર હાથમાં મારી બંદુક પકડેલી હોવાથી તે અચાનક ફુટી ગઇ ! ને સમતોલપણું ખોહી દેવાથી, જમીન ઉપર એક મોટા ધડાકા સાથે, હુ ચત્તોપાટ, નીચે ચીંભરાની કાંની પટકાઇ પડયો ! (મુવો તુ વાઘનો મારતો ! મોહોલાઓમાં જઇને મરઘાં પકડ ! સુરત તો ગુડાખુંકી ને નામ ત્યારે મીશરીખાં !) હટ, બાવલા ! વલી બંદુક ફુટવાથી વાઘમામાએ ચમકીને, મોઢાંમાં બાકી રહેલો બકરો લઇ ન્હાસવા માંડીયું, ને જેવો તે મામો ત્યાંથી પોબારા ગણી ગયો, કે તુરત મારા ત્રણુ મીત્રો ઝાડપરથી કુદકો મારી, મારી આગળ દોડી આવ્યા અને મારી સારવાર કરવા મંડી ગયા.

પીઠપર સખત માર લાગવાથી, હું બેફામ થઇ ગયો, જેથી મારા દોસ્તો સમજ્યા કે હું ધપી ગયો છું કરીને, મોટેથી મારા નામનું રૂદન કરવા મંડી ગયા.

—"અરે ઓ માકા ! તું કેવો ભલો હતો રે ! તારી ભલાઇની શું વાત કરીએરે ! ચાંચડ માંકડ મારવામાં તું તો એકસપર્ટ હતો રે કલેજાં ! અંતેબી વાઘના વ્હેજાં તુંને બહેસ્તમાં લઇ ગયા રે ! તારા નામની ત્યાં ધુમ પડી રે ! માકા રે ! હવે રૂડન કરવાની શકતીબી જતી રહી રે ! માકા રે ! તારા અસીલ મામા મામીજી તથા ખેશીઓને, હમો કેમ મોઢું બતાવશું, શું જવાબ આપશું રે ! ઓ ! ઓ ! અરે બહેસ્તમાં સધાવ્યો તો ભલે સધાવ્યો, પણુ ત્યાં કોઇનો શીકાર ના કરતો રે ! માકારે !"

એવામાં મારા હાથ પગ હીલવાથી તુરત પેલા પેસ્તનજી પટપટયાએ તપકીરની દાબડી ખોલી, થોડી તપકીર મારાં નાક આગલ ધરી, અને એક છીંક સાથે સેવક પાછા શુધ્ધીમાં આવ્યા, પણ ઉઠી શકે તેવી હાલતમાં નહી હતા, કારણ કે માર તો કંઇ ઘણોજ નજીવો પડેલો. ફકટ પીઠ ચપકાઇ ગયલી, ગળામાં વલ આવી ગયલો, નાક ચપટાઇ ગયલું, બેત્રણ આગલા દાંત તુટી પડેલા, ને તલ્લીપર ટયુમર થયલું, વીગેરે, વીગેરે! જેમ તેમ કરીને ખાંધે મારી "રામ બોલો ભાઇ રામ" કરી મને પાછો "લોડવીક પોંઇટ"નાં મથાલા પર લાવવામાં આવયો, અને એક તાંગામાં મુકી, પાછો હોટેલમાં લઇ આવ્યા, કે જ્યાં હોટલમાં બધા લોકો, સેવક, જરૂર વાઘ મારી લાવશે એવી આશામાં આતુરતાથી રાહ જોતા હતા. તેઓ મારી આવી કફોડી સ્થીતી જોઇ, બધા ઘણાજ દલગીર થયા અને તુરત સેકપોટ કરી, ડોકટરને બોલાવી મારી સારવાર કરાવી, મને પાવશેર બરાન્ડીન પાઇ દીધો!

આવો રકાશ જોઇ, મારા મીત્રો ઘણાજ તરખાયા કે, રખેને ફરીથી અને વાઘ મારવાનો કીડો ચવરી આવે! એમ માની મને ઘણો સમજાવ્યો, અને જંગલ ફીલ્મો નહી જોવાના કસમ આપ્યા. આખરે હું પાછો મુંબઇ જવા એકકે પગે કબુલ થયો.

જેવો મેં મારા ઘરમાં પગ મુકયો કે તેવાંજ મામીજીએ હંમેશના પોતાના ઉદાર દીલથી લઇજ નાખ્યો, "કેમ મુવા કેટલા વાઘ મારી આયો? જરા જવાબ તો આપ, એમ ઘુવડની માફક મારૂં મોઢું શું બોખ્યા કરેછ. મુવો જનાવરોની ફીલમો જોઇને, ઘેરમાં અખતરા કરતાં શીખ્યોછ! મારૂં જો ચાલતું હોવ તો એવી ફીલમ, મુંબઇમાં દેખાડવાનુંજ બંધ કરાવી નાખું!"

આપરે જોયું કે બોલવામાં કંઇ સાર નથી, તેથી આબરૂમાં ને આબરૂમાં, ગુપચુપ ગગરી રહયો, પણ જ્યારે ડોસાંએ બકબક કરવાનું ચાલુંજ રાખ્યું, ત્યારે મારો બચાવ કરવાની મેં જરૂર જોઇ.

"શું જો મામીજી, કયારનાં કંઇ તમો જાણીયા જોયા વગર બકબક કર્યા કરોછ? જો વાઘમામા જંગલમાં મલે નહી, તો હું તેને કયાંથી મારી

લાવું ? હમો આંઠ આંઠ દીવસો સુધી જંગલોમાં રખડીયા, રઝડીયા, કાંઇક મચ્છરોને અને કીડીઓને ગોલીથી વીંધી નાખી, પણ વાઘમામા તો ક્યાં ફૂટકયાજ નહી, તેમાં અમારો શું કસુર છે ? તમે કહેતાં હોવ તો હમણુંજ લાગલો વીકટોર્યા ગાર્ડનમાં જઇ, તમારે સારૂ એક પાલેલો વાઘ મારી લાવું ! એમાં શું મોટી વાત છે. અરે મારા દાબા હાથનો ખેલ છે ખેલ, સમજ્યાં મામીજી ?"

"ચુપ ! મને હવે તારૂં વધારે ભાશન નથી સમજવું. જરા જરામાં એમ પોશાગીરની માફક આંગ ઉપર શાનો ધસી મરેછ ? વરા વડેરાંઓ સાથે કેમ રીતભાતથી વાતચીત કરવી તે કંઇ તું શીખ્યોછ કે નહી ? બસ એમ ઉખરા જેવો વધીજ જાણયો ?" ડોસાંએ મને ખખરાવી નાખ્યો.

થોડોક વખત સુધી આપરે તો, બા નોકરી ચાકરી વગર ફરીયા કીધા, પણ પછી કોણ જાણે મારા ગ્રહો એકાએક બદલાયા, ને ડુકકરની દશા બદલાઇને શુકર (લોબાન ?) ની દશા બેડી હશે કે શું, તે મને એક સારી જેવી, કાંદા પપેતાના મુકાદમની સરકારી નોકરી હાથ લાગી ગઇ. મારા એકાદ મીત્રે પોતાનો સરકારમાં ધણો લાગવગ હોવાથી, અંતે મને એવા સારા ચાલીસ રૂપીયાના ધરખમ પોસ્ટ પર ગોઠવી દીધો, અને હું પણ ખરા મનથી મારા કામકાજ ઉપર ધ્યાન આપવા મંડી ગયો. લગભગ ચાર વરસ સુધી (બે) વફાદારીથી મેં સરકારી નોકરી બજાવવાથી, સરકાર માબાપ મારા ઉપર ઘણી રીદા રીદા થઇ ગઇ, અને બદલામાં નવા વરસની ખુશાલીમાં મને ખસ્તે ખુહારીના, "ખાનસાહેબ"ના ખેતાબની નવાઝીશ કીધી, ને થોડુંકમાં નામદાર શહેનશાહ, શહેનશાહબાનુંની વેલાતમાં તાજપોશીની ક્રીયા થનાર હોવાથી મને ત્યાં હાજર રહેવાને સરકાર તરફથી ઇજન મોકલવામાં આવ્યું, જે ખુશાલીભર્યા સમાચારથી, મારા મામીજી, ધણીઆણીજી તથા મામાજી, ઘણાં ખુશ થઇ ગયાં, અને ચોમેરથી મને મુબારકબાદીના પેગામો મલવા લાગીયા !

મામીજીએ ચાંદીની થુકદાણી અને મામાએ રૂપાંની સ્લેત પેનસીલ વટીક ભેટ આપી, જ્યારે મારી મલકા સાહીબા કુંવરે તો ફકટ ઓવરણાંની સુકડી

સટ ભેટ કીધી. મગર ખુદાના કસમથી કહું છ કે, બધી ભેટમાં ઓવરણાંની ભેટ, મને તો, મહાબ્લેશ્વરનાં મધ કરતાંબી મીઠઠી લાગી જો !"

સ્ટેશન ૯ મું.

"હું ડાનસીંગ કેમ શીખ્યો ?"

દોડીયું છ મારૂં હવે ડેનસીંગપર ધ્યાન,
હું કાંય નહીં મેળવુ એ ડેન્સીંગનું જ્ઞાન !
નાચતો મને જોઇને દુન્યા હસશે,
અરે સૌના જીગરમાં બસ માકુ વસશે !

મેં પહેલેથીજ કહયું તેમ સેવકને ઘણી બોહલી પોણા આઠ વાર લાંબી ને પોણા બે વાર પોહોલી પીછાણ હોવાથી, વારંવાર દોસ્તો, ખાણી-પીણીએ તથા નાચપાર્ટીએ અહીં તહીં, આપા બાગ, ખુશરો બાગ, ચાઇના બાગ, કે ભાતીયા બાગ, અથવા તો તાજમહાલ હોટેલમાં મને તેડી જતા, અને ખાણું બાદ જ્યારે મારા જેવા જવાન દુકતાઓ પાઉડર પફના લેપરાવાલી ફુલુકસરોને, બગલમાં મારી, ડાનસીંગ કરતા, ત્યારે કપાળે હાથ દઇ હંમેશ બરાપો કરતો કે કાંય નહીં હું ડાનસીંગ શીખ્યો ? કે કોઇ સ્વીટ સેવનટીન, નાઇસ નાઇનટીનને પકડી ધરી, જરાક નાચીકુદી, મારોબી શોખ પુરો પાડતે ! વારંવાર મારા દોસ્તોબી મને તદ્દન મફત શીખામણ ને સલાહ આપતા હતા, કે, "માકા, જો તારે એરીસટોક્રેટીક ઉં ! દેખાડતી દુધના પફ જેવી કબુતરીઓની, હાયકલાસ સોસાયટીમાં ફરવું હરવું હોય તો, ડાનસીંગ શીખ—તોજ તારા કંઇ ભાવ પુછાશે, અને હવે જ્યારે તું કોરોનેશન માટે વેલાતની મુસાફરીએ સીધારશે, ત્યારે ત્યાં તુંને ઘણી નાચપાર્ટીઓ તથા મેલાવડાઓના ઇજનો આવશે, અને જો કદાપી રાજમહેલમાં રાજવંશીઓ

PHOTOGRAPHY

FOR EVERYTHING

- **Photographic-**
- **Movie Cameras-
Projectors etc.**
- **Best Developing-
Printing-**
- **Enlarging-**
- **Binoculars**



Camera Repairs


KOPARDE & WADIA

PHOTOGRAPHIC DEALERS

NEAR FLORA FOUNTAIN

PHONE: **22838** **BOMBAY**

આય ફ્રીજીડેર કાંઇ લક્ષરી નથી, પણ રોજીંદી
જરૂરની ચીજ છે.



તમાશ બંગલામાં ફ્લેટમાં કે ઘેરમાં
ફ્રીજીડેર તો જરૂરજ જોઇએ.

ધી બોમ્બે ગેરેજ
ચોપાટી, મુંબઇ

પુના
શાન્તાક્રુઝ

જબલપોર
નાગપોર

અથવા તો કોઇ ઉમરાવો તથા લૉર્ડસની બૈરીઓ, તારી સાથે ડાનસીંગ કરવા માંગશે, તો શું તું તે વખતે મરચાં પકડશે! માટે અમારી સલાહ માની, તું કોઇપણ હીસાબે ને જોખમે, ડાનસીંગ શીખી લે, કે કોઇ પણ મોટા મેલાવડામાં જતાં તુંને હરકત નહીં નડે!"

આવી રીતે મને બધેથી મુફત કીંમતી સલાહ મલેલી હોવાથી, મેં ચોકકસ ઠરાવ કીધો કે કોઇપણ ભોગે, મારે ડાનસીંગ શીખી, મારો ભાખરો! ઓ! આઇ મીન અભખરો પુરો પાડવો! પણ આ બાજુ મને ચોકકસ માલમ હતું કે મારાં મામીજી તથા મામાજીના વીચારો ડાનસીંગની બીલકુલ વીરૂધ હતા. તે છતાં પણ ચોરી છુપીથી કરજ કરીનેબી, ડાનસીંગ શીખવાનો, અને પાસેના ભાડુત ભીખીમાય ભાખરાંની companion લ્યુસી સાથે રોજ સાંજે ૭ વાગે અગાશીપર પ્રેકટીસ કરવાનો મજબુત વીચાર કીધો! અને તે ઠરાવને તુર્તજ અમલમાં મેલવા, મેં મન સાથે મજબુત જીકર કીધી!

માહીમમાં, જોશી બુઢા કાકા હલવાવાલાના પેટામાં, કોઇ એક મીસ કુકી કુંચી કુંચી નામની મડમરી, ડાનસીંગ કલાસ ચલાવતી હતી, ત્યાં મારા મીત્રો મને લઇ ગયા, અને એ બાઇ સાથ મને ઈંટ્રોડયુસ કરાવ્યો, અને અંગ્રેજીમાં મને પાધરૂં વાત કરતાં નહીં આવડતું હોવાથી, જેમ ફાવે તેમ અંગ્રેજીમાંજ આપરે તો શરૂઆતથીજ ફેંકવા માંડીયું. પેલી મડમરીએ મને કહ્યું કે તેણી મને દસ લસણુ—અરે આઇ મીન લેશન આપી મારી પાસે ચાલીસ રૂપીયા આંગ પર રોકડા લેશે, તેટલા વખતમાં મને Quick-Step Slow Fox-Trot-Waltz અને Rumba કરીને શીખવી કેલવીને કંદ કરી નાખશે.—

ઓલી ખુબસુરત દહીતરાં જેવી મડમરી મીસ કુંચી કુંચીને (માત્ર ૧૮૦ રતલનું નવા માપનું ધરખમ, છીપુ જાતનું બૈરૂં.) જોઇને સેવક તો પાણી પાણી થઇ ગયા, અને તેણી પાસે ડાનસીંગ લેશન લેવા સારૂં, ઉપલી શરતે કબુલ પણ થઇ ગયા, અને વલતે દીવસે સાંજે પહેલું લેશન લેવાનું

નક્કી કીધું. મારા બાપરે! બંગાલી ૧૮૦ રતલનું, વેહરે તો બાર સાગનાં પાટીયા પડે, ને વેતરે તો ચાર બઇરાંઓના ગહમબાર જમાડાય, તેવા નાજુક બૈરાંને, બગલમાં લઇને પહેલે તો હું ડેન્સજ કેમ કરશ!—

રખેને એની સાથ ડેન્સ કરતાં મારી કમરમાં લચક આવે, યા મારી ઘુંટી કોઇ હાડવઇદને ત્યાં ભાડે મુકવી પડે, એ વીચારથી લગાર હું ડર્યો. ખરૂં કહું તો પહેલાં મને એવી ધાસ્તી લાગી કે મારી ધણીયાણી કુંવર, તથા મારા મામા મામી ડીયર જાણશે કે હું ચોરી છુપીથી, ડાનસીંગ શીખુંછ, તો મારા છાલ છોળાં કાઢી નાખશે, તેમજ વલી આપરા "ચલણી રૂપીયા"નીબી ધાસ્તી લાગવા માંડી કે રખે એના છાપામાં, મારૂં નામ નીશાન મારો ફોટો સાથે છાપી મારે, ને ગામમાં મારી તેમજ મારા કુટુંબની લેવરી હાણુહાણુ કરાવી નાખે.

અસલ ગોઠવણ મુજબ આપણે તો બા વલતે દીવસે, સાંજના જરા ટવમાંજ થઇને ડાનસીંગ લેશન લેવા સારૂ પેલી મડમરીનાં ઘર તરફનો રસ્તો લીધો, અને તેણીનાં ઘર જઇ પુગતાં, "દાદાર તારી મદદ" કરી જોરથી બારણું ઠોક્યું.

બારણું ઠોકાતાં "કોણુ હય!' હું ઇઝ ઘેર?" કરીને પેલી ચેકેપાઇ પડેરીનો અવાઝ, નાજુક કંઠે આવ્યો, "I Khansahib Makooji my dear, Madam!" મ્યુનીસીપલ મુકાદામ ઓફ અનીઅન્સ એન્ડ પતેતોઝ!" કરીને, મેંબી તેટલાજ તાપમાં જવાબ આપીયો.

"Come in Khansahib Makooji, you are always welcome" કરીને તેણી બોલી.

" Yes madam, thank you, very thank you God may soon hang you." કરી બબડતો ફફડતો, હું તેણીનાં ઘરમાં દાખલ થયો.

એક કુશાદે મોટા ઓરડામાં, એક ખુણે એક મોટો ગ્રામોફોન તેમજ થોડીક પાવરીને ત્યાની બાડે લીંચેલી ખુરસીઓ મુકલી હતી, અને જમીનને

ઘસીને એવી તો સરસ પોલીસ કીધેલી હતી કે, મારા ચહેરાનો પડછાયોબી તેની ઉપર આબાદ પડતો હતો. હજી તો એક ડગલું ચાલવા જાતુંછ, તેટલામાં તો કમબખ્ત મારો પગ લપસી ગયો, અને સેવક જમીનપર ચીભરાંની ફાની, આખો ને આખો ચટોપાટ એવો તો ઝીખાયો, કે જાણે ખજુરીનાં ઝાડપરથી તાડીનું ભરેલું ઘડીયું તુટી પડયું એમ લાગયું !

પેલી મેડમ ડી-લા-ફ્રાંસી, તુરત મારી પાસે દોડી આવતાં મને પુછયું.- શું પુછયું? Are you hurt my dear Khansahib Makooji? Can I send for some ice or Whisky Soda? Or are you a prohibitionwalla? Don't worry, You can enjoy drinks here to your heart's content."

"નો મેડમ! યસ મેડમ! હાર્ડકનડેન્ટસ! અરે નો રે નો! નો કનડેન્સ મીલક એન્ડ નો બટર મીલક! બટ એની વે, માઇ ફ્રોલ્ટ? નોટ હટ બટ લીટલ લીટલ ઇનજર્ડ!" મેં જવાબ આપયો.

ધીરે રહીને પેલી મડમરી, મીસ કુંચી કુંચીની મદદ સાથ, હું પાછો ઉભો થયો, અને તેણીએ મને લેશન આપવાનું શરૂ કીધું.

પહેલાં તો પેલી ફ્લકસુરે મને ચાલવા કહયું, અને મેં મારી હમેશની રીત પ્રમાણે પંજાબ મેલની ઝડપે મોટી છલંગ મારી ચાલવા માંડીયું, જે જોતાં તેણી છેડાઇ પડી! "ઓ નો-નો-નો, નોટ લાઇક ધેટ! યુ આર રનીંગ લાઇક એ બફેલો. યુ મસ્ત બ્રશ યોર લેગસ, એન્ડ વોક ઇસ્લોલી."

"નો મેડેમ! સોરી! આઇ ઇઝ હેવ નો બ્રશ વીથ મી, સો એકસુઝ મી(!)" મેં મારી હાઇ કલાસ અંગ્રેજીમાં જવાબ આપ્યો.

પેલી મીસ ખુરશી ટેબલ, ચાલાક હોવાથી સમજી ગઇ કે મને પાધરૂં અંગ્રેજીમાં થાકતું નથી, તેથી હવે હીંદુસ્તાનીમાં મને સમજાવવા લાગી.

"દેખો, એ આદમી, અઇસા નહીં ચલનેકા. ધીમે ધીમે હાથી ચલતાં હય, અયસા રીલેકસ હોકર ચલના, સમજા કયા?"

"અચ્છા મેમ સાહેબ! હાથીકી માફક ચલનેકું બોલતા નહી મેડમ ? અભી હમ સબ સમજ ગયા." એમ કહી મેં જરા ગુઠણમાંથી વાંકું વલી ચાલવા માંડયું, કે તુરત તેણી પાછી બોલી ઉઠી. "ઓ નો! નો! અઇસા નહીં! અઇસા કયા ઉંટકી માફક ચલતા! બરોબર સીધા ચલો. તુમ બીલકુલ હીંદુસ્તાની હય!"

લગભગ ૨૦ થી ૨૫ મીનીટ સુધી મને એમ ઓરડાને ચારે ખુણે ચલાવી ચલાવીને મારો દમ દુચો કાઢી નાખ્યો, અને પછી મને પોતાની બરોબર સામે ઉભો રાખી મારા બે હાથો તેણીના ખભા ઉપર મુકાવી મને ચાલવા કહેતાં પોતે પણ પાછલા પગે ઉંધી, વન, ટુ! વન ટુ! કરીને, "ટે ટાતા" કરીને બોલતા ચાલવા લાગી, અને હું પણ તેમજ એક ટો! એક ટો! બોલી ચાલવા લાગ્યો. બેશક, આય સીન મારો કોપીરાઇટ હોવાથી, મેં ઘણા કેમેરામેનને દુલ્લા દીલથી refuse કીધા! (નહીં તો આબરૂના કાંકરા થતે!)

આવી રીતે લગભગ મને દસ મીનીટ ચલાવ્યા પછી, એકાએક તેણીના લાંબા ઘાઘરાની અંદર તેણીના બુટની હીલ ગુંચવાઇ જવાથી સીધ્ધી જમીન પર પટકાઇ પડી, અને હું પણ બેલેન્સ ખોહી દેવાથી તે બીચારીનાં નાજુક એસપુલ આકાર પર એક ચીભડાની પેરે છુકઇ ગયો! જમીન ઉપર પડી પડી બીચારીએ મને મદદ કરવાને કહયું. "ખાનસાહેબ માકુજી, વોનચ્યુ હેલ્પ મી ટુ ગેટ અપ, ડીયર? ઓ ડીયર મી! ઓ ડીયર મી. માઇ પુઅર..."

"નો ફીયર! એન્ડ નો ફીકર, ડ્રીન્ક લીકર એન્ડ બી કવીકર ઇન ડેન્સ મેમસાબ! આઇ ઇઝ ગ્લેડલી હેલ્પ યુ!" એમ બોલી તેણીને હાથ આપી, તેણીના ૨૫૦ રતલના વજન સાથે, ઉઠાડવા જતાં, કમબખત મારા પગની ઘુંટી ફરી જવાથી, હું મોટેથી બુમ પાડીને જમીનપર ફસડાઇ પડયો, અને સખત દુખારો થવાથી બુમાબુમ કરવા મંડી ગયો. એવી રીતે ડાનસીંગ લેશનને એક બાજુ મુકીને, પગે સોજો આવવાથી, એક ભાડુતી ખટારો કરી એક બીમ પાસે જઇ, લેપ મરાવી સેવકે ઘરનો રસ્તો લીધો.

ઘરમાં દાખલ થતા મારી બૈરી, મામીજી, મામાજી દરવાજા આગલજ મલ્યાં. મને લંગડાતાં જોઇ મામાજીએ મને સીધ્ધો સવાલ કીધો. "કેમ માકા, વરી લંગરાયચ કાંય! શું સાયકલપરથી કે ઘોડાપરથી પડી ગયો કે? વરી એ શું કામ કાઢીને આયો? કમબખત તો સીધ્ધો રહેતોજ નથી. જાણે ઉડતું પંખેરૂ!" (પંખેરાને લઇને નાસી જાય તેવો.)

મામાજીને કંઇબી જવાબ આપવો જોઇએ એમ ધારી, મેં આસ્તે રહીને કહ્યું. "જોવની મામાજી, ઓફીસમાંથી ઘેર આવતાં, કોઇ બેવકુફ આદમીએ રસ્તામાં કેરાની છાલ નાખેલી, તે ઉપરથી મારો અચાનક પગ લપસી ગયો, તે જરાક ઘુંટી લચકાઇ જવાથી બીમને ત્યાં જઇ જરા રતી લેપ મરાવી આયોછ. પણ ફીકર કરવા જેવું કાંઇ નથી. બીમે બીલીમોરાની ગરબ જેટલી ધરખમ ગેરંટી આપીછ, કે હું એકાદ બે દીવસમાં પાછો ફરતો હરતો થઇ જવશ, સમજ્યાં કે?"

"મુવો તું! કહેજે નવસારીની લાલી, છાપરે છાપરે નાચી, તેમ બસ કંઇનુ કંઇ નવુજીતું વલોરૂં કર્યાજ કરશે કે? ખરેખર, માકા! તારી માયેબી સુંઠ ખાઇને તુને ઉંટજ જન્યોછ હે? ચાલ હવે ગુપચુપ આબરૂમાં ને આબ-રૂમાંજ, આઠ દસ દીવસ ઘેરમાજ ગગરી મરજે! સમજયો કે?" મામાજીએ અલતીમેટમ આપયો! પણ મામાજીનો એ હોકમ તો મામીજી ખાસરે બાંધે. તેથી તેવણે આ વખતે મારી તરફથી કાંઇ ઘણું હેત આયું હોશે તે બીચારાં મારા મામાજીને ખખરાવ્યાં!

"શું જો કેખશરૂ, તમેબી એવાજ અડુખરા રહી ગયાજ! ન ધારેલો કેરાંની છાલ પરથી પગ સરી ગયો તેમાં બીચારો માકો તે શું કરે? જરા જરામાં એ બીચારા મારા નીર્દોષ બચ્ચાંને ધમકાવ્યા ને હારમાર શું કરોછ જો? એક તો એનું પોપટની પાંખ જેવું હાટ બેસી જશે તો, આપરે કયાં દોડશું!" મામીએ સેવકની શ્રીફ લઇ ધાખરાજીનો ખુબ બરડો પખોડી નાખ્યો! એમજ ચાલવા દેવો યારો!

પછી થોડાક દીવસમાં જેવો હું પાછો ચાલતો થયો, તેવોજ પાછો ફુરત પેલી મીસ બુચીની કુચીને ઘેર ડાનસીંગનું બીજું લેશન લેવા દોડી ગયો. મને જોતાંની સાથે, તેણીએ સવાલ કીધો. "વેલ માકુજી હાઉ આરયુ? આઇ ડીયર ઓલ્ડ ટામબોય!"

"આઇ! નો બોય એન્ડ બટલર, બટ બીગ બીગ મેરીડ મેન, મીસીબાબા." હું બોલ્યો.

"તુમકુ અબી પીછું ડાનસીંગ સીખના હય કયા? મી. માકુજી!"

"મીસ્તર નહીં! ખાનસાહેબ માકુજી બોલો!" મેં વચમાં તાપસી પુરતાં જરા દમામ કીધો.

"યસ! આઇ મીન ખાનસાહેબ માકુજી." મીસ બુચી કુંચી સુધારીને બોલી.

"યસ, યસ! નો, નો! કાયકુ નહીં? વાય નોટ? શીખેગા મેમસાહેબ! તુમકુ ખોબા ભરકે રૂપીયા દીયા હય, નહીંકે ચોપાટીકા પત્થરા! ઓર કુચ્છ મુફ્ત તો નહીં શીખનેકુ આતા?" રૂવાબમાં મેં જવાબ કીધો.

"ધેન ચલો, આપુન તુમકો એ કુચ્છ નવા સ્ટેપ કવાટર ટર્ન બતાવેગા. દેખો એટફર્સ્ટ તુમ ધીમેસી વન ટુ, વન ટુ કર સીધા ચલો, પીછું જમણું પગ સીધ્ધા લંબા બહાર નીકાલ કર, જમણું પાંઉકા ટોકી ઉપર, જમનાં હાથકું, દીવાલ તરફ મોહ કર, અર્ધા ફીરના, ઓર પીછે ઇસ્કી જરા બાજુમે, આપકા ડાબા પાંઉ રખનાં ઓર પીછું આપકા એ જમના ઉઠાકે, ઘબા પગકી બાજુમેં રખના. ચલો દેખું અબી ફીરો!"

એ બધું શું બકી ગઇ, તે બરાબર મને સમજ પડી નહી, તેથી જેમ તેમ, મારે ગમે તેમ, ઉલતું સુલતું કરવા માંડવાથી તેણી છેડાઇ પડી. "ઓ! નો, નો! નોટ લાઇક ધેટ?"

"થેન વોટ લાઇક થેટ? બટ દેખો મેમસાહેબ, યુ ઇઝ સે કે જમનાં પાંઉકી ઉપર અર્ધા ફીરો, ઓર દાબા બાજુએ રખો, ઓર પીછું ડાબા સાથ જમણું પાંઉ રખો, તો ઇટના પાંઉ બધા આપુન કીધરસે લાયેગા? આપની પાસ તો ફક્ત દોજ પાંઉ હય, ઓર તુંમ..........."

"રીયલી માકુજી! લેટ મી તેલ યુ થેટ, યુ આર એ હોપલેસ ફર્સ્ટ ક્લાસ ફુલ" પેલી ચીચવઇને બોલી.

"કોણુસા ફુલ? ગુલાબકા યા ચાંપાકા?" મેં ટકોર કીધી.

બેશક, જેવું આપરે હસી હસીને નાક કાપયું, કે પેલી કુંચી તાલા-વાલી ખાટડી બટ થઇ ગઇ, તેથી વાત આપરે ફેરવી નાખી. "યસ, યસ, મેડમ, ઇટ ઇઝ સો, ઠેંકયુ!"

પછી મને મીસ કુચીકુચીએ આગલ શીખવતાં કહયું. "દેખો માકુજી, જબ દો પાંઉ સાથ રખા, પીછું આપ વોક બેક કરના, ઓર તુમારા દાબા પાંઉ થોડા પીછુ રખકર, જમણા પાંઉ ઉસ્કી પીછું રખનાં, ઓર દાબા પાંઉકા ટોકી ઉપર, ડાબા હાથકુ દીવાલ પર મોહ કર, અર્ધા ફીરના, ઓર પીછુ જમણાં પાંઉ ઉસ્કી સાથ રખકર, દાબા પાંઉસે આગલ ચલનાં, સમજા? ચલો અબી પ્રેકટીસ કરો."

એમ થોડો વખત પ્રેકટીસ કરાવ્યા પછી reverse turn નામનું નવું સ્ટેપ બતલાવ્યું, જે દાબે પગે શરૂ કરી, એક ગોલ ચક્કર લેવાનું હતું, જે બાદ તેણીએ મને, પોતાની નજદીક બોલાવી મારી બરોબર સામે ઉભી રહેતાં, મને કહયું. "લુક હીયર, માકુજી, નાઉ, તુમારા જમણા હાથ મેરી પીઠકે પાછલ તાઇટ રખો, ઓર આપકા દાબા હાથસે, અમેરા દાબા હાથ ઢીલા પકરો, ઓર કદમ કદમસે ચલો."

"બોટ અચ્છા મીસીબાબા." એમ કહી મેં મારો જમણો હાથ, તેણીની "નાજુક" કમર પાછલ લીધો, પણ કમબખત એ મીસ. ટીચર જાડી બેસ

જેવી હોવાથી, મારો હાથ તેણીની કમર બાજુ પોહોંચી શકયો નહીં. અને તેણીની નજદીક ઉભો રહેતાં, મને પેટમાં કુરકુરીયાં છુટયાં, અને હું બધો શરમઈ શરમઈ ગયો, જે જોતાં તેણી બોલી.

"નાઉ ગો ઓન, ખાનસાહેબ! ડોન્ટ બી શાઇ."

"આઇ શાઇ! વ્હાય કાય લાઇક ધેટ મેડમ!"

મને પેટમાં તો બહુ ગીલી ગીલી તથા શરમ લાગવાથી ધીરે રહીને મેં તેણીને કહયું. "મેડમ, વોટ કેન આઇ ઇડુ! આઇ ફીલ ગીલી ગીલી, એન્ડ વેરી શાઇ, શાઇ, ડુસરી બખત દેખેગા."

"ઓલ રાઇટ ધેન. લુક હીયર માકુજી, અભી તુમ ઘરકુ જાયગા, જબી એક ગ્રેમોફોન કી ઉપર ડાનસીંગ records રખ કર, સ્ટેપસ પ્રેકટીસ કરના, નહીં તો સબ ભુલ જાયગા. ડુસરી વખત આપકુ નવા નવા સ્ટેપસ બતાયેગા." એમ કહી મને ત્યાંથી ખરતી આપી.

મારી પાસે ગ્રેમોફોન નહી હોવાથી ઘરે જતાં મારા એક મીત્રને ત્યાંથી ગ્રેમોફોન ઉછીનો લીધો, અને એક દીવસે સાંજના ઓફીસેથી ઘરે ફરતાં, મારા ઓરડામાં ગ્રેમોફોન ચલાવી, જરા પ્રેકટીસ કરતો'તો. તેટલામાં મારો નોકર જીવણો મારા ઓરડા આગલ ગુપચુપ આવી લાગી, મને નાચતાં જોઇ કદાપી હું મેડ થઇ ગયલો હોઉં, એમ ધારી મોટેથી બુમ મારવા લાગ્યો, "ઓ, બાપુજી છાપુરજી, છામલ્યા, જામજ્યા, કેખછરૂ, છોનાબાઇમાંય, રૂપાં-આંય, પીલાંમાંય, લીલાંમાંય! જલદીથી ઇફા આવો, આપરા માકા છેટ, એકાએક ટેમ્પરરી મેડ થઇ ગીયેલા, અને એકલા એકલા નાચકુદ કરતા સે, અઉવે! કોઇ રાઇનું પલાછટર લાવો! તો કોઇ ટોમ કુતરાના ગળાનો પટો લય આવો! ઇફા તો કામ બ્હેકેલું રે બાપ!!!"

બધી ગડબડ સડબડ થવાથી, મારા મામાજી ત્યાં, વૉર રીપોરટરની આફક એકદમ ધસી આવ્યા, અને મને નાચતાં જોઇ કહેવા લાગ્યાં, "કેમ,

આક્રા, એ શું ઢોંગ લઇ બેઠોછ? એમ એખલો એખલો નાચકુદ કાંય કરેછ, કંઇ ભેજું બેજુ ખસ્યુંચ શું ?"

"કંઇ નહીં રે, મામાજી, એ તો જરા બુટને નવું સોલ મુકાવ્યુંછ, તે જરા ઘસી જોતો તો કે "ચાલતાં પગ સરી જાયછ કે ?" આપરે નાલીયું ફેક્યું. મામાજીએ મારૂં બોલવાનું સાચ્ચું માની ચાલતી પકડી, અને પાછો ત્રીજુ લેશન લેવા બીજે દીવસે હું પેલી મીસ કુચી કુચીને ઘરે જઇ પુગ્યો.

મીસ લુચ્ચી બુચીએ મને "પીવેટ" અને "ક્રોસ સારો" નામના બે નવા સ્ટેપસ શીખવ્યાં, અને વલતે દીવસે મને ડાનસીંગ પ્રેકટીસ આપવા માટે એકાદ હોતેલમાં લઇ જવાને નકકી કીધું.

તે દીવસે સાંજના, અસલ ગોઠવણુ મુજબ, મારી ડાનસીંગ ડાઇનામેટ, અને હું કરીને ડાનસીંગ પ્રેકટીસ કરવા સારૂં, મુંબઇના એકાદ જાણીતાં ટીંગલ હોતેલ "કાફે ડી હાંફે" માં ગયાં, થોડોક વખત બેઠા બાદ બેંડ વાગવા લાગ્યું, અને એક એક પછી એક એક જોડું ઉઠી ડાન્સ કરવા લાગ્યું, જે જોઇ મારી લુચ્ચી ચોટટી અને હું ઉઠી ડાન્સ કરવા લાગ્યાં. ફેંકી દેતા ૨૦ થી ૨૫, રંગીન પંખેરા ડાન્સ કરતાં હતાં. આવી બચડાકચડીમાં હું પહેલીજ વખત ડાન્સ કરતો હોવાથી, અવારનવાર કોઇને આજુબાજુ અથડી પડતો. તેમજ તે લોકના ચાલુ પગો છુંદતો, અને very sorry કહેવાને બદલે thank you, its all right! કરીને બોલી, બધી સરકા વગરની કચુંબર અને ઘોંટાલામાં ગોસ કરતો હતો!

મારીજ લગભગ બાજુમાં એક સુંદર જોડું ડાન્સ કરતું હતું, એવામાં મીસ કુચી કુચી સાથે ડાન્સ કરતાં અને reverse turn લેતાં બેંસાસુર બઇરૂં ડેનસર સાથે સેવક જોરમાં, ઘાટ એનજીન માફક અઠડી પડગો, અને તેણીનાં બુટની લાંબી એડી, મારા પાટલુનની મોહરીમાં આબાદ બેસી ગઇ, અને પાછો reverse turn લેવા જતાં, તેણી જમીન ઉપર પટકાઇ પડતાં મને "You dirty Niggard" કરીને કહયું. ત્યારે મેંબી તેણીને આપણી ગુજરાતી ભાશામાં બેચાર ઉંચામાની સરસવતી ચોપડી કાઢી. "રાંડ, નાપાક

ચાંદરી!" આ બનાવથી આસપાસ બધો શોરબકોર ને હસાહસ થઇ રહેતાં, મારે બરડે પાણી ઉતરીયું. પણ, મારી પાર્ટનર, મીસ કુચીકુચીએ દલગીરી જાહેર કરી સાવ ઠંડુ, કુલરીમલાહી જેવું બનાવી દીધું, અને સક્કર ગંદેરી જેવા અલગ રહી ગયા!

જરા પાછો બે મીનીટ ડાંસ! આઇ મીન ડાન્સ કીધો કે નહી કીધો, તેટલાં વલી પાછું બીજું હક્તેખાન નડયું. મારી નજદીકમાં એક સાહેબો તથા મડમરી ડાન્સ કરતાં હતાં, મડમરીએ લાંબો ધાઘરો પહેરેલો હતો, તે જમીન ઉપરથી આમતેમ લબરીયા કરતો. ભુલમાં તેપર મારો પગ પડવાથી તે ચરરરર દઇને ફાટી ગયો, કે તેણી સાથ ડાન્સ કરતાં સાહેબાએ મને મારી મરઘી જેવી ગરદનમાંથી પકડી, એક તમાચો મારતાં, "યુ કાલા આદમી,—અંધા હય, દેખતાં નહીં!" કરીને મારા કોઠામાં બે ચાર મુક્કી પહેરાવી દીધી. (એ આપુને ડાનસીંગ શીખવાની પહેલી આશીર્વાદ મલી! આગું તો ચલો કયા હોતા હય!)

પણ યારો! આ બાજુબી એક નોશાકરો જોગટો હતો, તે એમ લીસો લીસો તમાચો ખાઇને મહાત્માઓની કાની મઉન ધારણ કરે? એટલે પછી મેંબી પાછળથી જઇને, તે સાહેબના બરડા ઉપર કકડાવીને લાત મારતાં કહયું, "કાલા આદમી, તુમ ઓર તેરા બાપ. તુમ અંધા કોણકુ બોલતા! જરા મોંહ સંભાલ કર બાત કરો. તુમેરા મેમસાહબને ઇટલાં લાંબા ધાઘરા કાહેકું પહેના, કે અઇસા પગકી નીચે આકર ફાટ જાયગા! ઇસકુ બોલો કે, ડાન્સ કરનેકુ આના જબી, મમઇ લોકકા ચીનઇ ધાટપોટ પહેનકે આના, સમજાયું ડુક્કર ખાઉ ખરવશતર!"

પેલો સાહેબો આ સાંભલતાં, પાછો તપી ગયો અને મને કકરાવીને લાફો ખેંચી કાઢીયો, અને મેંબી તુરત મારૂં સોજામાંનું ભેજું વાપરી, એને બાવા મંગલની આંટી મારી, જમીન ઉપર ચટોપાટ ફ્લેટ ફેંકી દઇ, તેની અફ્રાશીયાબ જેવી છાતીપર ચઢી બેસી, ગલું દાબી ગુંગલાવી નાખ્યો!

આ બનાવથી અમારી આજુબાજુ બધાં લોક ફરી વળ્યાં, હોટેલના મેનેજરે તથા મીસ કુચીકુચીએ વચમાં પડી અમો લોકને છોરાવ્યાં, અને આ બનાવથી મારી પાર્ટનર ગભરાઇને મને સીધ્ધો હોતેલની બહાર લઇ જઇ થોડુંક થંડુ ડ્રીંકસ પોતાનાં ખરચે પાઇને, અને હાથમાં એક પૈસાવાલો આઇસનો ગોલો આપી મને વીદાય કીધો !

વલી પાછો બે દીવસ રહી, હું મારા ડાનસીંગ લેશન માટે પેલી મારી "કુચી" માયનાં ઘરે ગયો, જ્યાં તેણીએ મને સ્લોફોક્ષત્રોટ શીખવતાં બરડો થોકી શાબાશી આપી, "Really Makooji, you have an eye, ear and mouth for music. And that is why you have picked up dancing very quickly and so, I congratulate you."

આ સાંભલતાં સેવકે વાંકો વલી તેણીનો આભાર માન્યો, અને જેવી તેણીએ મને Waltz ના સ્ટેપસ બતલાવવાની શરૂઆત કીધી, તેટલાં એક નવું મોટું હફ્તેખાન નડયું. કોણ જાણે કોઇ મારા દોસ્ત કે દુશમને, હું ગુપચુગ ડાન્સીંગ શીખતો'તો, તેની ઘરે ખબર આપી હશે કે શું, તેથી મારા મામા, મામીજી તથા મારી જીનેજાનની શોક કુંવર સાથે ત્યાં એકાએક આવી પુગ્યાં, અને કમનસીબે બારણું ખુલ્લું રહી જવાથી ગુપચુપ અંદર આવી ઉભાં ! ઓતારીની ! હવે શું થશે. ચોટલાં પીખાશે કે પાટલાં ભાંગશે, શું થશે ? નાચતાં નાચતાં મારી નજર એવણ ઉપર પડી કે, તુર્તજ મારા માથાનાં બાલ મામીજીના ધાકે ઉભા થયાં, અને હું થરથર ધ્રુજવા લાગ્યો. એકાએક એવણુ હાથમાં, મસાલા પીસવાનો પાટા જેવો પટલો દંડુકો લઇ મારા આંગ ઉપર ધસી આવી, દંડુકાથી મારો બરડો પસવારતાં બોલ્યાં, "ઓ બેવકુફ ગધેરા ! એ તું શું નાચ નખરાં લઇ બેઠોછ ? કોણુની રજાથી તું નાચવા લાગ્યો ? તુંને કંઇ લાજ શરમ આવેછ કે નહીં ? એક મોબેદનું બચ્ચું થઇ તુંને, નાચતાં નદરતાં શરમ નહીં આવતી ? તુંને શીશયું નાહાન હવે લેવું પડશે દુકતા, તેનો કાંઇ ખ્યાલ કીધો, વલી નાચવાબી કોણુની સાથે

નીકલ્યો ! આય સપુતરી, મુઇ ફરંગન આયા સાથે! ચાલ બાજુ થા, કયેના બેશરમ નીમકહરામ દુકતા !"



થોડોક, એક મીનીટનો ઇનટરવલ પછી, મારી ખરવશતર ખસલતની, કુમરા દોઢી જેવી નીર્દોષ કુંવર, મારી પેલી ફરંગન આયા પાર્ટનર મીસ બુચીની બુચીના આંગ ઉપર વાઘણુ જેવી ધસી ગઇ, ને તેના બાલ પીખી નાખતાં બોલી. "મુઇ કેઠેની બેશરમ હલકટ ! તુમને કુચ લાજ શરમ નહી આતા ? અમેરા ગરીબ ગાય જઇસા માટી માકુજી સાથ, કોણુકી રજાસી નાચતા? તુંમ મુઇ ચોટલા બરીકા, કોઇ માટી બાટી જીવતા હય કયા નહીં! અઇસા કોણુ ગરીબકા બચ્ચાકુ ફુસલાનુકુ, તુમકુ શરમ નહીં આતા છે? તું મારા ઘેરની ભાંજતી મરે એમની એમ, મુઇ ગોવેગરી !" અને પછી પગમાંની સપાટ કાઢી, મારા બરડા ઉપર ફટકાવતાં બોલી. "હટ મુવા બેશ-રમ મરધા! તારી છતી જીવતી બૈરીએ એક હલકી ગોએગરી સાથે નાચતાં

નહરતાં, તારા ટાંટીયામાં તાઢ નહીં વાગી? એવું હતું ત્યારે મારી સાથે પરણી શું કામ મુવો! નાચવું હોય તો મારી સાથે કાંય નહી નાચી કુદી મરતો? ભત પરી મુવા તારી કેલવણી ને તારા ખાનસાહેબનાં ખાનદાન ઉપર? મુવા તું ઘરે તો આવ, પછી જો કે તારો કેવો રસ્તો કરૂં છ તે. ચાલ હવે અહીંથી ગુપચુપ ને આબરૂમાં નીકલી મર!"

હોટેલમાંથી નીકલતાં આય હફ્તેખાન ઓછું હોય તેમ, અધુરામાં પુરૂં, મારી કુંવરે પેલી મડમરીને એક એવો તો નોશાકરો લેડીઝ તમાચો ખેંચી કાઢયો, અને મામાજીએ મને ધકકો મારી, તેણીના ઘરની બહાર કાઢયો. ઘેર જતાં રસ્તામાં મને મામાજીએ તથા કુંવરે મકકમ જોલાબ આપયો.

અને ઘરે પોહોંચતાંની સાથ, મારા મામાજીએ જીવણુંને હાંક મારી એક અફ્રગાનની અંદર આતશ મંગાવી, અંદર સુખડ લોબાન મુકાવી, મોઢાંપર તરાતર તમાચા મરાવી, તોબા કરાવી, હરહરતાં સોગંદ ખવડાવ્યા, કે મરતાંબી હવે પછી મારે કોઇ દીવસ, કોઇ સાથે ડાન્સ ફ્રાન્સ કરવા નહીં!

ડાનસીંગ, ડાન્સીંગની જગયાએ રહી ગયું, ને આપરા પેટ પાંસરાની ખબર નાહકમાં લેવાઇ! પછી મેં જોયું કે જો કંઇ વધારે હું તકરાર કરીશ તો બધાંઓ મને વેલાત કોરોનેશનમાં જતો અટકાવશે! તેથી જાણે કશામાં હોઉંજ નહી તેમ "ડાહયો ડોરો ને વરીયાવનો હોરો" થઇ, ગુપચુપ ગમરી રહયો. એક ડેન્સીંગનું હડખું હતું તે એ રીતે પુરૂં કીધું ને નફામાં હાડ-મારી ને તાણુંજાણી વેઠી તે તો જુદી! યાર કયા કરે નસીબકી બાત—જો મુરધી ઉઠકે મારે લાત!!! (ભાકુબા! હવે એ ખાસરા ખાવાની આદત છોડી દેજો! નહીં તો બજારી ભાવે ચૌટે ચૌટે વેચાઇ જશો તોબી કોઇ ભાવ પુછશે નહીજ!"

સ્ટેશન નંબર ૧૦.

મોસ્કીતોનામાં — લંગર?

મોસ્કીતોના આ દુન્યાનું રંગીલું બહેસ્ત!
જે જોવા નહીં પામે તે ખરો છે નેહેસ્ત!
પરીયાં સોન્યાં તો કહેછ ઉડતાં જણાયછ!
યા! ખુદા! તમારેથી એ વાત સાચી મનાયછ?

મોસ્કીતોનામાં લંગર ને ખાઉં હું કલીંગર!

સેવકની વેલાત તરફ કુચ!—કોરોનેશનમાં હાજર રહેવાને મળેલું આન!!—

એક રલીયામણી સહવારે, હું મારી હાથની ધરતી કુંવર સાથે, હમારા રહેવાનાં મકાનમાં, બાવરચીખાનામાં બેસી ખાંડીયામાં એલચી છુંદાતો હતો, તેવામાં મારા ઘરના નોકર જીવણાએ, ટપાલમાં આવેલું સીલબંધ કાગળ લાવી, મારા સેકટાની સીંગ જેવા પોખાળ હાથમાં મુકયું. તુરત મેં ખોલી તે નીચે પ્રમાણે વાંચવા માંડીયું. વાંચતાં વાંચતાંજ હું ખુશાલીથી બધો પાણી પાણી થઇ ગયો!—

To,

Khan Sahib Makooji Mydear
Shapoor Sheth's Chuckla
Fort, Bombay.

The Government of Mosquitona has great pleasure in inviting Khansahib and Mrs. Makooji Mydear, to be present at Mosquito Abbey on 12th May—!

to witness the Coronation ceremony of Their Majesties the King Emperor & Queen Empress. His Grace the Duck of Demon has kindly consented to be their yost during Coronation week.

Sd.'.....................................!

હત્ત તેરીકી! હીપ હીપ હુરરેરેરે! ઉપલું કાગળ વાંચતાંની સાથેજ મેં ખુશાલીમાં આવી જઇ, નાહનાં બચ્ચાંની માફક, રાંધણીમાંજ નાચાનાચ, ને કુદાકુદ કરી મુકી. જે જોતાં કુંવર માછણુની કાંની છંછેણી પડી, "મરેરે, શું જો માકુજી, એમ બાવાજીના બુચાની કાની એલચી કુદત્તાં, નાચવા કુદવા શાના પડી ગયા, ભુલમાં પગબી છુંદી નાખશો તો કયાં દોડશો? શું ગામમાં બીજાં બધાં વેલાત જાયછ કે નહીં? કે તમેજ એખલા અટુલા, નવાઇના નવલા, ને શીરાજુદઉલા જવાનાં છેવ! છેકજ સાએ ચરી ગયા? આય ઉંમરે તમુને આવું શોભે કે? બરીયારે મુવા તમારા સકાર?"

"બસ, કુમલી! માઇ બકરાંકી કજેજી! તું બોલજ ના. નહીં તો વરી પાછી સમજીને બેહોશ થશે?—હું એવો તો ખુશાલીમાં આવી ગયોછ કે મારે શું કરવું, તે કાંઇ સમજ પડતી નથી. અરે ગાંડી! એ કોરોનેશન શું ઘડી ઘડી થાયછ કે, ને તેમાં પધારવાનું બાદશાહી માન, કાંઇ બંધાનેજ મલેછ શું? ચાલ ડીયર કુંવર, આપરા દરજી, ધોબી, મોચીને એકદમ મારતી ગાડીએ બોલાવી મંગાવ, અને આપરા સાથે લઇ જવા સારૂં, કપડાં ચપડાંનો ઉતાવલે બંદોબસ્ત કરી નાંખ, હું હમણાં ઓરીસમાં જઇ, આવતી તા૦ ૨૨ મી એ ઉપડતી બાદશાહી સ્ટીમર "Viceroy of India" માં આપરે વરે બે "ડેક પેસેંજ" નોંધાવી આવુંછ, તેટલાં તું બધું આપરી પટરાંની પેટીમાં ગોઠવ ગાઠવ કરવાં મંડી જા, સમજી કે! અને બીછાણું બાંધવા શેતરંજીબી માળીયા પરથી નીચે ઉતરાવી તડકે નાખ! ચાલ જલદી કર એમ અડુખરાની કાની સુની અવાજ શું ઉભીય?"

"મરેરે! આય કોઇ મુવા માટીડાને પુછે? જરા ચુપું ચુંબઇલાં કરીને રહેવાનોબી કરાર નથી," કુંવરે નાકનું ટીચકું ચઢાવ્યું, "વારૂ ચાલો, ધુલ નાખી, ખુદાય રાખે આપરો સરકાર દરબારમાં, હમણું હમણાં લાગવગ એટલો વધી ગયોછ, કે જરા જરામાં મોટા રજવાડાએ પોતાના મહેમાન તરીકે આપણુનેજ બસ બોલાવ્યાંજ કરેછ. વલી આપુંને બધેબધ ખુદાબક્ષમાં જવાનાં વહેજાં હાલ તો લાગાંચ, તેમાં વરી મોસ્કીતોનાની સરકાર ચાહીને બોલાવે, તે શુંકામ નહી જઇએ? ચાલો હુંબી તઇયારી કરવા માડુંચ. આપરે જવાબ આપીયો અને મારી ખાહેશને માન આપીયું. કોણે? કુંવરેજ!

"ચાલો આજે પુનમ છે તે હુંબી જઇને બધું વસાવી, હસાવી લાવું." એટલામાં તો ધલોરી માફક સુનામામી આવીને વચમાં પુરાયાં.

"નહીં માકા! તે કોઇ દીવસબી બનશે નહીં? હુંબી તારી સાથેજ વેલાત આવવાની? તેથી મારીબી બા "પાસેજ" નોધાવતો આવજે!" કવાબમાં હાડકું મામીજી વચમાં બોલી ઉઠીયાં, ને પછી પોતાનું લીંગર દાસ્તાન આગલ ચલાવ્યું. "મુવા, નફ્ટ નકટા! તુંને મારા વગર છેક વેલાત વેર એકલ દોકલ જતાં શરમ નહી આવતી કે? હું મરતાંબી તમો લોકોને, એકલાં જવા દેવાની નથી! તમારાં બોટે બોટાં પીખી નાંખશ!"

"પણ મામીજી, મને તો સરકાર તરફ્થી ઇજન મલ્યુંછ, ને હમો ત્યાં તો પેલા ઉમરાવ, ડયુક ઓફ દમણના મહેમાન તરીકે, તેના મહેલમાં રહેવાનાં છઇએ." મેં મામીજીને સમજાવ્યું.

"બાવા, તમે જોઇએ તો ઉમરાવને ત્યાં રહો કે દુબરાંને ત્યાં રહો. તેની સાથે મને કશું લાગતું વલગતું નથી. કંઇ નહી મરૂં, તમે મારા માટે જરાબી ફીકર ના કરતાં. હું નચીંતે ત્યાં જઇ પાંડેની ધર્મશાળામાં ઉતારો લેવશ. પણ હું તમો સાથે આવવાની ને ફ્રર આવવાની!" આય વલી બીજું જીદ્દી નોશાકરૂં બૈરૂ બોલ્યું!

"અરે પણ મામીજી, વેલાતમાં તે વલી પાંડેની ધર્મશાલા આવતી હોશે? તમેબી શું જો મામીજી, વેલાતને કંઇ મહેમ વાંદરૂ સમજ્યાં કે?"

"જોરે દુકતા, વધારે તનપાંચ મને નથી ગમતી, રસ્તામાંથી કોઇબી હેલપાટીવાલાને સાથે લઇ પાંડેની ધર્મશાલા શોધી કારશ, સમજ્યો કે! મને કંઇ ભોટ સોટ નાં સમજતો." પછી મારા મામાજી તરફ, પોતાનું ઘોલનું ડોકું કરી ભાશણ આગલ ચલાવ્યું. "જોવરે કેખશરૂ, હું આય આપરાં છોકરાંઓ સાથે ત્રણચાર મહીના જરા વેલાતની મુસાફરીએ જાવુંચ, તેટલાં તમો જરા આપરા ઘેરની સંભાલ રાખજો, અને મારી ગેરહાજરીનો લાભ લઇ, તમારી હંમેશની રીત પ્રમાણે ભર ભાડુતની પોરીઓ સાથે રાતે નાટક સીનેમામાં, ધસરઇ તણાઇ ના જતા. જરા કરકસરથી રહેજો, અને બપોરે દાલ ચાવલ, તો રાતનાં મસુર પાંઉપરજ હીસાબ રાખજો, અને બધાં તમારાં પરવારતાં દોસ્તોને ઘેર બોલાવી દારૂ પી ધાંધલ કરી પાના પાસાના જુગાર ના રમતા. દર અઠવાડીએ મારા પર વીગતવારે, તમારી ચાલચલણની ક્નકોતરી લખજો, અને તમારી જો મારી પર કાંઇબી ફરીયાદ, ભર ભાડુનો તરફથી આવીછ તો અહીં આવી તમારી બરોબર ખબર લેવશ, તેની ખાતરી રાખજો, ને જરા સુધલો ઠેકાણે રાખજો, સમજ્યા કે?"

મને તેમજ મારી વાઇફને કોરોનેશનમાં હાજરી આપવાનાં મલેલાં ઇજનના સમાચાર ઓલા ગોલાબ્યાં છાપા, "જામે—જમશેદ"માં બરોબર પાયદસ્તની કોલમની બાજુમાં છપાતાં, મારાં સગાં વહાલાં, તથા દોસ્ત દુશમનો મારે બંગલે, મોટી સંખ્યામાં આવી લાગયા, અને વારા ફરતી મપારા લઇને મને મુબારકબાદી આપવા લાગ્યાં. તેમ તેમ સેવકની છાતી ખુશાલીથી ફાટી ફાટી ગઇ. બસ મીનીટ મીનીટે હવે વેલાતનાં સ્વપના આંખ આગળ આવવા લાગયા.

જોતજોતામાં અમારો વેલાત ભણી ઉપડી જવાનો દીવસ પણ આવી પુગયો, અને તે દીવસે સવ્વારને પોહોરથી લોકોએ, હમારા મકાને સુકકાં

ફુલોના હારો સાથે, હઝારોની સંખ્યામાં હાજર થઇ, મારૂ મકાન બધું ગજાવી મુકયું. બરોબર નવને ટકોરે, માથે ચીનાઇ ખોખું, સફેદ દગલીમાં સજ થઇ, કપાળે બાગ્મરા ભુત જેવો, ગુરૂ ગોપીચંદ માફક મોટો ટીલો ને ગળામાં ફુલનો હાર પહેરી, મારી એસ્કી કપડાંમાં સજ થયલી, સ્વદેશી મેધેમ, યાને મારા પોતાના એખલાનાજ મીસીસ, અને મારાં દારદોધીમાં વચ્ચે પડનાર શોભઇતા મામીજી સાથે ભાડેની "Rolls-Royce" મોટર લોરીમાં બેસી, લોકોની ખુશાલી અને બરણી ભરીને દલગીરી વચ્ચે, બેલાર્ડ-પીયર તરફનો રસ્તો લીધો, અને જેવા અમો મોલ સ્તેશનના દરવાજાપર આવી પહોંચ્યાં, કે ત્યાં હાજર રહેલા બાઠા દીવાદાંડી અનજુમનના શેઠયાઓ, મોટા સરકારી ઓધ્ધેદારો, તથા મોટા મીત્રમંડળે અમોને કોહેલાં ઇંડાથી વધાવી લઇ, હરખભર્યો આવકાર આપ્યો, ને સઘળાંઓ હમને સફલ સફર ઇચ્છવા લાગ્યાં. વલી એક મોટા અમલદારની મહોરદારે મને "Bon-Voyage" અને Au-revoir ઇચ્છયું, જેના જવાબમાં મેં માથાપરથી પાઘડી ઉતારી, વાંકો વળી, "થેંકયુ, માઇ ડીયર, ઓ રેઝરવોયર! ઓ રેઝરવોયર!" કહી, જેટલું અંગ્રેજી ભરડેલું હતું, તેટલું મેં તેણી પાસે રેડી દીધું ?

એ સઘલું સાંભલતાંની સાથેજ મારી કુંવર, મારા પેટમાં હથોડા જેવી, પોતાના હાથની કોણી મારી બોલી, "મરે શું જો માકુજી! તમેબી શું ભાંગરો વાટોછ. અગ્રેજીમાં બોલતાં નહીં આવડતું હોય તો ગુપચુપ આબરૂમાં મુંગા ગગરી કાંય નહીં રહેતાં? એ મુવું રેઝરવોયર શું બરચુંછ? એ રેઝરવોયર તો હેગીંગ ગાર્ડનપર આયું. અરે! રેઝરવોયર નહીં પણ "ઓ રેઉઆર" બોલવાનું. મરેરે! આય અરભંગ ને ચકરમ પારસી માટીડા સાથે મારો પાટલો કેમ ફાવશે? કોણુ જાણે વેલાત જઇ અંગ્રેજ લોકમાં કેવા ફેરસ્તા કરીને, મારૂ નાખ કપાવશે, હું ધારૂંછ કે વેલ્લાતથી પાછાં ફરતાં સુધીમાં તો મારા લોહીનું પાણી થઇ જવાનું છે."

પછી સઘલાં લોકોની મોટી ખુશાલી વચ્ચે અમો આગબોટ ઉપર ચઢવા જતા હતા, તેવામાં મામીજીનો પગ દાદર પરથી લપસી જવાથી ફુટ-

બોલ ગબડે તેમ જમીન ઉપર મજબુત ઝીંખઇ ગયાં, અને તેથી એવણનાં આગલા બે સુનાના દાંત તુટી પડીયાં, જેમાંથી ધોધમાર લોહી વહેવા લાગ્યું, તે જોઇ મેં તે આગબોટનાં એક અમલદારને હીંમતથી કહયું, Never mind Sir. You can't help it. She is very bloody and the true Persian blood is overflowing in her veins, through her teeth."

જેમ તેમ સારવાર કરી એવણને દખમે ચઢાવવાને બદલે, આગબોટ પર ચઢાવ્યાં, ત્યારે સ્ટીમરનાં કેપટને, આવકાર આપયું. અમોને કેબીનો દેખાડી, અમારા દરજ્જા મુજબ માન આપયું, અમોને તે બોટનાં કપટાનની સાથે ખાવા બેસાડવામાં આવતા હતા, તેમ એક બપોરના ખાવા બેઠા હતા, તેટલામા દરીયો એકાએક તોફાન પર ચઢયો, અને સ્ટીમર આમથી તેમ ડોલવા લાગી, જેને લીધે સેવકે, ખાવાની ટેબલ પરજ ગરાગર ઓકવા માંડયું, જેથી ધીરે રહીને, ઓલા કપટાને હસ્તાં હસ્તાં મને કહયું, "Well Khansahib Makuji, it seems you are a good sailor ? "

"અરે નો રે નો સર ! Who told you that ? I am not a sailor, but a first class deck passenger ! "

ધારવા મેલે સેવકે તેમજ મામીજીએ, હમારી હમેશની રીત પ્રમાણે આગબોટપરથી છબરડાઓ કર્યા કીધા ને ભાંગરા વાટી, કુંવરનું લોહી સુકવી નાંખ્યું. કુંવરની દરાખ, આ રકાશ જોઇ, ઘડીઘડી ખાટી થતી હતી. પણ ગરીબ બીચારી ! એ ત્યાં બીજું બોલીબી શું શકે ? ? —પણ, પછી સારા નસીબે, થોડા દહાડામાં સ્ટીમર મોસ્કીતોના બંદરે પોહોંચી, જ્યાંથી ત્રેનમાં બેસી અમોએ બંદર તરફનો રસ્તો લીધો !

જેવી આગબોટ માસ્કીતોના બંદર ઉપર આવી પોંહોચી કે અમોને વલાવવા આવેલાં શાહી કુટુંબના મેમ્બરો, મોટા ઓધ્ધેદારો, દેશી રાજાઓ (ને વેલાતી ખાજાંઓ) તથા નામદાર ડયુક ઓફ દમરો, અમોને અમારા દરજજા અને મરતબાનો, મોવરાં દારૂના પેગ સાથે આવકાર આપીયો. ત્રેન-

માંથી ઉતરતાંની સાથેજ કુંવર, ડયુક ઓફ દમણને એકાએક વલગી પડીને ધસાધસ રડવા લાગી, જે તમાશો જોવા પ્લેટફાર્મપર એક મોટું મેજરૂં એકઠું થયું. એ રકાશ જોઇ આપરાં તો નાકનાં ફીફરા તો એકએકસે ફાઇ-ટમફાઇટ કરવા લાગ્યાં, ને જીવ તો એવો થયો કે અમન્નડીએ કુંવરની નાજુક ડોક દાબી દેઉં, પણ બહારથી હસ્તો દેખાવ રાખી, લોહીનો ગોટ ગલીને, મામીજીને, દમન્યા ડયુક સાથે ઓળખાવ્યાં, તે ડયુક મામીજીને જોતાંજ વાંકો વળીને સલામ કીધી, અને નમનતાઇથી મામીજીને પુછયું, Well old mummy how do you do?" જે સાંભલતાં ડોસાંએ મને સવાલ કીધો, "મરે માકા, એ મુવો ગોરો એમ વાંકો ચુંકો ને પહોરો ચોહરો થઇ મને શું પુછેછ? લાગેછ તો જાણે મારો બીજો કેકુ કાકાતઉવો!"

મેં ડોસાંને ઓલો ગોરો (ડયુક) શું જાણવા માંગતો હતો તે કહી સંભળાવ્યું, જે પરથી ડોસાં ડયુકને બોલયાં, "અરે બાવા કયા બોલેગા! આવાંયઝદ (દરીયા) ને અઇસા તોફાન કીધા કે આગબોટ સઘલા ઉપર નીચે હો ગયા, અને મેરેકુ ધ્રાસ્કા ધાસ્તી લગા કે, રખે આગબોટમેં કાના પર કર દુબ જાવે. સારા દીન બેડકર–દાદાર હોરમઝદકુ યાદ કીયા કે, અમેરા રૂવાન રખડ નહીં જાવે. દુસરા તુમકુ કયા ખબર દેગા બાવા?" (શું ડયુક બધી મામીનું સુફયાનું હીંદુસ્તાનીભાશા સમજી ગીયો હોશે કે? સકાર બરેરે મામીજી તમારા!)

પછી મારા તરફ ફરતાં ડયુકે મને સવાલ કીધો. "Well Khan Sahib Makooji, how did you enjoy your trip, and how was the weather?"

"Weather was very climatic Sir!– ઓલ ધી વોયજ, આઇ વોઝ સીઇંગ સ્ટારસ. એન્ડ ધી સ્ટોકીંગસ ઓફ ધી સી (દરયાકા મોજા) ટરન્ડ અપવર્ડઝ એન્ડ ડાઉન વર્ડઝ, એન્ડ ઓલ ધી ટાઇમ આઇ વોમીટેડ એન્ડ વોમીટેડ, એન્ડ નેવર ઇટેડ એનીથીંગ, એન્ડ સો આઇ ઇઝ ફીલ

ગીડી ગીડી, એન્ડ માઇ સ્ટમક ઇઝ એમટી સર!' સેવકે રડમસ ચહેરે, જેમ ફાવે તેમ અંગ્રેજીમાંજ ફેંકયું. (ડયુક શું સમજ્યો તે તો તેનો દાદો જાણે!)

"Don't worry my son, everything will be all right soon." ડ્યુકે મારા બરડો પસવારતાં સધીયારો આપીયો.

જેવો મેં બંદર ઉપર પગ મુકયો કે તુરત મને સામેથી ૩૧, બુટારાની ટોપનું બાદશાહી માન આપવામાં આવ્યું. જે સાંભલતાં વલી પાછાં મામીજી અચબુચ મને કહયા પુછીયા વગર, બેસુધ્ધ થઇ ગયાં. હું મારા ખીસામાંથી ઉતાવલે કોલનવોટરની બાટલી કાઢી, એવણુને સુંગાડી, પાછા અસલ અવતારમાં લાવ્યો. પછી લાલ્યા દુબરાઓની બનેલી, ગાર્ડ ઓફ ઓનરની એક ટુકડીની તપાસ લઇ અમારે માટે ખાસ તૈયાર રાખેલી, પૈડા વગરની મોટરગાડીમાં, અમોએ બેઠક લીધી! પહેલી બાદશાહી મોટર ગાડીમાં ડયુક ઓફ દમણુ, સેવક તથા રાજાના એ. ડી. સી. એ બેઠક લીધી, અને પાછલી મોટર ગાડીમાં, કુંવર, મામીજી તથા ડચેસ ઓફ દમણે બેઠક લીધી. ધીરે ધીરે બન્ને મોટર ગાડીઓ તથા તેની પાછળ સરઘસનાં આકારમાં આવતી બીજી ગાડીઓએ રાજાના મહેલને શું કહેજ જો, બકરી ગામ કે ગાય ગામ પેલેસ તરફનો રસ્તો લીધો!

આખે રસ્તે અમોને લોકોએ હુર્રરેના પોકારો કરી, તથા રૂમાલો ઉડારી, ઉત્સાહભર્યો આવકાર આપ્યો. અને રસ્તે રસ્તે લશકરે, બંદુકો નમાવી, બેંડોએ "સજાણુ માર્ચ" અને ઇરાન્યન નેશનલ એન્થમ વગાડી વધાવી લીધાં!

અંતે અમારી સવારી બકરીગામ પેલેસ આગલ આવી પોહોંચી, અને જેવી ગાડીઓ દરવાજામાં દાખલ થઇ કે તુરત સેનટ્રીઓએ બ્યુગલો ફુંકી, અમો લોકની પધરામણી જાહેર કીધી. પેલેસના મુખ્ય દરવાજાપર રાજાના પ્રાઇવેટ સેક્રેટરીએ, અમારા બરડાની ખબર લઇને આવકાર આપ્યો, અને પછી બંને જણાને (બેડી નાખીને) ઘેર મેજેસ્ટીઝ આગળ લઇ જવામાં આવ્યાં, જ્યાં પોહોંચતાની સાથ સેવકે દેશી રીત પ્રમાણે રાજાજીને કોટી કરી, કપાલે મોટો ટીલો કરી, સાથે હીંદુસ્તાનથી પારસી કોમ તરફથી મોકલાવેલી, એક

રેશમી શોલ, કારકેટ, તથા એક મોટી ત્રે, કે જેના ઉપર મારો તથા બીજા પારસી મહાન નરોના ફોટાઓ કોતરેલાં હતા, તે ઘટતાં શબ્દો કહી એનાયત કીધાં, અને નામદાર શહેનશાહ બાનુને ખાસ ઉંચામાં ઉંચા અને મોઘામાં મોઘા શીરાઝી શરબતની ડીકાંટરની ભેટ કરી, તેવો નામદારના હાથ ઉપર કીસી લીધી, અને મામીજીએ, "મરરે મરૂ" કરીને નામદાર શહેનશાહ તથા શહેનશાહ બાનું ઓફ મોરકીતોનાને ઓવરણાં લઇ એક ધીમું ગ્રેસફુલ નમન કીધું ?

આવી રીતે થોડોક વખત વેર તે નામવરો સાથે ખુશ મીઝાઝમાં ગુફતેગુ કરી, શાહી મહેલમાં ઉતરેલાં બીજાં દેશોનાં શાહી પરોણાઓ સાથે છુટથી ભેલાઇ, જાણે સેવક, કેવા એક મહાન રાજવંશી નર હોય તેવો દેખાવ કરી, થોડાક વખતમાં તે લોકમાં ઘણાંજ વસઇના પુલ જેટલા માનીતા થઇ ગયાં, અને મોટી મોટી વાતો કરી બધાંને આંજી નાખ્યાં. પછી અમોએ ડયુક એન્ડ ડચેસ ઓફ દમણ સાથે તે લોકના મહેલ તરફનો રસ્તો લીધો !

બીજે દીવસે "કોરોનેશન ડે" હોવાથી આખી રાત મોહોલ્લાઓમાં લોકોએ ખુમરાણ અને ધીંગામસ્તી ચાલુ રાખી, સહવારનાં વ્હેલાં ઉઠી, દુધ પાઉં ફુલ તથા "વેલાતી તરાથી" નાહી ધોઇ માથે પમરતું તેલ લગાવી, મુછપર કોસમેટીકનો હાથ ફેરવી, જામો પીછોરી, પગમાં ચકચકતાં પંપશું, માથે ચીનાઇ ખોખું, છાતીપર મોટા મોટા પપેટા જેવા પતરાના ખોટા ખરા ચાંદો, ગરદનની આજુબાજુ કશ્મી શોલ ને કમરે તલવાર લટકાવી, ત્રીમત્રાક થઇ, બીજા દેશોના રાજાઓને, શાહી પરોણાઓ, ઓધેદારો સાથે સરઘસના આકારમાં, પગે ચાલી "મોરકીતો એબી" તરફ જવા "બકરીગામ પેલેસ"માં જઇ ઉભા. સેવકને બીજા દેશો તથા ખંડોના પ્રતીનીધીઓની મોખરે ચાલવાનું મોટું માન મળેલું હોવાથી, તે મુજબ પોતાની જગયા લીધી. આખરે લેફ્ટ રાઇટ કરતા, હાથમાં એક મુથ વગરની તલવાર પકડી, મહેલની બહાર પડયા.

ખચ્ચીત, સેવકનું મોટું પેટ, માજી કયસર જેવી ખોટી લાંબી આકડા ચઢાવેલી મુછ સાથે કોઇ મોટો નામાકીંત નર જેવાજ લાગતા હતા ! (એમ કે ? માકાજી, પછી, પછી, બીજું કાંઇ અજમાવની દીકરા)

આખે રસ્તે લોકોએ પાછા રૂમાલો ઉરાડી, ખુશાલીના જબરા પોકારો કરી, હમને વધાવી લીધાં. તેમ તેમ મેં એક હાથમાં પાઘડી માથાપરથી સહેજ ઉચકી, બીજે હાથે મીલીટરી સલામી આપી ઉત્તર વાલ્યો, તે દેખાવ જે લોકોએ જોયો હશે, તે લોકની આંખમાં જરૂરજ, ઉમર ભરાતાં મોતીયો પાકશે? (કાંય બા? પછી માકો કેવો લાગશે? જાણે પરસીપોલીસના ભાગેલા ખંડીયરોનો કીલ્લેદાર! હટ, તારૂં નાક બરેરે, માકા.)

આયંદે, ખાનસાહેબ માકુજીની સરદારી હેઠળ આખું સરઘસ 'મોરકીતો એબી'માં દાખલ થતાં, મોટા ઓધ્ધેદારોએ આવકાર, કાલાવાલા કરીને આપ્યો, અને હમને એબીમાં દાખલ કીધાં! મારી ધણીઆણી તેમજ મને વધુ માન આપી, મોટા ઉમરાવોના બોક્ષમાં બેસાડવામાં આવ્યા. (અકરૂં?) જે જોતાં ઘણાં ડયુકો (આપરો સોડાવાલોબી) અર્લો તથા બેરનોના મનમાં અદેખાઇની આગ ઉભરી આવી, અને આખમાં મરચાં વટાયાં ને જુદા! કે આય હીદુ-સ્તાની આદમી અહીં આવી બેઠો? બોક્ષમાં બેઠા બેઠા મારી રીત પ્રમાણે, મેં બધાં લોરડો, બેરનો તથા બીજા ઉમરાવો સાથે જાણે શું એક મને ટોકો ઓલખાણ હોય તેમ આમથી તેમ ડોકાં હલાવી, હસી હસીને વાત કીધી.

જેવી તાજપોશીની કીયા ખતમ થઇ કે, સરઘસે બકીંગહેમના મહેલ તરફ પાછી કુચ કીધી.

રાતનાં, તાજપોશીની ખુશાલીમાં મહેલમાં એક "સ્ટેટ-બેનકવેટ" થયું. ત્યાં પણ સેવક, મારી મીસીસ, મામીજીને નોતરવામાં આવ્યાં, જ્યાં અમોને ઘણી આગેવાન (ને પાછલ કાન!) જગયાએ પલાંથી વાલીને બેસાડવામાં આવ્યા. હવે સેવક, પાછો પોતાની અસલ જાત ઉપર ગયો, ને ધકમાં ને ધકમાં એક સુનાનો કાંટો, બે ચમચા, સૌ કોઇની નઝર ચુકાવી ગુપચુપ ખીસામાં સેરવીમી દીધાં. આ બનાવપર એક ચોરીયામાર આંખવાલા વેટરની નઝર પડતાં, તેણે મારી આગલ આવી, કાનમાં કહ્યું કે "બાવાજાન! એ કંઇ તમારા બાપનો માલ નથી. ગુપચુપ પાછાં જ્યાં હતાં ત્યાં મુકી દેવ, નહ

તો આ ભર શાહી જ્યાફતમાં તમારો ફેસ્તો થશે, ને રાતો રાત તમને પોલીસ લોક–અપમાં ચાંચર માકર મારવા જવું પડશે. એ તમારી હીંદુસ્તાની ચાલાકી તમારા દેશમાંજ રહેવા દેજો!"

પણ મેં તેની કાંઇ પણ નોટીસ લીધી નહીં. જ્યાં કાંટો વાપરવો જોઇએ ત્યાં છરી, અને ચમચો જોઇએ ત્યાં હાથે ખાવાનું શરૂ કરી, છબરડા પર છબરડો કરી મુકયો. ખાણું દરમીયાન હંમેશની રાજવંશી સલામતી લેવાનું કામ હીંદુસ્તાન તથા પારસી કોમ તરફથી મારે માથે આવી પડયું. એટલામાં બબ્બે હાથે દારૂના ગલાસો લઇ ઉઠવા જતા માથાપરથી મારી દસશેરની પાઘડી ગબડી પડી, તે છતાંબી મેં પુર છટાથી તૈયાર કીધેલું ભાશણ વાંચી જઇ ટોસ્ટ લીધો કેઃ—

"યોર મોસ્ત બીલવેડ મેજેસ્ટીસ"!

આઇ, ખાનસાહેબ માકુજી માઇડીઅર,

એ પારસી સીટીઝન ઓફ્ બોમ્બે, એન્ડ નવસારી નગરી ઇન જેનરલ, વીચ ઇઝ એ સીટી ઇન ઇંડીયા, હેઝ બીન કાંઇન્ડલી રીકવેસ્તેડ બાઇ, હીઝ બ્રધરસ એન્ડ સીસ્તરઝ, ટુ મેક એ લવીંગ સ્પીચ, એન્ડ ટુ ટોસ્ટ ધી ટોસ્ટ ઓફ્ યોર બીલવેડ મેજેસ્ટીસ, ઓન ધીસ વેરી શશપીયસ, આઇ મીન ઓસ્પીસીયશ ઓકેઝન ઓફ્ યોર સકસેશન ટુ ધી થ્રોન, પ્લીઝ અલવ મી યું વીશ યું એ વેરી હેપી કોરોનેશન, એન્ડ એસ્યુર યુ, ધેટ વી, ધી, સોકોલ્ડ ઇંડીયનસ, વીલ ઓલવેઝ બી વીથ યું, ઇન લવ, લાઇફ્ એન્ડ ડેથ, etc etc (હીયર, હીયર તથા ચાલુ તાળીઓના મોટા અવાજો) મોર ઓવર અલવ મી ટુ સે ધેટ અલથો વીઆર એ માઇક્રોસ-કોપીક પારસી કમયુનીટી, વી હેવ, સમ લોંગ લોંગ કનેકશન વીથ યોર કંત્રી એન્ડ હેવ મેડ એ નેમ ઇન બીઝનેસ, ટ્રેડ, હોનેસ્તી એન્ડ ચેરીટી, એન્ડ ધેરફોર, વી આર નોન એઝ પારસી ધાઇ નેમ ઇઝ ચેરીટી, બટ, ઇટ વીલ બી ચેનજડ ફ્રોમ ટુ ડે ઇન્ટુ, "લોયેલટી, ધાઇ નેમ ઇઝ પારસી," (હીયર, હીયર ને વન્સમોરના પોકારો.)

ઇન કનકલુઝન, એઝ આઇ થીંક, વી ઓલ આર વેરી હંગરી એન્ડ શીર્લીંગ સ્લીપી, આઇ વીલ વન્સ અગેન વીશ યોર મેજેસ્ટીઝ એ વેરી લોંગ એન્ડ પ્રોસપરસ હેપી લાઇફ, વીથ મેમ્રીક હેપીનેસ ઇન સ્ટોર. આમીન ! આમીન !"

જેવું હું હાંશીહુંશીને આ બોલી રહયો કે, તુરત કુંવરે દોડી જઇને, શહેનશાહને ઓવરણાં લઇને શહેનશાહબાનુને એક ગ્રેસફુલ બાઉ કરીને તેટલાંજ ગ્રેસથી કીસ કીધી!

શાહી ખાના બાદ, મહેલના મોટા ડાનસીંગ હોલમાં એક મોટી નાચ પાર્ટી ચાલુ થઇ, અને ડચેસ ઓફ્ દમણે મારી આગળ આવી, તેણી સાથ નાચ કરવાની ઓફર કીધી. મેં હસીને ડચેસ સાથે ડાન્સ કરવાનું શરૂ કીધું, તેટલાં મારા મામીજીએ બધાંઓને આમ તેમ ધકકા મારી, મારી પાછળ આવી મારા બરડા ઉપર છાપટ મારી,

"તું નાચનો નદરતો મરે, એમનો એમ! મુવા બેશરમ, તુંને આય ભર લોકની વચ્ચે, કોઇ પરાઇ " ઓરતની કમ્મરે હાથ નાખી, તેની મર્યાદાનો ભંગ કરી, નાચતાં શરમ નહી આવતી કે? તારા બાપદાદાઓ બધાં એમ ભર લોકમાં નાચી કુદીને મરી ગયલા નહીં? આવા ખેનકોટક કરવા તું મને અહીં ઘસરી લાયો કે? તારો દોજખમાં થાર થાય રે તારો, મુવા કોરગા!"

એમ બધો મારો હુરીયો થતાં ત્યાં લોકોમાં હસાહસ થઇ રહી, અને સેવકે તો ત્યાંથી ઉભી પુછડીએ નહાસવાજ માંડીયુ.

મારા કીસમતમાંજ જરા નીરાંતે બેસવાનું નહીં હશે, તે વખતે દીવસે સહવારનાં કોઇ નોકરે એક ચીઠી લાવી મારા હાથમાં મુકી. ખોલાંને વાંચતા જોયું તો મને તથા મારી ધણીયાણીને મોરકોતીનાના કોઇ ઉમરાવે, પોતાને બંગલે, તે રાત્રે જમવા નોતરેલા.

ત્યારે તે રાત્રે, અસલ પારસી પોશાકમાં સજ થઇ, કુંવર સાથે, તે ઉમરાવને બંગલે જવા નીકલ્યો! જ્યાં જતાંની સાથ મને, મારા દરજ્જાને

છાજતો આવકાર આપી ત્યાં હાજર રહેલા, નામાકીત નરો તથા ઉમરાવો સાથે ઓળખાણ કરાવવામાં આવી. ખાણા બાદ સઘળાઓ અંદર અંદર વાતો રવા મંડી ગયા, તેટલાં એક ઉમરાવે લઇને મને સવાલ કર્યો,

"Now, Khan Sahib what do you think of India and Indian people? Do they really deserve Swaraj?"

"વેલ, સર, ઇટ ઇઝ એ વેરીવેરી ડીફીકલ્ટ, સ્ટ્રેન્જ એન્ડ અનએનસર એબલ કવેસચન. અલવ મી ટુ લેટ યું નો, ધેટ, આઇ હેવ લોંગ સીન્સ, ડીસકનેકટેડ માઇ કનેકશન વીથ સ્વરાજ પાર્ટી, એન્ડ ધેરફોર, આઇ રીકવેસ્ટ યુ, ટુ આસ્ક ધીસ કવેસચન સ્ટ્રેટ ટુ મ્હાત્માજી, પંડીતજી એન્ડ ધી લાયન મેન એન્ડ ટાઇગર ટોલ સરદારજી એન્ડ, હાજી, નાજીવાલા બદલુજી એન્ડ એકયુઝ ત્રબલ, સર!"

દેખુતો ઓલા મારા ઉમરાવ મહેમાનને ગાયણુનો ઘણો શોખ હોવાથી, અમો લોકને કંઇ હીંદુસ્તાની ફેશનમાં ગાયણુ ગાવાને ઘણી આજીજી પર આજીજી કીધી, અને સેવકનો સાદ ઘણો ઝેરી અને ગાવાના બીલકુલ વાખા હતા, તેથી મારે થાકીને મામીજીને કંઇ ગરબી ગાવાને અરજ કીધી, અને મારા ડોસાં તો એક બોલે કબુલબી થયાં!

"માકા, શું ગાવું હે! આતસનું ગીત, કે નરસીહ મહેતાનો ગરબો!" પણ આપરે "હાખ થું" કરીને જે ખંખાર માર્યો તે પરથી મામીજી સમજી ગયાં, કે એ બેઉ ચીજો પર પુરો મુકવો!

"માકા, ત્યારે તુંજ બોલી મરની કે શું ગાઉં!"

"મામીજી, ગો ઓન, ધેટ ફેમસ ભારી બેડાવાલા લાઇટ ગરબી, જસ ધીમે ધીમે સ્લો મોશનમાંજ જવા દેજો, તમારાં અરબસ્તાની ખચ્ચરનાં અવાઝે, કે બધાં અરીણુ ખાઇને દરીણુ પડે!"

ઘણું મોટે ખાંચરેના પરોણાઓ જરમની, ઇટલી, સ્પેન. રશીયા, ન જાપ અમેરીકા વીગેરે મથકેથી, દીવાલી ટાંકણે દરીયામાં જેમ

છમણું તણાઇ આવે તેમ ત્યાં બધાં ઘસરાઇ તણાઇ આવ્યા હતા, અને બધાં, "બકઅપ ઑલ્ડ લેડી" કરીને, મામીજીને તાબડા ફોડી, ગાવાને અરજ કરતા હતા.

મામીજી તો, પોતાની ઉપર સવરા સુરજ ઉગયા જોઇને છલકઇ મલકઇ ગયાં, ને ગરબી ગાવા પોતાના સાત કાપનું બદીયાનનું ગલા આગલનુ બટનબી ખોલ્યું ને ખંખાર માર્યો! ગામે ગામનાં પ્રતીનીધીઓની મહોરદારો, મારો મહેમાન, પેલો ઉમરાવ, તયાંચી બાયકો, હું તથા મારી બૈરી, મામીજીની સરદારી હેઠલ ગરબી ગાવાને ગોલ કુંડાલામા ઉભા, અને અંતે મામીજીએ પોતાની અસલ રીત પ્રમાણે "લેઝો સોપરાનો"ના અવાઝે નીચલી ગરબી, એક "રેડીયો" સીંગર માફક ગાવાની શરૂ કરી! ચાલો! પ્યારા વાંચકો! આપણેબી જરા મામીજીની તોફી ગરબી સમજએ. ગમ્મત પડશે :-

મારી રંગીલી દરજન રસીલી દરજન
દરજન ગોલાબનો ગોટોરે—મારી રંગીલી દરજન.
દરજન તો નાચવા સૌ સાથે માગે
દરજીનો લેવ કોઇ ફોટોરે—મારી રંગીલી દરજન.
દરજન તો ગરબો ગાતાં આંખો ચમકાવે
દરજી લીએ ઝટ સોટોરે—મારી રંગીલી દરજન.
દરજનને પેહરવા જોઇએ લટકીયાં
દરજીનો વાયદો ખોટોરે—મારી રંગીલી દરજન.
દરજી દરજન પર ઘેલો દીવાનો
ઘર આવતાં પકડે ટોટોરે—મારી રંગીલી દરજન.
દરજનને આપે મસકા કરકાવો
દરજી હંમેશનો રોટોરે—મારી રંગીલી દરજન.
દરજનતો કવેટાના પીચ જેવી પોટડી
દરજી પસરતો પોટટોરે—મારી રંગીલી દરજન.

પરોણાઓ તો મામીની ગરબી સમજી એવાં ઘેલાં બની ગયા, કે ડીનર ગોંગ વજાડી, એ ગરબી છ વખત મામીજીને ગાવી પડી, અને એવણુની એ સેવાના બદલામાં પરોણાઓ તરફથી "જી. : એસ." યાને "ગરબી સીંગર" નો ક્રોસબી એવણુની ધમમણુ જેવી છાતીપર લટકાવવામાં આવ્યો! આ માનથી, મામીજીના મગજપર એટલી તો જબરી અસર થઇ કે આખી રાત, પરોણાઓ ગયા પછી પણુ, બસ ગોલ ગોલ ફરીને, ઘાંટું પાડીને, નોતરાવાલીઓના કાની ગાયાજ કીધું! અંતે બટલરે આવીને એવણુને શાંત પાડયા. સેવકનો બરડો સૌએ શાબાશીમાં ઘણો થોકયો.

"વેલડન, માઇ બોય! ઇટ વોઝ સીમપલી વનડરફુલ. નો ડાઉટ, યોર ઓલ્ડ લેડી, હેઝ એ બ્યુટીફુલ, કલાસીકલ, એન્ડ ચારમીંગ, "લેઝોસોપ્રાણો વોઇસ!" (અરે તારો બાપ મરેરે! એ શું બકી ગયો?)

આ સાંભલતાંજ મામીજીની છાતી તો પાછી ગજ ગજ ખીલી નીકલી, અને સેવક બી ખુશાલીમાં આવી બોલ્યા. "થેંકયુ સર, વેરી થેંકયુ! બટ લેટ મી ટેલ યુ, ધેટ, માઇ મામીજી ઇઝ એ વેરી ગુડ ગાયણુ, અરે આઇ મીન, એ વેરીગુડ સોંગસતર! શી ઇઝ નોન એઝ ધી ઇડીયન નાઇટીનગેલ!!"

"ઓહ! આઇ સી!" પેલાં ઉમરાવે, મામીજીને બાઉ કરીને માન આપીયું, જેના જવાબમાં 'ઓહ! યુસી, વી સી, ધે સી ઓલ, સી" કહીને આપરેગી પેલા ઉમરાવને, ઓન બીહાફ ઓફ મામીજી, વટી બાઉ, હાઉ કીધું!

કોરોનેશનની ધામધુમ વીત્યાબાદ, એક રાતના મામીજી એકાએક મારી સાથે વાતચીતે બેઠાં બેઠાં છાતી કુટી, મોટે મોટે રૂદન કરવા લાગીયાં!!

"મારા દીકરા, તું જાણેછ કે, કેખશરૂ મામા બીચારા મારા વગર ઝુરી ઝુરીને અચમુચ, ને પુછીઆ પરછીયા વગર ગુજરી ગયારે! મારા કેકુરે! મારો વાજતો ગુંગરો એકાએક બંધ થઇ ગેરે! મારી માયરો મારો પોપટ પીંજરામાંથી ઉડી ગયોરે, ઓ, મારા કેક! તું એમ માયા

લગાડી મને કહયા પુછીયા વગર કાંય મરી ગયો? તેં જો મને પહેલીથીજ કહયું હોતે, કે તું એમ મરવાની માફક, મારા વગર તફરી તફરીને મરી જશે, તો કદી હું, તુંને છોરી વેલાત જતે નહીં! હવે હું તારા વગર શું કરશ, મારા કલેજાં રે! કોણ મને હવે હેત કરીને રવો ને સેવ ખવરાવશે રે, મારા કૂકરે!! ઓ મુવા માકા! તું મને વેલાતનો લઇ જતો મરેરે! તારૂં સત્યાનાશ......"

"કાંય, કાંય, મામીજી! એમ રૂદન કાંય કરોછ? મામાજી ગુજરી ગયા એમ તમોને કોણે કહ્યું? શું તમે સ્વપનો જોયો કે, મામીજી!" અજાયબ થતાં મેં પુછ્યું! —

"લે મુવા, તારી બે આંખ ખોલી આય વાંચી મર." એમ બોલી મારા હાથમાં કંઇ કાગળનું ચીથરૂં મામીએ મુકયું, જે ખોલી વાંચી જોતાં, મને માલમ પડીયું, કે તે તો મારા વ્હાલા મામાજી કેખશરૂનો ગુજરી જવાનો દલગીરી ભર્યો તાર હતો. ને પછી મામીજીએ મને હુકમ કીધો:—

"ચાલ માકા, કાલના કાલ આપરે વતન, મુંબઇ ઉપડી જઇએ કે આપુને ત્યાં જઇ બહેસ્તીની બાજરોજગાર કરવાનું કંઇ સમજ પડે! બચારાનો સરોષબી રવડયો રે, તું મરેરે વેલાતની આવતી, સુના, તારા હાથ પગો ભાંગા નહીં! કેવો મારો જંગબારી પોપટ ઉડી ગયો!"

"બસ, મામીજી ડોન્ટ યું ધુંજ! સૌ સારૂં થશે," એમ કહી મેં ડોસાને થંડા પાડીયાં ને વલતાજ મેલમાં ચઢી બેસી, મુંબઇ તરફનો રસ્તો લીધો. વેલાત આવતાં, નફામાં નાહકની લેવરી થઇ! મામો હાથથી ગયો! ને સૌમાં ઇજજત ગઇ!!!

કવીન્સરોડ સ્ટેશન. નં० ૧૧ મું.

કવીન્સરોડ પર કવરી નઝર
સવરા સુરજ ઉગીયાં સેવકની પર
દરખાસ્ત આપરી અંતે મંજુર રખાઇ
પણ ઉમીદ તો સેવકની, ઓરણુ નખાઇ ! !

હેતવંતા મામાજીનો મરણનો ગમ ભુલાવવા, હમો શાપુરશેઠના ચકલેથી આલી કરીને કવીન્સરોઠ ઉપર રહેવા ગયાં !

તમારા સમ! વાત બીલકુલ બાહેર નહીં જાય, પણ મને તમો મારા મેહરબાનો આગલ ખરી મનશની, ગવશની, કુનશની, તથા ખુલ્લે દીલે, અને પત્થર જીગરે ખુલાસો કરવાને, જરાબી વાંધો નથી, કે મારાં બહેશતી મામાજી કેખશરૂ ગુજરી ગયા, ને ગયા અને સાથે સાથે વરી મારા વીધવા મામીજી સુનાબાઇને સારૂં, સારા નસીબે, એક સારી જેવી રકમ પણ મુકી ગયા. જેણે આધારે, સેવક બસ ધર્યો ધરાયો નહીં. અને બધા સાથે રૂબાબ કરવા લાગીયો. અને માથાપર પગ મુકીને ચાલવા લાગો !

વેલાતથી મુંબાઇ આવ્યા બાદ, એક દીવસ ગપ્પા સપ્પા મારતા મામીજીને જરા ખુશમીઝાઝમાં જોઇ, તે તકનો લાભ લઇ, ધીરે રહીને, મેં કહ્યું. "મારા માયતોલના વ્હાલા મામીજી, બીચારા મામાજી કેખશરૂને ગુજરી ગયાને આજે ચાહરમ, માસીસો, બમસી બધું પસાર થઇ ગયું છ, અને બહેસ્તીની મરજી હતી કે, એવણના મરણ બાદ આપરે અમનચમનમાં રહી, બસ મોજીયાં મારવા અને શોક કશુંએ પાલવું નહીં. તેથી મારે તમોને એટલું કહેવું છે કે, આય ભાંગુભસ્તું, ખરીયા ખરખર ઘર એકદમ ખાલી કરી, સારા રસ્તાપર આજકાલ બંધાતા કોઇ નવા ઘરમાં કાંય નહીં આપરે જઇને રહીએ? કાલ કોણે જોઇછ? આય ચપ દેતાં કે મરી ગયાં તો બધી હોંશ ઉમીદ તો અહીંની અહીંજ રહેવાની છે. બીચારા મામાજી

કેખશરૂની ઘેર બાંધું, ઘેર બાંધું, એમ હોંશમાં ને હોંસમાં, એમના એમ, આખા ને આખા, અચબુચ માયા લગાડી, માલપુરા ખાતાં ખાતાં સ્વર્ગે સધાવ્યાંછ, માટે, મારૂં ગરીબનું માની, અહીંથી ખાલી કરી કોઇ સારી જગ્યાએ ચાલો તો ઠીક થઇ પડશે."

"હારે મરૂં, મારી કહાં ના છે. તું આપરે લાયકનું ઘેર તો શોધી લાવ, પછી આપરે જોઈ લઇશું." ડોસાંએ મને સધીયારો આપ્યો. "સારી જગીયાએ રહીએ તો તારા મામાબી ત્યાંથી ખુશી થાય, જલદીથી તું ઘેર શોધી લાવ કે, એવણુની બાજને દહાડેજ આપરે ખાલી કરીએ!"

"ઠીક, ત્યારે તો હું ઓય દેતો કે આપરે લાયકનું ઘર કેથે શોધી લાઉંછ." એમ બોલી, માથે પાઘડી, દીલ ઉપર કોટ ઓરવી, બગલમાં છત્રી મારી, નવા ઘરની શોધમાં હું તુરત લેફ્ટ રાઇટ કરતો, ઘરની બહાર નીકલ્યો. અને છેક કોલાબેથી ગ્રાંટરોડ સુધી બે દીવસ વેર, રખડી રઝડી, ઘણી મહા મુસીબતે અને કેટલીક હેઝગારી પછી, મેં હાલને કાજ, કવીન્સરોડ ઉપર બંધાતા નવા ઘરોમાંથી એક "મુફ્ત–મહાલ" ઘેર શોધી કાઢીયું! જે ઘરના કાતરીયા ઉપરનો એક ગાલો, બે ઓરડા, રાંધણી સાથનો હતો, જે મેં અમારે માટે પસંદ કીધો. ઘેર તો હમણાંની સ્ટાઇલ ઉપર બાંધેલું હતું. જેમાં લીફ્ટ, ગેઝર વીગેરેની સઘલી સઘવડ હતી, મગર મને ઘેર બતલાવવા આવેલા કોઇ લાંબતાંગ, સોરઇ સુકઇ ગયલા મેનેજરે, જ્યારે તે ગાલાનું ભાડું પુછતાં મને કહયું કે, ભાડું રૂ. ૨૦૦ છે. ત્યારે મારી છાતીનું ધમ્મણ તો ચાલતુંજ બંધ થઇ ગયું, ને મેં પેલા મેનેજરને એ ભાડામાં કાંઇક ઓછું કરવાને સમજાવ્યો, પણ તે સજાતનાં ફરઝંદે, તોછડાઇને સાફ નન્નોજ વારીયો.

"મારા સાહેબ, શું કંઇ ભાજી તરકારી પુછવા પઠવા અહીં આયાછ કે? તમોને પરવડતું નહીં હોય તો બેલાશક ચાલતી પકડો. ઘર ભાડે લેવા-વાલાના કોથાં જોયાં!"

આ સાંભલતાંની સાથે મારૂ કયાની લોહી એકાએક ઉશકેરાઇ આવ્યું, અને પેલા મેનેજરના આંગ ઉપર બોંય ચઢાની સીધ્ધો ધસી જતાં હું બોલ્યો.

"કેમ એ લાંબતાંગ, તારૂ મોત ભમેછ કે શું? સ્યાન સલુકથી પારકાંઓ સાથે વાતચીત કરતાં, તારા શેઠે તેમજ તારા બાપકાકાએ, તુને શીખવ્યુંજ કે નહીં? જરા ફરીથી બોલે તો ગૃહસ્થાઇથી બોલજે. નહીં તો આય કોથુંજ રંગાઇ જશે જો દીકરા! એક કોમન નોકર આદમી અને તેને આટલો બધો મીજાશ? કહેજે દીકરો જુવો તો દલનારીનો, ને નામ ત્યારે દારાબ શેઠ!

તપાતપી વધી પડવાથી, ત્યાં હાજર રહેલાં બેત્રણુ કડીયા મજુરોએ વચમાં પડી મામલો થંડો પાડીગો, અને સેવકે રૂબાબમાં ને રૂબાબમાં પીઠ ફેરવી ત્યાંથી ગુપચુપ ચાલું મુકયું. પછી ઘરે પોહોંચતાની સાથ મામીજીને, સેવકે બધી બાબતથી વાકેફ કીધાં, અને શમજાવી પટાવી, વલતે દીવસે, એવણુ સાથે શોધી કાઢેલું નવું ઘેર જોવાની કબુલાત લઇ ગોદરૂ ઓઢી સુઇ ગયો.

ગોઠવણુ મુજબ, બીજે દીવસે સહવારના એકદમ છ આના ખરચી, એક ભાડેની ગાડી કરી હું મારા સુનામામીને લઇ નવું ઘેર જોવા ગયો! જેવી ગાડી તે ઘર નીચે આવી ઉભી, કે તુરત તે ઉપર નજર પડતાં, મામીજી બોલ્યાં. "મરે કેવું મજાનું રમકડા જેવું ઘેર લાગેછ જો! નકરી જાણે ડુંગરવાડીની બંગલી! એના બાંધનારને ખુદાતાલા ગરેથમાન બહેસ્રત બક્ષે!

ગાડીભાડું ચુકવી, અમો બેઉ મામા ભાણેજ તે ઘેરમાં દાખલ થયાં. દરવાજા આગલ જમીનપર મજાનાં ચકચકતાં ટાઇલસ જડેલાં જોઇ, મામીજી ખુશી ખુશી થઇ ગયાં. અને મને ઓવરણાં લઇ બોલ્યાં. "મરે માકા! આય જમીન જોઇ કે! મજાની લીસી લીસી લાગેછ, અને જાણે બાવાના બાગમાં આયાં હોય તેમ." ટાઇલસ ઉપર મામીએ તો કેકવોક, લેફ્ટ ટુ રાઇટ એન્ડ રાઇટ ટુ લેફ્ટ લેયાજ કીધી પછી બોલીયાં. "જાણે એવું મન થાયછ કે આખો વખત એની ઉપર ચાલીયાજ કરૂં!" પછી લીફ્ટ ભણી આવતાં મને પુછ્યું. "મકુજે માકા આય મુતું કંઇ દબ્બા જેતું શું છે? અને આય મુવો લબ્બાઇ લેવરા જેવો લાંબટાંગ કોણુ?"

"અરે નહીંરે મામીજી, એ કાંઇ દબ્બો નથી—એ તો લીફ્ટ છે! લીફ્ટ! ને આય લાંબટાંગ, ચોથે માલ જેટલો લાંબો આદમી, તે આ ધરનો કારભારી છે." મેં એવણુને જવાબ આપ્યો.

"મરે બાવા, એ લીફ્ટ તે શું બરયુંછ, તે તો જરા મને સમજાવ?"

"જોવનીજી, એ લીફ્ટમાં દાખલ થયા પછી, ધીરે ધીરે રહીને બહારનો તેમજ અંદરનો દરવાજો બંધ કરી, આપરે જે મજલા ઉપર જવાના હોઇએ તે મજલાનું બટન દાબવાનું કે, પોતાની મેલે એ ચાલવા માંડે, અને આપરે જે મજલાપર જવાના હોઇએ, તેજ મજલાપર આવી એ પોતાની મેલે ઉભી રહી જાય, અને પછી આપરે દરવાજા ખોલી બહાર નીકલી, પાછા દરવાજા બંધ કરી દેવાના!"

"મરેરે! કેવું નવાઇ જેવું ખેંચાણુ! જાણે મુંબાઇમાં અમેરીકા આવ્યું. લાવની મરૂં ત્યારે આપરે અંદર બેસીને ઘેર જોવા ઉપર જઇએ!"

"હારેજી, ચાલોની, મારે કયાં ના છે!" એમ કહી હું અંદર ગયો, અને પાછલથી મામીજી દાખલ થવા જતા, પેલા લીફ્ટમેને ભુલમાં દરવાજો બંધ કરી દીધો, જેથી મામીજીની સો વરસની અસલી કાંદાભાતી સાડી ચરરર દઇને ચીરાઇ ગઇ, જે ઉપરથી ડોસાં તો માછણુની માફક લીફ્ટમેન ઉપર છેડાઇ પડયાં.

"મુવા, કેઠેનો આંધરો, તારા હાથ ભાંગે રે! બહેસ્તી મારા કેખશરૂએ મને રીતમાં પોતાની મમઇ બપઇની અસલી મોંઘીદાટ કાંદાભાટી સાડી આપેલી, તે તેં મુવા, લુલા હાથનાએ ફાડી નાખી! મુવા અદુખરા, હવે તું કે તારો બાપ મને નવી સાડી અપાવવાનો છે."

પછી પેલા લાબટાંગ મેનેજરે કંઇ વચમાં બોલવાથી, તેનેબી ડોસાં આખોને આખો ખાઇજ ગયાં. "ચુપ! મુવા દેવ, તુને કોણે પુછયું કે નાલ્લે મોઢે વચમાં બોલી ઉઠયો. ચીર તો એવી બરેછ કે મુવા બેઉ દેવેનામ દેવોના ડોકાં છટકાવી નાખું!"

જેમતેમ પટાવી સમજાવીને, ડોસાંને ઠંડા પાડયાં, એટલામા લીફ્ટ ચાલવા માંડી કે મામીજીનું થરમામીતર થંડુ પડયું. "મરે માય એવું લાગેછ કે જાણે હું સીધ્ધી બહેશતમાં ચાલી!"

અંતે હમો પાંચમે મજલે આવી પોહોચ્યાં. પેલા મેનેજરે બારણું ખોલી અમોને, મેં પસંદ કીધેલો, બે ઓરડા, તથા રાંધણી સાથનો ગાલો બતલાવ્યો. પછી ફરતા ફરતા અમો બહાર અગાસીપર આવી લાગયાં કે મામીજીની નજર દુર એકાએક લાંબે દેખાતા ભરતાંઓપર પડી. "મરે જોરે માકા, દેખુંતો અહીંથી આપરી ડુંગરવાડીબી દેખાયછ! ચાલ મરૂં, હવે મને ફરવરદીયાન જવાની જરૂર નહીં પડશે, મજાની અહીં બેઠી બેઠી ભણ્યા કરશ."

પછી પાસે ઉભેલા પેલા લાંબટાંગ મેનેજરનો બરડો પસવારીયો. "જીભરૂ, બાવા મેનેજર, તારી પરથી બધી મરી જાવું, જોની કલેજાં! એ ગાલાનું ભાડું રૂ. ૨૦૦ તો ઘણું છે. દોઢસોમાં નહીં પટાવે, મરૂં! મારૂં માન દીકરા, તારા શેઠ નહીં જાણે તેમ તુંને ખોબે ખોબે ખુશી કરશ," એમ કહી ડોસાંએ ગુપચુપ પેલા મેનેજરના ખીસામા જબરીથી પાંચ રૂપીયાની જુની ખખ થયલી નોટ સેરવી દીધી, જેથી ખુશી થઇ, પેલા મેનેજરે ભાડું રૂા ૧૫૦ કરી આપવાની, તેમજ બધી જોઇતી સગવડ તથા ફેરફાર કરી આપવાની કબુલાત આપી, અને તા૦ ૧ લી જુનથી અમો તો તે ગાલો અમારા જોઇંટ નામ ઉપર લખાવી, ત્યાંથી વીદાય થયાં.

ઘરે જતાં જતાં મામીજીએ પાછું પોતાનું દાસ્તાન શરૂ કીધું. "બાવા માકા, મને ધાસ્તી છે કે આપરો બધો મોંઘોદાટ સામન આય નવા ઘેરમાં રહેશે નહીં અને મરતાંબી હું કંઇ મારો જુનો સામન વેચશ નહીં તે તું ખુબ ધ્યાનમાં રાખજે!"

"કંઇ નહીં મામીજી, તે માટે બીલકુલ બેફીકર રહેજો. વખત આવવે સૌ થઇ રહેશે, જેટલો સામાન સમાશે તેટલો સમાવી દેશું, નહીં તો પછી અગાશી તો છેજ!" એમ કહી ડોસાંને સધ્યારો આપ્યો, પણ મનમા તો

સમજી ગયો કે ડોશી જીદ્દી મુવેલી હોવાથી પોતાનો કક્કો ખરો કર્યા વગર રહેશે નહીં, અને અધુરામાં પુરૂ કમબખ્ત એવણનો સામાન તો ઓછો ને ઓછોજ! ફેંકી દેતાં કંઇ નહીં તો એવણની આવા આદમના જમાનાની, ભાંગી તુટી નવનવ મોટી કબાટો, બે મારા તેમજ એવણના સીસમના ધર-ખમ ખડીયાખડખડ પોલ્યા, ત્રીજું મારા બહેસ્તી મામા કેખશરૂની સીસ-મની પાયપોની ફેશનની ઢોલકી. (જે માટે એવણ હમેશ બોલતા કે મરતાંબી એ ભાગ્યશાલી ઢોલકી એવણ વેચશે નહીં, અને બનશે તો સાથે ગ્યાનપર બાંધી લઇ જશે) છ, છ મોટી અચાર ભરવાની બરણીઓ, ચચચાર ભાંગી તુટી (એવણના મનસે સોનામાંની) ટેબલો, તથા બીજે સાથે, આપણાં અસલી ડોસાંઓ રાખે તેવો ધરખમ ગોડાઉનનો સામાન, લગભગ છ દજન, એવણનાં બાપ બપાવા, મમાવાનાં વખતની ખવઇ ચવઇ ગયલી મોધીદાટ આરસીઓ, સબીઓ, એક જબરદસ્ત, એવણ ને હું બંને અંદર સમાઇ જઇએ તેટલી મોટી તીજોરી, એક મરઘાં બતકાં રાખવાનો ટુણો, તેમજ એક પોપટનું ખાલી પીંજરૂં, તથા હું આખો અંદર ઉભો રહી શકું તેટલું મોટું, મેલાં કપડાનું પીંજરૂં, ત્રણ દજન ખરીયાખરખર વગર હાથાની તેમજ થોડી પગ વગરની ખુરસીઓ, બે ઉંદર પકડવાના છટકાઓ, રાંધણીનો કુઠલો સામાન, લગભગ વીસ હાંડા માય તેટલું પાણી ગરમ કરવાનું મોટું ટબ, તેમજ સાત મોટા રાંધવાના (લગન તથા ગમ્બારમાં વપરાયછ તેવા) તપેલાં કે જે મારા મામીને પોતાના પદમાં મલેલાં હતા, તેમજ પાંચ મોટા પેટારા ભરી રાંધવાના તથા બીજા અલફાતું ગોબા પડેલા વાસણો, તેમજ બીજો જરી-પુરાણોબી લઇ નહી શકે તેવો ન્યુ બ્રાન્ડ સામાન, અને સાથે વલી મારો પોતાનો અંગત થોડોજ સામાન વીગેરે હતો!

નવા ઘેર રહેવા જવાની માત્ર પોણુંત્રણ દીવસ આગમચ, મામીજીએ ત્યાં જઈ, ચોકચાંદણ, તોરણનો શણગાર કરી, ફરેસ્તા, જશન કરાવી, બધું ચોખ્ખુ પાખ્ખુ કરાવી મુકયું, અને તે અરસામાં મેં પણ અમારો સામાન નવા ધરમાં ખસેડવા માટે ચાર મોટી મોટર લારીઓ તથા ધાટીઓનો મજ-બુત બંદોબસ્ત કીધો.

આખરે ઘેર ખાલી કરવાનો સબકતો દીવસ આવી પુગ્યો, કે જે દીવસે ડોસાંએ સહવારના સકકારામાં ઉઠી, પોતાની અસલ રીત પ્રમાણે "વર સાસુ અરગવા નીકલ્યા." "મારો માકો! સાસરે સધાવા નીકલ્યોરે." વીગેરે ભેંસાસુર રાગડા તાણી મોટે મોટે ગાવા લાગ્યા, અને પાંચ વાગામાં તો ઢોલીઓએ ઓટલા ઉપર બેસી, ગાઇ વજાડી આખો મોહોલ્લો ગજાવી મુકયો. નાહી, ધોઇ, સેવ, ઇંડા, દહીં કેરાંનો નાસ્તો કીધો! તેટલામાં મોટર લારીઓ, ધાટીઓ ગડબડસરબર કરતા સામાન લઇ જવા સારૂં ઘર આગલ આવી ઉભાં, અને મામીજીની આડોસપાડોસમાં રહેતી સહીમીટીઓએ ધાંધલ ધરપચ કરી, સામાન નીચે ઉતારતા મામીજી સાથે ગડબડ ઘોંઘાટ કરી, આખો લન્તો ગણગણાવી મુકયો. સામાન ઉતરતા અચઅુચ દાદરપરથી ધાટીનો પગ લપસી જતાં માથા ઉપરથી મોટા અવાજે બરણી જમીન ઉપર પડી ગઇ, જેથી તો મામીજીનો મીજાજ બરખેલાફ થયો!

"મરે તારા હાથ ભાંગેરે! મુવા કેઠેના આંધરા! આય તે કેવો અપશુકન! જરા જોઇ તપાસીને ચાલતાં તુંને થયું તું શું? મુવો તો નફટ નાકે કહેછ કે, "માઝા પાય સતકુન ગેલા, તે મી કાય કરૂં? હવે કોણ તારો દાદો દંડ ભરી આપવાનો હતો? મુવા ઠુલા હાથનાએ મારી કેવી મજાની અસલી મોઘીદાટ બરણી ભાંગી નાખી."

વલી પાછું કાંઇ ફુટવાનો અવાઝ આવ્યો, અને તપાસ કરતાં માલમ પડયું કે એવણુની કોચરાને સાલની, ઉંચામાની બે આરસીઓ ફુટી ગઇ હતી, જે ઉપરથી ડોસાંએ પાછું ગોધીઆરૂં કરી મુકયું, પણ જેમતેમ સમજાવી પટાવી, મેં ડોસાંને આઇસક્રીમ બનાવ્યા, અને ત્રણચાર કલાકની માહેતમ પછી, ઘેરમાંથી સઘલો સરસામાન નીચે લાવી ધાટીઓ મોતરમાં ભરવા લાગ્યા, અને લગભગ બીજા બે કલાકની જહેમત પછી, સામાન મોટરમાં મુકી ધાટીઓ નવે ઘરે સામાન લઇ જવા તૈયાર થઇ ઉભા. બાજુના સ્ટેન્ડઉપરથી એક ટેકસી બોલાવી, ત્યાં એકઠાં થયલા બધા આડોસીપાડોસી તથા દોસ્ત દુસ્મનોને મલી ભેટી, અમો તો ટેકસીમાં બેઠાં, અને પછવાડે પેલી

સામાન સાથની મોટર લારીઓએ પણ ખુશાલી તથા રડારોલના અવાજો વચ્ચે ચાલવા માંડીયું, જે દેખાવ, જાણે મારા મામીજીની પાયદસ્તનું સરઘસ, ડુંગરવાડી તરફ જતું હોય તેવો ખ્યાલ આપતો હતો.

અંતે હાસહુસ કરતું, અમારૂં સામાન સાથનું સરઘસ. વાજતું ગાજતું નવા ઘેર આગલ આવી પોહોંચ્યું, અને ઘોઘાટ થવાથી, તે ઘરમા રહેતા લોકો બહાર શું બનાવ બન્યો હતો, તે જાણવા બારીએ ડોકાવવા લાગ્યાં. પહેલા સગનના સામાન તરીકે, નવા ઘેરમાં તીજોરી લઇ જવાને મામીજીએ હુકમ કીધો, અને જેવા ઘાટીઓ તીજોરી ઉપાડી દાદર આગલ લઇ આવ્યા કે મામીજીએ હુકમ કીધો. "બગા એ ઇદ્રુ, ઘોડુ, પાંડું એ આમાચી તીજોરી યા લીફ્ટ મધી થેવુનસી, સમાલુંનસી વરતી પાંચ માલા ઘેઉન જાવા."

આ સાંભલતાં પેલા લીફ્ટમેને ગભરાઇને મામીજીને જવાબ આપ્યો. "નાય માજી આઇ, મી તુમચી તીજોરી લીફ્ટ મધી વરતી ઘેયાલા શકેલનાઇ. તેનચા વજન પુશકલ હય. આનખી લીફ્ટ ચાલાયચી નાઇ. આમચા શેઠચા, લીફ્ટ મદી કાંઇપણ સામાન ગેયાચા હુકમ નાઇ."

ચાલો થઇ ચુકયું? ડોસાંએ તો તે બીચારાને લઇજ નાખ્યો. "તો! તો! તો! મુવા તું કોણ બોલવાવાલો થાયચ? દેખુતો જાણે પોતેજ ઘેર ધણી થઇ બેઠોછ! મુવા તું મારા હુકમને તાબે થઇ તીજોરી ઉપર લઇ જાયછ કે નહીં તો......" પાસે ઉભેલા મેનેજર અને મેં મામીજીને ઘણુંબી સમજાવ્યા કે તીજોરીના ભારી વજનને લીધે તે લીફ્ટ ઉપર લઇ જઇ શકાશે નહી. તોપણ એવણ એકના બે થયાં નહીં. પણ આખરે મહામુસીબતે ડોસાં સમજયાં ખરાં, અને ઘાટીઓને તીજોરી દાદરપરથી લઇ જવાને હુકમ કીધો. પણ હજુ તો ચાર પાંચ ફાડીયાં તીજોરી ચઢાવી નહીં હશે તેટલાં, રેટી ચુનાના ચોસલાના દાદર બનાવેલા હોવાથી, તીજોરીના ભારી વજનને લીધે કેટલાંક ફાંડીયાં કકડધુસ થઇ તુટી ગયાં, અને તીજોરી ગબડતી નીચે ટાઇલસ-વાલી જમીન ઉપર પડતાં ટાઇલસના પણ ચુરેચુરા થઇ ગયા, અને મોટો અવાજ થવાથી ભાડુતો તેમજ મોટાં પેટવાલો ઘેરવાલો, હાંફતો હુફતો ત્યાં દોડી

આવ્યો, અને મામીજી તરફ ડોલા કકડાવી બોલવા લાગ્યો. "અરે બાઇ, તમે આય મારા ઘરનું શું નખ્ખોદ વાલી નાખ્યું! મારે નસીબેબી તમારા જેવા પોણ્યા ભાડુત કયાંથી મલ્યાં?"

"પોણ્યો તું ને અધુરો તારો બાપ! મુવો તો છેકજ ફ્રાસ્ટ ચાલ્યો? મને કીયા કુતરાએ કરડીછ! મુવા, મારા જેવી ડાહી સ્યાની ભાડુંત તો શોધી લાવ, પછી જીવરો કારી બોલજે! દેખુંતો માય આજકાલ ઘેરવાલાઓ ભાડું ખાવા બધો હલકો માલમસાલો વાપરી, કરાકરી બીસ્કોટ જેવા ઘરો બાંધેછ, ને પછી કંઇ કામ નીકલેછ, ત્યારે મારા જેવા અસીલ ભાડુતોને ગલે પરેછ! તેં ભસ્તેગીયાએ ફકટ એકજ ઘેર બાંધ્યુંછ તેમાં તો દેખું છેકજ ફુલીફાટી જાયછ! એમ તો માય જીભરૂ મારા બહેસ્તી કેખશરૂએ કંટ્રાકથી સેંકડો ઇમારતો બાંધેલી, જેવી કે રાજાબાઇ ટાવર, તાજમહાલ, ચરચગેટનું ઇસ્તેશન, તો એવણુ તો નહીં એટલા ફાલીફુટી ગયલા." હજી ડોસાં કાંઇ પોતાનું રસીલુ દાસ્તાન આગલ ચલાવે, તે પહેલા મેં હાથે પગે લાગી, પેલાં ઘેર-વાલાની માફી માંગી, બાજી ફેરવી નાખી, અને બીજી અનેક ભાંજફોડ, ને નવા ઘેરને નુકશાન કીધા પછી, અમારો સઘલો સામાન પાંચમે મજલે સહીસલામત આવી પુગ્યો. પણુ બધો સામાન અંહી તંહી વેરવીખેર પડવાથી, ડોસાં છછણી પડયાં.

"મરે, હવે આય ડુંગરને કાંહ મુકશ! આય નાદાન દુકતાની સુજે હુંબી કાંહને કાંહ ફસી ગઇ ને મારા વરસ વેચ્યાં! માકા! હવે આય બધાં સામાનને કાંહ મુકવાનો છે? તારા કે મારા માથા પર?"

"જરા મામીજી ધીરજ ધરો, બધું આપસી મેરે ગોઠવાઇ રહેશે, જરૂર પડશે તો આપરે થોડો ઘણો સામાન કોઇ જરીપુરાણુાને વેચી નાખશું. બસ પછી કાંઇ છે?"

"જો મુવો મજાની લીસી વાત લઇ આયોછ તો! વખત આવશે તો તું ભસ્તેગીયાને જરીપુરાણુાને વેચી નાખસ!"

"વારૂં બાપુ, તમારે નહી વેચવું હોયતો ના વેચતાંની, તેથી નકામો મને કાંય ગારએરથી ધોઇ નાખોછ?" હું બોલી પડયો.

લગભગ ૪૮ કલાક, સામાન ગોઠવતાં લોહીનું પાણી કીધા પછી, અમો જરા રતી ઠર પડયાં, અને પછી, દીવાલ ઉપર મામીજીની જુનાં જમાનાની આરસીઓ, સબીઓ ટાંગવા લાગ્યો. તેટલામાં મામીજીના કોઇ માસાના ફુવાની દીકરીના દીકરા નામે પેસુ પેપરમીટચુસુની સબી મારા હાથમાં આવી ગઇ. અને તે હોલમા દીવાલ ઉપર ટાંગવા જતા, ડોસાં પાછા ખબરી ઉઠયાં.

"નહીં માકા! એ મુવા ચંડાળને અહીં ના ટાંગતો. એ નાતરેગીયા પેસુએ, છેલ્લે છેલ્લે મારી સાથે ઘણી ખરાબ ચાલ ચલાવીછ, એ મરી ગયા દેવને જોઇએ તો ચુલામાં બારી નાખ, નહીંતો કે ઘાસલેત નાખી સલગાવી દે, પણ મરતાંબી એ દોજખી દેવની સબી મારા ઘરમાં ટાંગતો નાજ, ઉલતી મારી દીવાલ અપવીત્ર થશે તેમ ના કરતો!"

"વારૂજી, સારૂજી, જેવી તમારી મરજીજી." મેં ટકોરથી જવાબ આપ્યો.

ફકત ત્રણચાર દીવસમાં તો સુનાબઇ મામી નવા ઘેરથી કંટાલી ગયાં ને અછારપછારમાં પડયાં. આખો દીવસ અને રાત મોટર ગાડી, રેલ્વેના ટ્રાફીકનાં ઘોંઘાટથી એવણુના કુમળાં ભેજાંમાં ઘોકા મારવા લાગ્યાં. એક રાતના લગભગ બાર વાગતે ઉઠી, મારા ઓરડામાં ડોસાં તો ધસી આવ્યાં, અને મારો ટાંટયો ખેંચી બુમાબુમ કરી મુકી. "તું મને લાવતો જતે મરે મુવા માકા! તેંબી મારા સેહતા જીવને સંતાપમાં કાંય નાખ્યોછ? મુંઇ આખો દીવસ મોટરગાડીની આવન જાવન, અને રાત દીવસ મુઇ છુકછુકનો ઘોંઘાટ. ઉઠી જા, માકા, ને એકદમ જઇને એ રેલવેલવાલાઓને કહે કે અબઘડી આગગાડી ચલાવવાની બંધ કરે, નહીં તો મુવાઓનો રસ્તો કરી નાખશ? તેટલામાંજ ભર ભાડુતોના પોરીયા ને તોરીયા રાત દીવસ ચાલુ રડી તતરી તોફાન કરે, અને મુંઇ કઇ બજાર હાથનીબી કેડે સગવડ નહીં, કે નહીં જંપીને સુવા ઉઠવાનો કરાર. માકા, સહવારનો સહવાર મારી સાથે કોઇ

બીજું નવું ઘેર કરવા–અરે! નહીરે, શોધવા ચાલ, જો બને તો આપરાં જુનાંજ બજારગેટવાલાં ઘેરમાં જઇને રહીએ, નહીં તો હું આય દેતી કે બારીએથી કુદકો મારી આપઘાત કરશ?"

મેં જોયું કે મામીજી એકાએક ગુસ્સામાં આવી બારીએથી કુદકો મારી જરૂર આપઘાત કરશે, તેથી બીજું કોઇ ઘેર શોધવાની કબુલાતો આપી, એવણુને સમજાવી પટાવી સુવાડી દીધાં.

સહવારના ઉઠયા પછી, મારી બાજુના ઘેરમા રહેતા કોઇ યુરોપીયન કુટુંબની એક જુવાન દહીતરાં જેવી ખુબસુરત છોકરી સાથે મને દોસ્તી પડવાથી, જરા હસીને તેણી સાથે વાત કરતો ઉભો, અને જરા તેણીને, બાઇ બાઇ ને ta ta કરી પાછો અંદર ફરી જોઉંછ, તેટલામાં મામીજી ગુપચુપ પછવાડે આવી ઉભા રહેલાં, તે મારા ચેનચાલા જોઇ હેતથી મારા બરડાપર છાપટ મારી. "તું મરેરે! એમનો એમ, મુવા કેઠેના લુચ્ચા ચોર! એક પરાઇ જાતની દુકતી સાથે ચેનચાલા કરી, તાતા ને પીકીટ કરતાં તુંને શરમ લાજ નહીં આવતી કે? આજનો આજ આય ઘેર ખાલી કરી, અંહીથી ચાલ, નહીં તો તારો કુટુંબો કરી નાખસ. આવું કરવા તું આય નવા ઘરમા લાગો નહી?"

"શું જો મામીજી, તમેબી જાણીયા જોયા વગર અમસ્થા જરા જરામાં છેરાઇ પરોછ! એ તો હું આપરા તાતાના દાદાભાઇની બુચી બાઇઆઇ સાથે વાત કરતોતો, તેટલાં તમે આવી નકામો કાગનો વાઘ કરી નાખ્યો." હું જરા વધુ બોલવા જાવું તેટલામાં ડોસાં પાછા ઉલ્લતી પડીયાં. "તુને ને તારી બાઇઆઇને શું કેહું? ઓંજયો તો બસ ધરયો ધરાતો નથી. બસ ચાલ એકદમ કપડા ઓરી, નવું ઘેર શોધવા."

સુનાબઇ મામી તે એવણનું નામ! ડોસાં તો બસ મારો હાથ પકડી એકદમ ઘેરની બહાર પડયાં, અને બીજે કેઠે જવા પહેલાં, બજારગેટનું અમારૂ જુનું ઘર ખાલી હતું કે નહીં, તેની તપાસ કરવા ગયાં, અને ડોસાંનાં સારા નસીબે, તે ખાલી હતું, તેથી તુરત પાછું ભાડે લખાવી દીધું,

ત્યારેજ એવણુ દપટ પડયાં, અને મને હુકમ કીધો. "જોરે માકા, આજનો આજ આપરા પેલા નવા ઘેરવાલાને કહેજે કે આય મહીનાની છેલ્લી તારીખે એનું આય કચરાપતી ઘેર ખાલી કરી જઇશું, અને મુવો જો કંઇ ભાડાં માટે ખટપટ કરે તો, એક માસની નોટીસનું ભાડું ઝોંસી કહેજે કે, "લે મુવા, ખાટલે પડીને ખાજે? શું સમજયો કે બાવા?"

મહીનાની છેલ્લી તારીખેજ પાછા હાંલાં ઉચકવામાં હુ રોકાઇ ગયો, આખરે અમો અમારા બજારગેટના જુના ઘરમાં જઇને, અમારા મુક્તાદ ફરીઠામ મુકાયાં. પેલા કહે તેમ "ભાઇ કયાં તો જયાંનાં ત્યાંજ." તો હવે મને કોઇ કહેશે કે ઘર ખાલી કીધું કે ભેજું ખાલી કીધું? બોલો શું જવાબ આપવો?

સ્ટેશન નં. ૧૨ મું–ગ્રાંટરોડ કોરનર!

ધંધો એક એકટરનો હતો બાકી!
તે એકટીંગ કરીને અંતે મારી ફાકી!
હાડમાર થયો હું યારો ચીકાર!
કોણુની આગલ જઇને રડું દુખ યાર?

એકાદ નાટક કંપનીમાં એક એકટર તરીકે સેવકે મેલવેલી નામના! તે બી કાંઇ જેવી તેવી નહીં બા?

કોટ બજારગેટના અમારા જુના ઘરમા આવીને રહયા પછી, મારા બીચારા મામીજી, મારા કેખશરૂ મામાજીના ગુજરી જવાથી કેટલોક વખતવેર ઘણાં ગમગીનીમાં ફરયા કીધાં, મને ભેજાંમા કીડો ચવડી આવ્યો, તે કાંઇ પપેતાના મ્યુનીસીપલ મુકાદમની ઘરખમ નોકરીને થોકરે મારી, આસાએસમાં, મેજર ફાલતુની માફક, જીંદગી ગુજારવાનો શુભ ઇરાદો કીધો!

પહેલેથી મને વાર્તાઓ વાંચવાનો તથા નાટક સીનેમા જોવાનો ઘણો શોખ હોવાથી, તે શોખ મેં આગલ ને આગલ વધારવા માંડીયો, અને ચાલુ જાહેર છાપાઓમાં, વાર્તાઓ લખી મેં ઘણી નામના મેલવી, અને આખરે ઓલી મુંબાઇની જાણીતી "ધી બેઠા બેકાર ડ્રામાટીક કંપની"માં એક એકટર તરીકે જોડાયો, અને એ રીતે આપરો સંસારી ખટારો હાંકવા માંડીયો!

ઉપલીજ જગ જાણીતી અને લોક માનીતી "ધી બેઠા બેકાર ડ્રામાટીક કંપની" તરફથી, બલેવને દીવસે, મુંબઇની મશહુર બાલીવાલા થીએટરમાં, બપોરના ૩-૩૦ (સ્ટા. ટા.) વાગતે, મુંબઇ શહેરની એક જાણીતી ઇસ્પીટાલ માટે મદદ કરવા, એક Variety Show ગોઠવવામાં આવ્યો હતો, અને કંપની તરફથી મારી જાણીતી કલમથી લખાયલો ફારસ, "જમાઇ કે કસાઇ?" ભજવી બતાવવાનું નકકી કરવામાં આવ્યું હતું, જેમાં Hero ઉર્ફે નામાંકીત ફીરોનો પાર્ટ મને સોંપવામાં આવ્યો હતો,

તે બલેવની બપોરે ૨-૩૦ (સ. ટા.) વાગતાથી લોકોએ આવવા માંડયું, અને ૩ વાગતામાં તો થીએટરનું ખુણેખુણું તમાશગીનોથી ચીકાર ભરાઇ ગયું, અને તાલીઓના જબરા પોકાર વચ્ચે બરોબર ૩-૩૦ ને ટકોરે પરદો ઉંચકાયો, અને બે ત્રણ કોહેલી ર, વગરની રમુજી આઇટમો ગયા બાદ, મારે હાથે લખાયલો નીચલો બેહદ રમુજી ફારસ "જમાઇ કે કસાઇ?" ખુશાલીના પુકારો વચ્ચે આખરે શરૂ થયો!

બનામે ખુદા!

"જમાઈ કે કસાઈ?"

એક પારસી સંસારી સ્કીટ.

રચનારઃ—"માકુજી માઈડીયર ઉર્ફે નરીયોસંગ"

(સર્વે હક્ક રચનાર અને પ્રગટ કરનારને સ્વાધીન છે.)

રંગભુમીનાં રંગારીઓ

	પાર્ટ ઇનટરપ્રેટ કરનાર
૧. ખાન સાહેબ મેહરવાનજી મદારીઃ— નારગોલ ગામનો લખોપતી પણ જરા ચસકેલો શેઠીયો— પ્રાઇવેટ સેક્રેટરી ટુ ધી મહારાજા ઓફ ખાંડીખલાં—ઉમર વર્ષ ૬૦.	= સોલુ સેંડો
૨. શીરીન મહેરવાનજી મદારીઃ— ખાનસાહેબ મહેરવાનજીની એક પુરી લાડકી દીકરી. ઉમર વર્ષ ૨૫.	= મીસ નખરાજાન
૩. ચાંદણુ—શીરીનની કમ્પેનીઅન ઉમર વર્ષ—૪૫.	= મીસ. કમલ.

૪. જીવણો—ખા૦ સા૦ મહેરવાનજીનો વફાદાર નોકર	=પાહલી પેંગો
૫. કાવસજી. ઉર્ફે કાઉ કાકરી—એક છચમજી જુવાન્યો, શીરીનના હાથનો ઉમેદવાર ઉમર વર્ષ—૩૦.	=માકુજી—માઇડીયર.

નોકર, વીગેરે, વીગેરે!

"જમાઈ કે કસાઈ?"

સીન: ૧ લો.

(ખાન સાહેબ મહેરવાનજીના દીવાનખાનાની બાજુનો ઓરડો—શીરીનની કંમ્પેનીયન ચાંદણુ ગાતી બેઠેલી છે.

ગાયન ૧ લું:—

ચાંદણુ:— પરવર મરજી સુન હમારી,
મ્હેર ઉતારજે હમ પર ત્હારી,
માંગે બંદી અરજ પુકારી,
સુખી રાખજે કોમ અમારી.
દેજે પારસીઓને યારી,
મહીમા તારો ખરેજ ભારી.

ચાંદણુ:- (ગાઇ રહયા પછી) ખુદાયજીએ દુન્યામાં પ્યાર, મ્હોબ્બત પેદાજ નહી કીધાં હોતે તો શું આશમાન બેંક દીવાળું કાઢતે! અરે બોલો ના માય, એ મ્હોબતફોબીયા એવું કફોડું ડીસીઝ છે

કે, એની દવા તેના દંખથી પીડાતાં હોય તેનાથીજ થઇ શકે? આ મારી શીરીનબાઇનોજ દાખલો લેવોની? પરમ દીવસે એવણ એંડસ્ટેંડપર રીજમીટનું બેંડ સમજવા વીકટોરીયામાં ગયાં, તેવામાં રસ્તામાં વીકટોરીયાનો ઘોડો ભડકયો અને ગભરાતમાં બાઇજી ગાડીમાંથી સરીને, ફુટપાઠપર પડી ગયાં. રસ્તામાં એક કોઇ 'કાઉકાકરી' નામના ચાકલેટ પારસીએ, બાઇને સવેલાએ બચાવી લીધાં, તેના બદલામાં શીરીનબાઇએ તેને મ્હોબતનું ઇનામ આપ્યું. મુવા એબી વીસમી સદીના કોટક નહી તો બીજું શું? હવે એનો બુધ્ધો બાપ બહારગામથી આવશે ને રતન ચંપેલીના ફારસ જોશે ત્યારે, આપસી મેલે બધું આયના મીસાલ ખુલ્લું જણાઇ આવશે.

(શીરીનનો અંદરથી અવાઝ સંભલાય છે.)

શીરીનઃ- (અંદરથી) ચાંદણ, જલદી આવતો, મારા ધોલીયાપર ઉંદર ભરાઇ બેઠોછ, ને મને બધી બીક બીક લાગેછ!

ચાંદણઃ- આવીજી, ઓય આવીજી, લેવ હમારા બહાદુર બાઇજી જોયાં કે? ખરેખર વીસમીસદીના બછરાંઓ હીંમતવાન તો ખરાં જો!

(જાય છે, ને બીજી ગમથી ખાનસાહેબ મહેરવાનજી દાખલ થાય છે.)

સીન ૨ જો.

(ખાનસાહેબ મહેરવાનજી મહારીના ડ્રોંઇગ રૂમનો દેખાવ—ખાનસાહેબ મહેરવાનજી, હાથમાં બેગ ને બીછાણું સાથ ઓવરકોટ પહેરીને દાખલ થાય છે.)

ગાયન ૨ જું.

ખાનસાહેબ મહેરવાનજી- છું હું જગમાં જાણીતો એક ખાનસાહેબ મહાન
માન આપો તમો મહેરબાન.
દીલનો દુલ્લો પૈસેપુર ને મેલવ્યાછ કંઇક ચાંદ,
કેમ પુગે છે કંઇ ધ્યાન?

સ્ટેટમાં મારો ઓધ્ધો મોટો જાણ,
માન આપે બુઢ્ઢા કે જુવાન.

(કોરસ)

જોલી, મહેરવાન જોલી, લોકો હસીને સેવકને દીયે આજ આવકાર,
જોલી, મહેલ્લું જોલી, આજે સેવકની ફતેહ કરે સૌ પુકાર.
પોરી મારી જોઇને આજે ઓવરાઇ જશે બહું.
ઘેરમાં ચોકચાંદણુ ને તોરણુ સગણુ કરશે સૌ.

આનસાહેબ મહેરવાનજી– (ગાયણુ બાદ) એબી તકદીરની વાત છે! હું પંદર દહાડા ઉઘરાણી અર્થે બેલગામ જઇ આવ્યો તે અરસામાં આ મારૂં ઘેર જાણે બીજાં પાંજરાપોલમાં ફેરવાઇ ગયું. બાપ બપાવાનું વસેલું વાપરેલું ઘેર ને તેમાં સીનેમાંની ફીલ્મ પેઠે કેટલો જલદી ફેરફાર! મને લાગેછ કે મે સીલ્લુને તાર કીધેલો તે એને નહીજ મલ્યો હશે, નહીં તો દીકરી માય જરૂર બાવાજીને લેવા એક પગે કુદી રહેતે! અરે યારો, મારી પોરી તે પોરીજ છે જો! ખરેખર જેના ધનભાગ્ય હશે તેજ મારા મખ્ખઇ મોહરાંને પરણુશે.

પૈસાનું જોર છે, ખાનદાનનો તોર છે,
નાજુક બદન ને ચલણુમાં મોર છે,
ભોલીને ભોટ છે, ઉતાવલી એજ ખોડ છે,
રીતમાં પૈસા જોઇએ તો છોલેલાં બોર છે!

લેવ, સામેથી એજ મહારૂં જવાહીરે જમશીદ દાખલ થાય છે! જોઇએ તો સહી, કે બાઇ સાહેબના મીજાઝનું થરમોમીટર કેમ છે?

શીરીનઃ– (ધ્યાનમાં) યા ખુદા! જો મારો દીલજંગ દીલેર મને રસ્તામાં નહી મલને તો મારૂ શુ થતે.

ખાનસાહેબ:– (સ્વગત) તારા કટલેસ, એના મટનચાપ (જાહેર થાય છે) (શીરીનની એકાએક નજર ખાનસાહેબપર પડતાં)

શીરીન:– કોણ! પપા ડીયર, ક્યારે આયા? જરા તાર તો કરતે! હું બધી ગભરાઇ ગભરાઇ ગઇછ.

ખાનસાહેબ:– તું ગભરાઇ ગઇ તેબી તકદીરની વાત છે! વેલ દીકરા, હવે એલાર પેલારને જહાનમમાં નાખ, ને મને ખરૂં કહે કે હમણાં તું શું મનમાં બબડતી'તી. મારો દીલજંગ દલેર રસ્તામાં નહી મલતે તો મારૂં શું થતે!

શીરીન:– (ગભરાયલી) હું! અં! પપા કંઇ નહીં, એ તો હું અમથી (ઉડાવીને) વેલ પપા, તમે થાકી ગયા હશો, વાસ્તે તમારે સારૂ કાફી બનાવી લાઉં? (ચાલી જવા માંગે છે.)

ખાનસાહેબ:– (અટકાવીને) તેં કોફી લાવ્વા કહી તેબી તકદીરની વાત છે, ને મને કાફી નથી ગમતી તેબી તકદીરની વાત છે. ઉભી રહે દીકરી, મને બધું ખરી ખંખારીને બોલેબોલ પહેલાં કહે! પછી કોફી ને બોફી!

શીરીન:– જોવની પપા, ગઇ કાલે સાંજે, હું મારા ફ્રેન્ડની સાથે બેંડસ્ટેંડ ઉપર વીકટોરીયામાં ફરવા જતી'તી, એવામાં રસ્તાપરથી વીકટો-રીયાનો ઘોડો ચમકયો, જે હું ધારૂછ કે મારી ફ્રેન્ડની લાલ સારી ને જંમપર જોઇને ભડકયો હશે ને દીલપર......

ખાનસાહેબ:– જોયું કેની, મેં તને રેડ કલરની સાડી ને જંમપર માટે કેટલી વખત મારો અણગમો દેખાડેલો, છતાં તેં નહીં માન્યું એબી 'તકદીરની વાત છે. એ રેડ કલર તો ડેનજર સીગનલ છે! Danger Signal is a horrible word in the dictionary of young girls સમજી કેની? વારૂ આગલ ચલાવ! જોઉં, પછી શું થયું, પછી?

શીરીનઃ- પછી શું વરી? કાઉકાકરી નામના બહાદુર જવાને પોતાના જીવના જોખમે મને બચાવી લીધી અને હું તેના, તેના, ઓહ! ઓહ!

આનસાહેબઃ- તેના હાથમાં તું બેસુધ્ધ થઇ ગઇ! એમજ કેની? ઓહ! એબી તકદીરની વાત છે. વેલ કંઇ મુઝાકો નથી. માટીડાના હાથમાં એક પરણવા લાયક બઇરૂં બેસુધ્ધ થાય એબી તકદીરનીજ વાત. હું તો સમજુંછ કે......

શીરીનઃ- નહી, પપા ડીયર, એમ નથી. હું તે બહાદુર જવાનને તે દીવસથી ચાહતાં શીખીછ. અને......

આનસાહેબઃ- (ઢોંગ કરતાં) શું જવાનને ચાહપર બોલાવ્યોછ. વાહ! વાહ! એબી તકદીરની વાત છે.

શીરીનઃ- અરે નહીરે પપા, ચાહપર ને ખાંડપર શાનો બોલાવે? જે દીવસથી કાઉએ મને જીવનાં જોખમે બચાવી તે દીવસથી હું એને ચ્હાતાં શીખીછ. મને ફ્કત તમારી કનસેનતનીજ ખોટી છે. જો પપા ડીયર, તમે મને એની સાથે પરણાવો તો હું તમારી ઘણીજ ઉપકારી થવસ!

આનસાહેબઃ- મારી વાહાલી દીકરી, તને સુખી કરવા, હું સદા તૈયાર છું. પણ એ કાઉકાકરી કોણ છે?

માણુસ છે કે વાંદર છે
હીચકારો છે કે બહાદુર છે
પાઘડી પહેરેચ કે ફેંટો
બોબ્ડ બાલ રાખેછ કે સેટો

પગે ચંપલ પહેરેછ કે કાશ્મીર સુટ.
આંખે લીલો ગોગલસ છે કે આઇ ગ્લાસ
શીખી કંઇ મુવોછ કે છે ધાનશાક કલાસ???

તેની કાયદાસરની તપાસ થવી જોઇએ. એમ રસ્તામાં મળ્યો ને પ્યારમાં પડયાં, તેથી કાંઇ અદરાવા પરણવાનું નકકી કીધું એમ ઠરતું નથી. અહીં તો જન્મની પાલ બાંધવાની છે. છોકરી કંઇ બોકરી નથી કે કોઇને દરવાજે જઇને બાંધી અવાય.

શીરીનઃ— પપા, મી૦ કાકરી એક ઘણાજ હેંડસમ ને ચાર્મીંગ યંગ મેન છે. એવણુ મોટા મોટા પોસ્ટસ હોલ્ડ કરે છે!

ખાનસાહેબઃ— શાના પોસ્ટસ? ટેલફિનના કે ત્રામવેના? એબી તકદીરની વાત છે, દીકરા.

શીરીનઃ— એવણુ જાણીતા કાકરી ખાનદાનના એક મહાન નબીરા છે, કે જે કાકરી ખાનદાને આખા ગુજરાતમાં કાકરીના ખેતરો એક હાથ કરવામાં મોટું માન મેલવ્યું હતું. એમ કહેછ કે એવણુનો જન્મ શાહરાના ડેસર્ટમાં થયલો, ને વધારામાં એક M. B. B. S. છે,

ખાનસાહેબઃ— ત્યારે શું મી. કાકરી એક ડોકટરબી છે કે દીકરા? વાહ! એ બી એક તકદીરની વાત છે!

શીરીનઃ— નહીં પપા ડીયર, એવણુ કંઇ ડાકટર નથી પણ M. B. B. S. એટલે, બેઠા બેકાર સોસાયટીના એવણુ એક એકટીવ મેમ્બર છે, કે જે સોસાયટીનું કામ, બેઠા બેકારો પાસે, એક એક ફેરો અનાજની ગુણો અને ધંડાના ટોપલા ઉંચકાવીને, બીજા રૂસ્તમ પહેલવાન બનાવવાનું છે.

ખાનસાહેબ:— જ્યારે તું એમજ કહેછ કે એવણુનો જન્મ 'શાહરાનાં ડેસર્ટ'માં થયલો ત્યારે, તો એવણુ ઘણાજ ખુબસુરત હોવા જોઇએ, વળી એક માટીડો મારો જમાઇ થવાની ઉમેદવારી કરે એબી તકદીરની વાત છે. ચાલ, ત્યારે તો આપણા જીવણાને મોકલીને એને બોલાવી મંગાવીએ. જોઇએ તો સહી, કે એ મારો ભવિષ્યનો

જમાઇ, સુરત સકારે કેવો છે. (જીવણાને સાદ મારે છે.) જીવણા! ઓ જીવણા! અરે જીવણા કાંહ મરી ગયો! (જીવણો હાંફ્તો હાંફ્તો દાખલ થાય છે) અરે જીવણા, જેબી તારા હાથમાં હોય તે બધું ફેંકીને જલદી દોડી આવતો.

જીવણો:— વારૂં છાયેબ. (અંદર કંઇ અવાજ થાય છે) કેમ સાહેબ, છું હુકમસે ?

ખાનસાહેબ:— અરે પણ તું અહીં આયો ત્યારે અંદર અવાઝ શાનો થયો ?

જીવણો:— છાએબ, તમે મને નહી કીધેલું કે, હાથ મહીં જેબી હોય તે ફેંકીને ઇફ્રા જલદી સાલી આવ, તીવાછતે કરીને, હાથ મહીં પ્યાલા રકાબીનો છરછામણુ હતો, તે બધો ફેંકી દીધો, ને ઇફ્રા આઇવો.

ખાનસાહેબ: અરે તારૂં ખાનું ખરાબ થાય, મોંઘવારીનાં વખતમાં તેં, આય સોંઘવારી કીધી કે ? અને વરી આ ખાંધપર કાંદાનો ઝુરો શાનો લટકાવી આયો ? શું બજારે જઇ આયો કે ?.

જીવણો:— અરે છાએબ તમે એવરી જોરથી બુમ પારેલી કે હું છમજેલો કે તમુને અગાઉની માફ્ક ફીફ્રૂં થીએલું, તે થકી કાંદા છાતેજ લેતો આવેલો કે કામ પડે તો સટ દેતો કે બસડીને પટ દેતો કે છુંગાડી દેવાય. હા, પણ છેટ, તમે જેલની જાત્રાએથી, અરે ભુલ્યો છાહેબ! મકુંજે જાફ્રાબાદથી હમણાંજ આવેલા ? કેમજે કોઇ કરીને કોઇ સકકર જેવો પારસી આપરા ડ્રોઇંગ રૂમમાં, તમને મળવા બેઠેલો સે, ને......

શીરીન:— (બાજુએ) કોણ જાણે મારો કાઉ કાકરી તો નથી આયો ?

ખાનસાહેબ:— હું ધારૂંછ, કે જ્યાં છે ત્યાં, તેજ જુવાન હશે કે જેણે મારી દીકરીને ગઇ કાલે સાંજે, રસતા વચ્ચે બચાવી—(જીવણાને) જા, જીવણા, તેવણુને માન ઇજ્જત સાથે બેઆબરૂ કરીને, બે મુકકીનું

આદરમાન આપીને, અહીં લેતો આવ ! જરા સંભાળ રાખજે, કંઇ જમણી ગમનું દાબી ગમ નહીં કરી નાખે, કેમકે આજકાળ કરફાકરફીનો વખત છે બા, તેથી માણુસ માત્રનો ભરોસો રખાય નહીં.

જીવણો:- તે વાછતે તમો બેફીકર રહો છાએબ. આય સપ કરતો કે જયને, દપ કરતો કે આવતો સું ! (જાય છે. શીરીન ને મેહરવાનજી આપસમાં વાત કરે છે, એટલામાં ચાંદણુ આવે છે)

ચાંદણુ:-(દાખલ થતાં) બાઇ, તમો છેવો કે ! બોલોની જલદી ?—

શીરીન:- કાંય, કાંય, ચાંદણુ શું છે ? એટલી ફીકરી કેમ મારી ગઇ ?

ચાંદણુ:- અરે બાઇ બોલો ના ! મારો જીવ ઉડી ચાલ્યો ને.

ખાનસાહેબ:- જીવ ઉડી ચાલ્યો ! કેમ બને, એબી તકદીરની વાત-જીવ ઉડી જાય, ને તું બોલી કેમ શકે ?

ચાંદણુ:- અરે ઘણુંજ નરસ થયું છે મહેરવાનજી. એ માયરે હવે કેમ થશે રે !

શીરીન:- અરે પણ છે શું તે તો બોલી મરની ?

ચાંદણુ:- હોય શું ! મારૂં કપાળ ! બધું રંધાઇ ચુકું,

ખાનસાહેબ:- હે ! શું ! રંધાઇ ચુકું ને બફાઇ ચુકું ! અરરર કોઇ આય છોકરી છે. ખુલાશાવાર કહે તો જણાયને.

શીરીન:- ચાંદણુ ગભરા નાં, જીવ ઠેરવીને બોલ, ખુલાસો કર, શું છે. તારાથી કાંઇ ખોટું કામ તો નથી થયું ને ?

ચાંદણુ:- અરે શીરીનબાઇ બોલોજ ના, એ ચકરમને જોઇને મારો જીવ તો બધો ખારો બટ મારી ચાલ્યો.

શીરીન:- મુઇ ઘેલી, કોણુને ચકરમ કહેછ ! પેલા મારા કાઉને કે ! ઓવારૂ રે એની પરથી બધી.........

ચાંદણુ:- તો! તો! મુવો કાછીયા માછીયા જેવો કોલી દુબરો, ને તે તમારો ધણી થાય! ઓવારૂં રે તમારી જુટી પરથી, એવા મુવા ચોકલેટોને!- બોલેછ ત્યારે તો જાણે વીકટોરીયા ગાર્ડનનું રીંછ રડેછ? ને ચાલેછ ત્યારે તો, મારા ખુદાય, જાણે વસઇનાં માંડવામાં દોધી તુરયું હીંચકા ખાએછ. એવાને શું ઉચકીને અફાડે?

ખાનસાહેબ:- અરે પણ ચાંદણુ અહીં જોની?

ચાંદણુ:- નહી બસ હું તો ચાલી.

ખાનસાહેબ:- અરે પણ ચાંદણુ જરા ધીરી પર તો!

ચાંદણુ:- નહી, બસ હું તો........

ખાનસાહેબ:- અરે એમ હોય, જો સમજ ચાંદણ.

ચાંદણુ:- નહીં બસ, હું તો ચાલી, (ચાંદણુ જાય છે, બીજી બાજુથી જીવણો દાખલ થાય છે.)

જીવણો:- છેટ, આપણા ડ્રોઈંગ રૂમમાં તો કોઇએ નહીં મલે અહુવે! પણ, મેં ઇફા એક પુસરી વગરના ઉંદરને ઇફાથી તીફા દોડતાં દીથેલો. હું તદન ખરૂં બોલતો શું. (મહેરવાનજીને અડકી પડે છે.)

ખાનસાહેબ:- (ચીરડાઇને) કેમ એ ગધ્ધા, એકદમ ફાસ્ટ ચાલ્યો કે? તારીબી આંખ છે કે લખોતા, ઉલ્લુ, જરા આંખનો બરોબર ઉપયોગ કર?

જીવણો:- અરે છાયબ માફ કરો! તમે છામાં ઉભેલા તે હું છમજેલો કે, ધારાપોરીના ગુફાની મુર્તીનો ઓળો પડતો સે! જરા ઉભા રહો છેટ, છામેથા ઓલોજ વાંદર ઇફા આવતો દેખું.

ખાનસાહેબ:-એ વરી કોણ છેરે? જરા જઇને જોઇ તો આવ (જીવણો જઇને પાછો આવે છે)

જીવણો:- અરે છેટ, એ તો કોઇ અરઘો પારસી ને અરઘો ગેપાંઉ જેવો લાગતો સે. ગોરી ભાછા બકતો સે, અહુવે ઇની બોલી

મને છમજ નહી પડે. પણુ આ કયાટ આપેલો ને કીહેલું કે જેબી કહેવા માગું તે બધું આબાદ ઉપર લખેલું સે. અહુંવે! (મહેરવાનજી કાર્ડ લઇ વાંચે છે) અરધો પારસી ને અરધો ગેપાંઉ. જન્મભુમી ધારાપોરી ને રહેઠાણુ પીરપાંઉ! એબી તકદીરની વાત છે. વારૂં લાવ જોઇએ એ કાર્ડ મને આપ.

ખાનસાહેબઃ– (કાર્ડ વાંચતા) The Rt-Hon. મી. કાવસજી કાકરી. J P. M. P. M. L. C., M. B. B. S., એજંટ ટુ ધી અરલ ઓફ અહમદનગર, પ્રાઇવેટ સેક્રેટરી ટુ ધી બેરન ઓફ બોરીવલી, એન્ડ ધી ખજાનચી ઓફ ધી એમ્પટી તીજોરી ઓફ ધી બેંક ઓફ ટીમ્બકતુ. (બાજુએ) આય તો કોઇ મી૦ એમ્પટીજ લાગેછ. એબી તકદીરની વાત છે. (જીવણો જઇને કાઉને લાવે છે)

કાઉ :– (દાખલ થતાં) Well Bon Soir, Monsieur! (ટોપી ઉતારે છે.)

ખાનસાહેબઃ– ખજુર મસકતી! એ શું બકી મરેછ. શું આય કંઇ ખજુરની વખાર સમજી મુવોછ કે? એબી તકદીરની વાત છે! જ્યાં છે ત્યાં પુનાના મેડહાઉસમાંથી નાહાસી છુટેલો દીવાનો છે. ત્યાં વેર એવા વાકાચુકા ડોકાં નહી કરે! મકુંજે મી. તમે કોણુ બા?

શીરીનઃ– પપાજી, એ તો કાઉકાકરી તમારી સાથે ફ્રેંચમાં વાત કરેછ.

જીવણોઃ– હા, તે એના બાપદાદા ફ્રરાન્સ ને જરમની શીખીને મરી ગીયેલાં, તે હવે પગે ફ્રાન્સ ને નાકે જરમની લખવા શીખ્યો.

કાઉઃ– (ખાનસાહેબને) Très bien, Comment Vous, Portrez vous?

ખાનસાહેબઃ– અરે બા કોમાબી નહી ને સેમીકોલનબી નહી. મંકુજે ફુલપોંઇટ પર વાત લાવો બાવા. તમે કોણુ છેવ ને કહેવા શું માગોછ?

શીરીનઃ– પપા, એવણુ એમ પુછેચ કે તમે કેમ છેઓ?

ખાનસાહેબઃ— હું કેમ છું, તે એવણુની મધરડા જેવી આંખે જોઇ શકેછ ને તે છતાં એવો સવાલ પુછવાની આટલી સરકશી કરે, એબી તકદીરની વાત છે! (કાઉને કાર્ડ પાછો આપે છે)

કાઉ :— Merci Monsieur!

જીવણોઃ— એ માછી કોણુની ને ભાણેજ છાં ને (બાજુએ) મારો છછરો મછાન કાંયેથી નાછી આવેલો કે કેમ.

શીરીનઃ— પપાજી, જરા શાંત થાવ, તમે એમ લોખંડ મીસાલ તપી જાઓછ, તેથી એવણુ તમોને પાંઉ ભુજવાની ભઠ્ઠી સમજેચ ને?

ખાનસાહેબઃ— હું પાંઉ ભુજવાની ભઠ્ઠી! વાહ! બાપને એલકાબબી ઠીક આપેછ! એબી તકદીરની વાત છે! વારૂં મી. કમરફાકરી, બેસો સાહેબ, આખો વખત ઉભું રહીને વાત કરવાથી પગમાં આંકરાં આવશે—

શીરીનઃ— મરેરે, જીવબી ફરી આવ્યો હોશે! જરા રાસબરી લેમન કંઇ પીશોનીજી?

કાઉ :— શું પીવું, ન પીવું. કંઇ સમજ પડતી નથી. પીવાતો ઘણુંએ ગમેછ, પણુ બીલકુલ પીવાતું નથી. ઉપાયો તો ઘણાએ કીધા, બાકી કંઇ ઉપાય રહયો નથી, છેવટે પીવા સીવાય, કંઇએ ઇલાજ રહયો નથી. પણુ કંઇ નહીજી. થેંકયું. જરા લેમનને બદલે ચમપીન વીસ્કી હોશે તો ચાલશેજી.

ખાનસાહેબ:— તો! તો! તારા બાપનું પીઠું આય હોશેની તે જે ગમે તે મનમાં આવે તે ઓરડર કરયા કર. કોણુના બાપની દીવાળી? મારી દીકરીએબી દીવો લઇને કાંહથી ધણી શોધી કાઢયો!

નહીં બોલવાના સકાર, કે નહીં ખીસામાં કાંઇ બાર,
લાગેછ બીલકુલ સેમ્પલ યાર, વગાડશે પોરીના બાર;

આપો પેડા અહીંથી થીક," લાગેછ મને જબરી બીક,
શોધી કાઢું કંઇ હું ત્રીક, કરે નહીં દીકરી રીકઝીક.

(ખાંડીપળાના મ્હારાજાનો નોકર ચીઠી લઇને દાખલ થાય છે.)

નોકરઃ- (દાખલ થતાં) નમસ્કાર, ચમતકાર ઓ દમબેલસે દરબાર, એ એ દોરંગી દુન્યાકા ગારીલ મુસાફર, એ નારગોલકા શાહ સોદાગર મહેરવાનજી મદારીઃ—

તેરી થુમકી જઇસી દાહડી
તેરા દો ચાર બંગલા વાડી,
તારી દોધી જેવી કાંડી,
તારૂ વજન એક ખાંડી.—

તારા હજુરમાં, મારા ધડ ઉપરનું ડોકું છુટું કરીને તારી સેવામાં ધરી, અરજ કરૂં છું, કે ખાંડીપલાનાં નામદાર મહારાજા દહીંતરાં કુંવર, આજે દરબારમાં ગોલાબજાંમ ને ખારીપોરી વહેચવાનાં હોવાથી, તારે તારા લાલ્યા, દુબરા-વીગેરે તમામ જંગી ફોજનાં કકડધસ રસાલા સાથે કુંવર સાહેબની દરબારમાં સહવારના પોહોરમાં એડીયાનો જુલાબ લઇ, જામો પીછોડીના ફુલ લેવી ડ્રેસમાં હાજર રહેવું, અને સાથે સાથે મોટા ગોવાનાં કોકોનટસ અને વસાઇથી પાણી પીવાનાં કવલા નાળીએર લઇ આવવાં!

કાઉઃ- મને લાગેછ કે નખ્ખોદગીઓ દહીતરાં કુંવર બધાંને કવલા નાલીયેરજ મુલાકાતમાં માથે પહેરાવતો હશે.

શીરીનઃ- જોયું કે બાવાજીને શું માનપાન મલેછ તે!

કાઉ : હારે હા, ઘણુંજ માનપાન. ખુદાય, તાલકાપર કવલા નાલીયેર ઝીલવાનું માનપાન કોઇને નસીબ નહી કરે.

ખાનસાહેબ:- (નોકરને) એ નોકરે દરબાર, તહારૂં કહેણું દમામદાર
તારો ચલ્લીચોર સગાર, તું તો રાંધણીનો સરદાર,
જઇને કહેજે કે નામદાર, આવશે મેહલું જંગ દરબાર,
સાથે લઇ નાલીયેરનો ભાર, મારવાડી રાખી તૈયાર
તારો દબ્બો ગુલ થાય યાર, મારો બેડો થાય,
પાર. બરફી પેંડા ખાઉ અપાર, મેહલુંનો થાય-
જય જયકાર (નોકર નમીને જાય છે)

કાઉ :- મારા બાપરે શીરીન, શું તારા બુઢાએ કારીયા બાજી ચલાવી. હું ધારૂં છ કે એની કારીયા બાજી સમજીને ફીરદુશી તુસીનું રૂહબી, બહેસ્તમાં ધુજતું હોશે. હવે હું કારીયાબાજીમાંજ એને જવાબ આપું:—

એ ખાન મારા ખાન, તારી કરીયાતું ઝબાન
તારા સુપરા જેવા કાંન, જોતાં ધુંજે છે દીલ;
તારા ગાલો લાલમલાલ, જાને પાન બીડાની થાલ,
તારાં ભુસાં જેવા બાલ, જોઇ પીગળે છે દીલ;

ખાનસાહેબ:- બહા! મારો જમાઇ મારી તારીફ કારીયાબાજીમાં કરે, એબી તકદીરની વાત છે. વેલ મી. કાવસજી કાકરી, પછી તારે આપરી અસલ વાત પર આવો. નામદાર, હું એમ પુછું કે તમોને અહીં ચાલી ચલાવીને આવવાનો સબબ?

કાઉ :- આવવામાં છે યાર ભરમ, ખાંઉ બાપના કસમ,
મને સીલ્લાંનો છે ગમ, વચમાં ઉભોછ તું થઇ જમ,
સૌ છે સરજતને આધીન, કર નહી રીકઝીક તું મીસકીન.
મને પરણવા દે શીરીન, કર નહી કાકરીને ગમગીન.

(મોટેથી) એ મારા બોખારી આલુ સસરાજી બોલ, તારૂ દીલ ખોલ ને ખરી ખંખારીને કહે કે, સીલ્લાને મારી સાથે પરણાવા-તું ખુશી છે કે?—

—શી ઇઝ બ્યુટીફુલ નો ડાઉટ, તારે પગે થાયરે ગાઉટ,
શી ઇઝ એ વન ઇન માઇ આઇ, હાજર છે નવા જમાઇ,
પરણાવો શીરીનની સાથ, લેવા દેવ બગલમાં હાથ!
એટલી છે મારી અરજ, બજાવ સસરાજી તું ફરજ.
નહીંજો પરણાવશો શીરીન, મોઢે ચઢશે તારે ફીણ,
પરણુસ જબરીથી હું આજ, બની કાતીલ દંડાબાજ!

જીવણો:— (બાજુએ) તો! તો! આય દંડાબાજની છુરત છીકલ જોયલી કે નહી? જાણે એ તો છેટને ખંબાતથી આવેલો છમજે, અહુવે! (મોટેથી) એ અકકલના ઓથમીર હવે છીધ્ધો છીધ્ધો જીફ્રાથી આવેલો તીફ્રાજ પાસો પાસલે પગે ચાલવા માંડ. ન કર, પાછરાનો વીમો ઉતરાવો પડશે. ઇફ્રાતું રહીને, માછી માહેલા સાકતા છેલરની પખી મારા છેટ બાઇને દમ ભરાવે, તે ઇફ્રા નહીં સાલવાનું. છમજેલો કે નહી!

કાઉ;— બસ, એઇ જંગલી લાલીયા, તારી ઝબાં બંધ કર, મારી સામે આવી ગુસ્તાખી નહી ચાલશે, તું જાણેછ કે હું કોણ છેઉં?

જીવણો:— નહીં કાંય? વરી બેપગનું વગર પુસડીવાળું જાનવર! તુને તે કોણ નહી ઓલખે?

ખાનસાહેબ:— બસ જીવણા, શેઠની હજુરમાં એ તારી શેખી બંધ કર, એબી તકદીરની વાત છે કે શેઠ મુગા રહે ને નોકર શેઠ તરફથી લડે. મી૦ કાવશજી ડાકરી, તમે મારી શીરીનના હાથની માંગણી કરોછ, એ સમજીનેજ મને ધરતીકંપનો આંચકો લાગેછ!!! બેશક એબી તકદીરની વાત છે, કે તમારા જેવા કાકરી ખાનદાનનો નબીરો, મારી બેટીના હાથની માંગણી કરે! પણ, એ બાબદમાં મારી બેટી શીરીનનું મત લેવું જોઇએ.

જીવણો :– નહીં કાંય ! બાઇ છાતે તો પરણી સુકો, પણ બાઇની ક્રુટી છાતે પન્ને તેજતો.

કાઉ :– બેશક, તમો તમારી નેકબખત બેટીનું મત લેવો. જબરજસ્તીને કાંઇ સોદો નથી. હું એને નાટકમાં લઇ જવશ, સીનેમામાં ફેરવશ, દર રવીવારે જુહુ ને વેસાવે તાડી પાવશ, ને શનીવારે એપોલોપર લઇ જઇને ચોકલેટબી ખવડાવશ.

જીવણો :– મારા છગાંને બાંધી મારો તો ખીછાંમાંથી પાવલું સુટવું મુછકેલ, ને તે મહી વરી બાઇને સાકલેટ તે ફીફાથી ખવડાવાનો, ને પોતાનું નાકબી-પયણ ધાસલેટથી ફીફાથી છુકાવાનો. મારા બાપરે, આ તો જબરૂં કાતરયું ગેપ નીકલ્યું !

ખાનસાહેબ ;– (બાજુએ જઇને) બેટી સીલ્લું, અહીં આવ. શું તારો વીચાર આય પોણા સોલ પારસી કાઉ કાકરી સાથે લગ્ન કરવાનો છે ? જો તારી જબરજસ્તી હોય તો મારી ના નથી, પણ, જો તું મારૂં મત પુછતી હોય તો હુને આય સેમ્પલ સાથે પરણાવા બીલકુલ ખુશી નથી. છતાંબી તું દબાણ કરતી હોય તો પછી એ તારા તકદીરની વાત છે.

શીરીન :– પપા, કાઉ એક જેનટલમેન છે, એના જેવો હીરો ધણી મને બીજો કોણ મલશે ?

જીવણો :– હીરો તે કેવો, કે બકરૂં આપીને ઉંટ લી જાય તેવો. ભાઇ આપણુને છું ! રાજાને ગમતી રાણી ને શાણું થાપતી આણી ! પયણ જમાનોજ ઉળતો આવેલો તેમાં જીવણાં, તું છું કામ જીવ જીકાટે ! તારૂં બોયલું પરાયું ? આજે છારા લોકની કદરજ નીહ મળે. આજે તો ભાડેના કપડાં મહીં મોસી પણ રજવાડી કહેવાય, ને મવાલી પયણ જાટલીમેન મહીં ખપે. અહુવે !

ખાનસાહેબ :– જો હજુ ફરીથી વીચાર કર મારી દીકરી, ગધેડાને બકરીની જોડી કોઇ કાલેબી શોભાવાની નથી. એ કાઉ કાકરી જાહ છે

તાંહ તુંને નથી પણુતો, પણ તારા બાપની વાસ મારતી દોલત સાથે પણુવા નીકળ્યોછ. પણ હુંબી ખરો પારસી કે પુટી બદામ પણ એના હાથમાં નહીં આવે, એટલો બંદોબસ્ત કરશ.

શીરીનઃ— પપાડીયર, બસ એક વખત મારો વીચાર મેં તમોને જણાવ્યોછ પછી તે વીચારથી ને વચનથી હું બીલકુલ ફરનાર નથીઃ—

વચન જે એકને આપીયું, અપાઇ ગીયું એમજ સમજો,
લખાણુ જે એકવાર લખ્યું, લખાઇ ગીયું એમજ સમજો;
બાઝારે મ્હોબતમાં તો આદમીનો હીંમત નથી,
મ્હોબતનો યાર ખુદાવંત છે, દોલતની તેને કીંમત નથી,

જીવણોઃ— મારા બાપરે! એ બાઇ આજે કહેવા છું માંગે! છને તો આ કાઉ કાકરીએ જાદુ મંતરથી ખેંસી લીધેલી લાગે, અહુવે! નીકર શીરીનબાઇ જેવી હોશીયાર બાઇ આય છેમ્પલ પારછીના હાથપર રમી જાય—એ તો વેલાતનો ખુદાય મંમબઇ આવે તો એ બનવું મુછકીલ લાગે.

ખાનસાહેબઃ— જીવણા, તું વચમાં પટપટ ના કર (બાજુએ) હવે શું કરૂં! ઝેર ખાઉ કે કુવો પુરૂં, કે નહી તો બારીએથી નખાવી દેઉં. નથી પોરી સમજતી કે નથી પેલો કાઉ કાકરી સમજતો. જ્યારે બાજી આટલી બધી હદ સુધી રસપર આવીછ, ત્યારે તો મને મંજુરીયાત આપવા શીવાય છુટકોજ નથી. જો, હું એ લોકને રજા નહી આપશ, તો કાઉ સાધુ થઇ જવાની, અને શીરીન એની ચેલી થઇ, એની સેવા કરવાની મને ધમકી આપેછ, એબી એક તકદીરની વાત છે! વલી કાઉ જાતે પાજી છે, એટલે રખેને પઠાણો રોકીને, મારા પાંસરાની ખબર લેવાડે, હવે તો જે થાય તે ખરૂં! ખાંડણીયાંમાં માથું મુકી પછી ધપકારાથી બીહવામાં ફાયદો નથી. મોચી છે ને જોડો છે, આપસમાં ફોડી લેશે. (શીરીન તરફ ફરીને) શીરીન, એમ આવ.

શીરીનઃ- બોલો બાવાજી.

ખાનસાહેબઃ- જ્યારે તારો વીચાર છે, તો હું મારૂં અંતઃકરણ વેચીને પણ તુને રજા આપુછ. જાવો સુખી થજો, કાઉ, મારી પોરી સાથે પરણવાની, તુંને એક શરતે રજા આપુંછ, કે રાતનાં ઘેરે દારૂ પીને તોફાન નહી કરે, બલતું લાકડું લઇને ઘરનાં ભાડુતો સામે નહી દોડે, જુગાર સરતને સલામ કરી, ખુદાય જે દાલરોટલી આપે તેપર કુરકુર સંસાર સંપીને ચલાવાનો હોય તોજ પરણજે, નહીતો સસરાના પૈસાની આશા પર, પથાણો પાસે મોટા બ્યાજે પૈસા કહડાવી, છેવટે મોટર નીચે સુઇને આપઘાત કરવાની ખાએશ રાખતો હોય તો, બા પણવાનાં નામપર મોટો જેવો પપેટોજ મુકજે.

કાઉઃ- કબુલ મંજુર. (બાજુએ) હાલ તો હાજી હા કરો. ચાર ચોખા છંટાવા પહેલાં એને ડુંગરવાડી પોહોંચાડી દઇશું કે આય એમ પૈસાજ પૈસા. કેમ બોલ્યા નહીં, બુધાજીની કોણ પરવાહ કરે, એબી એક તકદીરની વાત છે.

ગાયણ ૩ જું.

કાઉઃ-
તુંજ મ્હોબતમાં બન્યો હું લીન
શીકાર થયો તારો હું શીરીન
વ્હાલી દીલજાન રહે નહી ગમગીન
પ્યારી ઓ શીરીન !

(કોરસ)

શીરીનઃ- દીલના દીલદાર, ઓ કાઉ, ગલાનાં હાર,
કોલ હું પાલસ જાનો જીગરથી,

કાઉઃ- શીરીન દીલજાન, તુંજ પર છે જાન કુરબાન,
રહેવશ સાચ્ચો હું યકીનથી,

શીરીનઃ— ફરજથી નહી હું હરગીઝ ફરનાર,

કાઉઃ— સુખી તુંને હર હમેશ રાખનાર

શીરીનઃ— દીલનાં દીલદાર, ઓ કાઉ ગલાનાં હાર.
રહેવશ વફાદાર જીગરથી.

શીરીનઃ— વેલ પપા, ત્યારે ચાલો આજેજ વાગોબી વસાવવા આપરે બજારમાં જઇએ. હું તેટલાં બધી વસાવવાની ચીજોની ટીપ કરી લાવું.

ખાનસાહેબઃ— હા, દીકરા, દોડતો વહેલી! તેટલાં કાઉ મારી પાસે છે. એટલાં એલાર પેલારમાં વખત સોહવાઇ જશે. (શીરીન જાય છે) મંકુજે મી. કાકરી, લગ્નના વાગામાં તમુને શું શું જોઇએ, તે કહી દેવો, તો બધું વસાવી લવાય.

કાઉઃ— રાઇટ હો! લખી લેવ, ચાર વાર કાલી બનાટ, કાલાં બુટ, પાંચ ખમીસ, સાથે પાંચ કાલી બો ટાઇઝ, કાલાં મોજાં ને કાંદાભાટી રૂમાલ, એટલું તમે લેતાં આવજો. હું તેટલામાં, મને ચીમોર કામ છે તે જઇ આવું, કારણ કે મારા મીઠાના અગરોનું બ્યાજ આજે પાકે છે.

ખાનસાહેબઃ— હા, જાવો બા, ફતેહ કરો, બ્યાજ લાવો તો શીરીનને ને શીરીનનાં બાપને પહેરઓધ કરશો કેની? નહી તો બૈરીને શું પહેરાવશો, મકકાઇ બુઠઠા કે?

કાઉઃ— બેશક, નામ પ્રમાણે પહેરામણી તો કરવીજ પડશે. દર ઇન ચે શક, પહેરામણી તો એવી કરૂં બચ્ચાજી, કે તેમાં બંધાઇને તું પત્થરપર ચઢે. ચાલો સાહેબજી.

ખાનસાહેબઃ— આવજો બા આવજો. (જવાના ઢોંગ કરી, કાઉકાકરી તીજોરી પછવાડે ભરાય છે) જીવણું મારો જીવ ફરેછ, જરા થંડુ પાણી લાવતો.

જીવણો:- લાયો સાહેબ, (જીવણો પાણી લાવે છે)

ખાનસાહેબ:- હાય! ૧૯૪૧ ના જમાના તારૂં શુ થશે! આજના જમાનાની પારસી છોકરી તો એક ચાઇનીઝ નોવેલટી સમાન છે. હવે મારે તીજોરીનો અવેજ બહું તપાસવો પડશે, કેમજે કાઉ કાકરીનો ડોરો જહાં છે તાંહ એનીપરજ ખોહવાયલો જણાયછ, અને આય મારી પોરી છે ભોલી ભટાક, એટલે આય "કાકરી શંકર" એને હયેલીમાં ચાંદ બતલાવીને રમાડી જાય, એબા બનવાજોગ છે. ઓહ! પણ જીવ ફરેછ, લાવ જરા આરામ તો કરૂં. (એમ બોલી ખાનસાહેબ ઇઝીચેરપર લેટે છે. (કાઉ છુપાયલો બહાર આવીને)

કાઉ:- (બાજુ) બસ મારો શીકાર સાબુત છે. બચ્ચા મેહલ્લું મદારી, આજે તુંને છું મંતર કરી એવો તો ફુંક મારતાં, આસમાનપર મોકલી આપું કે મારો રસ્તો પછી સદાનો ખુલ્લો રહે! (મહેરવાનજી ચીમાઇ જોય છે. કાઉ ઉર્ફે સેવક માકુજી માઇ ડીયર જાણે મહેરવાનજીનું ખુન કરવા જતો હોઉં, તેમ એક હાથમાં છરી પકડી, ખુનીનો દેખાવ રજુ કરૂં છું,) ગુડ લક? હવે તીજોરી તોડુ તોજ ખરો કાઉ કાકરી, આજે માલેતુજાર કાઉબા, આંખના પલકારામાં ફેરવાઇ જશે? (જીવણો પાણીનું ગ્લાસ લઇ આવે છે, અને કાઉને, તીજોરીમાંથી નોટનું બંડલ ગજવામાં મુકતાં જોઇ ચોંકે છે.)

જીવણો:- (દાખલ થતાં) મારા બાપરે! છત્યાનાશ પર છત્યાનાછ! લેવો આ કાકરી ભાઇ જમાઇ જોયલો કે ન જોયલો! બસારો પયનવા અગાઉ છછરાની તીજોરીનો ભાર હલકો કરતોસે. છેટનાબી ભેગ ફરી વલેલાં, તે હાકરી ચીભડાને, જમાઇ છોધી કાઢ્યો હતો! હવે છીરીન બાઇને ઇહ્રા બોલાવીને, ઇની લેવડી કરાઉં તોજ હુંબી જીવણો ખરો, ન કર જીવણો ખોટો! મારા છમા બસ્સા કાકરી.

તુંએ છેટ થકી સટકું માંયડું તો ખરૂં, પયણુ એ સટકાં મહીં, તુંને શું ખબર કે તું કીવી રીતે છપડાઇ ગયલો! અહુવે?— (જીવણો જાય છે)

(જીવણુાંના જવા પછી કાઉ ઉર્ફે સેવક, તીજોરીમાનો અવેજ ખાલી કરી, ગજવામાં નોટનું બંડલ મુકી દે છે, અને મહેર-વાનજી, સેવકને અટકાવવા જતાં બેઉ વચ્ચે ઝપાઝપી થાય છે, અને નાટકી ધપે સેવક તેને છરી બતલાવી ધમકી આપવા જતાં, અચણુચ ઉશ્કેરાટમાં મારાથી તેવણુની પીઠમાં છરી ભોંકાય જવાય છે, અને ધોધમાર લોહી જતાં, તેવણુ ખુન! ખુંન! કરીને બુમ પાડે છે, અને ઓડીયંસમાંબી બધો ગભરાટ અકરાટ ફેલાઇ જતાં, બધાં નહાસભાગ કરવા મંડી જાય છે, અને "ખુનીને પકડો! ખુનીને પોલીસને સ્વાધીન કરો!" એમ બુમો પાડી લોકો સ્ટેજપર ધસી જઇ, મારા હાડકાં પાંસરાંની ખબર લેવા મંડી ગયા, અને બધી ગડબડ તથા ધાંધલ થવાથી, પોલીસે પણુ સ્ટેજ ઉપર ધસી આવી, મામલો શાંત પાડી નાંખ્યો, અને બુમાબુમ અને ઘોંઘાટ વચ્ચે, કંપનીના મેનેજરે સ્ટેજ ઉપર આવી જાહેર કીધું કે આજના આ કમનસીબ બનાવને લીધે ખેલ અત્રે બંધ કરવામાં આવશે, અને જે લોકોએ ટીકીટ ખરીદી હોય તે લોકના પૈસા પાછા આપવામાં આવશે. પણુ આ ખુલાસાથી લોકો બીલકુલ નારાજ થયાં, અને બુમો પાડવા લાગાં કે, "કોઇબી સંજોગે ખેલ આગળ ચલાવો, અને ઘાયલ થયલા એકટરને તેમજ પેલા ખુની એકટરને નાટક ખલાસ થયા બાદ ઘટતે ફેજે પુગાડજો, પણુ કોઇબી હીસાબે અને જોખમે અમો નાટક પુરો જોયા વગર જનાર નથી.

લોકોની ચાલુ માગણીને લઇને, ખેલ આગળ ચલાવવામાં આવ્યો, અને ચાલુ તાળીઓના અવાજો વચ્ચે પરદો પાછો ઉંચકવામાં આવ્યો, અને નાટક પાછો શરૂ થયો!

કાઉ:— હવે મારા જીવને કરાર થયોછ! આજે ચાર તળાઇના બીછાના પર હવે હું નચીંતે સુવશ! બચ્ચા કાઉ, બસ ફતેહ ને ફતેહજ છે!

જીવણો:— લેવો, આય કાકરી છાયેબ વેપાર કરે તે જોઇ લેવો બાઇ છાયબ! કેવો છેટની તીજોરીનો ભાર હલકો કરીને બચારો સાર તળાઇ સુવા માંગે. લોકો પૈસા ખરચીને છીનેમેતોગરાપ જુએ, તીની જગીયાએ તમોને મફત છીનીમેતોગરાપ જોવાનો મલે તો પસી છું ખોટું. કેમ બોલ્યાં નહીં, અહુવે!

શીરીન:— ઓ ખુદા! આય શું ગજબ! મારો કાઉ, ચોર!

જીવણો:— વરી સોર નહીં તો ધંટી સોર! છાહુકારીથી બાપનો માલ હોય તેમ ઘેરના છેટને દવા છુંગારીને બેસુધ કરી લાયખા, અને તીજોરી ઉઘાડી છાહુકારી કરીને પોલમપોલ કરી લાયખું તે જુદું. ને હજીણુ તો વુસે કે મારો કાઉ સોર? અરે તમારા કાઉને છું કેઉં!

શીરીન:— શું! બાવાજી ઘાયલ! કોણે કીધા હોશે, ઓ ખુદા!

જીવણો:— એ ઘાયલ તો તમારા કાઉ કાકરી ભાઇએ કયરા, અહુવે!

શીરીન:— કાવસ! કાઉ? આય શું? તોબાહ!

કાઉ:— કોણુ, શીરીન! ઉફ! આવી બન્યું!

જીવણો:— તો આવી આવી નહીં બને તારે શું, તું મારો છછરો મજાહ ને અમે ધક્કા માર ખાઇએ, નહીં બસ્સા!

શીરીન:— ઓ ખુદાય! કાવસ, તુંને એ શું સુઝ પડયું?

કાઉ:— એમ કહે કે સારૂં સુઝ પડયું. આ જે કીધુંછ તે બધું તારા ભલાને કાજે.

શીરીન:— (તુચ્છકારીને) બસ દુર રહો! આજથી તમોને ને તમારા પ્યારને છેલ્લી સલામ! ખરેખર, લોકો કહેછ કે, આજકાલ આવા કરતુકી

કોરગાઓ, જુવાન પોરીઓને ફસાવવા થકી, બીસ્કીટનાં બાકસો જેવી ભાંગી તુટી, ખડીયા ખરખર મોટરો લઇ, રેકલેમ, બેંડસ્ટેંડ, ચોપાટી, હેગીંગ ગાર્ડન કે જુહુ દરીએ કીનારે ફરતા ફરેછ, તેનો જીવતો જાગતો દાખલો મેં આજેજ જોઇ લીધો. (એવામાં મહેરવાનજી જાગી ઉઠે છે.)

ખાનસાહેબઃ— કેમ દીકરી! એ શું તોફાન છે! પછી વાગાની ટીપ તૈયાર કીધી કે? લગનનો વાગો વસાવવા આવોછ કેની? કાવસજીબી ચીમોરથી આવી લાગશે?

શીરીનઃ— નહી પપા, મારે પણવું નથી. મેં મારી નજરે જોઇ લીધું કે બહારથી ફરેસ્તાનો દેખાવ સજી, ભોલી નાઝનીનોને ફસાવનાર માણસો ઉપર ઇતબાર મુકવો, એ ખરેખર દેખતી આંખે કુવામાં પડવા જેવું સારૂં છે!

ખાનસાહેબા— કાંય, કાંય! આવો હીરા મોતી જેવો ધણી તુંને નહીં ગમતો કે! કેમ કાવસજી કાકરી, તમેબી સવાપોહોરની પાદશાહી કરી લીધી કે બા! મકુંજે હવે સાધુ કહારે થાવોછ, ને શીરીનબાઇને ચેલીબઇ કહારે બનાવોછ.

કાઉઃ— ખાનસાહેબ, જે થયું તે માટે મને માફ કરો. હવેજ હું શીખ્યો કે હાથ ચાટીને કદી પણ પેટ ભરી શકાય નહી. ચોરીના ચોખા હમેશ ચૌદ મણના હોય. મેં જોયું કે આવતી કાલે મારવાડી મારી ઉપર વારંટ લાવશે, તે પહેલાં પૈસાનો બંદોબસ્ત કરીને તીજોરીનો અવેજ બહાર કાઢી લેવાનો મેં કસદ કીધો, પણ ધાર્યું ધણીનું થાય છે. તેમ મારી બાજી ઉંધી વલી ગઇછ, મારાં પાપની મટકી ફુટી ગઇછ. હું માફી ચાહુંછ, અને ખુદાને હાજર નાજર જાણીને કહુંછ કે ફરીથી એવું નીચ કામ કદીપણ કરશ

નહી. પણ તમો જે વારસો આપી જશો, તે પરજ મારો સંસારી ખટારો હાંકશ.

જીવણો:— તો! તો! છેટ કમાયલા તે બધું તારેજ છારૂંજ. છાએબ, જુઓ છું! અબ ઘડીએજ પોલીછને બોલાવીને છાત વરસની ફાંછીની છજા કરાવો!

ખાનસાહેબ:— નહી જીવણા, તારી ભુલ છે, એ તો હોય. બેકારીનો વખત અને નોકરી ચાકરી વગર, પેટના તાસા સેકાય, ત્યારે ગુસ્સાના આવેશમાં ભુલ થાય, પણ તેથી તેની ઉપર વેર લેવાનું નથી. કાવસજી કાકરી, તમારી ભુલ માફ કરૂંછ, અને હું ખુશી સાથે તમોને શીરીન સાથે પરણવાની બહાલી આપુંછ. છોકરીની પરીક્ષા, જ્યારે તેણી એક ભુંડા ભરથારને પણ સુધારીને હીરો બનાવે ત્યારેજ થાય છે.

જીવણો:— હવે છુધરયો પેલે ભવ. ધાછ કાપે તેજ તો.

શીરીન:— અને મારા વ્હાલા પપાજી, તમારી જ્યારે એવીજ ખાએશ છે, તો તમારી મરજીને અનુસરી હું કાઉને હીરો બનાવવાની કોશેશ કરશ, અને તમોનેજ દેખાડી આપશ કે, આજનો તમારો ચોર જમાઇ, ભવીષ્યમાં કોમનો એક રહેબર દાખલ કેવો બહાર પડેછ!

બેવકુફ છે, બદમાશ છે, તો પણ મારો ખરો હકદાર છે,
મુંજી છે, પાજી છે, છતાં એ મારો ભરથાર છે.

કાઉ:—બેશક, મારી શીરીનમાં મને વીશવાસ છે, અને જ્યાં અમો બંનેના વીચાર એક છે, તો પછી અમને જરૂરજ તે કીરતાર ફતેહ બખસ્શે!

શીરીન:— ઉભા રહો! મારી ચાંદણુને તો એ ખુશ ખબરથી વાકેફ કરવા દેઓ. (સાદ મારી) ચાંદણુ, ઓ ચાંદણુ!

ચાંદણુઃ— આવીજી, (દાખલ થતાં) કેમ શીરીનમાય શું કહોછ? દુશ્મનની તબીયત તો થીક છેની?

શીરીનઃ— ચાંદણુ, હું તુંને ખુશીભરી ખબર આપુંછ, કે આજે હું અદરાવાની છું.

ચાંદણુઃ—કોણુની સાથે શીરીનબાઇ? (કાઉ બતલાવીને) આય ઘેલાં ધરણુ સાથે કે? ઓ માયરે, બાઇ તમે મેડ તો નથી થઇ ગયાને?

ખાનસાહેબઃ— નહી, બાઇનું ભેજું સાબુત છે, એબી તકદીરની વાત છે! ચાંદણુ, કાવસજીએ સુધરવાના કસમ ખાધાછ ને શીરીને એને સુધારવાને ખભાં ઉચકયાંછ, એટલે મને લાગેછ કે વાંધો આવે તેમ નથી. આવો મારા દીકરાંઓ તમો બંનેના હાથ જોડી આપું—

ખુદાઇનો જેમ ભલામાં આપરે જોગો આજે અંજામ,
તેમ સદા સંસારમાંબી સંપમાં રહેજો તમો મુકામ!
ગરીબોના બેલી થજો, ખુદાઇનો ખ્યાલ તજી દેજો
'મીનુ'ની શીખ એજ છે, કે આફતમાં રબ ભજી લેજો.

ચાંદણુઃ— ચાલો ત્યારે એની ખુશાલીમાં મને શું ઇનામ આપશો?

ખાનસાહેબઃ— ઇનામમાં એજ છે, જો તું ચાહે તો આય ઘેરની રાણી થઇ શકે! બોલ તારી મરજી છે!

ચાંદણુઃ— એટલે શેઠ, તમો શું કહોછ, તે હું સમજી શકતી નથી.

ખાનસાહેબઃ— એટલે એમ કે જો તારો વીચાર હોય તો શીરીનનાં કાઉ સાથે એક ગમથી આશીરવાદ છંટાવી, આપરેબી બીજા હાથપર ચાર ચોખા છંટાવી દઇએ!

ચાંદણુઃ— જેવી તમારી મરજી!

શીરીનઃ—ત્યારે ચાંદણુ શું મારી સાવકી માય કે?

ચાંદણુઃ— આવ તો મારી દીકરી, મને ભેટ તો!

કાઉ:— કેમ સાસુજી, હું તમુને ગમુછ કે?

ચાંદણુ:— જો બચ્ચા. મારા બચ્ચાંનો બાલ જરાબી વાંકો કીધો તો આની ગમથી ચાંદણુ છે?

ખાનસાહેબ:— ચાલો, સૌ સારૂં, જેનું સેવટ સારૂં. આજનો દીવસ મુબારક થયો, તેની ખુશાલીમાં બધાં સાથે મલીને ખુશ હલકે લલકારો!

બધાં:— ખાનસાહેબ યુ બીગીન!

ખાનસાહેબ:— ઓલ રાઇટ! જેવી તમારી મરજી.

ગાયણુ ૪ થું.

ખાનસાહેબ:—વીત્યું તોફાન,
જીવણો:— આવો મહેરબાન,
શીરીન:— ખુશ થઇ લલકારો બસ આજ,
ખાનસાહેબ:—રહો નહી અજ્ઞાન,
ચાંદણુ:— ભજજો ભગવાન,
કાઉ:—પરવર પારસી કોમની તું રાખજે લાજ.

(કોરસ)

શીરીન:— જીત થઇ સચ્ચાઇની, સૌ કરો મલી પુકાર,
ખાનસાહેબ:— નેકીનો રાહ પસંદ કરી, છોરો ખોટી તકરાર.
ચાંદણુ:— સદા રહી મધન કરો, અમન ચમન ઘેરબાર,
કાઉ:— "મીનુ" ઇચ્છે છે એજ, કર તું આમીન પરવરદેગાર.

(ડ્રૉપ!)

નાટક ખલાસ થયા બાદ સઉ સઉ પોતપોતાને ઘરેબારે થઇ ગયાં, અને પેલો એકટર કે જે મારે હાથે ભુલમાં એકટીંગ કરતાં ઘાયલ થયો હતો, તેની હાસ્પીટાલમાં સારવાર કર્યા પછી, લગભગ એકાદ મહીના બાદ, મને, તે એકટરને જાણીબુજીને ઘાયલ કરવાનાં આરોપસર, તે એકટરનાં કુટુંબ તરફથી કોર્ટમાં ઘસડવામાં આવ્યો, કે જ્યાં મારી લગભગ ચાર કલાક ત્રાયલ ચલાવવામાં આવી, જે સાંભળવા મારાં સગાં વ્હાલાં, દોસ્ત દુસ્મનો, મલીને—એક જબરદસ્ત મોટું ચારેક દજન આદમીનું ટોલું એકઠું થયું હતું, અને મારો બચાવ, મારાં મામીજીનાં ફુવન સાસુના કાકા સસરાના મામાના દીકરા; કાઉ કરકો, પોતાનું ઉંચુ જીગર ચલાવી, એક પણ પાઇ લીધા વગર, કરવાને ત્યાં હાજર રહયો હતો, પણ મેં જીંદદી બની મારો બચાવ, મારા પોતાને હાથે કરવાનું ભર કોર્ટમાં જાહેર કીધું, જે માટે ત્યાં હાજર રહેલાં લોકોએ મારી આવી બહાદુરી માટે હુરરેરેરેનાં ચાલુ પોકારો કરી, મારે માટે આફ્રીન પોકારી, જે માટે ખચ્ચીત હું ઇચેઇચ લાયક હતો.

અને પછી મારો કેસ ચલાવવા મને Witness-Box માં ઉભો કરવામાં આવ્યો, અને જેવો હું Witness-Box માં દાખલ થયો કે, તુરત કોર્ટના Interpreter મારાં હાથમાં ખોરદેહ અવસ્તાં મુકતાં બોલ્યો, "જોવ, આ તમારી ખોરદેહ અવસ્તા હાથમાં લઇ સોગંદ ખાવ કે આ અદાલતમાં જે પણ તમે બોલશો તે સઘળું પહેલેથી છેલ્લે વેર સાચ્ચુ બોલશો, અને.............;

"તે માટે તો સાહેબ તમો બીલકુલ બેફીકર રહેજો. મારા જેવો એક નાવર મરતબ થયલો ધરમચુસ્ત, કરમચુસ્ત, તેબી વરી એક મ્હાતમાં કોઇ દીવસેબી ખોટું બોલે કે? સાહેબ, હું સોગંદ ખાયા વગર કહુંછ કે આજ સુધી હું કોઇ દીવસ ખોટું બોલ્યો નથી, કદાચ જુઠઠું બોલ્યો હોઇશ. પણ ખોટું કદી બોલતો નથી, અને આ અદાલતમાં જે પણ હું બોલશ તેબી બીલકુલ પહેલેથી છેલ્લેવેર સાચ્ચુંજ બોલશ." મેં એમ ખાત્રી આપી, ત્યાર પછી પેલા ઇનટરપ્રેટરે સવાલ કીધોઃ—

" Well Mr., what is your name ?"

"માઇ નામ ઇઝ મ્હાતમા માકુજી મહેરનોશજી માઇડીયર, એસક્વાયર"

કોર્ટ ઇનટરપ્રેટર—તમારી ઉમર કેટલી હશે?

"તે તો સાહેબ મને મોઢેથી માલમ નથી, છતાં જો જાણવા માંગતા હોય તો ઘરે મારી મીસીસને પુછી આવું ને ટપકોળી લઇ આવું.

મેજીસ્ટ્રેટ—Look here, મ્હાતમા માકુજી, You are now in the witness-box, and not in a theatre, do you understand ?

"સાહેબ મને યાદ છે ત્યાં સુધી મારી ઉમર ઇઝ at present 30 years, sixty five and half days and quarter past two seconds.

મેજીસ્ટ્રેટ—Well, Young Man, what are you ?

સેવક—એટલું બધું તો નથી આવરતું, પણ as far as I know, I'am a young man with જીક કસબ બોરડર હેર, Grecian eyes, Parisian Nose, two ears, two eyes, two hands etc., etc. Now, Sir, what more you want to know about me ?"

મેજીસટ્રેટ—You fool, you don't understand such simple English ?

સેવક—નો ઇંગ્લીસમેન, આઇ એમ એ ગુજરાતી પારસી મેન. બેઅદબી માફ છે, સાહેબ. હું એટલું બધું અંગ્રેજી જાણતો નથી. માટે મહેરબાની કરી, જરા ગુજરાતીમાં સવાલ જવાબ કરો !"

કોર્ટના રીવાજ મુજબ ઇન્ટરપ્રેટરે ગુજરાતીમાં તરજુમો કરી મને પુછ્યું, "જોવ, સાહેબ જાણવા માંગેછ કે તમો શું ધંધો કરોછ ?"

સેવક—સાહેબ અત્યાર સુધી હું કામ ધંધો શોધવાનો ધંધો કરતો હતો. પણ, હાલમાં હું તદ્દન બેઠા બેકાર છું.

આ સાંભળતાં બધી કોર્ટમાં હસાહસ થઇ રહી! જે પરથી કોર્ટનાં સીપાઇએ, ચુપ! ચુપ! ઓર્ડર! ઓર્ડર! કરીને બુમો પાડી. ત્યારે મેં પોતે તુરત પેલા સીપાઇને ચુપ! ચુપ! ઓરડર! ઓરડર! કરી મુંગો મરવા કહ્યું. જે પરથી ઇન્ટરપ્રેટર મને કહેવા લાગ્યો. "તમો કાંઇ કોર્ટના કાયદા કાનુન સમજો છો કે? તમોને સવાલ પુછ્યે તેનોજ જવાબ ફક્ત આપો, અને જો નકામી વચમાં ટકટક કરશો તો કાયદા મુજબ તમને સખત સજા થશે, સમજ્યા?"

મેજીસ્ટ્રેટ—Young man, you know according to law, you can't injure any man or person?

ઇન્ટરપ્રેટર—કાયદા પ્રમાણે તમો કોઇપણ આસામીને ઘાયલ કરી શકો નહીં, તે તો તમે જાણોછો કે?

સેવક—સાહેબ, અમો કાંઇ કાયદા કાનુન ભણેલાં નથી. કાયદા શું તે મારી જાણે બલા?

મેજીસ્ટ્રેટ—Well then, why did you injure that actor?

ઇન્ટરપ્રેટર—પછી ત્યારે, તમે તે આસામીને ઘાયલ કાંય કીધો?

સેવક—તે તો સાહેબ અલ્લાહ જાણે! એકટીંગ કરતાં મેં ઉશ્કેરાટમાં આવી જઇ તે આસામીને ઘાયલ કીધો, તેમાં એટલો મોટો તે મેં શું ગુનોહ કીધોછ, સાહેબ!

મેજીસ્ટ્રેટ—Now say, are you guilty?

ઇનટરપ્રેટર—હવે જવાબ આપો કે તમો ગુનેહગાર છેવ કે નહીં?

સેવક—નહીં સાહેબ, મારા ધારવા મુજબ મેં બીલકુલ ગુનાહ કીધો નથી, તેથી હું ગુનેહગાર ઠરતો નથી.

માજીસ્રેટ—કાયદા મુજબ તમે ગુનેહગાર ઠરો છો, પણ, તમો કોર્ટને એવી રીતની ખાત્રી આપો કે તમો ભવીષ્યમાં કાયદા ભંગ કરી, કોઇપણ આસામીને ધાયલ કરશો નહીં, અને સારી ચાલ ચલાવશો, તો તમોને અત્રે કાંઇપણ શીક્ષા કરયા વગર છોડી દેવામાં આવશે.

સેવકઃ—નહીં સાહેબ, તે કદીબી બનશે નહી. તમો કહો તો મોઢેથી ખાત્રી આપું, પણ મરતાંબી લખી તો નહીંજ આપું. મારા જેવો એક મહાતમા કોઇ દીવસ કંઇપણ લેખીત મારી આપી શકે નહીં!

એવામાં કોઇક એક મારા સગાએ મારા કાનમા આવી અલકસે કહયું કે મારા મામીજી સુનાબાઇ, એકાએક સીક પડી ગયા હતા, અને કોઇબી સંજોગે મને તુરતા તુરત ઘરે મલવા માંગતા હતાં, તેથી મેં મેજીસ્રેટ સાહેબને બે હાથ જોડી કહયું કે, સાહેબ, મારા એકપુરાં લાડકાં મામીજી સુનાબાઇ, કે જેવણે મને દીકરો કરી લીધો છે, તેવણુની તબીયત એકાએક બગડી જવાથી, મને તુરત મલવા ઘરે બોલાવેછ, તેથી મારી તમો નામવરને એટલી અરજ છે કે, એવણને મલવા ખાતર થોડાક કલાક મને જામીન ઉપર છોડશો, તો તમો નામદાર જેટલી જામીન માંગો તેટલી સેવક આપવા તદ્દન તૈયાર છે!"

એમ બોલી હું જાણે મારા મામીજી માટે કેટલી બધી કાલજી અને લાગણી ધરાવતો હોઉં તેમ દેખાવ કરી, ધસાધસ મેં હીંદી બાશામાં રડવા માંડીયું, જે જોઇને પોલશનના માખણ જેવું પેલાં મેજીસ્ત્રેટ સાહેબનું હાટ પીગલીને પાણી થયું! અને મારીપર દયા લાવીને, થોડાક કલાકની મને મામીજીને મલવાની છુટી મલી, જે હુકમ ઓલા ઇન્ટરપ્રેટરે ગુજરાતીમાં કહી સંભલાવ્યો કે, મ્હાતમા માકુજી, નામદાર માજીસટ્રેટ સાહેબે તમો ઉપર દયા લાવી હુકમ કીધો છે, કે કાયદા મુજબ એ નામવર તમોને બીલકુલ જામીન ઉપર જો કે છોડે નહીં, છતાં એક અંગત મહેરબાની તરીકે તમોને પોલીસના પહારા હેઠલ, તમારે ઘેર, તમારાં મામીજીને મલવાં જવા દેવાની રજા આપે છે, પણ, તેબી એક સરતે કે, તમારે આવતી કાલે સહવારના ૯

વાગતે અત્રે આ કોર્ટમાં પોલીસ પહારા હેઠલ હાજર રહેવું. બોલો આજ સરત તમારે કબુલ છે?"

સેવક—કબુલ! બાપના બોલે કબુલ!

આવી રીતે મને ત્રણ પોલીસ સીપાઇના પહારા હેઠલ, એક પોલીસ વાનમાં બેસાડી મારે ઘરે જવા દેવામાં આવ્યો, અને જેવા પોલીસના સીપાઇઓએ મને ઘરનાં દરવાજા આગલ પોલીસ વાનમાંથી બહાર કાઢીયો કે આજુબાજુ રહેતાં મારા મીત્રો, મારીપર નઝર પડતાંજ, "મ્હાતમાં માકુજીકી જય!" માકુજી મ્હાતમાં ઝીન્દાબાદ! જય! જય કરીને બુમો પાડી આખો મોહલો ગજાવી ચુકયો!

"એ આવરે મરૂં" કરીને મામીજીએ મને ઘરમાં દાખલ થતાં આવકાર આપ્યો, પણ જેવી પોલીસનાં શીપાઇઓપર નજર પડી, કે તુરત વરી પાછી એવણુની કમાન છટકી, "ઓ! વઇરે માય! કોંહ જાઉં? વરી મુવા માકા તે શું લફરૂં જગારીયું? આય પોલીસનાં સીપાઇઓને સાથે કાંય લેતો આયોછ? ઘેરમાં કંઇ ચોરી બોરી થઇછ શું? અતર ઘડી એ મુવાઓને મારાં ઘરમાંથી બહાર કાઢ, નહીતો એ બધાંને ધકકા મારીને દાદરપરથી ગબરાવી નાખશ!"—

ત્યારે મેં ધીરે રહીને સમજાવી પટાવી ડોસાંને શું કારણુસર હું એ પોલીસનાં સીપાઇઓને મારી સાથે લાવ્યો હતો, ને કદાચ મને જેલમાંબી જવું પડશે તે કહયું, તેથી એવણે પોતાનું ભાશણ પાછું શરૂં કીધું કે, "ખરેખર માય, પેલાં કહે તેમ "વારેલા નહીં વરે પણ હારેલાં વરે" તેમ મુવા હવે તું ઠેકાણે આવશે! કહેજે કામાજી હોરયું ને લડાઇનું બોરયું! તેમ જ્યાં જાય ત્યાં હોલીનાં નાળીયેરની કાની મરાય તે હવે જેલમાં જઇને ચાંચરાં મારજે સમજયો! મુવાંને ઘણી વખત ના કહયું કે અતેરૂં ના કર, પણ અકકલનો બારદાન સમજયોજ નહીં, ને ખાનદાનનું નામ ડુબારીયું! ચાલો હવે તમારા જેલ મહેલમાં સધાવો ને હસતે મોઢે જેલમાંથી આવો

ત્યારે, સુરતની ઘેવડી મીઠાઇનું પડીકું સાથે લેતાં આવજે મરૂં." એમ ધરરર દઇને બે હાથે મને કટકા મોરીયા.

બીજે વળતે દીવસે જાણે ખરેખર સેવક જેલમાં જવાનો હોઉં, તેમ મામીજીએ, સહવારનાં વહેલાં ઉઠી, ઘરમાં ગલાલ વગરના ચોક ચાંદણુ તથા બારી બારણે આંબાના પાતરાંની તોરણુ બંધાવી (જાણે કે સેવક વરઘોડે ચઢવાનો હોય તેમ) અને આડોસી પાડોસી બર ભાડુતમાં જાણે સેવક પહેલીજવાર જેલમાં જવાનો હોઉ તેમ મીઠાઇ તથા સાકર વહેંચીને, સાથે સાથે બધાંઓને ચીઠી ચપાટી લખી, બે બોલ કહેરાવ્યાં, કે જીભરૂ મારો માકો, પહેલવહેલો જેલમાં સીધારેછ તે મરૂં જરા મીઠું મોઢું કરજો! જેનાં જવાબમાં નજદીકનાં રહેતાં મોબેદ બેજનદારૂએ ઉપકાર માનતાં કહેવારીયું કે "ખરીપર મુઇ તું મામીની થતી! ગોલામની ઝની તેં એમની એમ ખુશાલીમાં, મીઠાઇ ને સાકર વહેંચી તેની સાથે તારૂં ને તારા માકાનું જીવતાં જીવત ચાહરમ ને ઉઠમણું મારી પાસે કરાવી, ચપટાં કાંય નહીં વહેંચી મરતી?"

હવે લગભગ નવ વાગવા આવેલા હોવાથી મામીજીએ મને પાટલા ઉપર ઉભો રાખી, તીલો કરી, રૂપીયા પહેરાવ્યા, ને પછી ગલું દાબી, ફોટી કરતાં ધસાધસ રડી પડયાં.

"મારા દીકરા, તું મને એખલી રખડતી મુકી જેલમાં સધાવેછ! હવે હું તારા વગર કેમ જીવશ. બચ્ચાં મારા, જેલમાં રહી તારી રીત પ્રમાણે ઉશ્કેરાઇ બીજાઓને ગાલ ગલોચ કરી, લાત તમાચા ના મારતો, ને જેલમાં વડાઓ તુંને જે પણ મજુરીનું કામ આપે તે ગુપચુપ કરજે. તારે સારૂં વારંવાર હું સુંઠ, વસાણું ને પાપરી મલીદો બનાવી, જેલમાં મોકલી આપસ, તે કગ઼રે ખાજે, અને તુંને દારૂ પીવાની તલપ થાય ત્યારે, આય તરાની બાટલીમાંથી થોરો થોરો જરા હોઠને લગારજે, કે જેથી તારી તલપ મટે. રોજ ભણીગણી ખોદાયજીને યાદ કરજે, ને જેવો આખા હાથ પગનો જીવતો

જીવતો જાયછ, તેવોજ પાછો ફરજે મરૂં. ચાલ મરૂં દાદાર હોરમઝદ તુંને મદદ કરે!"

જ્યારે મામીજીને આવી રીતે માહેતમ કરતાં જોઇ મારાથી નહી ખમાયું, ત્યારે હુંબી બાયલાની કાની પોકેપોક રડી, એવણને મજબુત વલગી પડયો!

"ઓ! મારાં માયતોલનાં એકપુરાં મામીજી, તમોને આવી રીતે રડતાં ને માહેતમ કરતાં જોઇ મારા કલેજાં ઉપર, કોહરૂં ખમણવાની ખમણી પેરે ઘા પડેછ! તમોને એમ એખલા રવડતાં મુકી, મને જેલમાં જવા બીલકુલ ગમતું નથી. માટે ચાલો, તમેબી મારી સાથે ચાલો. ત્યાં તમારો કાંઇક સારો લાગવગ લગારી કંઇબી રીતે મને જેલમાંથી જલદી છોડાવજો, નહીં તો આય તમારો કમનસીબ ભાણુજો, જેલમાં રીબી રીબીને કોહી સરીને ખલાશ થઇ જશે." એમ બોલી હું મામીજીને મકકમ વલગી રહયો. ત્યારે પોલીસના સીપાઇએ, મને પાછલથી આવી ગરદનમાંથી પકડી, ઘસડી લઇ જતાં, કહયું કે "અબે ચલ ચાવડીપર જલદી. નવ બજનેકુ આયા હય!"

જેમ તેમ મહામુસીબતે મને સીપાઇઓએ મામીજી કનેથી છોરવી, નીચે લઇ જઇ, પોલીસ વાનમાં બેસાડીયો, કે તુરત ત્યાં એકઠાં થએલા મોહોલ્લાના પોરીયાઓએ વરી પાછું, "ઇનકેલાબ ઝીંદાબાદ, માકુજી આવજો પપેતી બાદ!" કરીને બુમો પાડી આખો મોહોલ્લો ગજાવી મુકયો!

બરોબર નવ વાગતે મને મેજીસ્ટ્રેટ સનમુખ કોર્ટમાં પાછો ઉભો કરવામાં આવ્યો, અને કેસ થોડો વખત ચાલ્યા પછી, ફરીયાદી પક્ષ, તેમજ પોલીસ, મેં જાણીબુજીને પેલા એકટરને ઘાયલ કીધો હતો, એવી ખાત્રીપુર્વક સાક્ષી, રજુ કરી શકયા નહીં, તેથી નામદાર કોર્ટે, મને બીનતકસીરવાર જાહેર કરી છોડી મુકવાને, પોલીસને હુકમ કરતાં લોકોએ ખુશાલીથી કોર્ટરૂમ ગજાવી મુકયો, અને સેવકને, ખાંધે મારી, કોર્ટરૂમની બહાર લઇ ગયા. સર્વેનો આભાર માની સેવકે ઘર તરફ પાછું ચાલતું મુકયું. અને ઘરે પગ મુંકતાની સાથે, મામીજીએ મને ઓવારણાંપર ઓવારણાં લીધાં, "ઓ! આવરે મરૂં, જેલમાંથી પાછો નહાસી આયો કે જીભરૂં, ચાલ બાવા, હવે જે થયું તે

ચયું. ગઇ ગુજરી બધી ભુલી જઇ, પાછો કેડે નોકરી લાગી જા મારાં કલેજાં. તુંબી શું કરશે! રૂપનો રૂડો પણ કરમનો ભુંડો! તેમાં તારો શું કસુર!"

સ્ટેશન નંબર ૧૩ મું. શેર બજાર!

સોના સાઠ જ્યાં આખનાં પલકારામાં થાય,
બજાર બેસતાં કંઇકનાં તો દીવાલા ફુંકાય.
વાડીગાડી શેઠનાં, લીલામમાં મુકાય,
ભોગ લાગા હોય તો જજો શેરબજારની માહે!

પારસી તેર ડુબે તો વાણીયાનાં બાર

મુંબઇની એક જાણીતી શેર બ્રોકરની પેઢી, નામે "કરમચંદ ફોકટચંદ" કે જ્યાં મારો હાર્ટ ડીસઝ ફ્રેન્ડ ઇચાને જીવે જાનનો દોસ્ત, શેર દલાલ સ્તોક બ્રોકર તરીકે કામ કરતો હતો, તેને પોતાનાં શેઠીયાઓ ઉપર લાગવગ લગાડી, મને તેજ પેઢીમાં એક સબ બ્રોકર તરીકે રખાવી આપ્યો.

તેથી બીજે દીવસે સહવારનાં એકસી મેકસી થઇ, "ચાલો હું જાવુંચ ગુડબાઇ" એમ રૂબાબમાં મામીજીને કહીને સીધ્ધો શેર બજારમાં કવીક માર્ચ કરી ગયો!

ત્યાં ગયા પછી, થોડાક વખત બાદ, સેવક થોડો ઘણો હુશીયાર થયો ખરો, અને ધીમે ધીમે દલાલ ભાઇઓમાં છુટથી હું બેલાવા લાગ્યો. જેમ કરતાં બીજી પહેઢીમાં કામ કરતાં દલાલ નીહાલચંદ સાથે મને ધાડી મીત્રાચારી બંધાઇ ગઇ! અને તેણે મને એક લાખ રૂપીયો રોકી, રસ્તો કરી, પાંચ લાખ રૂપીયા કેમ બનાવવા, તેની ઉંડી સમજણ આપી, અને તે મારાં વધારેલાં ભેજામાં ઉતરવાથી, એની ફુરસદે મારે ઘરે આવી, મારાં મામીજીને એ બાબદસર મલી વાત કરવાની મેં તાકીદ કીધી!

દલાલજી તૈયાર થયા ને આપણે ખુશીથી દલાલ નીહાલચંદને, આપણે બંગલે સાથે તેડી લઇ ગયા, અને મામીજી સાથે તેની ઓલખાણ કરાવી આપી. નીહાલચંદે મામીજીને સલાહ આપી કે, "જોવ, બાઇજી, હાલ બજાર ઘણું તેજ હોવાથી, જો તમારે તેજી ખેલી એક લાખ રૂપીયાના, એકજ ફટકે પાંચ લાખ કરવા હોય તો, પચાસ હજાર ઓરડીનરી તેમજ પચાસ હઝારનાં ડીફર્ડ શેરો, ચાલુ બજારનાં ભાવે ખરીદી, નામ ભરોશે ચાર તલાઇના બીછાનાપર નીરાંતે ઉંઘી જાવો!"

ભોગ ચોઘડીએ બીચારા મામીજીને એ વાત ઘણી ધ્યાનમાં આવી ગઇ, તેથી એકદમ પૈસાદાર થઇ જવાની લાલચથી, મામીજીએ તે દલાલને અમારાં બેઉનાં જોઈંટ નામે, એક લાખ રૂપીયાના (બીજા શબ્દોમાં કહીએ તો એવણની લગભગ આખી પુંજી) શેરો ખરીદવાનો હુકમ કીધો. મગર વળતે દીવસે મદરાસમાં એકાદ જરમન સબમરીન દેખાવાની ગપ આવ્યાથી, એકાએક બજાર બેસી ગયું, અને પાંચ લાખ રૂપીયા બનાવવાને બદલે પેલા દલાલે ઘરે આવી ઉલતાં ડીફરંસનાં પચાસ હઝાર રૂપીયા માગીયા.

આ સનાનનાં સમાચાર સાંભળતાંની સાથે મામીજી તો તેજ વેલા બેશુધ્ધ થઇ ગયાં, ને હાર્ટમાં આંકરાં આવવાથી ત્યાં ને ત્યાંજ જીવ મુકી દીધો! અને સેવકબી તદન થંડા ગારજ થઇ ગયા. પેલા શેરો અમારાં જોઈંટ નામોપર હોવાથી, મારી પાસે ડીફરંસનાં ૫૦ હઝાર રૂપીયા પેલા દલાલે claim કીધા. પણ, એ પૈસા હું લાઉં કીયા ચુલામાંથી, તેથી ધાસ્તી છોડી હીંમત પકડી, મેં પેલાં દલાલને ખુલ્લે ખુલ્લું પરખાવી દીધું, "જુવો નીહાલચંદ, તમે મારી પાસે ડીફરંસના રૂપીયા માંગો છો, તો મારે તમોને સાફ સાફ કહી દેવું જોઇએ કે તમોને આપવા માટે, મારી પાસે હાલ તુરત એક ફુટી બદામબી ફાજલ નથી. અને જો આપવા કંઇબી હોય તો આ દીલમાં પહેરવાનાં કપડાં બાકી છે. ફરનીચર મારી બૈરીનું છે. માટે તમોને મારે એટલું કહેવું છે કે, જો તમો મને કોર્ટમાં ઘસડશો, તો હું તપ દેતો કે નાદાર થઇ જવશ, અને તમારેબી ઉંઘી

પાઘડી પહેરવી પડશે, અને જો ધીરજ રાખશો તો, કદાપી ભવીષ્યમાં મારી પાસે પૈસા આવશે તો હું તમારી પૈઇએ પૈ ચુકવી આપશ, તે ખાત્રીથી માનજો. નીહાલચંદ—

ભોગ કરમનાં કે બજારમાં મેં રસ્તો કીધો,
અચીત નસીબ મારાએ મને દગો દીધો,
જીવશ દીકરા, તો પૈઇએ પૈ તારી ચુકવશ,
ને મરતાં બી કદી નાદારી કોર્ટમાં નહીં હું જવશ,
ગયો કોર્ટે બચ્ચા, તો માથે હાથ દઇ રડશે,
પચાસ હઝાર પર પાણી ફેરવી હાથ ધોવા પડશે,
બાવા મારા ધાસ્તી છોડી રાખજે તું જરા ધીરજ,
અદા કરશે માકુજી, જરૂર એનું કરજ !

(હા. ભરતામાંજ તો દીકરા હવે !)

નીહાલચંદને મારૂં કહેવાનું વાજબી લાગું હશે કે શું તે બીચારો મને કહેતો ગયો, "ઠીક છે ત્યારે માકુજી, તમો જીવતા હોવ અને તમોને ઇશ્વર પૈસા આપે તો મારૂં કરજ શીટાડજો. મારો તમારામાં વિશ્વાસ છે, અને મારી ચોકકસ ખાત્રી છે કે તમારા જેવો એક સાચ્ચો મ્હાતમાં, પારસી બચ્ચો, કદી વચનથી ફરશે નહીં. નમસ્તે, માકુજી બાવા નમસ્તે !"

"નમસ્તે બમશતે હમ કુચ્છ નહી સમજતે, પણ હાલમાં તો તું અહીંથી પત, પછી સૌ થઇ રહેશે. કલ હય ઓર અલ્લાહ હય ! તું હય ઓર માકુજી મદારી હય ! સબ દખા જાયગા ?"

મામીજી મરે એમનાં એમ ? એવણ મરી ગીયાં તો સાથે મનેબી મારી ગયાં. પેહલેથા જો મને ખબર હોતે કે એવણ આવી રીતે અચબુચ મરી જવાના હતાં, તો વાલઝીલનો આગમચથી બંદોબસ્ત કરી રાખતે. પૈસે ટકે મારી એવી કફોડી હાલત આવી ઉભી કે મારે, મારી બૈરીનું તેમજ મારૂં ગુજરાન કેમ કરવું તેનીબા સમજ પડી નહી ! તેની લાચારીએ મેં મારી ધણીયાણીને કહ્યું.

"જો રે કુંવર, હાલને કાજ આપરૂં ગુજરાન કરવાને મારી પાસે પુરતા પૈસા નથી, તેથી મારી તુને એટલી સલાહ છે કે, કાલથી તારે તારા બાપને ત્યાં જઇને, અથવા તો ગાંધી આશ્રમમાં જઇને રહેવું, નહીંતો કે આપરા ગુજરાન માટે તારા બાપ પાસે થોડા પૈસા ઓકાવી લાવવા! બોલ છે કબુલ?"

તો તેના બદલામાં મારી હેતવંતી, કદરવંતી ધણીયાણીએ કેવો જવાબ આપ્યો. તમે શું ધારોછ! લેવો તમે પોતેજ સમજો!

ચાલો થઇ ચુક્યું? આ સાંભલતાંજ કુંવર એક છાકટી માછણની કાની મારા આંગપર તુટી પડી!

"તમો મરોરે મુવા માટીના થતા! મુવાને નાક છે કે ખુપરો! એવું ઉતું તો મારી સાથે શું માથું ફોડવા પરણી મુવા? મરે માય, મને જો પેહેલેથી માલમ હતે કે તમો આવા એક બીલકુલ એકલપેટા કરકાબાલુસ આસામી છેવ, તો મરતાબી તમો સાથે ચાર ચોખા છંટાવટે નહીં. તમો મુવાએ તો મને બીલકુલ ફસાવી મારી. દસ હજાર લ્યાનત પડજો એવા મુવા બેશરમ કરકાબાલુસ આપરખાઉ માટીડા ઉપર! ને થું પડજો તમારા જીવતર ઉપર! આખ થુ!"

વાહ બેટ! જોયું કેટલી વહાલી ને વફાદારીભરી ધણીયાણી છે તે! ખુદા પાસે દુવા માગો અય વાંચકો કે તમને આવી અદરકદરની શાંત સ્વભાવની મીસીસ યાને સ્વીટ સેવનટીન મળે અને તમારા ભોગ લાગા હોય તો પરણજો, સમજ્યા કે?

કુંવરને આવી રીતે તપી જતાં જોઇ મેં તેનું માથું તથા બરડો પસવારીગો, ને એને જરા તાઢી મીઠી રાખીને કહયું, "ચાલ પુરો મુક તારા ને તારા બાપના નામ પર! તુંને નહીં ગમતું હોય તો તારા બાપની પાસે પૈસા નાં માગતી. પછી કંઇ છે? અરેરે ગાંડી, તું ભુલી કેમ જાયછ. પરણવા કોણ આયુંતું, હું કે તું? જરા યાદ કર કે તારો મખ્ખીચુસ બાપ ચાલી ચલાવીને કંઇ નહીં તો સેંકડો વખત મારે ઘરે આવી મારા બેહસ્તના

મામીજી સુનાબાઇને કાલાવાલા કરતા'તા કે "જો સુનઇ તારા દીકરા માકાનું મારી દીકરી કુંવર સાથે નહીં કરે ? જો તારે પગે પડું' વીગેરે વીગેરે–તે બધું ભુલી જાયછ કે ? ખુદા ખાતર મારી પાસે હવે જાસ્તી ના બોલાવ, નહીં તો મારા મોઢામાંથી કાંઇ આરૂંતીરૂં સાંભલશે."

પ્રીય વાચકો ! જયારે મેં જોયું કે હવે વધુવાર મુંબાઇમાં રહી, મારેથી કંઇ પણ નોકરી ધંધો થઇ શકશે નહી તેથી, મેં છેવટનો મકકમ ઠરાવ કીધો કે, કુંવરને લઇને એકદમ મુંબઇ છોડી નવસારીમાં જઇને, મારો એક સગો કે જે ત્યાં એક તાડીનું પીઠું ચલાવતો હતો, તેની સાથે "સ્લીપીંગ પારટનર" તરીકે, એટલે કે "ઉધણુસી ઉપાધીયો" ધંધો કરવો, અને તે પ્રમાણે, મેં નવસારી જઇ હમેશ માટે ત્યાંજ ગગરી રહેવાનાં મજબુત સોગંદ લીધા, કે જે વખતે મારી આજુબાજુ ખુદા સીવાય કોઇ હતું નહી !

એ રીતે આ તમારો કમતરીન સેવકબી તમારેથી ન છુટકે જુદો પડે છે, તેટલાં ફરી પાછા મલ્યા ત્યાં સુધી. જે જે !

— ખુદા હાફીઝ ! —

સમાપ્ત

